739

કલ્યાણ પર્યુષણા પર્વ વિશેષાંક



વર્ષ : ૨૦

અંક : ૬

ઓગષ્ટ : ૧૯૬૩

શ્રાવણ : ૨૦૧૯

સળંગ અંક

૨૩૪








વિષય દર્શન

લેખ :	લેખક :	પૃષ્ઠ
ઉઘડતે પાને :	સં.	૩૨૯
જયવંતું પર્વ :	શ્રી મો. ચુ. ધામી	૩૩૩
પર્યુષણ પર્વનો જય હો :	પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ.	૩૩૫
પર્યુષણા મહાપર્વ અને જૈન શાસન :	શ્રી સુંદરલાલ ચુ. કાપડીયા	૩૩૭
હું સર્વનો અપરાધી ! :	શ્રી પ્રિયદર્શન	૩૪૦
મનની શુદ્ધિ શા માટે ? :	પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ.	૩૪૧
સોહામણું પર્વ :	શ્રી સુધાવર્ષી	૩૪૩
પર્વાધિરાજના પાંચ કર્તવ્યો :	શ્રી પ્રશમ	૩૪૪
ક્ષમાથી જ શમે વૈર :	પૂ. પં. શ્રી કનકવિજયજી ગ.	૩૪૬
જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા :	શ્રી કિરણ	૩૪૯
સાધના માર્ગની કેડી :	શ્રી પથિક	૩૫૨
કલ્યાણ અમર રહો :	શ્રી હિ. સ્વ. ઝવેરી	૩૫૫
અભયનો આનંદ :	શ્રી મફતલાલ સંઘવી	૩૫૬
નવો મળેલો સહકાર :		૩૫૮
નવાણું લાખના નવાણું લાખ જ :	શ્રી સુધાવર્ષી	૩૬૧
સ્વપ્નાની સુખડી :	પૂ. પં. શ્રી પ્રણિવિજયજી ગ.	૩૬૪
મધપૂડો :	શ્રી સુકેતુ	૩૬૫
અનુભવની એરણ પરથી :	શ્રી ધનંજય	૩૬૯
અનંત તીર્થંકર ઈમ ભણે એ :	શ્રી કાંતિલાલ મો. ત્રીવેદી	૩૭૧
મોટી પંચતીર્થીની યાત્રાએ :	શ્રી શાંતિલાલ સો. મહેતા	૩૭૩
જીવન શુદ્ધિનું મહત્ત્વનું અંગ : ચારિત્ર્ય :	શ્રી રજનીકાંત પટેલ	૩૭૭
મનને વશ રાખતા શીખો :	શ્રી એન. બી. શાહ	૩૮૩
વચન મારે વચન તારે :	પૂ. મુ. શ્રી જયંતવિજયજી મ.	૩૮૫
ગુણાનુરાગ :	પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગ.	૩૮૮
સુખની જડ તાત્વિક સમજમાં છે :	શ્રી ધીરજલાલ બગડીયા	૩૯૦
પવિત્ર ગિરિરાજ શ્રી શિખરજી :	શ્રી રાજેન્દ્રકુમાર કલ્યાણભાઇ	૩૯૧
લોકાકાશનો સંક્ષિપ્ત પરિચય :	પૂ. પં. શ્રી માનતુંગવિજયજી ગ.	૩૯૩

લેખ :	લેખક :	પૃષ્ઠ
જ્ઞાનકુંજ :	શ્રી મંગલમિત્ર	૩૯૫
છ દ્રવ્યોના ગુણ અને પર્યાય :	શ્રી ખુબચંદ કેશવલાલ	૩૯૯
આત્મવિકાસ અને તેના ઉપાયો :	કુ. શ્રી છાયાબેન કે. શાહ	૪૦૩
નવનીત :	શ્રી પ્રિયમિત્ર	૪૦૬
દૂધ અને પાણીની પ્રીત :	શ્રી વ્રજલાલ ભીખાલાલ શાહ	૪૦૮
મોહની વિષમતા :	પૂ. પં. શ્રી નિત્યાનંદવિજયજી મ.	૪૦૯
સેવા એ જીવનનું ભાથું :	શ્રી સૂર્યશિશુ	૪૧૪
મંત્ર પ્રભાવ :	શ્રી મો. ચુ. ધામી	૪૧૭
વહેતા ઝરણાં :	શ્રી રાજેશ	૪૨૧
છીપનું મોતી :	શ્રી સુંદરલાલ કાપડીઆ	૪૨૩
જૈન ભૂગોળ :	શ્રી રમણલાલ અબાભાઇ શાહ	૪૨૫
એ કરુણ ઘટના ! :	પૂ. મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.	૪૩૩
મહામંગલ શ્રી નવકાર :	શ્રી રમણલાલ પારેખ	૪૩૬
પ્રકૃતિની સાધના :	શ્રી વસંતલાલ કાંતિલાલ	૪૩૯
રામાયણની રત્નપ્રભા :	શ્રી પ્રિયદર્શન	૪૪૫
નવજીવનનો પંથ :	પૂ. મુ. શ્રી સદ્‌ગુણવિજયજી મ.	૪૫૮
વિજ્ઞાનનાં વહેતાં વહેણો :	શ્રી સુમંગલ	૪૬૧
જીવન અને મૃત્યુ :	શ્રી મલુકચંદ આર. શાહ	૪૬૨
આજે પ્રમાણિકતા વકરી ગઇ છે :	શ્રી યશોધર ન. મહેતા	૪૬૫
કહેવાય નહિ સહેવાય નહિ રહેવાય નહિ :	પૂ. મુ. શ્રી હિરણ્યપ્રભવિજયજી મ.	૪૬૮
સહશિક્ષણથી દૂર રહો :	શ્રી મ. મુંબઇ	૪૭૦
મૂત્રાશયના રોગો અને ઉપચારો :	વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ	૪૭૩
પ્રશ્નોત્તર કર્ણિકા :	શ્રી ધર્મરુચિ	૪૮૨
શંકા અને સમાધાન :	પૂ. પં. શ્રી ચરણવિજયજી મ.	૪૮૬
બાલ જગત :	શ્રી નવિન	૪૮૯
ગુણના અર્થી બનવું જરૂરી છે :	પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.	૫૦૫
દેશ અને દુનિયા :	શ્રી સંજય	૫૨૨
ચાતુર્માસિક સ્થળો :	સંકલિત	૫૩૭
સમાચાર સાર :	..	૫૬૫

કલ્યાણ



શ્રી પર્વાધિરાજ અમર રહો !

શ્રી પ્રગટ પ્રભાવી મહામહિમાશાલી દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પુણ્યકૃપાના બલથી તેમજ તે પ્રભુના અધિષ્ઠાયક દેવના શુભ સાન્નિધ્યથી 'કલ્યાણ' આજે ૨૩૦ પેજ ઉપરાંતનો ૪૫૦૦ નકલનો દળદાર વિવિધ વિષયોથી સમૃદ્ધ તેમજ વૈવિધ્ય સભર મનનીય સાહિત્યનો 'પર્યુષણ પર્વ વિશેષાંક' હજારો શુભેચ્છકો, વાચકો તથા ગ્રાહકોનાં કરકમલમાં ગૌરવ-પૂર્વક મૂકે છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વ જૈનશાસનમાં મહા પ્રભાવશાલી તથા મહામંગલકારી છે. કર્મના મર્મને ભેદનારૂં ને આત્મકલ્યાણ માટે અનુપમ આલંબનરૂપ એના જેવું એકે ય મહિમાવંતુ પર્વ શ્રી જૈનશાસનમાં નથી. આવા પરમપુનિત પર્વાધિરાજના પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ અનુપમ અવસરને સર્વ કોઈ પુણ્યવાન આત્માઓ ઉત્તમ પ્રકારની આરાધના દ્વારા જરૂર સફલ બનાવે !

માનદ સંપાદક :
કાંતિલાલ જ. શેઠ.

માનદ સહ સંપાદક :
નવીનચંદ્ર ર. શાહ.

કૃતિમાત્ર પણ સંકોચ વિના અમારે કહેવું જોઇએ કે, કેવલ જૈનશાસન, સંસ્કૃતિ તેમજ સંઘની સેવા કાજે આજથી ૨૦ વર્ષ પૂર્વે જન્મ પામેલ 'કલ્યાણ' આજે તેના વૈવિધ્ય સભર સાહિત્ય, તેના સંસ્કારપ્રેરક લેખો તેમજ તેની કેવલ જૈનશાસનની સેવા કરવાના ઉદ્દેશપૂર્વકની નીતિ ઇત્યાદિના કારણે સમસ્ત જૈન સંઘમાં તે એક સરખી રીતે શ્રધ્ધેય બનેલ છે. જે હકીકત અમારે મન ખરેખર ગૌરવનો વિષય છે.

વાતો કરવાથી પત્રો, તેમાંયે જૈનશાસનની કલ્યાણકર મંગલમય સંસ્કૃતિની સેવા તથા તેનો પ્રચાર કરનારા નથી પ્રગટ થતાં; દ્રવ્યોપાર્જન-અર્થોપાર્જન કરવા માટે પત્રોનો પ્રચાર કરવો એ જુદી વાત છે, પણ કેવલ નિઃસ્વાર્થભાવે ધાર્મિક ભાવનાથી પત્રોનું સંપાદન કરવું તે ખરેખર કપરૂં કામ છે. શ્રી શાસનદેવની સહાયથી સર્વ શુભેચ્છકોની અમીભરી દૃષ્ટિથી આજે 'કલ્યાણ' નો પ્રચાર દિન-પ્રતિદિન વધતો જ રહ્યો છે, તેમાં અમારે મન શ્રી દેવગુરુ તથા ધર્મનો પ્રભાવ જ મહત્વનું કારણ છે, જેમના પુણ્યપ્રભાવે અમે 'કલ્યાણ'ના વિકાસમાં દિન-પ્રતિદિન પ્રગતિ કરતા રહ્યા છીએ.

ધિક્કારને પાત્ર જે કાળે સત્તા બની રહી હોય, જો કે વિવેકી આત્માઓ તો પાપી પ્રત્યે પણ કરૂણાભાવ તેમજ મધ્યસ્થભાવ રાખવાનું ફરમાવે છે. છતાં આજે સત્તાસ્થાને રહેલા વર્ગનું વર્તન કેટલીક વખતે ખરેખર ધિક્કારપાત્ર બની રહ્યું છે, સંસ્કૃતિ વિરોધી કાયદાઓ, ધાર્મિક બાબતોમાં અનધિકાર હસ્તક્ષેપ તેમજ કુદકે ને ભૂસકે હિંસાનો જોરશોરથી પ્રચાર ઇત્યાદિ વર્તન વર્તમાન સત્તાસ્થાને રહેલાઓ જ્યારે કરી રહ્યા છે, તે સામે નિર્ભયપણે નીડરતાથી પ્રતિકાર કરવો ને સંસ્કૃતિની રક્ષા કરવી એ 'કલ્યાણ'ની ફરજ છે, ને તે ફરજ-તે કર્તવ્ય યથાશકિત બજાવ્યાનો અમને આજે આનંદ છે.

રાગ-દ્વેષ, વિષય-કષાયો તથા વિલાસ-વૈભવ અને રંગ-રાગની વધતી જતી વિષમ જ્વાળાઓની વચ્ચે જૈનશાસનના તપ, ત્યાગ, વૈરાગ્ય, સંયમ, ક્ષમા, ધૈર્ય, ગાંભીર્ય, દેવ-ગુરુની ભકિત ઇત્યાદિ મંગળકારી કલ્યાણકર તત્વોનો પ્રચાર કરવાનું કામ જો કે ઘણું કપરૂં છે. શિક્ષણ, સંસ્કૃતિ તથા સંસ્કારના ડીંડીમનાદને વિશ્વમાં વગાડવો તે બેશક મુશ્કેલ કાર્ય છે, છતાં કેવળ શાસન પ્રત્યેની શુભનિષ્ઠાથી 'કલ્યાણ'ના સંચાલકો તે કપરૂં કામ યથાશકિત કરી રહ્યા છે, તે માટે અમે પ્રત્યેક શુભેચ્છક, વાચક તથા ગ્રાહકની આત્મીય-ભાવપુર્વકની લાગણીની અપેક્ષા રાખીએ છીએ !

હર્ષાયે અતિશયોકિત વિના કહી શકાય કે, આજે 'કલ્યાણ' પ્રત્યે જૈન સંઘના પ્રત્યેક વર્ગની ચાહના વધતી જ રહી છે. તેની નીતિ-રીતિ પ્રત્યે સર્વ કોઇનો આત્મીય-ભાવપુર્વકનો સહકાર ચાલુ જ છે. શુભેચ્છકો, માનદ પ્રચારકો, લેખકો, વાચકો તથા ગ્રાહકોના આજ કારણે તે અપૂર્વ સહકાર માટે અમે દરેક રીતે ઋણી છીએ. તેમાંયે આ વર્ષમાં અમને 'કલ્યાણ'ના વિકાસમાં પોતાના સમયનો તથા તનમન તેમજ ધનનો ભોગ આપીને દરેક રીતે અભૂતપૂર્વ સહકાર આપનાર અમારા માનદ પ્રચારકો શ્રી

મનસુખલાલ દીપચંદ (મુંબઇ) શ્રી પ્રાણલાલ દેવશીભાઇ, શ્રી ચંદ્રકાંત દેવશીભાઈ (મુંબઈ) શ્રી અમૃતલાલ હરખચંદ દોશી (વાવ) અને શ્રી જયંતિલાલ ગાંડાભાઈ (નવસારી) ના લાગણીભર્યા સહકાર તથા સાથ માટે અમે ઋણી છીએ.

અમારે એક જ કહેવાનું છે કે, વર્ષ દરમ્યાન વિવિધ વિષયસ્પર્શી મનનીય, હળવા શિષ્ટ સાહિત્યનો રસથાળ પીરસતા 'કલ્યાણ' ને તમે જરૂર સહકાર આપતા રહેશો. વર્ષ દરમ્યાન લગભગ હજાર પેજનું મનનીય રસપ્રદ વાંચન આપવાની અમારી ભાવના છે. માટેજ 'કલ્યાણ' નો પ્રચાર વધુ ને વધુ કેમ થાય? જૈન સંઘમાં ઘેર ઘેર 'કલ્યાણ' કેમ પહોંચતુ થાય? તે માટેના અમારા પ્રયત્નોમાં અમને સહુ કોઈ શુભેચ્છકો સાથ તથા સહકાર પૂર્ણપણે આપતા રહો! તેવી પર્વાધિરાજના પુણ્યપ્રસંગે અમારી સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી પુણ્યવાનોને વિનમ્ર વિનંતિ છે.

મત-મતાંતરો સંઘમાં કદાચ હોઈ શકે. પણ જૈન શાસનની સેવા, નિષ્ઠતા તથા તેના પ્રત્યેની શ્રદ્ધા તો જૈનમાત્રના હૈયામાં એક સરખી રહેવી જોઇએ. વર્તમાનકાળ કપરો છે. જડવાદનું વાતાવરણ ચોમેર ગાઢ બનતું જાય છે, આસ્તિકતા, ધર્મપ્રત્યેની દ્રઢતા, શાસનપ્રત્યેની શ્રદ્ધા તેમજ દેવ-ગુરુની ભક્તિ અને જૈન શાસ્ત્રોએ ફરમાવેલા સદાચાર તથા સદ્વિચાર ઇત્યાદિ મંગલ તત્ત્વો તરફ આજે ઉપેક્ષાભાવ તેમજ બેદરકારી વધતી જાય છે, તે પરિસ્થિતિમાં શ્રદ્ધા, સંસ્કાર, તેમજ ધર્મપ્રત્યેની નિષ્ઠા, અને આસ્તિકતાનું કલ્યાણકર શ્રધ્ધાત્મપ્રધાન શુભ વાતાવરણ સર્જાય તેમ કરવાની 'કલ્યાણ' ની નેમ છે, તે જ તેનો શુભ મનોરથ છે, ને તે માટેના તેના પ્રયત્નો સતત ચાલુ છે

૨જ માત્ર પણ છૂપાવ્યા વિના અમે એકરાર કરીએ છીએ કે, 'કલ્યાણ' દ્વારા એક પાઇની પણ કમાણી કરવાનો અમારો ઉદ્દેશ નથી. 'કલ્યાણ' સરકારમાં રજીસ્ટર થયેલી ધાર્મીક ટ્રસ્ટની સંસ્થા છે. તેના માનાર્હ ટ્રસ્ટીઓ પોતાના તન, મન તથા ધનનો શકય હોય ત્યાં ભોગ આપીને પણ 'કલ્યાણ' ની સેવા તેઓ કરી રહ્યા છે. 'કલ્યાણ' દ્વારા શિષ્ટ, રસમય મનનીય વાંચનનો પ્રચાર કરવાનો અમારો શુભ ઉદ્દેશ છે. 'કલ્યાણ' માં આજ કારણે જેમ બને તેમ જાહેરાતો વિશેષાંક સિવાય ઓછી લેવાનો અમારો સંકલ્પ છે. ચાલુ અંકમાં ૬ પેજ સિવાય વધારે ન લેવી તેમ અમારી ભાવના છે, વિશેષાંક દળદાર તથા વૈવિધ્યસભર પ્રસિદ્ધ કરવાનો હોવાથી તેને આર્થિક દૃષ્ટિએ પહોંચી વળવા માટે અમારે જાહેરખબરો અનિવાર્યરીતે સારી લેવી પડે છે. જાહેરાતો મેળવવા મહેનત પણ કરવી પડે છે. છતાં પણ લેખોનું પ્રમાણ સહેજપણ ઘટાડયા વિના, પાનાઓ વધારી ને અમે વિશેષાંકમાં જ વિશેષ જાહેરાતો લેવાનું ધોરણ સ્વીકાર્યું છે.

રતિ-અરતિ, સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ, હર્ષ-શોક તથા આનંદ-ઉદ્વગ તેમજ સંયોગ-વિયોગના દ્વંદ્વોથી ઘેરાયેલા આ સંસારમાં સુખપૂર્વક શાંતિમયરીતે જીવન જીવવા માટે આજે ધર્મ પ્રત્યે શ્રદ્ધા તથા જીવનમાં આસ્તિકતા કેળવવાની જરૂર છે,

તે માટે શ્રદ્ધાપ્રેરક, સંસ્કારવર્ધક આબાલ-ગોપાલ સર્વ કોઇને ઉપકારક વાંચન આપતા 'કલ્યાણ' ને ઘેર-ઘેર વસાવવું આજે અતિ આવશ્યક છે, ફક્ત રૂા. ૫-૫૦ના લવાજમમાં તમને લગભગ ૯૦૦ થી ૧૦૦૦ પાનાઓનો જાણે મોટો દળદાર ગ્રંથ વર્ષ દરમ્યાન વૈવિધ્યસભર સાહિત્યથી સમૃદ્ધ ઘેર બેઠા મળે છે, તે મગના ભાવે મરી જેવું જ કહી શકાય. 'કલ્યાણ' નો આ વિશેષાંક ૪૫૦૦ નકલોમાં પ્રસિદ્ધ થાય છે. જૈન સંઘમાં તથા જૈનશાસનમાં આ રીતે ૪૫૦૦ નકલો પ્રસિધ્ધ કરવાનું સર્વ પ્રથમ સૌભાગ્ય 'કલ્યાણ' ને પ્રાપ્ત થાય છે. અમારી અભિલાષા છે કે, ટુંકા ગાળામાં-નજીકના ભવિષ્યમાં 'કલ્યાણ' ની ૫ હજાર નકલો પ્રસિધ્ધ થાય તે માટે અમે અમારા માનદ-પ્રચારકો તથા શુભેચ્છક સર્વ કોઇના મમતાપૂર્વકના સહકારની અપેક્ષા રાખીએ છીએ!

હોહા કર્યા વિના કે મોટા આડંબરો યા વૈતનિક પ્રચારકો રોકયા વિના આજે 'કલ્યાણ' ૨ વર્ષના ગાળામાં ૧૦૦૦ નકલોનો વધુ ફેલાવો ધરાવનારૂં બન્યું છે, તેમાં મહામહિમાશાલી પ્રગટપ્રભાવી પુરુષાદાનીય દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પુનિત કૃપા જ કારણરૂપ છે. તેમના અધિષ્ઠાયક દેવના શુભ સાનિધ્યબળે જ અમે નજીકના ભાવિમાં ૫ હજાર નકલો પ્રસિધ્ધ કરવા ભાવના રાખીએ છીએ. 'કલ્યાણ' પાસે એવું મોટું ફંડ નથી કે તે કોઈ આર્થિક દૃષ્ટિએ માતબર સંસ્થા નથી. વર્ષ દરમ્યાન પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોના શુભ ઉપદેશથી પ્રાપ્ત થતી સહાય તેમજ જાહેરાતો અને ગ્રાહકોના લવાજમોથી તેનો ખર્ચ સરભર થાય છે; માટે જ સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકોને વિનંતિ કે, ઓછામાં ઓછા એક ગ્રાહક, એકેક વાચક કે ચાહક જો નવા કરીને અમને મોકલાવે, તો દીવાળી લગભગમાં અમે ૫ હજારની સંખ્યાને પહોંચી શકીએ. પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે સર્વ કોઇને અમે જણાવીએ છીએ કે, વર્ષ દરમ્યાન 'કલ્યાણ'ને અંગેના કોઈપણ વ્યવહારમાં અમારા હાથે જે કાંઈ મનોદુઃખ કોઈને પણ ઉપજ્યું હોય તે સર્વનો મિચ્છામિ દુક્કડમ્ આપવા દ્વારા અમે ખમાવીએ છીએ.

'શ્રી પર્વાધિરાજ અમર રહો' નો નાદ વિશ્વમાં ફેલાતો કરવા ને તે તે દ્વારા પરમપવિત્ર પર્વાધિરાજની મહાપુણ્યોદયે પ્રાપ્ત થયેલ સુવર્ણ તકને સફલ કરવા સહુ કોઈ ઉજમાળ બનો! પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે 'કલ્યાણ' નો આ વિશેષાંક વાચકોની સમક્ષ મૂકતાં શ્રી જિનાજ્ઞા વિરૂધ્ધ જે કાંઈ અમારાથી 'કલ્યાણ' નું સંપાદન કરતાં પ્રસિધ્ધ થયું હોય તે સર્વની અમે ક્ષમા માંગીએ છીએ! 'કલ્યાણ' ના આ વિશેષાંકને આ રીતે સમૃધ્ધ તથા સુશોભિત કરવામાં જેમનો-જેમનો અમૂલ્ય સહકાર અમને મળેલો છે, તે શુભેચ્છકો, લેખકો, તેમજ જાહેરાતો આપનારાઓ અને રાત-દિવસ અથાગ મહેનત લઇને મને મારા પ્રયત્નમાં સહકાર આપનાર પ્રેસના સ્ટાફનો તેમજ કાર્યાલયના સ્ટાફનો આ અવસરે હું સૌજન્યભાવપૂર્વક ઋણી છું.

કીરચંદ જે. શેઠ

જયવંતું પર્વ!

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી.

કોઈની સાથે લડીને વિજય મેળવવો એ કંઈ મોટી વાત નથી....સંસારમાં ઘણા માણસો આ રીતે વિજય મેળવે છે અથવા તો બળના કારણે સરસાઈ પણ ભોગવે છે.

કોઇની સંપત્તિ યેનકેન પ્રકારેણ પોતાની કરી લેવી અથવા તો કોઇની સત્તા પોતાની બનાવી લેવી અથવા તો કોઈપણ ઉદ્યોગ કરીને ધનવાન બની જવું એ પણ બહુ મોટી વાત નથી. ભાગ્યનો સાથ મળે તો આ બધું સહજ બને છે.

સત્તારૂપી શસ્ત્ર હાથમાં ધારણ કરીને લોકો પર આણ વર્તાવવી કે પોતાની પ્રસંશા બિછાવવી એ પણ સામાન્ય વાત છે!

સંસારના કોઇપણ આકર્ષણો હસ્તગત કરવાં એ કંઈ આજકાલની નવાઇ નથી. યુગયુગથી આ રીતે થતું જ હોય છે.

આજના કહેવાતા વિજ્ઞાન યુગમાં માનવી ચકાચૌંધ બની જાય એવી શોધો વિશ્વ સમક્ષ મૂકવી એ પણ મોટી વાત નથી કે મોટું આશ્ચર્ય નથી.

દેખાવમાં અતિ મહાન લાગે કે અતિ વિરાટ દેખાય એવાં કામો તો અનાદિ કાળથી થતાં આવે છે.

વર્ષ ૨૦



શ્રાવણ ૨૦૧૯

અંક ૬

ઓગષ્ટ ૧૯૬૩

પરંતુ જન્મ પર જય મેળવવો, જરા પર જય મેળવવો અને મૃત્યુ પર વિજય મેળવવો આ કામ આજનું કોઇ વિજ્ઞાન સાધી શકયું નથી.

યાંત્રિક ફેફસાં બનાવનારા દેહ વૈજ્ઞાનિકો સાચાં ફેફસાંને અમરત્વ આપી શકયા નથી.

ચંદ્રલોક સુધી પહોંચવાની આશા રાખતું વિજ્ઞાન આજે અવકાશમાં અનેકવિધ રમકડાંઓ ઉડાડે છે....માણસોને પણ અવકાશમાં સહેલગાહ કરાવી શકે છે....પરંતુ જન્મ, જરા અને મૃત્યુ પર વિજય મેળવવાની વાત તો હજી આજના વિજ્ઞાન માટે લાખો યોજન દૂર છે.

આ મહાન વિજય ભારતનાં આર્ય દર્શનોએ પ્રાપ્ત કર્યો છે અને જૈનદર્શને તો આ વિજય યાત્રામાં સહુ કોઇ ચાલી શકે એવો પ્રશસ્ત માર્ગ પણ બતાવી દીધો છે...

આ માર્ગ મેળવવા માટે મનને વશ કરવું પડે છે....સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર અને સમ્યગ્ તપની સિધ્ધિ પ્રાપ્ત કરીને સર્વ ત્યાગના એ મહાપંથે પ્રયાણ કરવું પડે છે.

આવા મહાન યાત્રિકો માટે જન્મ, જરા અને મૃત્યુનો હંમેશ માટે અંત આવી જાય છે....ભવ ભ્રમણનાં આ ત્રણ સાથીદારો નષ્ટ થતાં જ ભવભ્રમણનો પણ અંત આવે છે અને જે સુખનું કોઇ વર્ણન થઇ શકતું નથી....અર્થાત્ જે વર્ણનાતીત છે....શાશ્વત છે....ચિદાનંદરૂપ છે તે મુક્તિનું મહાસુખ માનવી ધારણ કરે છે!

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ રંગરાગ કે ભોગવિલાસનું પર્વ નથી....

એ પર્વ છે સમ્યગ્દર્શનની આરાધનાનું....!

એ પર્વ છે મુક્તિનો મહા પંથ પકડવાના પુરુષાર્થનું!

એ પર્વ છે જન્મ, મરણ અને જરા પર વિજય પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરવાનું....!

જૈન શાસનમાં આરાધના અર્થે જે કંઇ પર્વો, તીથિઓ કે ઉત્સવો યોજાયા છે તે સર્વમાં એક પણ દિવસ એવો નથી કે જે માનવીને ભૌતિક સુખ પ્રત્યે આકર્ષિત કરે.... અથવા રાગ-મસ્તિની આરાધના કરાવે!

જૈનશાસનમાં જે કંઈ વ્યવહાર યોજાયો છે, જે કંઇ વ્રત નિયમ નક્કી થયા છે અને જે કંઇ પર્વતીથિઓ આવ્યાં છે તે ત્યાગ, તપ અને અહિંસાની આરાધના અર્થે જ રચાયાં છે.

અને આ બધાં પર્વતીથિઓમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ મુગટમણિ સમાન છે....કારણ કે આ દિવસોમાં માનવી અંતરનો મળ સ્વચ્છ કરવાનો પુરુષાર્થ કરે છે.... સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત કરીને સ્થિર બનવાનો શ્રમ કરે છે....મિથ્યાત્વ-અસત્યનો ત્યાગ કરી ચિર સત્યનાં મહાગીતમાં રમે છે!

જે શાસન આવા મહાપર્વો દ્વારા પ્રાણિ માત્રના કલ્યાણની કામના કરે છે....સર્વના મૈત્રી ભાવની પૂજા કરે છે....તે શાસન આજ પણ જયવંતું વર્તે છે?

જયવંતા નથી વર્તતા આ પર્વની મહત્તાને ન સમજનારાઓ અથવા તો ભોગ લિપ્સાના પંકમાં ખૂંચી ગયેલાઓ!

પર્વાધિરાજ જયવંતું પર્વ છે....એના આરાધકોને મહા વિજેતા બનાવે છે....જીવન શુદ્ધિને એક મંગલમય આદર્શ પુરો પાડે છે.

⊙ પર્યુષણ પર્વનો જય હો! ⊙

પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ
(પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ. શિષ્યરત્ન)

પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ જીવનના આંગણે આવી રહ્યાં છે, મહાનુભાવો! તેને તપ, ત્યાગ, ક્ષમા, તથા દયા, દાનરૂપી સત્કાર્યોથી સત્કારજો!

રતિ-અરતિ સંપત્તિ કે વિપત્તિ, આનંદ કે ઉદ્વેગ વગેરેના નિમિત્તોમાં સમભાવ જાળવી, જીવનને સમતારૂપી અમૃતથી સીંચીને પર્વાધિરાજની આરાધના દ્વારા જીવનનું મહામૂલ્ય ભાથું બાંધી સદ્ગતિ તરફ ભવ્ય જીવો! પ્રયાણ કરવા ઉજમાળ બનજો!

યુક્તિથી, દલીલથી પણ એ વસ્તુ સમજી શકાય તેમ છે કે, વૈરનું વારણ વૈર નથી, ઝેરનું મારણ ઝેર નથી, તેમ ક્રોધનું મારણ ક્રોધ નથી, માટે કોઇના પ્રત્યે પણ ક્રોધ નહિ કરતા. વૈરી પ્રત્યે વૈર નહિ રાખતા, અનિષ્ટ કરનારનું, ભુંડું કરનારનું પણ ભલું કરજો! ક્ષમા એ વીરનો ધર્મ છે, એ કદિયે ભૂલશો નહિ. યાદ રાખો કે, તમે વીર છો, વીરના-મહાવીરના સંતાન છો.

ષડરિપુ કામ, ક્રોધ, મદ, મત્સર, માયા, લોભ ઇત્યાદિ આંતર શત્રુઓને હંફાવનાર આત્મા જ પર્વાધિરાજની આરાધના કરવાને પાત્ર બને છે; પર્વાધિરાજની આરાધના તો જ સફલ છે, માટે મહાનુભાવો! આંતરરિપુ જેવા કામ, ક્રોધાદિનો નિગ્રહ કરવા ઉજમાળ રહો!

ણમોક્કાર-નવકાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા તેમજ મહામંત્રાધિરાજ નવકાર મંત્ર પ્રત્યે ભક્તિ તથા આસ્થા દૃઢપણે જેઓના હૈયામાં વસી છે, તે આત્માઓ પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની મંગલમય આરાધના કરી સદ્ગતિ ગામી બની શકશે!

પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રનું શ્રદ્ધા સદ્ભાવથી ભાવિત બની વિધિપૂર્વક પર્યુષણા પર્વમાં જે આત્માઓ શ્રવણ કરે, મનન કરે, અરેઅર તેવા નિકટભવી લઘુકર્મી આત્માઓ અવશ્ય આ ચતુર્ગતિરૂપ સંસારના પારને પામી શાશ્વત સુખધામે નિરાબાધપણે પહોંચે છે. ભાગ્યશાલી આત્માઓ! પર્વાધિરાજના મંગલ દિવસોમાં પૂ. ગુરુમહારાજના શ્રીમુખેથી માટે જ કલ્પસૂત્રનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરજો!

રતિમાત્ર પણ વૈર, ઝેર, દ્વેષ, મત્સર, કોઇ જીવ પર રાખશો નહિ. કષાયભાવને શમાવી સમતાસાગરમાં સ્નાન કરજો! ને 'મિત્તી મે સવ્વભૂએસુ' મૈત્રી હો સર્વજીવો પ્રત્યે–નાં સૂત્રને હૃદયમાં ઉતારી સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં સર્વ જીવોને ખમાવીને આરાધક બનજો!

વર્ષ દરમ્યાન જેની–જેની સાથે વૈ–વિરોધ થયા હોય, રોષ, ઈર્ષ્યા મત્સરભાવ બંધાયા હોય તે સર્વને ખમજો! ખમવું ને ખમાવવું, ઉપશમવું ને ઉપશમાવવું તે જૈનશાસનનો સાર છે. પુણ્યવાનો! જૈનશાસનની આ આજ્ઞાને શિર પર ધારજો! ને સર્વ જીવોને ત્રિવિધ–ત્રિવિધ યોગે ખમાવજો!

નોકારશી–સાધર્મિક વાત્સલ્ય એ પર્વાધિરાજનું પરમ કર્તવ્ય છે. શ્રી જિનેશ્વરદેવના શાસનને માથે ચઢાવનાર શાસનનો સાચો સેવક તે જૈનમાત્રનો સાધર્મિક: તેની ભક્તિ: તેનું હૈયાના ઉમળકાપૂર્વકનું વાત્સલ્ય: તે પર્વાધિરાજ શ્રી પર્યુષણાના પુણ્ય અવસરે કરવાનું ભૂલશો નહિ. સાધર્મિકના સમું બીજું સગપણ કયાંયે નથી.

જગતમાં–સંસારમાં નવકાર સમો કોઇ મંત્ર નથી, શ્રી શત્રુંજય સમું કોઇ તરણ-તારણ તીર્થ નથી. કલ્પસૂત્ર જેવું મહામંગલિક કોઇ સૂત્ર નથી ને પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વ જેવું કોઇ મહા પર્વ નથી. વર્ષમાં એક જ વખત આવતું આ મહા પર્વ મહાન પ્રભાવશાલી ને મહા મહિમાવંતુ છે.

યશસ્વી તથા ભાગ્યશાલી આત્માઓ જ આ મહાપર્વની એકૂ ચિત્તે તન, મન તેમજ ધનથી આરાધના કરી શકે છે. પુણ્યાનુબંધી પુણ્યની જે મહાનુભાવ આત્માઓને પ્રાપ્તિ થઈ છે, તે જ આત્માઓ ઉલ્લાસપૂર્વક અમારિપ્રવર્તન, સાધર્મિક વાત્સલ્ય, અઠ્ઠમનો તપ, પરસ્પર ક્ષમાપના તેમજ ચૈત્યપરિપાટીરૂપ પાંચ કર્તવ્યોથી પર્વાધિરાજની આરાધના કરી જીવનને ઉજવળ બનાવી શકે છે.

હોહા ઉહાપોહ યા આડંબર કે ધમાલીયા વૃત્તિ ત્યજીને ઉપશમભાવમાં આવી, અંતર્મુખવૃત્તિ કેળવી મહામંગલકારી પર્યુષણા પર્વની આરાધના કરવા ઓ ધર્મશીલ મહાનુભાવો! સજ્જ રહેજો! કષાયની પરિણતિ ટાળી ઉપશમભાવમાં આવજો! તેમજ પરભાવદશા ટાળીને સ્વભાવદશામાં સ્થિર થજો! આરાધનાનો સાર આરાધક ભાવ છે; ને આરાધકભાવનો સાર પરભવ્ય પ્રત્યેની આસક્તિ ટાળી સ્વસ્વરૂપમાં રમણ કરવું તે છે. માટે ભાગ્યશાળી જીવો! કર્મના મર્મને ભેદનાર આવા મહાન પુણ્યોદયે પ્રાપ્ત પર્વાધિરાજની સુંદરતર આરાધના કરી જીવનને ધન્ય બનાવો!

પર્યુષણા મહાપર્વ અને જૈનશાસન

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ.

પર્વાધિરાજના પર્યુષણા પર્વના શુભ અવસરે શાસન તથા સંઘની વર્તમાન પરિસ્થિતિને અંગે કેટલીક ઉપયોગી વિચારણા શાસન પ્રત્યેની નિષ્ઠા તથા ભક્તિથી પ્રેરાઇને લેખક શ્રી કાપડીયા અહિં રજૂ કરે છે.

વિશ્વવંદ્ય મહાવીરદેવનું શાસન આપણને મળ્યું. અનાયાસે અને વગર મહેનતે? ના-ના. પૂર્વભવમાં કરેલી શુભ કરણીના પ્રભાવે. આજની દુનિયાની સંખ્યા અમુક અબજ. તેમાં જૈનો કેટલા? ચાલીશ પચાસ લાખ. તેમાં પણ મૂળ માર્ગના પ્રવાહમાં જન્મ કેટલાનો? વીસ પચીસ લાખનો.

વીસ પચીસ લાખમાં પણ માત્ર જન્મે જૈન, નામ જૈન ખરાને? સારાએ જીવનમાં આપણે કોણ? એ ખ્યાલ વગરના પણ ખરાને? હું જૈન છુ, કાંઈક તો કરવું જ જોઇએ. છતાં સામગ્રી વગરના શું કરે?

સામગ્રી સરસ છતાં બેદરકારનો તોટો નહિ. સામગ્રીનો ઉપયોગ કરવા છતાં ધ્યેયલક્ષી નહિ. શાને માટે સઘળું કરવાનું એનો ખ્યાલ નહિ. વિપરીત ધ્યેયવાળા પણ સંખ્યાબંધ. ક્રિયા ધર્મની. ક્રિયા આત્મ કલ્યાણની અને માગણી સંસારની. હાર્દિક ઇચ્છા ભૌતિક આબાદીની. ધર્મ એ સાધન. સાધ્ય સંસારની વાસના.

આગળ ચાલીએ ધર્મ બહુ મજેનો આદરે. ધ્યેયની સમજ સાચી. માન-આકાંક્ષાનો પાર નહિ. જીવાત્માઓ શું કરે? આનાદિ કાલની વાસનાના સંસ્કાર. મોહરાજા પિછો છોડો નહિ. અરે જુજુઆ રૂપે મુંઝવે. ભારે હેરાનગતિનો કરનાર.

આમાં ભદ્રિક આત્માઓ પણ હોય ને? બહુ મજેના. ભગવાન એમને ગમે. ભગવાનની વાણી એમને રૂચે. દોરવ્યા દોરવાય. ક્રિયાનુષ્ઠાન કરવા પ્રેરાય. પર્વ દિવસોમાં અપ્રમાદી બની જાય. પામી પણ જાય. સુકાની સારા મળે તો.

સુકાની ખોટા હોય? એકદમ એમ તો કેમ જ કહેવાય? પણ હોડી હંકારી. નદીમાં ખેંચાણી. નાવિક નીકળ્યો કાચો પોચો. હોડીનું શું થાય? કહોને કે હોડીમાં બેસનારનું શું થાય?

એટલે ભાઇ, ધર્મમાં પણ એમજ. સુકાની પર જ સઘળો આધાર. સુકાની એટલે પૂજ્ય સાધુ મહાત્મા. આચાર્યદેવ હોય કે ઉપાધ્યાયજી હોય. પંન્યાસજી હોય કે સાધુજી હોય. સાધ્વીજી પણ શા માટે નહિ. એતો પાયાના સિંચક. બહેનો અને માતાઓના આધાર સ્તંભ અને શ્રાવક કુમાર કુમારીઓના સંસ્કાર ત્યાંથી.

શાસનની વાતમાં સુકાનીની વાતો કરવા બેઠા. પર્યુષણને વધાવતાય નથી. હા ભાઇ હા. શાસનનું પણ સુકાન ખરૂંને? ધર્મશાસન વડે. પજુષણ ધર્મ વડે.

ચાલો આવો અસલ વાત પર. ભદ્રિક વિનાના ધર્મની વિશેષ સમજવાળા. તત્ત્વને જાણનારા અને પચાવનારા. અરે બાપલા! એતો ગણ્યા ગાંઠયા. ભલેને, પણ છે તો ખરાજ ને? એમાં વધારો કરવો છે એમ. માટે તો પજુષણને દર વર્ષે પોંકીએ છીએ.

પોંકણા પણ કેવા? દુનિયા ભરમાં ન થાય તેવા. દોઢ માસ પહેલા. માસ પહેલા. પંદર દિવસ પહેલા. અને આઠ દિવસ પહેલા

તો વિશેષ વિશેષ. વાહરે શાસન! તારી બલિહારી જ અનોખી.

પોંકણામાં તપના તેજ કિરણો સૌથી પહેલા. જીવદયા તો અમારી અમૃતવેલ. દાન તો જૈનોની ગળથુથીમાં વણાએલ. અને શીલ અને શિયલ તો સ્વાભાવિક.

જૈનો એટલે જૈનો. રાગદ્વેષ એમને કરવા ન ગમે. થઇ ભલે જાય. હૈયે રૂચે નહિ. કારણકે દેવ પરમ વીતરાગ. રાગદ્વેષના મહાવિજેતા. મોહ સુભટના મારણહાર. વળી સર્વજ્ઞ અને સર્વદર્શી. મુદ્રા પરમ પ્રશાંત. આવા દેવના ઉપાસક અમે. અને રાગદ્વેષ અમને ગમે? ત્રણ કાળમાંય નહિ.

અને તે પાછા ધર્મની બાબતમાં. મતભેદ ભલે હોય. સિદ્ધાંત સમજમાં ફેર હોય. સમજ્યા સત્યને વળગી પણ રહીએ. પણ અમારી સાધર્મિક ભાવના સતે જ. હૈયાના સ્નેહ અનોખા. સાથે બેસીએ સાથે જમીએ. સાથે ગોચરી કરીએ. વિચારની આપ લે કરીએ. મતભેદને ઉકેલીએ. અશકય ઉપાયમાં કેવળી ભગવંતને મુખ્ય કરીએ. પણ શાસન કાર્યમાં સહુ સાથે આફત ટાણે અળગા નહિ. શું સાધુ કે શું શ્રાવક. સૌ શાસનના. શાસનના નહિ તે અમારા નહિ. આપણા નહિ. સદ્‌ભાવનાની આ છે સીમા.

શાસન સીદાય. શાસનના કાર્યો સીદાય. દેવ મંદિરોનું ધન લુંટાય. અરે દેવત્વની ભાવના ઘાયલ થાય. દેવદ્રવ્ય પર કરડી નજર થાય. જ્ઞાન દ્રવ્યનો દુરૂપયોગ થાય. સાધારણ દ્રવ્યના સીમા બંધનો તૂટે. દીક્ષા જેવા પરમ પવિત્ર સિદ્ધાંતના ચુંથણા થાય. અમારા કહેવાતા કાયદા લાલવા મથે. શાસ્ત્રોને વિપરીત રીતે ઘોળીને પી જાય. નીતિ–મર્યાદા સામે અડેડાઇ કરે. આ બધુંય થાય. અને અમે હાથ જોડીને બેસી રહીએ.

ભાઇ ભાવી હશે એમ થશે. એ તો વીરનાથે ભાખ્યું જ છે ને? ધર્મ ચારણીએ ચળાશે. આપણે શું કરીએ? આપણા જ માન પાનના ઠેકાણા નથી ને. ચારને રાજી તો રાખવા જ પડે ને. આ તો સંસાર છે સંસાર.

શું કહ્યું સંસાર? અને તે શાસનના સાધુ અને શ્રાવકો માટે? આવા અર્થમાં? આવા પ્રસંગે? અરે કોઈ બાલી ગણવેષધારીના શબ્દો હશે. કોઇ સ્વાર્થી ઉપાસકના વેણ હશે. જિનેશ્વર દેવના સાધુ અને શ્રાવક માટે કલ્પના પણ ન કરાય. એ તો ચિંતામણિ અને વૈડુર્ય રત્નો. એના તેજે શ્રી સંઘમાં પ્રકાશનો પુંજ પથરાય.

પ્રત્યક્ષને પુરાવા શા? આજ પણ શાસનની સૌરભ કોણ ફેલાવે છે? ગીતાર્થ ગુરુ ભગવંતો અને પુણ્યાશાળી સુશ્રાવકો જ ને? શાસનના સુપ્રભાવક અને સહાયક કેવા સુંદર આજ પણ દીપે છે. સુવર્ણની બાણો જુજ જ હોય ને? અને તે પણ પાંચમા આરામાં.

પાંચમો આરો પછી આ બધુ પીંજણ શા માટે? જીણુ કાંતવા માટે. સરસ વણાટ વણવા માટે. હલવી ભાષામાં હૈયા હલાવવા માટે.

હૈયા તો છે ને? ધર્મ અને શાસન માટે પણ બરાને? સર્વોચ્ચ કોટિના શાસનમાં શું બની રહ્યું છે? અજાણ્યા છો? કમાલ કરી. જાણવા છતાં પણ ઉપેક્ષા. એ પીડામાં કોણ પડે? પૂજા કરીએ. સમય સંજોગે સમાયિક લઈએ. ભગવાન ભલુ કરે. શાસન સાધુને શીર.

આ તો ગજબ થયો. ચાલો ત્યારે સાધુ મહાત્મા પાસે. 'મત્થએણવંદામિ.' સુખશાતા વર્તે છે? 'બહુ મજેની. દેવ ગુરુપસાય.' 'પણ સાહેબ, દેવ ભૂલાતા જાય છે. ગુરુ તરફના ભાવ ઘટતા જાય છે. અમારૂં અને અમારાનું થશે શું? ધર્મ ભૂલાશે તો દુનિયામાં રહેશે શું?' 'અરે ભલા માણસ! એ તો મોટાનું કામ. આચાર્ય દેવોનું–પદરથોનું કામ. ભલે સાહેબ ભલે. શાતામાં રહેજો.'

'ભગવન્ હવે તો પારાવાર દુઃખ થાય છે. હૈયે ઉના આંસુ પડે છે. આપ સમર્થ છો. આપ ધ્યાન ન આપો તો કેમ ચાલે? ભાગ્યશાળી, વાત સાચી. પણ કરીએ શું? તમે જાણો છો ને એકત્વનો અભાવ છે પીંડ ભલે જુદા હોય. પણ ભાવના તો એક જોઈએ ને? અમારે હૈયે પણ વેદના છે. સમયની રાહ જોઈને જ બેઠા છીએ. બે પાંચ એક વિચાર પર જામીએ. તો પણ ઘણું રક્ષાય'

'ધન્ય વાણી! કૃપા નિધિ. અમે તો શાસનના લઘુગાળ. આપ આધાર. રક્ષા કરો. ઉપેક્ષા કરો. અમે તો વિનતિના અધિકારી. પણ ઉપેક્ષા અતિ શાલે છે. વળી પર્યુષણા પાસે આવે છે. ખમત ખામણા સૌ કરશે. શાસન કોઇને નહિ સાંભળે?

શાસ્ત્રવાણી સાંભળી. ધર્મ મહા ધન છે. પર્યુષણા પાકી મોસમ છે. મેળવાય એટલુ મેળવો. અવસર બેર બેર નહિ આવે. પણ મેળવેલ ધનનું રક્ષક તો શાસન ને? રાજ્ય મળ્યું. રાજ્યના કાયદા અભરાઇએ. રાજ્ય ટકશે? કે પ્રજા બળવો કરશે? બળવામાં લીલુ-સુકુ કોણ જુવે? લાભ તોટો કોણ વિચારે? નફા-નુકશાન સામે નજર જ નહિ. લુંટો બે લુટો.

આતો વિશ્વશાંતિકારક વીતરાગ શાસન. વિશ્વશાંતિ રક્ષાય તો શાસનથી જ. સઘળાએ કાયદાઓ-વિધિ-નિષેધો સંપૂર્ણ ઘડાએલા. વગર વિચારે ફેરફાર એટલે વિશ્વમાં આંધિ. અરે ફેરફાર માટે વિચાર એટલે જ વિનાશ.

શું કહ્યું અતિશયોક્તિ થાય છે? અંશે પણ નહિ. વિજ્ઞાન અમારી મદદમાં છે. સાયન્સની શોધખોળ અમારી સાક્ષીમાં છે. અમારા તત્ત્વોને આશ્ચર્યભરી આંખે અવલોકે છે. ગજબ છે આ લોકોનું તત્ત્વજ્ઞાન. એમ બાંપોકાર કરે છે. શોધો અધુરી છે. વિજ્ઞાન ફરતું જાય છે. એમ જાહેર કરે છે. હા ભાઇ. થોડો અભ્યાસ તો કરવો જ પડે ને.

જુઓને અધ્યાત્માના વિચારો દબાવ્યા તો સત્તાની સાઠમારી જામી છે ને? એક સત્તા બીજી પ્રજાને આખી ને આખી જ ગળવા ઇચ્છે છે ને? સાધનોએ સુખ વધાર્યું કે દુઃખ વધાર્યું? આમાં તો ધર્મ ક્રિયાની વાત નથી ને? પણ અસંતોષના અગ્નિએ દાવાનળ પ્રગટાવ્યોને? એની પાછળ અનીતિ અને ભંયકર લુંટ કેટલી? આતો નાનો શો નમુનો. કે શાસન ડોલે તો દુનિયા ડોલે.

પર્વાધિરાજ પર્યુષણા પુણ્યે પામશું. સાચી અને સચોટ આરાધના કરવી છે ને? તપ-જપ-પૂજા ભાવના આદરવાના જ. દાન પણ છૂટે હાથે દેવા જ જોઇએ. પણ સાથે હૈયાના દ્વાર ખોલવા પડશે. કલાણા તો કલાણાનાએ છોડવું પડશે. આ તો મારા વીતરાગ દેવના. હું એમનો નેં એ મારા. અમારી તો બાંધવ બેલડી. જ્યાં જઇએ ત્યાં બેલડીઓ વધતી જ જાય. એક ભાવ. એકતાન. જ્યાં દેખાય સાધુપણુ ત્યાં ગુરૂપણું. સાચી શ્રદ્ધાએ સીમા ચિન્હ. શુદ્ધપ્રરૂપણા એ ગુરૂનશ્ચયપણું ચારિત્ર્ય તો સાથે જ હોય ને? એમાં પૂછવાનું શું? .બ્રહ્મચર્ય એ તો સાધુપણાનો દીવડો. એના તેજે કંઇક તર્યા ને કેટલાનેય તાર્યા.

હવે સુમળ બેઠો બરો, શાસન એ સ્થંભ. ધર્મ મોટી મહેલાત. પર્યુષણા મહેલાતના શણગાર. કારીગરો? ન જડ્યા? સાધુ ભગવંતો સાચા ઘડવૈયા. કળાકરના પણ કળાકાર. તહેનાતમાં કોણ? આપણે. સુશ્રાવક બનવું છે ને? શાસન પામવું છે ને? પામીને શાસનનું શિખર સર કરવું છે ને? શાસનનું શિખર! મુકિત. ભાઇ મુકિત. પર્યુષણાની આરાધના તો મુકિત માટે જ ને? અનંત સંસારનો આપણે માટે સદાનો અંત. કરવો હોય તો ભજો મુકિતના કંત. સદાએ શ્રી સિદ્ધભગવંત.

* * *

હું સર્વનો અપરાધી!

શ્રી પ્રિયદર્શન

શ્રી પર્યુષણપર્વની આરાધના કરનાર આરાધક આત્મા પોતાની જાતના દોષો જોવાને આત્મગવેષણા કરવાને સદા ઉજમાળ રહે! તો જ પર્વાધિરાજની આરાધના સફલ છે, એ હકીકત અહિં મનનીય શૈલીયે કહેવાઇ છે.

શું આપણે બીજા જીવોના અપરાધી છીએ? બીજા જીવો પ્રત્યે આપણે કોઇ ને કોઇ અપરાધ કરેલો છે? કરી રહ્યા છીએ?

જ્યાં સુધી બીજા જીવો પ્રત્યે આપણા હૃદયમાં દ્વેષ છે, અરુચિ છે, તિરસ્કાર છે, વૈર છે; ત્યાંસુધી આપણો આત્મભાવ નિર્મળ નહિ થઈ શકે, આપણે વાસ્તવિક ધર્મ-આરાધના કરનારા ન બની શકીએ, એ હકિકત આપણે સ્વીકારીએ છીએ?

બીજા જીવો પ્રત્યે અપરાધી બનેલી આપણી જાત પ્રત્યે ભારે ઉદ્વેગ પ્રગટે છે?

આપણા નિમિત્તે કોઇપણ જીવ દુઃખ, અશાન્તિ, કલેશ, સંતાપ પામે, તે આપણા હૃદયને હરહંમેશ સતાવે છે?

જો 'હા' તો તો બીજાના ચરણોમાં આપણું મસ્તક ઢાળી દઇ, આંસુઓથી બીજા જીવના ચરણોનું પ્રક્ષાલન કરી ક્ષમાની યાચના કરી શકીશું.

પરંતુ જો આપણને આપણી જાત અપરાધી નથી લાગતી, બીજા જીવો પ્રત્યે દ્વેષ-તિરસ્કાર, વૈર રાખીને પણ આત્મભાવની નિર્મળતા કરવાની શકયતા લાગે છે. બીજા જીવો પ્રત્યે માનસિક-વાચિક અને કાયિક અપરાધો કરવા છતાં આપણી જાત આપણને **'ધર્મી'** લાગે છે, બીજા જીવોને દુઃખ, અશાન્તિ, કલેશ પમાડવા છતાં આપણું હૃદય વૈષયિક સુખોમાં નિર્ભયતાથી રમી શકે છે અને પ્રસન્નતાથી ધર્મક્રિયાઓ થઇ શકે છે, તો બીજા જીવો સામે જઈ ક્ષમા-યાચના કરવાનું મહાનપર્વ આપણે નહિ ઉજવી શકીએ.

આજનો મનુષ્ય મોટા ભાગે બીજા જીવને જ અપરાધી....ગુનેગાર....દોષયુક્ત માની રહ્યો છે. પોતાની જાતને અપરાધી....ગુનેગાર.... દોષયુક્ત માનવા તયાર થનાર મનુષ્યો ઘણી જ અલ્પ સંખ્યામાં મળશે. બીજા નિરપરાધી પણ જીવને અપરાધી ઠેરવવા માટે આજનો મનુષ્ય આકાશ-પાતાલ એક કરતો દેખાય છે! બીજા અપરાધી પણ જીવને નિરપરાધી ઠેરવી, અપરાધ પોતાના શીર પર લેનાર મનુષ્યો કાં સ્વર્ગના વિમાનોમાં ચાલ્યા ગયા છે, કાં તો પાતાલના ભવનોમાં રમણ કરી રહ્યાં છે! આ પૃથ્વી પર તો હશે **'પન્નવા.'**! જ્યાં સુધી બીજા જીવોમાં માત્ર ગુણ જોવાની દૃષ્ટિ જીવને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી એ બીજા જીવો પ્રત્યે અપરાધ કરતો જ રહેવાનો કારણકે બીજા જીવમાં દોષ દેખાય છે, તેના પ્રત્યે મનુષ્યના હૃદયમાં અણગમો....છૂપો તિરસ્કાર....પ્રચ્છન્ન દ્વેષ આકાર લઇ લે છે.... કોઇ પ્રસંગ મળતાં તે પ્રગટ થઇ જાય છે.... ત્યારે અપરાધોની હારમાળા પ્રારંભાઈ જાય છે. આપણે જો આપણું આંતરનિરીક્ષણ કરીશું તો સમજાશે, દેખાશે, કે જે જીવ પ્રત્યે આપણે અપરાધ કર્યો છે; પહેલાં તેનો કોઇ દોષ આપણે જોઇ લીધો હશે? તેમાંથી તેના પ્રત્યે અરુચિ પ્રગટી હશે! પછી તે અરુચિ ઇર્ષ્યા, રોષ, મત્સર....દ્વેષ કોઇને કોઇ રૂપે ઉગ્ર બની હશે....પ્રસંગ મળતાં આપણે એ

(અનુસંધાન પાન ૩૪૨ ઉપર)

મનશુદ્ધિ શા માટે ? ને કેવી રીતે ?

પૂ. મુનિરાજ શ્રી
મહાપ્રભવિજયજી મ.
ચંડીસર.

પર્યુષણપર્વની આરાધના દ્વારા તન, મન તથા વાણીની શુદ્ધિ થવી આવશ્યક છે. મનશુદ્ધિ એ આરાધનાનું મહત્વનું અંગ છે. મનશુદ્ધિ માટે વિચારણીય હકીકત આ લેખમાં રજૂ થઇ છે.

જૈનશાસનમાં વિવિધ પર્વોની યોજના પરંપરાથી ચાલી આવે છે. પાપના પશ્ચાત્તાપ અને આત્મનિર્મળતાના પ્રતાપે પર્યુષણા મહાપર્વ તે પર્વોમાં શિરોમણિભાવ પામે છે. જૈનશાસનના પર્વો આત્મકલ્યાણની સાધનાના સૂચક છે. આત્મા પવિત્ર બને અને આત્મા આત્મામાં જ લીન બનીને મોક્ષે પહોંચે એ ધ્યેય આ પર્વની પાછળ રહેલું છે.

જડચેતનના સંગ્રામરૂપે ચાલ્યા આવતા આ સંસારમાં પ્રાણિઓ જન્મ-મરણ-આધિ વ્યાધિ આદિના દુઃખો-યાતનાઓ સહન કરતા આવ્યા છે, તેનું મૂળ કારણ-મોહ અને અજ્ઞાનની દૃષ્ટિ આંધી છે. પરવસ્તુમાં મમત્વ અને આત્માનું અજ્ઞાન એ બેના યોગે સુખનો અર્થી પણ અનેક યાતનાઓ સહવા છતાં વિવિધ ઉપાયો કરવા છતાં હજી સુખી થયો નથી એ સુવિદિત હકીકત છે.

મન એવી વિલક્ષણ વસ્તુ છે કે જે પોતાની વિચારશક્તિના બલે આત્મા પાસે વિવિધ સારી માઠી પ્રવૃત્તિઓ કરાવી સારાં માઠાં ફલનો ભોક્તા તેને બનાવે છે. જેને યાતનાઓથી મુક્ત બની શાશ્વત સુખની તમન્ના હોય, તેને મનકપિને નાથવાની જરૂર છે. મનની આ પ્રબળતા ને વિલક્ષણતાના કારણે વિચક્ષણોને કહેવું પડ્યું "मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः" માનવીનું મન જ તેનાં બંધન અને મુક્તિનું કારણ બને છે. વિષયકષાયવાળું મન બંધ છે, જ્યારે વિષયકષાયથી રહિત મન મુક્તિ છે. મહાયોગી શ્રી આનંદઘનજીએ પણ મનની આવી દુર્ધર્ષતાના કારણે જ સ્વાનુભવવાણી ઉચ્ચારી છે કે "મન સાધ્યું તિણે સઘળું સાધ્યું. એહ વાત નહિં ખોટી." શ્રી પ્રસન્નચંદ્રરાજર્ષિની વાત આત્માને સારાં કે માઠાં પરિણામો તરફ દોરી જવાની મનની અજબ શક્તિનો બરોબર ખ્યાલ આપે એવી છે.

ધર્મનો મુખ્ય ઉદ્દેશ આત્મશુદ્ધિ માટે જ હોવા છતાં ધર્મદ્વારા સૌથી પહેલાં મનને વશ કરવાનું કામ જ કરવાનું રહે છે. એક વાર મન કાબૂમાં આવ્યું એટલે આત્મશુદ્ધિ તો એના પગલે પગલે જ ચાલ્યાં આવવાનાં.

મનને શુદ્ધ કરવાનો કે એને કાબૂમાં લાવવાનો બરો માર્ગ થયેલી ભૂલો માટે પશ્ચાત્તાપ કરીને ભૂલો દ્વારા જેને દુભાવ્યા હોય તેમની સાચી નમ્રતાથી ક્ષમા માગવી અને અન્ય દ્વારા આપણું કંઇ પણ બગાડ થઇ ગયું હોય તો તેમને ઉદારતાથી ક્ષમા આપવી એ જ છે. મન શુદ્ધિ દ્વારા આત્મશુદ્ધિ મેળવવાના આ માર્ગ સિવાય ચઢીઆતો કોઇ માર્ગ નથી.

મલિન સુવર્ણ અગ્નિદ્વારા શુદ્ધિ પામે છે, તેમ મહા પાપી આત્માઓ પશ્ચાત્તાપરૂપી જળહલતા અગ્નિથી પવિત્ર બનેલા છે. પશ્ચાત્તાપના આંસુ સાર્યા વિના એક પણ જીવ ઉર્ધ્વગામી બન્યો નથી. માનવ અહંભાવના કારણે પોતાનો દોષ જાણવા છતાં તેમાંથી મુક્ત થઇ શકતો નથી. અહંભાવની પરવશતામાં સત્યપંથ દૃષ્ટિપથમાં અવતરી પણ શકતો નથી, માટે જ અહંભાવને નમ્રશીલતાથી નાથ-

વાની અગત્ય રહે છે. તેમ થતાં અહંભાવનું કાતીલ વિષ ઉતરવા માંડે છે ને આત્મામાં ક્ષમાદેવી પ્રગટે છે.

चित्तरत्नमसंक्लिष्टं-मान्तरं धनमुच्यते
यस्य तन् मुषितं दोषैं, स्तस्यशिष्टा विपत्तयः

કલેશરહિત મન એ માણસનું અંતર્ધન છે. જેનું આ ધન ક્રોધાદિ દોષોથી ચોરાઈ ગયું છે-લુંટાઇ ગયું છે તેને સમજી વિપત્તિઓ ઉપસ્થિત થાય છે.

ભગીરથ પ્રયત્ન સિવાય આત્મિક સુખ આપોઆપ ભેટી પડશે એવો ખ્યાલ સ્વપ્નમાં પણ લાવવા જેવો નથી. આ માટે તો આળસ પ્રમાદને ખંખેરી આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો ને આચારોને જલાંજલિ આપો, અને આત્મસત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વિભાવોનું વિસર્જન કરો.

Hatred ceases by love and not by hatred. દ્વેષનું ઔષધ દ્વેષ નથી પણ પ્રેમ છે. Circumstances are the rulers of the weak, but are the instruments of the wise. સંજોગોનું સામ્રાજ્ય નબળા માણસો ઉપર છે. પણ ડાહ્યા માણસો માટે તો તે સંજોગો આગળ વધવા માટે સાધનરૂપ બને છે. Pitience and perseverance overcome mountains. ધીરજ અને ખંતીલાપણું ગમે તવા વિઘ્નરૂપ વાદળો વિખેરી નાખે છે.

મહામૂલું માનવજીવન ટુંકું છે. જવાનું નિશ્ચિત હોવા છતાં અણધાર્યા સમયે જવાનું હોય છે. તે વખતે જવાની તૈયારી માટે સમય ન મળતો હોવાથી, પ્રાથમિક સતત તૈયારી રાખ્યા વિના છુટકો નથી. ભાવિની તૈયારી માનવદેહમાં જ થઈ શકે. તૈયારી કરનાર દિવ્યસુખો પ્રાપ્ત કરે છે, જ્યારે તૈયારી સામે આંખમિંચામણા કરનાર અનંતકાલ દુઃખમાં વિતાવવાની પૂર્વભૂમિકા રચે છે.

કટૂ વાણી સુણે જો તું, મીઠી વાણી સદા કહેજે
પરાઇ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે.

ઉપસ્થિત થતાં પર્યુષણા પર્વમાં પશ્ચાત્તાપપૂર્વકની ક્ષમાદ્વારા સા આત્મકલ્યાણ સાધી દુર્લભ માનવજીવનને સફલ બનાવે એજ એક મંગલકામના.

(અનુસંધાન પાન ૩૪૦ નું ચાલુ)

જીવ પ્રત્યે વાચિક કે કાયિક અપરાધનો હુમલો કર્યો હશે !

શું આ વાત તમારા ચિત્તમાં જચે છે કે બીજા જીવનો દ્વેષ જોવો એ પણ **અપરાધ** છે ? માનસિક અપરાધ છે ? ક્રૂરતા છે ?

આ વાતમાં જો તમારે શાસ્ત્રીય પ્રમાણ જોઇતું હોય તો પણ મળી શકશે. શ્રી 'ધર્મરત્ન' ગ્રંથમાં 'क्रूरो हि परच्छिद्रावलोकमलम्पटः' આ પ્રમાણે તમે વાંચી શકશો....ઉપરાંત અનેક શાસ્ત્રોમાં તમને પ્રમાણો મળી શકશે.

તર્ક જોઇએ છે ? તર્ક શા માટે ? પ્રત્યક્ષ આત્માનુભવથી સમજાય છે કે જ્યાં બીજા જીવનો દ્વેષ જોયો કે આપણા ચિત્તમાં અશાન્તિ શરૂ થઇ જાય છે ! આત્મભાવ મલીન થઇ જાય છે. એક આત્મા પ્રત્યે અશુભ વિચાર જાગે છે....આ શું અપરાધ નથી ?

આ રીતે જ્યારે આપણી જાત અપરાધી લાગશે અને બીજા જીવોમાં ગુણ જોવાની દૃષ્ટિ લાધશે. ત્યારે જ બીજા જીવ પાસે ક્ષમાની યાચના કરી આત્મભાવને નિર્મળ બનાવી શકાશે.

બીજા જીવો પ્રત્યેના દ્વેષને દૂર કરવા દ્વેષદૃષ્ટિ મીટાવવાની.

બીજા જીવો પ્રત્યે મૈત્રીભાવને સ્થાપવા ગુણદૃષ્ટિ કેળવવાની.

સોહામણું પર્વ

સો હામણી પર્યુષણાપર્વરૂપી દિવ્ય ઉષા ઉગી, અવનીતલ પર કિરણો પથરાયાં. નરનારીઓ ! સુંદર વસ્ત્રાભૂષણમાં સજ્જ થઇ, દિવ્યભાવનાના અક્ષત પુષ્પોથી સોનલ ઉષાને સત્કારો ! સન્માનો ! વધાવો !

હા સ્ય, રતિ, અરતિ, ભય, શોક, રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓનો વિજય કરી. ઓ પુનિત પથના પ્રવાસીઓ ! પર્યુષણાના મંગલકારી દિવસોમાં આત્મ-ગુણના હરીયાળા મોલને ખીલવો !

મ નગમતી મુક્તિમંદિરની મંજુલ કેડીએ ડગ ભરનારા ઓ પથિકો ! સુરમ્ય એવા આ પર્વદિવસોમાં, અમારી પ્રવર્તન, ચૈત્યપરિપાટી, અટ્ઠમતપ, સાધર્મિક વાત્સલ્ય, ક્ષમાપના આદિ વિધવિધ સાધના, આરાધના, ઉપાસના દ્વારા ઉન્નતિના શિખરે ચડી આત્મ જ્યોત જગાવો !

ણું નુકશાનકારક કષાયોની પરિણતિને મંદ કરી. ઓ સાત્વિકજ્ઞાનના પિપાસુઓ ! સુધાસદૃશ કલ્પસૂત્રની વાણીનું અનુપમ પાન કરી, અંતરની કોમલ ભૂમિમાં સદ્ગુણરૂપી બીજ રોપી, આત્મોદ્યાનને વિકસાવો !

પ રમ પવિત્ર શિવમાર્ગના મુસાફરો ! સંધ્યાના રંગસમા દેદીપ્યમાન આ શ્રેષ્ઠતમ દિવસોમાં પરસ્પર થયેલી ભેદભાવની દુર્ભેદ્ય દિવાલોને તોડી, આંતરિક વૈમનસ્યભાવ દૂર હટાવી, વેર-ઝેરને તિલાંજલિ અર્પી સર્વ જીવોને ક્ષમાપના આપો !

૨ મ્ય સુશોભિત કલ્યાણકર રાહના યાત્રિકો ! આજે આપણી ઘડીઓ ધન્ય બની ગઇ. સમય ધન્ય બન્યો. દિવસો ધન્ય બની ગયા. ભાગ્યના ચમકતા સિતારે આવા મહાન પર્વને આપણે પામી શકયા. તે પર્વ દિવસોને સહુ કોઈ મનમોહક જિનભક્તિગીતોના સુનિનાદે ભરી દો ! ગૃહાંગણાને વિવિધ તપ-જપની રંગોળીવડે પુરી દો ! અને આત્મમંદિરને પૌષધ સામાયિકાદિ ક્રિયાવડે સજવાળો !

વ ર્તમાન કાળના નિકટ ઉપકારી શ્રી વીરવિભુના સંતાનો !
સદ્ભાગ્યે પ્રાપ્ત થતું સવંત્સરી મહાપર્વ એ તો આપણે આંગણે આવેલી સાક્ષાત્ ભાગીરથી છે-ગંગા છે. તે ગંગામાં સ્નાન કરી જીવનને સ્ફટિકરત્ન સમાન નિર્મલ બનાવો !

શ્રી સુધાવર્ષિ

પર્વાધિરાજનાં પાંચ કર્તવ્યો

શ્રી પ્રશમ

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના માટે ઉપકારક પાંચ કર્તવ્યોને અંગે ઉપયોગી પ્રેરક આ લેખ, ખાસ 'કલ્યાણ' માટે તૈયાર કરીને લેખકશ્રી દ્વારા અમને પ્રસિદ્ધિ અર્થે મળેલ છે. પર્વાધિરાજની આરાધનાના ઇચ્છુ આત્માઓ આ લેખને અવશ્ય વાંચે, વિચારે તથા મનન કરે! એ જ આ લેખની પ્રસિદ્ધિ પાછળ અમારો શુભ આશય રહેલો છે.

શ્રી જૈનશાસનમાં અટ્ઠાઇઓ છ ફરમાવી છે. તેમાં ચૈત્રી તથા આસોની નવપદજીની ઓળીની અટ્ઠાઇઓ શાશ્વતી છે, કારણ કે, મહાવિદેહાદિ ક્ષેત્રોમાં આ અટ્ઠાઇઓની આરાધના નિયત છે. કાર્તિક ચોમાસી, ફાગણ ચોમાસી તથા અસાડ ચોમાસી સંબંધી અટ્ઠાઇઓ તેમજ પર્યુષણાપર્વની અટ્ઠાઇ અશાશ્વતી છે. છતાં વર્તમાનકાલે પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની અટ્ઠાઇનો મહિમા વિશેષરીતે છે. મહામહિમાશાલી મંગલકારી શ્રી સંવત્સરી પર્વની આરધનાને અનુલક્ષીને પર્યુષણાપર્વની આરાધના મહત્વની તથા સારભૂત ગણાય છે. પર્યુષણાની અટ્ઠાઇ, ચોમાસામાં–અસાડ ચાતુર્માસમાં વર્ષાકાલમાં આવતી હોવાથી ને વર્ષાકાલમાં ધર્મશીલ આત્માઓ સહેજે ધર્મની આરાધનામાં વિશેષરીતે રક્ત હોય છે, તે દૃષ્ટિએ પર્યુષણા પર્વની આરાધના વધારે પ્રભાવશાલી બને છે.

પર્યુષણાપર્વની આરાધનાના આઠ દિવસ ગણાય છે. આ આઠ દિવસોમાં પાંચ પ્રકારના કર્તવ્યોથી પર્વાધિરાજની આરાધના થાય છે. પ્રથમ કર્તવ્ય અમારિપ્રવર્તન, બીજું કર્તવ્ય સાધર્મિક વાત્સલ્ય, ત્રીજું કર્તવ્ય પરસ્પર ક્ષમાપના, ચોથું કર્તવ્ય અટ્ઠમનો તપ અને પાંચમું કર્તવ્ય ચૈત્યપરિપાટી. પર્વાધિરાજની આરાધના કરનાર ભવ્ય જીવોએ આ પાંચ કર્તવ્યોની અવશ્ય પર્યુષણાપર્વમાં આરાધના કરવી જોઇએ.

૧ : અમારિપ્રવર્તન : અમારી પ્રવર્તન એટલે સ્વયં મન, વચન અને કાયાથી હિંસાદિથી નિવૃત્ત થઇને બીજા હિંસકોને શક્તિ પ્રમાણે તન, મન તથા ધનથી હિંસા, આરંભ તેમજ સમારંભ ઇત્યાદિ પાપોથી નિવૃત્ત કરવા. આ અમારી પ્રવર્તન કહેવાય છે. પૂ. શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કુમારપાલ મહારાજાને ઉપદેશ આપીને ૧૮ દેશોમાં અમારી પ્રવર્તાવેલ. પૂ. જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરિજી મહારાજે અકબર જેવા મોગલ સમ્રાટને પ્રતિબોધ આપીને સમગ્ર પ્રદેશમાં છ મહિના સુધી અમારિપ્રવર્તન કરાવેલ. તે રીતે ધર્મશીલ આત્માઓએ વર્તમાનકાલમાં ખૂબ જ જાગૃતિપૂર્વક તન, મન તથા ધનથી અમારિપ્રવર્તન કરાવવા ઉજમાલ રહેવું જોઇએ.

૨ : બીજું કર્તવ્ય સાધર્મિક વાત્સલ્ય: સમાનધર્મી આત્માઓની બહુમાનપૂર્વક ભક્તિ કરવી તે પર્વાધિરાજની આરાધના કરનાર આત્માઓનું કર્તવ્ય છે. સમાનધર્મી આત્માઓનો સંયોગ મહાન પુણ્યોદયનું કારણ છે. સાધર્મી ભાઇ-બહેનોની બધાયની અથવા અમુકની સેવા–ભક્તિ, આદર તથા સત્કાર શક્તિ મુજબ કરવો જોઇએ. સાધર્મિકોની પ્રાપ્તિ દુર્લભ છે. સંસારમાં જીવે બધા સંબંધો બધાયની સાથે બાંધ્યા છે, પણ સાધર્મિકનો સંબંધ તો ક્વચિત જ પ્રાપ્ત થાય છે. એક બાજુ ધર્મના બધા આચારો ને એક બાજુ સાધર્મિક ભક્તિ જો વિચારવામાં આવે તો સાધર્મિક ભક્તિ અરેખર વધી જાય છે. વિપત્તિ-

ગ્રસ્ત સાધર્મિકોને ગંભીરતાપૂર્વક સહાય કરવી તે સાધર્મિક ભક્તિ, ધર્મની આરાધના કર નાર આત્માઓ માટે ઉત્તમ આલંબન છે. ભરત ચક્રવર્તી, કુમારપાલ મહારાજા, આભૂ–શેઠ, ઝાંઝણકુમાર, વસ્તુપાલ, તેજપાલ ઇત્યાદિની સાધર્મિક ભક્તિ અનુકરણીય હતી.

૩. **પરસ્પર ક્ષમાપના :** ક્ષમાપના એ પર્વાધિરાજની આરાધના માટેનું ત્રીજું કર્તવ્ય છે. કોઈના પણ પ્રત્યે વેર–ઝેર, રોષ, રીસ, મનના આમળા કે ડંખ રહી ગયો હોય તેને પર્યુષણાપર્વના પ્રસંગે ખમાવી દેવું જોઇએ. જૈનશાસનનો સાર શમ–ઉપશમ છેઃ જે નિઃશલ્ય બનીને ખમાવે છે, ને સ્વયં ખમે છે, તે આરાધક છે. ગમે તેવું સામી વ્યક્તિએ આપણું અનિષ્ઠ કર્યું હોય તો પણ તેમાં આપણા કર્મોનો દોષ છે, તે વ્યકિતનો શો દોષ ? આમ સમજી સમતાભાવે ક્ષમાપના કરવી જોઇએ. ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતન રાજાને હૃદયના શુભભાવથી સરલતાપૂર્વક ક્ષમાપના કરી હતી. ચંડપ્રદ્યોતને તો હૃદયમાં વકતા રાખીને ક્ષમાપના કરી, એટલે ઉદાયન રાજા આરાધકભાવ પામ્યા. મૃગાવતીજીએ ચંદનબાળાજી કે જે પોતાના ગુરુણીજી થાય, તેમની સાથે વિશુદ્ધભાવે ક્ષમાપના કરી, ને પોતાના અપરાધનો સાચો પશ્ચાત્તાપ કર્યો તો કેવલજ્ઞાન પામ્યા; અને ગુરૂણીજી ચંદનબાળાજીએ પણ સરલતાથી નિઃશલ્ય બનીને મૃગાવતીજીને ખમાવતાં તેઓ પણ કેવલજ્ઞાન પામ્યા.

માટે સરલતાથી ક્ષમાપના કરવી જોઇએ. પણ કુંભાર તથા બાલ સાધુની જેમ પરસ્પર 'મિચ્છામિદુક્કડમ્' દઇને પણ બાલસાધુ કુંભારના માટીના વાસણને કાંકરી નાંખી ભાંગે, ને કુંભાર બાલસાધુના કાને કાંકરી આમળે તે રીતે 'મિચ્છામિદુક્કડમ્' ન દેવો જોઇએ. આયુષ્ય છે ચંચલઃ જીવિત છે ક્ષણભંગુર; પુણ્યાઇ છે કાચી માટીના ઘડા જેવી; આ પરિસ્થિતિમાં વૈર, વિરોધ, ઝેર, રોષ, ઇર્ષ્યા, મદ, મત્સર, માન, ક્રોધ તથા માયા રાખીને દુર્ગતિમાં પડવું તે ડહાપણ નથી. માટે વિવેકી જીવોએ પર્વાધિરાજના મંગલ પ્રસંગે સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી લેવી જરૂરી છે.

જે ખમે છે, તે આરાધક છે. જે ઉપશમે છે તે આરાધક છે. ચંડરૂદ્રાચાર્યજીએ પોતાના શિષ્યને ખમાવતાં કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું: મદનરેખાએ તથા યુગબાહુએ મણિરથરાજાને ખમાવતાં સદ્‌ગતિ પ્રાપ્ત કરી, માટે ખમાવવામાં ડહાપણ છેઃ વીરનું ભૂષણ ક્ષમા છે. કાયરો ડંખ રાખે, ને વીરો ક્ષમા આપે. આમ સમજીને સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં જેની જેની સાથે બોલવામાં, ચાલવામાં વૈર, વિરોધ, કલહ, કંકાસ થઇ ગયો હોય તે બધાયને વિશુદ્ધભાવે અવશ્યમેવ ખમાવવા જોઇએ.

૪. **અઠ્ઠમનો તપ:** પર્યુષણાપર્વની આરાધના કરનારા ભાવિક જીવોએ અઠ્ઠમના તપની આરાધના કરવી જોઇએ. પક્ષીનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, ને સંવત્સરીનો અઠ્ઠમ તે રીતે જૈનશાસનમાં ચતુર્વિધસંઘને પ્રાયશ્ચિત તરીકે તપ કહ્યો છે. પક્ષીના પ્રાયશ્ચિતરૂપે ઉપવાસ ન થાય તો બે આયંબિલ, તે ન થાય તો ૩ નીવિ, તે ન થાય તો ચાર એકાસણા, ને તે ન થાય તો ૮ બેસણાઃ છેવટે આ રીતે તપ કે વ્રત થાય નહિ તો ૨૦ બાંધી નવકારવાલીઃ છઠ્ઠના તપમાં આથી ડબલ, ને પર્યુષણાપર્વના અવસરે સંવત્સરીના પ્રાયશ્ચિત્ત તરીકે અઠ્ઠમ જો ન થાય તો ૩ ઉપવાસ, તે ન થાય તો ૬ આયંબિલ, તે ન થાય તો ૯ નીવિ, તે ન થાય તો ૧૨ એકાસણા, છેવટે ૨૪ બેસણા, ને આ રીતે તપ કે વ્રત ન થાય તો અઠ્ઠમતપના પ્રાયશ્ચિત્તને વાળવા ૬૦ બાંધી નવકારવાળી ગણવી જોઇએ.

ઉપરોકત તપશ્ચર્યાથી પ્રાયશ્ચિત્તને પાળનાર આરાધક છે, નહિતર વિરાધકભાવ આવે છે. માટે તપધર્મની આરાધના ભાવિકજીવોએ અવશ્ય કરવી જોઇએ. પુણ્યાઇ કાચી માટી છે

તેનું કારણ તપધર્મની આરાધનામાં ખામી. ડગલે–પગલે પ્રતિકૂળતા, વાત–વાતમાં મૂંઝવણ, ઇષ્ટવિયોગ તથા અનિષ્ટ સંયોગ ઇત્યાદિ સંસારમાં આપણી આજુબાજુ જણાય છે, તેનું કારણ? ભવાંતરમાં તપધર્મની આરાધના કરવામાં શિથિલતા સેવી છે જરૂર. દ્વારિકાનો દાહ બાર–બાર વર્ષ સુધી રોકાઇ ગયો તે તપનો મહિમા. જરાસંધની જરાનું નિવારણ થયું, ને યાદવના સૈન્યમાં સ્વસ્થતા વ્યાપી તે કૃષ્ણમહારાજાએ કરેલા અઠ્ઠમતપનો પ્રભાવ! અપરકંકામાં જઈને પદ્મોત્તર રાજાની સામે યુદ્ધ કરીને કૃષ્ણમહારાજા તથા પાંડવો દ્રૌપદીને નિર્વિઘ્ને પાછા લાવ્યા, તેમાં દ્રૌપદીની આયંબિલની તપશ્ચર્યાનો પ્રભાવ અપૂર્વ હતો. ચક્રવર્તીઓ જ્યારે છ ખંડ સાધવા નીકળે છે, ત્યારે ડગલે ને પગલે તેમને નિર્વિઘ્ન વિજય માટે અટ્ઠમતપનું આરાધન કરવાનું હોય છે.

માટે વિવેકી આત્માઓએ પર્યુષણાપર્વની આરાધના માટે જરૂર અટ્ઠમતપની આરાધના કરીને આરાધકભાવ અખંડિત રાખવો જોઇએ. અઠમતપનો મહિમા અદ્ભુત છે. નાગકેતુએ પૂર્વભવમાં અટ્ઠમનો તપ પર્યુષણા પર્વના અવસરે કરવાનો સંકલ્પ કર્યો હતો, ને તે ભવમાં ન થઇ શકયો; બીજા ભવમાં શ્રાવકકુલમાં જન્મ પામીને બાવણા બાલકની અવસ્થામાં ઘરમાં થતી અટ્ઠમતપની વાત સાંભળી તેણે અટ્ઠમનો તપ કર્યો, તદ્દન બાલ્યાવસ્થા; માતાના દૂધનું પાન કરવાનો કાલ છતાં પરાક્રમ ફોરવ્યું, ને અટ્ઠમનો તપ કર્યો. તે તપના પ્રભાવથી ધરણેંદ્રનું આસન કંપે છે, ને સ્વયં ધરણેંદ્ર-નાગકુમારના ઇંદ્ર તે તપસ્વી બાલકનાં સાન્નિધ્યમાં આવે છે, ને તેને દરેક રીતે સહાયક બને છે.

'નવકારશી' જેવા પચ્ચક્ખાણને કરનારને પણ શાસ્ત્રોમાં અપાર લાભ બતાવેલ છે. નારકનો આત્મા એકસો વર્ષ સુધી જે અકામ રીતે કર્મોની નિર્જરા કરે છે, તેટલી અકામ નિર્જરા નવકારશી પચ્ચક્ખાણ કરનારને થાય છે. પોરશી પચ્ચક્ખાણ કરનારને ૧૦૦૦ વર્ષ સુધીની સકામ નિર્જરાનો લાભ મલે છે, સાઢપોરશી કરનારને ૧૦ હજાર વર્ષની કર્મનિર્જરાનો લાભ મલે છે, પુરિમઢ્ઢવાળાને ૧ લાખ વર્ષ સુધી નરકનો આત્મા જે નિર્જરા કરે તેનો લાભ મલે છે. એકાસણાવાળાને ૧૦ લાખ વર્ષ સુધીની નિર્જરાનો લાભ મલે છે, નીવિવાળાને ક્રોડ વર્ષ સુધીની નિર્જરાનો લાભ મળે છે, એકલઠાણાવાળાને ૧૦ ક્રોડ વર્ષની નિર્જરાનો લાભ મલે છે. એકદત્તી કરનારને ૧૦૦ ક્રોડ વર્ષની નિર્જરાનો લાભ મલે છે, આયંબિલની તપશ્ચર્યા કરનારને ૧૦૦૦ ક્રોડ વર્ષ સુધી નારકીનો આત્મા જે નિર્જરા કરે તેનો લાભ મલે છે, ઉપવાસ કરનારને ૧૦ હજાર ક્રોડ વર્ષની નિર્જરાનો લાભ મલે છે. છટ્ઠનો તપ કરનારને ૧ લાખ ક્રોડ વર્ષની નિર્જરાનો લાભ મલે છે, જ્યારે મહામંગલિક અટ્ઠમનો તપ કરનાર પુણ્યશાલી આત્મા નારકીના જીવો ૧૦ લાખ ક્રોડ વર્ષ સુધી જે રીતે ઉગ્રવેદનાને ભોગવતા અકામ નિર્જરા કરીને કર્મ ખપાવે તે કર્મો સકામ નિર્જરા કરીને ખપાવે છે.

પણ જૈનશાસનનો બધોય તપ કોઇપણ પ્રકારનાં શલ્યથી રહિત હોવો જોઇએ. માયાશલ્ય, નિદાનશલ્ય તથા મિથ્યાત્વશલ્ય ત્રણેય પ્રકારના શલ્યરહિત તપ કરનાર મહાન લાભ મેળવે છે. લક્ષ્મણાસાધ્વીજીએ માયાશલ્ય રાખીને ૫૦ વર્ષ સુધી ઉગ્ર તપ કર્યો, પણ તેમને લાભ ન થયો. ભૂતકાલમાં આજથી ૮૦ મી ચોવીશીમાં લક્ષ્મણાસાધ્વીજીએ શ્રી તીર્થંકરદેવ પાસે મોઘમભાષામાં પ્રાયશ્ચિત માંગીને ૫૦ વર્ષ સુધી ઉગ્રતપ કર્યો. છતાં દુર્ધ્યાનથી મરી, સંસારમાં પરિભ્રમણ કર્યું, ને ભાવિ ચોવીશીમાં શ્રી પદ્મનાભ તીર્થંકરદેવના શાસનમાં હવે મોક્ષે જશે.

પર્યુષણાપર્વની આરાધના કરનારે આઠે દિવસ ઉભયકાલ પ્રતિક્રમણ, પૌષધ વ્યાખ્યાનશ્રવણ તથા શક્તિ મુજબ દાન, શીલ તથા

તપધર્મની આરાધના નિર્મલભાવપૂર્વક કરવી જોઇએ, તેમાંયે મહામંગલકારી શ્રી સંવત્સરી પ્રતિક્રમણ વિધિપૂર્વક અપ્રમત્ત બનીને મન-વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક કરવું જોઇએ. બાર મહિનાના પાપોને દુષ્કૃત્યોને ધોઇ-સ્વચ્છ કરી આત્માને નિર્મલ કરનાર આ સંવત્સરી પ્રતિક્રમણ છે, આ પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ આવે છે. જે ઉભા-ઉભા જિન મુદ્રાયે દૃષ્ટિને નાસિકા સામે રાખી, મુખને સ્થાપનાજી સામે રાખી અપ્રમત્તભાવે એકાગ્રચિત્તે કરવો જોઇએ.

આ ૪૦ લોગસ્સને એક નવકારના કાયોત્સર્ગમાં ૧૦૦૮ શ્વાસોચ્છવાસ થાય છે. તે મહામંગલકારી છે. પ્રભુના નામસ્મરણપૂર્વકના શ્વાસોચ્છવાસમાં મન, તન તથા વચનને વિશુદ્ધ કરવાની શક્તિ છે, વાતાવરણ તથા હવાને નિર્મલ કરવાનું સામર્થ્ય છે, નવકાર મહામંત્રના ૯ પદો છે, ને સંપદા આઠ છે; નવકારના છેલ્લા બે પદોની એક સંપદા ગણાય છે, તે પ્રમાણે નવકારના શ્વાસોચ્છવાસ આઠ છે. લોગસ્સના ચંદેસુ નિમ્મલયરા સુધી ૨૫ શ્વાસોચ્છવાસ છે; છ ગાથાને એક પદ્ય છે, એક ગાથાના ૪ પદ્ય છે. પદ્ય પ્રમાણ શ્વાસોચ્છવાસ હોવાથી ૨૫ શ્વાસોચ્છવાસ થાય છે; પક્ખી પ્રતિક્રમણમાં બાર લોગસ્સ-ચંદેસુ-નિમ્મલયરા સુધીના ૩૦૦ શ્વાસોચ્છવાસ થાય છે, ને ચોમાસી પ્રતિક્રમણ ૨૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં પાંચસો શ્વાસોચ્છવાસ છે, ને સંવચ્છરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ તથા ઉપર એક નવકાર-એ રીતે કુલ ૧૦૦૮ શ્વાસોચ્છવાસ થાય છે.

પર્વાધિરાજ પર્યુષણામાં આ રીતે વિશુદ્ધ-ચિત્તે કરતા તપ તથા જપનું ફલ વચનાતીત છે; એક શ્વાસોચ્છવાસનું ફલ વર્ણવતાં શાસ્ત્રોમાં ફરમાવ્યું કે, ૨૪૫૪૦૮ પલ્યોપમને ઉપર એક પલ્યોપમના $\frac{1}{8}$ ભાગ જેટલું દેવનું આયુષ્ય એક શ્વાસોચ્છવાસમાં બંધાય છે. નવકાર-મંત્રના આઠ શ્વાસોચ્છવાસમાં ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે, ને એક લોગસ્સના કાયોત્સર્ગ ૨૫ શ્વાસોચ્છવાસમાં ૬૧૩૫૨૧૦ પલ્યોપમ પ્રમાણે દેવનું આયુષ્ય બંધાય છે, માટે આ રીતે પર્યુષણામાં અઠ્ઠમનો તપ વિશુદ્ધભાવે કરવો ને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ ને ૧ નવકારનો કાઉસ્સગ્ગ એકાગ્રચિત્તે વિધિપૂર્વક કરવો. જેનું ફલ અનુપમ કોટિનું છે, તપમાં શલ્ય રાખવાથી લક્ષ્મણાસાધ્વીજીએ ૫૦ વર્ષ પર્યંત ઉગ્રપત કે જેનો જોટો મલવો કઠીન છે. ૧૦ વર્ષ તો તેમણે છઠ્ઠ અઠ્ઠમ, તથા ચાર તથા પાંચ ઉપવાસ તથા નીવિ કરવામાં વ્યતીત કર્યા. બે વર્ષ સુધી ઉપવાસની તપશ્ચર્યા કરી, બે વર્ષ આહાર લીધેલ. એટલે ચાર વર્ષ એકાંતરા ઉપવાસ કર્યા. ૧૬ વર્ષ માસખમણ કર્યા તેમજ ૨૦ વર્ષ સુધી આયંબિલની તપશ્ચર્યા કરી આ રીતે ૫૦ વર્ષની તપશ્ચર્યા નિષ્ફલ ગઇ, માટે તપશ્ચર્યા કરવામાં નિઃશલ્યભાવ રાખવો.

૫. ચૈત્યપરિપાટી : પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના માટે આરાધક આત્માઓને પાંચમું કર્તવ્ય ચૈત્યપરિપાટી છે. ગામમાં તથા આજુ-બાજુ જ્યાં શ્રી જિન-મંદિર હોય ત્યાં વિધિપૂર્વક જઇ, પ્રભુનાં દર્શન-વંદન પૂજનકરવા. પ્રભુભક્તિ માટે ઘરના ખરચે પૂજની સામગ્રી વસાવવી જિનાલયમાં આશાતના થતી હોય તો તેને ટાળવી. જિન-મંદિરમાં કાજો લેવાથી માંડીને પ્રભુની ભક્તિ માટે દરેકે દરેક ક્રિયાઓ ભાવ તથા ઉલ્લાસપૂર્વક સ્વયં કરવી તે પણ ચૈત્યપરિપાટીનું એક અંગ છે. પ્રભુભકિતમાં કયાંયે પણ ખામી રહેતી હોય તો તેને ટાળવા સદા ઉજમાળ રહેવું. અષ્ટ પ્રકારી પૂજા, સત્તર પ્રકારી પૂજા, એક-વીસ પ્રકારી પૂજા-ઇત્યાદિ દ્વારા સહુ કોઇ ભાવિકોનાં હૃદયમાં પરમાત્મા પ્રત્યે ભકિતભાવ ઉલ્લસે તે રીતે તન, મન તથા ધનનો સદુ-પયોગ કરવો. સ્નાત્ર પૂજા, મહા પૂજા ઇત્યાદિ પૂજા મહોત્સવોથી પ્રભુજીની ભકિતનો વિસ્તાર

(અનુસંધાન પાન ૫૨૧)

ક્ષમાથી જ શમે વૈર, વૈરે વૈર શમે નહિ

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધનાનું રહસ્ય આત્માનો ઉપશમભાવ છે, ખમવું-ખમાવવું એ જૈનશાસનનો સાર છે. વેર-ઝેરથી સળગતા આજના સંસારમાં ક્ષમા, ઉપશમભાવ તથા સમતા જેવું અમૃત એકેય નથી. જૈન ઇતિહાસના પાને એવા વૈર-ઝેરના પ્રસંગે ક્ષમા તથા ઉપશમને પામી જે આત્મા સદ્ગતિ સાધી ગયેલ છે, તેવો જ ભવ્ય પ્રસંગ આલેખાયો છે. તેનું સંવાદાત્મક શબ્દચિત્ર પર્યુષણાપર્વની આરાધનાના ખપી આત્માઓને માર્ગદર્શન આપનારૂં બનશે તેમ માની અહિં રજૂ થાય છે.

પ્રસંગ ૧ લો :

પાત્રો : યુવરાજ યુગબાહુની ધર્મશીલ પત્ની મદનરેખા, રાજા મણિરથ, દાસી ચિત્રા, સખી ઉર્વશી.

સ્થલ : માલવદેશ, સુદર્શનપુરનગર, રાજમહેલમાં મદનરેખાનો આવાસ.

મદનરેખા : (સ્વગત) મને સમજાતું નથી કે, મહારાજા મણિરથ, આમ વારંવાર મને ભેટરૂપે વસ્ત્રો, અલંકારો, પુષ્પની માળાઓ, તાંબુલ ઇત્યાદિ કેમ મોકલાવતા હશે? રાજભવનમાં એમની છત્રછાયામાં આનંદ પ્રમોદ કરતાં અમને કઈ વસ્તુની અહિં ખોટ છે? તેઓ તો મારા પિતાતુલ્ય શિરછત્ર છે, કોઇને નહિ ને મને આ રીતે ભેટો કેમ મોકલાવે છે? તેઓની કૃપા એજ મારે મન બસ છે, છતાં તેઓ આ રીતે મારા પર પક્ષપાત રાખે છે, તેમાં મને કાંઈ સમજાતું નથી. [કાંઈક યાદ આવતાં] હા, એ પ્રસંગ મને યાદ આવે છે, આજથી બે દિવસ પહેલાં હું મારા શયનખંડમાં સખીઓ તથા દાસીઓની સાથે મુક્તમને હાસ્ય-કૂતુહલ કરતી બેઠી હતી. એકાંત સ્થળ હતું, શરીર પરના મારાં વસ્ત્રો અસ્ત-વ્યસ્ત હતાં. તે સમયે અચાનક સામેની બારીમાંથી તેમની-મહારાજાની દૃષ્ટિ મારા પર પડી, આહ! તે પ્રસંગ યાદ આવતાં આજે પણ મને કેટ-કેટલો ક્ષોભ થાય છે. બસ, ધારી-ધારીને તે વેળા તેઓ મારી સામે જોઈ રહ્યા. ત્યારથી મને લાગે છે કે, મહારાજાની માનસિક સ્થિતિમાં જરૂર કાંઈ પરિવર્તન થયું છે. તેમની દૃષ્ટિમાં પવિત્રતા કે વાત્સલ્ય નથી; મુખમુદ્રા પ્રસન્નગંભીર નથી. વિકાર તેમજ રાગનો આવેશ તેમની દૃષ્ટિ તથા મુખમુદ્રા પર મને ભાસે છે. હવે મારે તેમની સાથેના વ્યવહારમાં સાવધ રહેવું પડશે. નહિતર કોઇક વેળા મારી પવિત્રતાને ડાઘ લાગતા વાર નહિ લાગે!

[એટલામાં રાજભવનની દાસી ચિત્રા હાથમાં મહામૂલ્ય હાર લઈ મદનરેખાના કમરામાં દાખલ થાય છે, ને મદનરેખાનાં હાથમાં તે હાર આપતાં કહે છે.]

ચિત્રા : [મલકાતા મુખે] સ્વામિની! આ લો, જુઓ! ખરેખર આપના ભાગ્ય ઉઘડી ગયાં. સ્વયં મહારાજા આપની કેટ-કેટલી સંભાળ લઈ રહ્યા છે. વારંવાર આપને ખુશ કરવા કેટ-કેટલી ભેટો મોકલાવી રહ્યા છે, ને આ હાર તો જૂઓ! કેટ-કેટલો મહામૂલ્ય છે. રાજભવનમાં અરે! અંતઃપુરમાં ખુદ મહારાણીનું જેટલું માન કે સન્માન નથી, તેટલું આજે આપનું છે. ક્ષણે-ક્ષણે મહારાજા આપને યાદ કરે છે, કેટલા સ્નેહથી આ મહામૂલ્ય હાર આપને મોકલાવ્યો છે. મહારાણીના માટે ખાસ કરાવેલો આ કિંમતી હાર આપને આપવા માટે તેમણે મને આપ્યો છે. અને મહારાજાએ મારી સાથે પ્રેમપૂર્વક કહેવડાવ્યું છે કે, 'દેવીને કહેજો કે મહારાજા તમને વારંવાર યાદ કરે છે, ક્ષણવાર પણ તમને ભૂલતા નથી. મહારાજા તમને મળવા ઇચ્છે છે. તમે એકલા હો ત્યારે તેઓ તમારી સાથે વાત કરવા માંગે છે.' મહાદેવી! મહારાજાને મારે શું જવાબ આપવો?

મદનરેખા : [આક્રોશપૂર્વક ભ્રકુટી ચડાવીને હારને ફેંકી દેતાં] ચિત્રા! આજે તું અહિં આવી છો, તો ભલે, પણ આજથી તારે મારા ખંડમાં

(જુઓ અનુસંધાન પાન ૫૧૩ ઉપર)



જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

આજથી 'કલ્યાણ' ના હજારો વાચકોનો પ્રિય વિભાગ ઉમેરાઈ છે. સુપ્રસિદ્ધ લેખક તથા ચિંતક શ્રી કિરણની શાંત, તેજસ્વી તથા જ્ઞાન તેમજ વિજ્ઞાનના તત્વજ્ઞાનની મનનીય ચિંતન-અધ્યયન યોગ્ય અદ્‌ભુત સંવેદનમય હકીકતો, સુંદર ભાવવાહી શૈલીયે દર અંકે નિયમિત અહિં પ્રસિદ્ધ થશે. 'કલ્યાણ' ના વાચકોને અવશ્ય આ વિભાગ ગમશે. સર્વ કોઇને આ વિભાગને નિયમિત અવગાહવા વિનંતિ.

મહામંત્રની અનુપ્રેક્ષા

શ્રી નમસ્કાર મહામંત્રમાં છ વાર નમો પદનું ઉચ્ચારણ છે તે હેતુપૂર્વક છે.

પાંચ ઇન્દ્રિય અને છઠું મન એ જ્ઞાનના સાધન છે.

"નમો અરિહંતાણં" વડે શ્રી અરિહંતના શબ્દમાં, જિનવાણીમાં શ્રોતેન્દ્રિયને પરોવવાની છે.

"નમો સિદ્ધાણં" વડે સિદ્ધ ભગવંતના, અરૂપીના રૂપમાં ચક્ષુ ઇન્દ્રિયને પરોવવાની છે.

"નમો આયરિયાણં" વડે આચાર્ય ભગવંતોના ચારિત્રની સુગંધમાં ઘ્રાણેન્દ્રિય પરોવવાની છે.

"નમો ઉવજ્ઝાયાણં" વડે ઉપાધ્યાય ભગવંતના જ્ઞાન રસમાં રસેન્દ્રિયને પરોવવાની છે.

"નમો લોએ સવ્વ સાહૂણં" વડે સાધુ ભગવંતોના સ્પર્શમાં, સત્સંગમાં સ્પર્શેન્દ્રિયને પરોવવાની છે.

"એસો પંચ નમુક્કારો" એ પદમાં રહેલા પાંચે પરમેષ્ઠિઓને ભેગા નમસ્કાર વડે કેવલિ પ્રરૂપિત ધર્મમાં મનને પરોવવાનું છે.

આ રીતે છ નમો પદ વડે પાંચ ઇન્દ્રિયો અને મનની પ્રવૃત્તિ સંસારથી વિમુખ અને મોક્ષ સન્મુખ બને છે.

આ છ નમો પદ સર્વ પાપના હેતુભૂત દુષ્ટ મન અને અશુદ્ધ ઇંદ્રિયોને ટાળી શુભ મન અને ઇંદ્રિયોને ઉત્પન્ન કરે છે.

દુષ્ટ મનનો નાશ તે પાપનો ક્ષય છે. શુભ મનની ઉત્પત્તિ તે મંગળનું આગમન છે.

નવકારના પ્રત્યેક "નમો" પદનો ઉચ્ચાર કરતી વખતે એકેક ઇંદ્રિય નિર્મળ થઈ રહી છે તથા છઠ્ઠા પદનો નમસ્કાર બોલતી વખતે મનને નિર્મળ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે એમ વિચારવું.

યોગ વિજ્ઞાન

સર્વ સામર્થ્યની કુંચી

યોગ શાસ્ત્રમાં અનેક ગૂઢ વિષયો આવેલા છે, આ વિષયોની સમ્યક્ સમજણ વડે જ ધર્મધ્યાનમાં પ્રવેશ શકય બને છે.

યોગવિદ્યા એ શકિત અને સામર્થ્યના અપૂર્વ ભંડારની ગુપ્ત કૂંચી છે. આત્મ ઐશ્વર્ય યોગદ્વારા પ્રગટે છે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ. જણાવે છે કે

योग : कल्पतरु श्रेष्टो,
योगश्चितामणिः परः ।
योग : प्रधानं धर्माणां,
योगः सिध्धेः स्वयंग्रहः ॥

યોગ જ શ્રેષ્ટ કલ્પવૃક્ષ છે, અને યોગ જ ઉત્કૃષ્ટ ચિંતામણિ છે. યોગ જ સર્વ ધર્મોમાં પ્રધાન છે, તેમજ યોગ અણિમાદિ સર્વ સિદ્ધિઓનું ઘર છે.

મનુષ્યની પૂર્ણતા યોગાભ્યાસ વિના નથી.

સંયમ શકિત મનુષ્યને મનુષ્ય બનાવે છે.

સંયમ એ જ મનુષ્યનું મનુષ્યત્વ છે. સંયમની વૃદ્ધિથી મનુષ્યત્વ વધે છે. સંયમના નાશથી મનુષ્યત્વ નાશ પામે છે.

સંયમ શક્તિનું પૂર્ણ પ્રાગટ્ય અને ક્રોધ ઉપયોગ એ જ યોગાભ્યાસનો ઉદ્દેશ છે.

પાપનો ક્ષય

" યોગબિન્દુ " માં યોગનું માહાત્મ્ય વર્ણવતાં કહ્યું છે કે,

अक्षरद्वयमप्येत् – च्छ्यमाण विधानतः ।
गीतं पापक्षयायोच्चै –र्योगसिद्धौ महात्मभिः ॥

યોગ એ શબ્દ બે અક્ષર માત્ર છે, તો પણ તે શબ્દને વિધિપૂર્વક સાંભળનાર, ઉચ્ચારનાર પાપનો ક્ષય કરે છે તેમ યોગસિદ્ધ મહાત્માઓ વડે ગવાયું છે.

યોગ એ બે અક્ષરનો મંત્રમય શબ્દ છે. આ શબ્દને શ્રદ્ધા અને સંવેગાદિ શુભ ભાવના ઉલ્લાસ પૂર્વક સાંભળનારા તથા શુભભાવ યુક્ત યોગનું ગાન કરનારા પાપનો ક્ષય કરે છે.

જો યોગ્ય રીતે " યોગ " શબ્દ વડે પાપનો ક્ષય થાય તો પરમ ભક્તિયોગ રૂપ શ્રી નમસ્કાર મહામંત્ર વડે સર્વ પાપનો ક્ષય થાય તેમાં શું આશ્ચર્ય !

યોગ વડે પુણ્ય પ્રગટે છે, યોગ વડે મોક્ષ પ્રાપ્તિના સર્વ સાધનો પ્રાપ્ત થાય છે, યોગ વડે આત્મગુણો પ્રકાશે છે.

ભાવ પૂર્વકની ક્રિયા

યોગના સર્વ વિષયોમાં શુકલ ધ્યાનનો વિષય ગૂઢતમ છે. યોગનું અંતિમ પગથિયું ચઢ્યા પછી શુકલ ધ્યાનનું અનુભૂત જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શુકલ ધ્યાનની પહેલાં ધર્મધ્યાનની સાધના અનિવાર્ય છે.

ચરણ કરણાનુયોગની પ્રત્યેક ક્રિયામાં યોગનું રહસ્ય ભરેલું છે. આરાધકે આ રહસ્યને સમજવું પડશે, પોતામાં જાગૃત કરવું પડશે. ક્રિયા પાછળના ભાવને સ્પર્શવો પડશે. ભાવરહિત એવી ક્રિયા ફળદાયક નહિ થાય.

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबांधव ! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भाव शून्याः ॥

' હે લોક હિતકર, હે જનબાંધવ, મેં કોઈપણ ભવમાં તમને સાંભળ્યા છતાં પણ, પૂજ્યા છતાં પણ અને જોયા છતાં પણ ભક્તિવડે ચિત્તને વિષે નિશ્ચયથી ધારણ કર્યા નથી, તેથી કરીને હું દુઃખનુ પાત્ર થયો છું, કારણ કે ભાવરહિત એવી ક્રિયાઓ ફળદાયક થતી નથી.

ભાવપૂર્વકની ક્રિયા યોગના ફળને પ્રાપ્ત કરાવશે.

પ્રયોગ સિદ્ધ

યોગ વિજ્ઞાન પ્રયોગ સિદ્ધ વિજ્ઞાન છે. તેમાં જે વાતોનું વિવરણ છે તે સર્વ અનુભવજન્ય છે.

ધ્યાનનો અનુભવ જેવા જેવા પ્રકારનો જે જે મહાપુરુષોને થયો તેવા પ્રકારે તેમને તેનું વર્ણન કર્યું છે.

આજે પણ જો કોઈ સાધક તે પ્રકારે અભ્યાસ કરી શકે તો તેને તે પ્રકારનો અનુભવ અવશ્ય પ્રાપ્ત થશે.

કોઇ પણ વિષયને સાંભળવા કે વાંચવા માત્રથી સાધન વિધિનું યથાર્થ જ્ઞાન થતું નથી.

જીવનના વ્યવહારમાં સુયોગ્યપણે આ જ્ઞાનનો પ્રયોગ કરવા માટે વિધિની સમજણ એવા અનુભવીઓ પાસેથી પ્રાપ્ત કરવી જોઇએ કે જેમને આ તત્ત્વને જીવનના આચરણમાં મૂકી, વ્યવહારદશામાં લાવી તેની સફળતા પોતાના જીવનમાં પ્રત્યક્ષ કરી હોય.

અનેક સાધકો આધ્યાત્મિક વિકાસ માટે ભિન્નભિન્ન અનુષ્ઠાનો કરતા છતાં તેમાંના ઘણાને તેમની ઇચ્છાનુસાર ફલ પ્રાપ્તિ થતી નથી તેનું કારણ તે દિશામાં યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે.

યોગની સાધના અનુભવી સદ્‌ગુરુની દોરવણી નીચે સુકૃત થાય છે.

મંત્ર શક્તિ.

યોગમાં મંત્ર અને તંત્રનો વિષય અત્યંત રહસ્યમય અને ગૂઢ છે.

વસ્તુની શક્તિ તેની સૂક્ષ્મતા પર અવલંબે છે. પ્રકૃતિમાં કોઇ એવી વસ્તુ નથી જેમાં સ્પંદન (Vibrations) ન હોય.

પ્રત્યેક પદાર્થ અનંત પરમાણુઓ ભેગા મળીને બનેલો છે. સ્પંદન વડે પદાર્થ પર અસર થાય છે તે આજે વિજ્ઞાને સિદ્ધ કર્યું છે.

શબ્દમાં, સ્વરમાં સ્પંદન છે. શબ્દના સ્પંદનથી સૂક્ષ્મ જગત સાથે સંબંધ સ્થાપિત થાય છે.

શબ્દની અંદર પ્રકૃતિની અનંત શક્તિઓનો ભંડાર ભર્યો છે. મંત્રસાધના શબ્દ શક્તિના પ્રાગટ્યની પ્રક્રિયા છે. મંત્ર વડે આ વિશિષ્ટ શક્તિ પ્રગટે છે, અને સૂક્ષ્મ તથા સૂક્ષ્મતર જગત સાથે આપણો સંબંધ જોડે છે.

માનવશરીર એક અદ્‌ભૂત યંત્ર છે. આ યંત્રની પૂર્ણ રચનાથી આપણે અજાણ છીએ. માનવ-શરીરમાં રહેલી વિસ્મયજનક શક્તિઓની આપણને કલ્પના નથી.

સ્થૂલ શરીરમાં માનવ મન સૂક્ષ્મ છે. મનના સારા નરસા ભાવોની અસર શરીર પર પડે છે. મનની અસર બુદ્ધિ ઉપર પણ છે તથા કર્મબંધમાં મુખ્ય આધાર મનની પરિણતિનો છે. તેથી મંત્ર-સાધનામાં સર્વથી અધિક મહત્વ મનનું છે.

મન દ્વારા મંત્રના માધ્યમથી સૂક્ષ્મ જગત સાથે સંબંધ સ્થાપિત કરી શકાય છે.

તે વિશેષપણે આવતા અંકે જોઇશું.

⊙

ઝરણાં

આગેકૂચ કે પીછેહઠ ?

અમેરિકાની આગેકૂચ એ કયારેક પીછેહઠનો સુંદર નમૂનો પૂરો પાડે છે.

આજથી પંદર-વીસ વર્ષ પહેલા વિમાનની મુસાફરી ઘણી મોટી અને ખર્ચાળ ગણાતી. આજે હવાઇ પ્રવાસ સાધારણ થઈ પડયો છે, જ્યારે સ્ટીમરમાં મુસાફરી કરવી તે ફેશન ગણાય છે !

ચાલીસ-પચાસ વર્ષ પહેલા માત્ર ધનિકો જ મોટર વસાવી શકતા, સાધારણ લોકો ઘોડાનો ઉપયોગ કરતા. આજે અમેરિકામાં ઘેર ઘેર મોટર છે. જેમને ત્યાં ઘોડાઓ છે તે વિશેષ સમૃદ્ધ ગણાય છે.

વીજળીનો વપરાશ શરૂઆતમાં થોડા લોકો કરતા. મોટા ભાગના મનુષ્યો ઘરમાં લાકડા બાળી ઠંડીમાં રક્ષણ મેળવતા. આજે વિજળીના રેડિયેટર બધા પાસે છે ત્યારે જે ઘરમાં ફાયર-પ્લેસ હોય તે કુટુંબની ખાનદાની અને વૈભવ સૂચવે છે !

★

સાપેક્ષતા.

આઇન્સ્ટાઇને સાપેક્ષતાનો સિદ્ધાંત Theory of Relativity શોધ્યો ત્યારે સર્વત્ર એમનો આદર થવા લાગ્યો. ત્યારે તેમણે કહ્યું, 'આ મારા સાપેક્ષતાના સિદ્ધાંતનો એક વધુ પુરાવો છે. આજે જર્મનીમાં જર્મન વૈજ્ઞાનિક તરીકે મારો આદર થાય છે અને ઇંગ્લેંડ મને પરદેશી યહૂદી તરીકે સત્કારે છે. પણ જો મારો સિદ્ધાંત ખોટો ઠરે તો જર્મનો મને પરદેશી યહૂદી કહી ધુત્કારશે અને અંગ્રેજો મને જર્મન કહી અવગણશે.

જિનાગમ.

कत्थ अम्हारिसा पाणी,
दूसमा दोसदूसिआ ॥
हा अप्पाहा कहं हुंता,
न हुंतो जह जिणागमो ॥

દુષમકાળના દોષે કરીને દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓ કયાં ?

હા ! ખેદ થાય છે કે જો જિનાગમ ન હોત તો અનાથ એવા જે અમે તેનું શું થાત !

—સંબોધસત્તરી.

સાધનાના માર્ગની કેડી

શ્રી પથિક

જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે ઉપયોગી, પ્રેરક તથા ઉદ્બોધક મનનીય સાહિત્ય શ્રી પથિક પોતાની રમ્ય, શાંત અને ઓજસ્વી શૈલીમાં ભાષાની ભવ્યતાપૂર્વક અહિં આલેખે છે. 'કલ્યાણ' માં દર અંકે આ વિભાગ નિયમિત પ્રસિદ્ધ થશે. સર્વ કોઇ વાચકો નિયમિત રસપૂર્વક આ વિભાગનું વાંચન કરે!

વિશુદ્ધ આનંદ.

કોઇ સારું કાર્ય કર્યાથી જે સાત્ત્વિક ચિત્ત પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તેનો અનુભવ જીવનમાં કયારેક દરેકને થાય છે. પરંતુ કોઇ પરોપકારનું કાર્ય કરીને તે ગુપ્ત રાખવાથી જે આત્મસંતોષ પ્રગટે છે તે કંઇક અનુપમ અનુભવ છે.

જે મહાનુભાવ આવા ઉચ્ચતર નિઃસ્વાર્થ પરોપકારનો અભ્યાસ કરે છે તે વિશુદ્ધ સૂક્ષ્મ આંતરિક આનંદને સર્જે છે.

એક અનાથાલયમાં કામ કરનારા ઓછા હતા. એક મનુષ્ય દરેક બુધવારે સાયંકાલે આ અનાથાલયમાં આવતો અને એક બે કલાક બાળકોને આનંદ આપતો. તે બાળકો સાથે રમતો, તેમને કથાઓ કહેતો અને વાતો કરતો. અનાથાલયની અધિષ્ઠાત્રીને તથા બીજા કર્મચારીઓને ત્યારે વિશ્રામ મળતો.

અનાથાલયની અધિષ્ઠાત્રી કહે કે, 'અમે જાણતા નથી કે તે મનુષ્ય કોણ છે. પરંતુ જ્યારે તે આવે છે ત્યારે સર્વેને ઘણો આનંદ થાય છે.'

જ્યારે જિજ્ઞાસાપૂર્વક તેને પૂછવામાં આવે છે કે, 'આપ કોણ છો?' ત્યારે ઉત્તરમાં તે હસીને કહે છે કે, 'અરે, તે કોઈ મહત્વની વાત નથી.'

આવા પ્રકારની એક બીજી ઘટના છે.

એક દિવસ એક વૃદ્ધ સજ્જને એક હોસ્પીટલમાં જઇને કહ્યું, 'અહિં હોસ્પીટલમાં જે કાંઈ ફાલતું કામો હોય તેમાં સહાય કરવા હું ઇચ્છું છું.'

ચાર માસ સુધી આ અપરિચિત સજ્જને ઘરના નોકરની જેમ આંગણામાં ઝાડુ કાઢવાનું વાસણો સાફ કરવાનું વગેરે અનેક કામો કર્યા. જ્યારે તેમનો પરિચય પૂછવામાં આવતો ત્યારે હસીને તેઓ એ વાત ટાળી દેતા.

તેમના ગયા પછી જાણવામાં આવ્યું કે એક ઘણી મોટી કંપનીના તે ભૂતપૂર્વ ડાયરેકટર હતા.

નિઃસ્વાર્થભાવથી પરોપકાર કરવાની કલા સ્વાભાવિક રૂપથી આવતી નથી. આ કલા પ્રયત્નપૂર્વક કેળવવી પડે છે.

લોકો પ્રશંસા કરે એમ આપણે ઇચ્છીએ છીએ તેથી જે કાંઈ સારું આપણે કર્યું છે તે જાહેર કરવાનું આપણાં 'અહં' ને ગમે છે.

આપણે જે કાર્યોને વિશેષ રૂપથી નિઃસ્વાર્થ અને શ્રેષ્ઠ સમજ્યા છીએ તે કાર્યો કરવા માટે લોકો પ્રેરાય તે અવશ્ય ઇષ્ટ છે, પરંતુ તે દ્વારા લોકો આપણી પ્રશંસા કરે તે ભાવ આપણા અહંકારનો પોષક છે.

મહત્વ લોકોનું ધ્યાન પરોપકારના કાર્ય પ્રત્યે ખેંચાય અને તેથી લોકો પરોપકાર કરવા પ્રેરાય તે છે.

પ્રશંસા માટે આપણા દાનને આપણે જો જાહેર કરીએ તો કેટલીક સંવેદનશીલ વ્યક્તિઓને આવું દાન લેવું બોજરૂપ થઇ જશે. તેથી ગુપ્ત દાનનું મહત્વ ઘણું છે.

મારા એક પરિચિત સજ્જન જરૂરિઆતવાળા કુટુંબોને અનાજ મોકલવા માટે રૂપીઆ તથા શીરનામાઓનું લીસ્ટ મોકલે આપે જાય છે. દુકાનદાર પણ તેમનું નામ જાણતો નથી.

એક ખાનદાન વૃદ્ધાની સ્થિતિ ખરાબ હતી. અત્યંત તંગીમાં તે જીવન ગુજરતી પરંતુ દાનરૂપે તેના સંપન્ન સગાઓ પાસેથી પણ તે કંઇ લેતી નહિ. એક સુખી સગાની તેને મદદ કરવાની ઘણી ઇચ્છા હતી.

એકવાર આ વૃદ્ધાના દૂરના એક કુટુંબનું મૃત્યુ થતા થોડા રૂપીઆ વસીયતનામામાં આ વૃદ્ધાને મળતા હતા. જે રૂપીઆ બીલકુલ થોડા હતા.

પેલા સજ્જને વકિલને કહ્યું કે, 'તમે હું વધારે રૂપીઆ આપું તે આ વસીયતનામાના રૂપીઆમાં ઉમેરી દો.'

વૃદ્ધાને આ વાતની કયારે ય ખબર ન પડી અને તેને પોતાનું જીવન સુખપૂર્વક વીતાવ્યું.

આપણે ત્યાં કહેવત છે કે સત્પુરુષો જમણા હાથે જે દાન આપે છે તે ડાબો હાથ જાણતો નથી. ઇસુ ખ્રિસ્તે ફોઢિયાઓને સાજા કરીને કહ્યું: હતું કે, 'આ વાતની ચર્ચા કયાંય ન કરશો.'

સર્વ દેશ કાળમાં મહાત્મા પુરુષો આ રીતે ગુપ્તપણે પરોપકાર કરે છે.

એક પુણ્યવતી બાઈએ પોતાના ઘરની પછવાડેની દિવાલના ગોખલામા એક પ્યાલો રાખ્યો હતો. આ પ્યાલામાં તે કેટલાક રૂપીઆ ભરી રાખતી. જે કોઈ વ્યક્તિને જ્યારે જરૂર હોય ત્યારે તે ચૂપચાપ આ પ્યાલામાંથી રૂપીઆ લઈ જાય અને જરૂર પૂરી થતા તેથી પણ વધુ રૂપીઆ તે તે વ્યક્તિઓ તેમાં પાછા મૂકી જતી.

આ પ્રમાણે તે પ્યાલો સદાય ભરાયેલો રહેતો અને કૃતજ્ઞતાના ભાર વિના નિઃસંકોચપણે લોકોને સહાય મળી રહેતી.

એક સુથાર પોતાની યુવાવસ્થામાં ઘણો હોંશિયાર કારીગર હતો અને અત્યંત સુંદર ખુરશીઓ બનાવતો. વૃદ્ધાવસ્થામાં અશક્તિને લીધે તેવું સુંદર કાર્ય કરવું તેને માટે કઠિન હતું. તો પણ તે આળસુ ન બેસી રહેતા ખુરશીઓ બનાવતો. પરંતુ તેની બનાવેલી ખુરશી પહેલા જેટલી સુંદર ન બનતી. તેથી તેને ગ્લાનિ થતી.

તેનો પુત્ર આ વાત જાણી ગયો. પિતા દિવસે જે ખુરસી બનાવતો તેને રાત્રે પુત્ર સુંદર બનાવી લેતો સવારે પિતા જ્યારે આ ખુરસી જોતો ત્યારે તેને થતું કે, 'હું તો એમ ધારતો હતો કે હવે મારાથી સુંદર કામ થતું નથી પરંતુ આ ખુરસી તો ઘણી સુંદર બની છે.'

એક વિદ્વાને કહ્યું છે કે, 'સત્પુરુષના જીવનની શ્રેષ્ઠ પળો તેના દયાના અને પ્રેમના નાના ગુપ્ત કાર્યો છે.'

'ઉપદેશ રત્નાકર' માં કહ્યું છે કે,

परोपकारः सततं विधेयः
स्वशक्तितो ह्युत्तमनीतिरेषा ।
न स्वोपकारच्च स मिद्यते तत्,
तं कुर्वतैतदु द्वितयं कृतं स्यात् ॥

પોતાની શક્તિ અનુસાર પરોપકાર હંમેશા કરવો જોઈએ, કારણ કે એ ઉત્તમ પુરુષોની નીતિ છે. પરોપકાર એ પોતાના ઉપકારથી જૂદો નથી માટે પરોપકાર કરવા વડે સ્વ ઉપકાર અને પર ઉપકાર બન્ને કરાય છે.

મહાત્માઓ પરોપકાર કરીને તે જણવા દેતા નથી.

શ્રી તીર્થંકર મહાત્માઓનો ઉપકાર એટલો અપરંપાર છે કે તેઓ તેમના ઉપકારને જણાવવા દેતા નથી.

★

आमेमि सव्वजीवे.

मेहरबां हो के बुला लो मुझे
चाहो जिस वख्त,
मैं गया वख्त नहीं हूं,
कि फिर आ भी न सकूं.
—गालिब

સમયની સરી જતી રેતીને પાછી પ્રાપ્ત કરી શકાતી નથી, પરંતુ જીવનની ભૂલોને ફરી સુધારી શકાય છે હૃદયનું ઔદાર્ય પ્રગટ કરવાથી મનઃ દુઃખ મટે છે.

કવિ ગાલિબ કહે છે કૃપા કરી તમે ગમે ત્યારે મને બોલાવી લો, હું કંઈ વીતેલો સમય નથી કે ફરીવાર આવી પણ ન શકું.

સંસ્કાર, શિક્ષણ તથા સંસ્કૃતિનું એક માત્ર પ્રચારક જીવનોપયોગી માસિક

'કલ્યાણ'

ઉદ્દેશ અને વ્યવસ્થા

૧ શિક્ષણ, શ્રદ્ધા તથા સંસ્કાર અને સંસ્કૃતિના પ્રચાર કાજે પ્રસિદ્ધ થતું સમસ્ત જૈન સંઘનું આ વિશાલ ફેલાવો ધરાવતું માસિક વર્તમાન પ્રવાહને અનુલક્ષીને આધ્યાત્મિક દૃષ્ટિને સન્મુખ રાખી નિર્ભયપણે માર્ગદર્શન આપવા પ્રયત્નશીલ રહેશે.

૨ આ ઉદ્દેશને અનુરૂપ લેખો, વાર્તાઓ, ચિંતન, મનન તથા હળવું ગંભીર મનનીય લખાણ અહિં પ્રસિદ્ધ થશે.

૩ લેખોને સ્વીકૃતિ આપવી કે નહિં તેનો નિર્ણય સંપાદકને આધીન રહેશે. અસ્વીકાર્ય લેખને અંગે તેના કારણોની ચર્ચામાં ઉતરવાનું નહિ રહે.

૪ સ્વીકાર્ય લેખ કયા અંકમાં પ્રસિદ્ધ થશે તે વિષે નિશ્ચિત નહિ કહી શકાય. અસ્વીકાર્ય લેખ પાછો, મોકલવા સંપાદક જવાબદાર નથી. સ્વીકાર્ય લેખમાં સુધારો-વધારો કરવાને સંપાદક સ્વતંત્ર છે. અલબત્ત મૂળ લેખના આશયને અબાધિત રાખીને.

૫ સમાચાર વિભાગમાં ટુંકા તથા મહત્ત્વના સમાચારોને પ્રથમ સ્થાન મલશે. સમાચાર કે લેખો તા. ૩૦ સુધીમાં કાર્યાલયમાં પ્રાપ્ત થવા જોઇએ, સાભાર સ્વીકાર માટેના પ્રકાશનોનું અવલોકન કયા અંકમાં પ્રસિદ્ધ થશે તે નિશ્ચિત કહી શકાય નહિ.

૬ શિષ્ટ તથા સભ્ય તેમજ કલ્યાણના ઉદ્દેશને બાધ ન પહોંચે તેવી જાહેરાતો 'કલ્યાણ'ના આર્થિક સહકાર માટે લેવાનું ધોરણ કલ્યાણે સ્વીકાર્યું છે. 'કલ્યાણ'નો પ્રચાર દેશ-પરદેશમાં વિસ્તૃત છે. જાહેરાત આપનારને વ્યવસાયની જાહેરાત માટે 'કલ્યાણ' ઉત્તમ સાધન છે. 'કલ્યાણ'નું સંચાલન શાસનસેવા તથા સાહિત્યપ્રચારના ઉદ્દેશથી થાય છે. તેનું ટ્રસ્ટ રજીસ્ટર થયેલ છે. તમારા વ્યવસાયની જાહેરાત દેશ-પરદેશમાં થાય છે

૭ 'કલ્યાણ' અંગેની ફરિયાદ કે સૂચના ગ્રાહક નં. લખીને જવાબી કાર્ડ મોકલવાથી કાર્યાલય તરફથી યોગ્ય જવાબ આપવામાં આવશે.

૮ પોસ્ટના નિયમ પ્રમાણે દર માસની ૨૦ મી તારીખે 'કલ્યાણ' પોસ્ટ થાય છે. તા. ૨૮ પછી અંક ન મળ્યાની કાર્યાલયમાં ફરિયાદ કરતાં પહેલાં પોસ્ટમાં તપાસ કર્યા બાદ ફરીયાદ કરવી.

૯ 'કલ્યાણ'નું વાર્ષિક લવાજમ ભારતમાં પોસ્ટેજ સાથે રૂા. ૫-૫૦ ન. પૈ. છે ભારત બહાર પરદેશમાં ૧૫ શીલીંગ છે. સભ્ય થવાના પ્રકારોમાં રૂા. ૧૧ આપનાર દ્વિવર્ષીય સભ્ય; ૨૫ આપનાર પંચવર્ષીય સભ્ય; ૫૧ આપનાર દશવર્ષીય સભ્યઃ ૧૨૫ આપનાર આજીવન સભ્ય; ૨૦૧ આપનાર પ્રથમ વર્ગના આજીવન સભ્ય આ બધા સભ્યો 'કલ્યાણ'ના આત્મમંડળના માનદ સભ્ય ગણાશે. ૧૦૦૧ રૂા આપનાર આજીવન સંરક્ષક પ્રથમ વર્ગના સભ્ય તેમજ ૫૦૧ રૂા. આપનાર આજીવન (દ્વિ. વર્ગ) સંરક્ષક સભ્ય ગણાશે.

૧૦ અન્યત્ર પ્રસિદ્ધિ માટે મોકલેલા લેખોને 'કલ્યાણ'માં પ્રસિદ્ધિ માટે નહિ મોકલવા વિનંતિ.

કલ્યાણ અંગેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સીરનામે કરો!

શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર: વઢવાણ શહેર : (સૌરાષ્ટ્ર)

'કલ્યાણ' માસિક અમર રહો! અમર રહો અમર રહો.

શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી,-મુંબઇ.

સૌરભથી મઘમઘતા પુષ્પોને ચાહે તો પ્રભુનાં મસ્તકે ભેટ ધરો, ચાહે તો પ્રભુના ચરણોમાં સમર્પણ કરો. પુષ્પ એ જોતું નથી કે તેનું સ્થાન ક્યાં છે? એ તો પોતાની મઘમઘતી સૌરભ વડે, પોતાની મઘમઘતી સુવાસ વડે સારાં યે વતાવરણને મઘમઘાવે છે અને શોભાવે છે.

એ જ પ્રમાણે જે માનવીરૂપી પુષ્પની અંદર અહિંસા-સંયમ-તપની-જ્ઞાન-દર્શન-ચારિત્રની, દાન-શીલ-તપ-ભાવની સુવાસ રહેલી છે, એ માનવી ચાહે તો ઘૂઘવતા મડાસાગરમાં વસતો હશે, ચાહે તો ભયંકર અટવીમાં વસતો હશે, ચાહે તો જંગલોની ગૂફામાં વસતો હશે, ચાહે તો પહાડોની ખીણોમાં વસતો હશે, પરંતુ એ માનવી તો પુષ્પની માફક સમય અને સ્થાનનાં અંતર અથવા બંધનને ભૂલી જઇ પોતાના સહ-પ્રવાસીઓનાં તન અને મનનાં દિલ અને દિમાગનાં નાક અને ઉકળાટને દૂર કરી તેને નવચેતન-નવી તાઝગી સમર્પે છે.

રડતાં બાળકને છાનું રાખવાને માટે રેડીયો પરથી વહેતાં સંગીતના લય અને તાલથી ભરપૂર એવા સિનેમાના ગીતની જરૂર પડતી નથી. પરંતુ વ્હાલસોયી માતાના હૃદયના અટલ અને અમાપ ઊંડાણમાંથી નીકળેલું ગાંડું ઘેલું હાલરડું પણ રડતાં બાળકને જરૂર છાનું રાખે છે.

એ જ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવની સમીપમાં જવાને માટે સંગીતના લય અને તાલની ભરપૂર એવા સીનેમાના ગીત જેવા સંગીત અને વિશિષ્ટ જ્ઞાનની જરૂર પડતી નથી. પરંતુ ગાંડીઘેલી ભક્તિ પણ માનવીને શ્રી જિનેશ્વર દેવની સમીપ જરૂર લઈ જાય છે.

જ્ઞાન વગરની ક્રિયા 'જળ વગરના સરોવર' 'સૌરભ વગરના સુમન,' 'ચાંદની વગરની રાત્રી,' 'મૂર્તિ વગરના મંદિર,' અને 'આત્મા વગરના ખોળીયા જેવી છે.

આગળ વધીને કહીયે તો 'ક્રિયા વગરનું જ્ઞાન' 'ધાર વગરની તલવાર' જેવું છે. 'મ્યાન વગરની તલવાર' માનવીને માટે ખતરનાક છે તે જ પ્રમાણે ક્રિયા વગરનું જ્ઞાન પણ માનવીને ચોર્યાસીના ચક્કરમાં ચક્કરે ઘૂમાવે છે.

સંસારરૂપી રથના સ્ત્રી અને પુરુષ બે ચક્ર છે, સિદ્ધિરૂપી રથના પુરુષાર્થ અને પ્રારબ્ધ બે ચક્ર છે, તે જ પ્રમાણે ધર્મરૂપી રથના જ્ઞાન અને ક્રિયા બે ચક્ર છે. માટે જ જ્ઞાની ભગવંત કહે છે: **જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ**

આંબા ઉપર જેટલા મોર આવે છે, તેટલી કેરી શું પાકે છે? ના હોં, કદાપી નહિ. માનવી આ વર્ષોથી જુએ છે, જાણે છે અને સમજે છે.

પણ.....રે વિધાતા!

આજનો માનવી નવરંગી કલ્પનાના સપ્તરંગી પાયા ઉપર રચાયેલાં સોનેરી સ્વપ્નોનાં સુવર્ણમય શિખરોથી શોભતા સપ્તરંગી મહેલોમાં કલ્પનાની પાંખ પર બેસી મનરૂપી આકાશમાં ઉડ્ડયન કરી રહ્યો છે એને ઊડવાને માટે નીલ ગગનના જેવો વિશાળ અને સાગર જેવો ભવ્ય મનો-પ્રદેશ પણ સાંકડો પડે છે અને એની દૃષ્ટિ દૂર દૂર આભલાને વિંધી, વ્યોમની પેલે પાર ચંદ્ર-સૂર્યની શોભાની તારલાઓથી દીપતી 'મુક્તિ-નગરી'માં વિરાજતી અદ્‌ભૂત અને અનુપમ અલૌકિક અને અગોચર, અગમ્ય અને અવાચ્ય, મીઠી અને મધુરી 'મુક્તિ-સુંદરી' પર પહોંચે છે.

આવી આ અભૂતપૂર્વ 'મુક્તિ-સુંદરી' ને મેળવવાનો સાચો પથ સાચો માર્ગ-શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય મારફત બતાવનાર સાચા ભોમિયા સમાન 'કલ્યાણ' માસિક અમર રહો. અમર રહો. અમર રહો.

અ-ભયનો આનંદ

મફતલાલ સંઘવી

પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે અ-ભયની યથાર્થ આરાધના કરવા દ્વારા સહુએ સ્વ-પર કલ્યાણ કરવા ઉજમાળ બનવું જોઇએ, એ હકીકત આ ટુંકા છતાં મનનીય લેખ પોતાની સૌમ્ય શૈલીયે જણાવે છે.

અ-ભયનો આનંદ અલૌકિક હોય છે. ગોળ ખાધે ગળ્યો લાગે છે, તેમ અ-ભય સ્વભાવે આનંદકારી હોય છે.

અ-ભયની અવસ્થાએ પહોંચવાનું કાર્ય, હિમાલયના ઉત્તુંગ શિખરે પહોંચવા કરતાં પણ અધિક કપરું છે.

અ-ભયનું મંગલદ્વાર ઉઘડે છે, દયાના સક્રિય પાલનથી.

દયાના પાલન માટે આંખોમાં મૈત્રીભાવનાનું તેજ જોઇએ. કંઠમાં પ્રમોદભાવનાનું પાવિત્ર્ય જોઇએ, હૃદયમાં કરુણા ભાવનાનો નિવાસ જોઇએ અને મેધા માધ્યસ્થ્ય ભાવનાને ઝીલનારી જોઇએ.

જગતના દુઃખી જીવોનાં દુ ખ દૂર કરવાની ભાવના તેમજ તે ભાવનાને યથ શક્તિ અમલમાં મૂકવાના પુરુષાર્થ દ્વારા દયા ધર્મનું પાલન થાય છે.

દયાનું દૈવત, આત્મ સમભાવ દ્વારા અધિક ખીલે છે.

પોતાનો વહાલસોયો પુત્ર માંદો હોય છે. તે વખતે તે પુત્રની જનેતાના હૈયામાં લાગણીનો જે પ્રવાહ વેગપૂર્વક વહેતો હોય છે એવી જ લાગણી આ જગતના જીવોના કલ્યાણની ભાવના તરફ ફેળવવા માટે આપણે દયાસાગર શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મમાં આપણા મન-વચન-કાયાના વ્યાપારને ઉલ્લાસપૂર્વક વધારવો જોઇએ.

અણમોલ છે બોલ શ્રી જિનરાજનો એવી સચોટ શ્રદ્ધાપૂર્વક આપણે અંદરથી તેમજ બહારથી શ્રી જિનવચનના અનુરાગી બનવું જોઇએ.

શ્રી જિનવચનનો અનુરાગી એટલે જ અ-ભયનો આરાધક.

ભયનો લેશ પણ જેના અધ્યવસાયને સ્પર્શે નહિ, સ્પર્શવા જેટલી ક્ષમતાથી જ વંચિત બની જાય, એવી ઊંચી આત્મદશા, જિનરાજના વચનોમાં ખોવાઇ જવાથી આરાધક આત્મામાં આસ્તે આસ્તે ઉઘડતી હોય છે.

"અ-ભય ઉપર હુમલો કરનારા જે ચાર મુખ્ય કષાયો છે. તેની સાથે મારે સંબંધ કેવો ?' એ પ્રકારની સમજમાં સ્થિરતા થવાથી આનંદઘનસ્વરૂપ આત્મામાં રમણુતા વધે છે અને પ્રાણી માત્ર પ્રત્યે આત્મતુલ્ય ભાવ સહજ બનવા માંડે છે કર્મને વશ પડેલા જીવોની બેહાલ અવસ્થા તરફ પણ એક અનોખી દૃષ્ટિ જાગૃત થાય છે. એ દૃષ્ટિ જે વાંચે છે તેનો સાર એ છે કે, 'આ આત્મા જો આ સજા સમભાવે વેઠી લે તો કેટલું સરસ !'

અ-ભયનો આરાધક જગતના કોઇ પણ જીવનાં અહિતની વૃત્તિને ચિત્તમાં ધારણ ન કરે તેમજ તેવી અવળી પ્રવૃત્તિ દ્વારા માનવભવને લજ્જિત ન બનાવે.

શ્રી જિનવચનનો પક્ષકાર આત્માનો પક્ષકાર બનીને આત્મ સમભાવનો ભાગી બને છે એટલે અ-ભય તેના માટે આંખ, કાન, નાક, જીભ અંગભૂત બનવા માંડે છે.

ભયનો ધક્કો, અધ્યવસાયના પવિત્ર વહેણને બે-તાલ અને મલિન બનાવે છે જેના કારણે માનવજીવનની મધુરતા ઓછી થાય છે અને તેમાં કટુતા વધવા પામે છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં આપણે આત્મામાં ઊંડા ઊતરીને આપણા અસલ સ્વરૂપનો શોધ માટેનો પ્રચંડ પુરુષાર્થ આદરીએ.

શોધનો એ માર્ગ, જ્ઞાની ભગવંતોએ રચેલા શાસ્ત્રોરૂપી સેંકડો દીપકો વડે આજે ય દીપિમાન છે, તેમજ શ્રી નવકાર જેવો પરમ કલ્યાણ મિત્ર પણ આપણા સદ્‌ભાગ્યે વિદ્યમાન છે.

એટલે શાસ્ત્રરૂપી દીપક અને મંત્રરૂપી મિત્રની સહાય વડે આપણે આપણામાં ઊંડા ઊતરીએ અને આપણા અસલ સ્વરૂપના અપૂર્વ પરિચય માટે ધર્મસાધના કરીએ.

અ-ભયનો એકવારનો પણ મૌલિક સ્પર્શ આપણામાં એ ભાવમસ્તી પેદા કરશે કે જેનું પૂરું વર્ણન તેના અનુભવીઓ પણ કરી શકતા નથી.

શાસ્ત્ર આપણી આંખ બને અને મંત્ર આપણું મન બને તો અતિ કપરું આ સાધના કાર્ય આપણા માટે જરૂર અતિસરળ બની જાય.

આત્માને બળવાન બનાવવાની કેટકેટલી સ્થૂલ તેમજ સૂક્ષ્મ સામગ્રી વિદ્યમાન હોવા છતાં આપણે તેનો સદુપયોગ ન કરીએ અને દિનપ્રતિદિન વધુ નબળાઇને આધીન પડતા જઇએ તે ભારે ખેદની બીના ગણાય.

આત્મા દબાય છે એટલે જ બધા ભય ઊભા થાય છે.

અને મહામૂલું માનવજીવન એક જંતુની જેમ જીવી નાખવાની તુચ્છતાના આપણે ભોગ બનીએ છીએ.

કોઇને ય ભય પમાડીને આપણે બદલામાં ખારાશ સિવાય બીજું શું પામવાના હતા? એ ખારાશનો પટ આપણા જીવનને ખારું બનાવે છે, અધ્યવસાયને મંદ બનાવે છે, લેશ્યાને શ્યામ બનાવે છે.

જે સ્થળ જન્મ-જરા-મૃત્યુના હુમલાથી સર્વથા પર છે અને જ્યાં અખંડ અવ્યાબાધ આનંદ સ્વાભાવિકપણે નિવાસ કરે છે, તે સિદ્ધશિલા ઉપર જઇને આપણે કાયમી વસવાટ કરવાનો છે એટલે આપણું વર્તન તે સ્થળમાં વસનારા નિષ્કલંક આત્માઓને અનુસરતાં જ રહેવાં જોઇએ.

આંગણે પધારેલા પર્વાધિરાજને ભાવપૂર્વક વધાવીને આપણે શ્રાવકોચિત જીવનના આરાધક બનીએ.

જે માનવી પોતાને પ્રાપ્ત પદને ન્યાય આપી શકે છે, તે તેનાથી ઊંચા પદનો અધિકારી બને છે.

ગમે તેવા અસ્થિર વાતાવરણ વચ્ચે, આત્માના ગુણોનો પક્ષકાર જે શાન્તિ અનુભવે છે, તે શાન્તિ એ બજારથી ખરીદી શકાય એવી વસ્તુ નથી, પરંતુ અંદર છૂપાઇને રહેલી દિવ્યશક્તિ છે.

અંદરની શાન્તિમાંથી અ-ભયનો આનંદ ચિત્તને સ્પર્શે છે.

નમસ્કારનિષ્ઠ ચિત્ત અને પ્રભુ આજ્ઞાબદ્ધ હૈયું - જરૂર ભયને જીતી શકે, અ-ભયના અખૂટ આનંદમાં સ્થિર બની શકે.

આવો! આપણે પણ કટાસણા પર વિધિપૂર્વક બેસીને તે અ-ભયની આરાધના કરીએ!

નવા સભ્યો ની શુભનામાવલી

'કલ્યાણ' ની નિઃસ્વાર્થ શાસન સેવા તથા તેની લોકપ્રિયતાના કારણે આત્મીયભાવપૂર્વક શુભ લાગણીથી જેઓએ 'કલ્યાણ' ના સભ્યો થવા માટે પ્રેરણા કરી છે, અને જેઓ 'કલ્યાણ' પ્રત્યેની મમતાથી પ્રેરાઈ 'કલ્યાણ' ના સભ્ય થયા છે; તે પ્રેરક પૂ. પાદ પરમોપકારી મુનિરાજોનો, માનદ પ્રચારકોનો તથા શુભેચ્છક સભ્યોનો આભાર માનવાપૂર્વક નવા થયેલા શુભેચ્છક સભ્યોની નામાવલી અહિં પ્રસિદ્ધ થાય છે.

⊙

પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્ય-રત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજની શુભપ્રેરણાથી થયેલા બે સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

૧૧-૦૦ શ્રી ચુનીલાલ ગફલચંદ અલાઉ
૧૧-૦૦ શ્રી રીખવચંદ ખુમચંદ મુંબઇ
૧૧-૦૦ શ્રી જૈનસંઘ રાવલસર પૂ મુનિરાજ શ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી પી. ડી. જૈન એન્ડ બ્રધર્સ મુંબઇ શ્રી આર. આર. શેઠ એન્ડ કું. ની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી રતીલાલ મણીલાલ કોઠારી અમદાવાદ પૂ. શ્રી મુ. ખાંતિવિજયજી મ. ના શિષ્યરત્ન સાહિત્ય પ્રેમી પૂ. મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી લવજી પુંજાભાઈની કું. સુખપુર
૧૧-૦૦ શ્રી આત્માનંદ જૈન સેવા સમિતિ કોલ્હાપુર

શ્રી પ્રાણલાલ દેવશીભાઇ તથા શ્રી ચંદ્રકાંત દેવશીભાઈ મુંબઇની શુભપ્રેરણાથી થયેલ સત્તર સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

૨૫-૦૦ શ્રી દેવચંદ ગુલાબચંદ જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી ઘર દહેરાસરજી મુંબઇ
૧૧-૦૦ શ્રી હરીલાલ ચંદુલાલ મગવાણી મુંબઇ
૧૧-૦૦ શ્રી ઈન્ડીયન નેશનલ સ્ટોર્સ મુંબઇ
૧૧-૦૦ શ્રી પરમાનંદ ઝવેરચંદ મોદી મુંબઇ
૧૧ ૦૦ શ્રી આઈદાનજી હુકમાજી પોરવાલ એન્ડ કું. મુંબઇ
૧૧-૦૦ દોશી જે. એલ. જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી રતિલાલ સોમચંદ જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી પ્રવીણચંદ્ર એસ. જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી રાઘવજી હીરજી જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી ભગવાનજી ડુંગરસીની કું. મુંબઇ
૧૧-૦૦ શ્રી કાંતિલાલ ઉજમસી જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી સંઘવી જયંતકુમાર ચીમનલાલ જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી ખીમચંદ અભેચંદ જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી બાબુલાલ કેશવલાલ જૈન મુંબઇ
૧૧-૦૦ શ્રી સારાભાઇ વાડીલાલ અમદાવાદ
૧૧-૦૦ શ્રી સોમચંદ બહેચરદાસ કોસંબા
૧૧-૦૦ શ્રી દલીચંદ વનેચંદ મોરબી, પૂ. પં. શ્રી ભુવનવિજયજી ગણિવરશ્રીની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી અમૃતલાલ આર. શાહ પૂના પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણીવરશ્રીની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર ધારશીભાઇ જેતપુર (મચ્છુ) શ્રી મુલચંદ ઉજમશી (સુરેન્દ્રનગર)ની શુભપ્રેરણાથી

શ્રી નગીનદાસ દલીચંદ (બારડોલી)ની શુભ-પ્રેરણાથી બે સભ્યોનાં શુભનામો નીચે મુજબ

૧૧-૦૦ શ્રી નગીનદાસ ઝવેરચંદ કાપડીયા બારડોલી
૧૧-૦૦ શ્રી દીપચંદ પુખરાજ બારડોલી

૧૧-૦૦ શ્રી એચ. એચ શાહ મુંબઈ
૧૧-૦૦ શ્રી હીરાલાલ જીવણચંદ સાપરા
૧૧-૦૦ શ્રી બબલદાસ ખોડીદાસ વાલપુરા
૧૧-૦૦ શ્રી હીમતલાલ મુલચંદજી મુંબઇ
શ્રી ભવરલાલ જૈનની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી કેશવલાલ મગનલાલ સીણોલ
૧૧-૦૦ શ્રી ચંદ્રકાંત આર. શાહ મુંબઇ
શ્રી ચમનલાલ રતનચંદ સાંડસા (રાજપુર)ની શુભપ્રેરણાથી થયેલા બે સભ્યોનાં શુભનામો
૧૧-૦૦ શ્રી વરધીલાલ ડાયાલાલ જુનાડીસા
૧૧-૦૦ શ્રી તેજરાજ નરસીંગમલ નવાડીસા
શ્રી દેવશીભાઇ જીવરાજભાઇ નાયરોબીવાળાની શુભપ્રેરણાથી થયેલા ત્રણ સભ્યોના શુભનામો
૧૩-૦૦ શ્રી નેમચંદ નરશીભાઈ નાયરોબી
૧૩-૦૦ શ્રી પ્રેમચંદ સ્ટોર્સ નાયરોબી
૧૩-૦૦ શ્રી દેવચંદ સોજપાલ નાયરોબી
૧૧-૦૦ શ્રી પ્રભુલાલ મોતીચંદ જામનગર શ્રી નવીનચંદ્ર જેશંગલાલની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી લહેરચંદ ધનજીભાઇ શીરપુર પૂ. પદ્મલત્તાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી
૧૧-૦૦ શ્રી ટોકરશી વેલજીભાઇ સિધ્ધપુર
૧૧-૦૦ શ્રી સાઉથ ઇન્ડલુમ હાઉસ સુરેન્દ્રનગર
૧૧-૦૦ શ્રી નથુભાઇ અમરચંદ ,,
૧૧-૦૦ શ્રી નગીનદાસ ભીખાભાઇ ,,
૧૧-૦૦ શ્રી રમેશચંદ્ર કાંતિલાલ ,,
૧૧-૦૦ શ્રી કોઠારી ભાયચંદ છગનલાલ ,,
૧૧-૦૦ શ્રી રમણીકલાલ અમૃતલાલ ,,
૧૧-૦૦ શ્રી અમૃતલાલ છન્નાલાલ વ. શહેર
૧૧-૦૦ શ્રી શાંતીલાલ ભાઇચંદ વ. શહેર
૧૧-૦૦ શ્રી ચંદુલાલ દલીચંદ વ. શહેર
૧૧-૦૦ શ્રી શીવલાલ સુખલાલ વ. શહેર
૧૧-૦૦ શ્રી પ્રમોદ પેપર માર્ટ અમદાવાદ
૧૧-૦૦ શ્રી સી. મહેતા એન્ડ કું. અમદાવાદ
૧૧-૦૦ શ્રી અમૃતલાલ મણીલાલ અમદાવાદ
૧૧-૦૦ શ્રી મોહનલાલ કોદરલાલ બાયડ
૧૧-૦૦ શ્રી હઠીચંદ મેઘજીભાઇ ઠળીયા
૧૧-૦૦ શ્રી અંબાલાલ ખીમચંદ નડીયાદ
૧૧-૦૦ શ્રી બાબુલાલ ચુનીલાલ સમસેરપુર
૧૧-૦૦ શ્રી ચુનીલાલ પી. ગાંધી ટીંટોઇ
૧૧-૦૦ શ્રી ધર્મવીર બ્રાસ મોલ્ડીંગ વર્કસ જામનગર.
૧૧-૦૦ શ્રી જસપરા જૈનસંઘ જસપરા
૧૧-૦૦ શ્રી ઉમરશી જેઠાભાઇ પત્રી
૧૧-૦૦ શ્રી નગીનદાસ ભીખાલાલ ધારેશ્વર
૧૧-૦૦ શ્રી પાનાચંદ એચ. મુંબઇ
શ્રી ચંપકલાલ કેશવલાલ (મુંબઇ)ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યોના શુભનામો
૧૧-૦૦ શ્રી સેવંતિલાલ અંબાલાલ મુંબઇ
૧૧-૦૦ શ્રી અમૃતલાલ જેસંગભાઇ પટણી મુંબઇ
૧૧-૦૦ શ્રી ફતેચંદ હીરાલાલ શાહ મુંબઇ
શ્રી રતીલાલ હ. શાહ (મુંબઇ)ની શુભપ્રેરણાથી થયેલા સત્તર સભ્યોનાં શુભનામો નીચે મુજબ
૨૭-૫૦ શ્રી રમીકલાલ બેચરદાસ મુંબઇ
૨૭-૫૦ શ્રી ગુલાબબેન નાનાલાલ ,,
૧૧-૦૦ શ્રી મોહનલાલ હકમીચંદ શાહ ,,
૧૧-૦૦ શ્રી તેજપાલ રાયચદ ,,
૧૧-૦૦ શ્રી નટવરલાલ એસ. શાહ ,,
૧૧-૦૦ શ્રી અમૃતલાલ દુર્લભજી ,,
૧૧-૦૦ શ્રી શાંતિલાલ પુલચંદ ,,
૧૧-૦૦ શ્રી ચીમનલાલ વાડીલાલ ,,
૧૧-૦૦ શ્રી શાંતિલાલ અંબાલાલ ,,
૧૧-૦૦ શ્રી ઠાકોરલાલ છોટાલાલ ,,
૧૧-૦૦ શ્રી હીમતલાલ સ્વરૂપચંદ ,,
૧૧-૦૦ શ્રી પ્રેમચંદ મગનલાલ ,,
૧૧-૦૦ શ્રી ઉજમશી નાનચંદ ,,
૧૧-૦૦ શ્રી કોદરલાલ કેશવલાલ ,,
૧૧-૦૦ શ્રી ચંદુલાલ દેવચંદ રૂમાલવાળા ,,
૧૧-૦૦ શ્રી મોહનલાલ ચુનીલાલ જૈન ,,
૧૧-૦૦ શ્રી ચમનલાલ લક્ષ્મીચંદ ,,

૧૧-૦૦ શ્રી પ્રતાપ સ્ટોર્સ મુંબઇ શ્રી સેવંતિલાલ વી. જૈનની શુભપ્રેરણાથી

શ્રી અમૃતલાલ એચ. દોશી (વાવ)ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યોના શુભ નામો

૧૧-૦૦ શ્રી ફતેચંદ કે. મહેતા જુનાડીસા
૧૧-૦૦ શ્રી ગંગલદાસ સરૂપચંદ વાસરડા
૧૧-૦૦ શ્રી ડાયાલાલ કાલીદાસ ગરાંબડી

શ્રી મનસુખલાલ દીપચંદભાઇ (મુંબઇ)ની શુભ પ્રેરણાથી થયેલા ઓગણીસ સભ્યોનાં શુભનામો

૧૧-૦૦ શ્રી કાંતિલાલ નાથુભાઈ શાહ મુંબઇ
૧૧-૦૦ શ્રી લાલજીભાઈ કુરપારભાઇ ,,
૧૧-૦૦ શ્રી રમણીકલાલ મગનલાલ ઝવેરચંદ મુંબઇ
૧૧-૦૦ શ્રી બાબુલાલ અમૃતલાલ ,,
૧૧-૦૦ શ્રી ચુનીલાલ કપુરચંદ ,,
૧૧-૦૦ શ્રી હિમતલાલ ભાયચંદ દોશી ,,
૧૧-૦૦ શ્રી ફતેચંદ જગજીવન વારૈયા ,,
૧૧-૦૦ શ્રી પ્રભુલાલ ગાંડાભાઇ ,,
૧૧-૦૦ શ્રી સૌભાગ્યચંદ હીરાલાલ ,,
૧૧-૦૦ શ્રી ગણેશમલ કુંદનમલ ,,
૧૧-૦૦ શ્રી ચંપકલાલ મોહનલાલ ,,
૧૧-૦૦ શ્રી એસ. આર. મહેતા ,,
૧૧-૦૦ શ્રી વૃજલાલ લલ્લુભાઇ શાહ ,,
૧૧-૦૦ શ્રી શામજીભાઇ લક્ષ્મીચંદ ,,
૧૧-૦૦ શ્રી સી. કે. મહેતા ,,
૧૧-૦૦ શ્રી ચંપકલાલ એન્ડ કુંપની ,,
૧૧-૦૦ શ્રી કાંતીલાલ તારાચંદ ,,
૧૧-૦૦ શ્રી નવનીતલાલ મોતીલાલ ,,
૧૧-૦૦ શ્રી કચ્છ ત્રગરી જૈન ધર્મશાળા ત્રગરી (કચ્છ)

શ્રી રસીકલાલ રામચંદ્ર (અમદાવાદ)ની શુભ પ્રેરણાથી થયેલા સોળ સભ્યોનાં શુભનામો

૧૧-૦૦ શ્રી જયંતિલાલ રીખવચંદ અમદાવાદ
૧૧-૦૦ શ્રી ભારત મની બેંગ્ઝ ટ્રેડીંગ કું. અમદાવાદ
૧૧-૦૦ શ્રી મડાસુખલાલ ટીલચંદ ,,
૧૧-૦૦ શ્રી મગનલાલ મણીલાલ ,,
૧૧-૦૦ શ્રી ભીખાલાલ કાંતિલાલ કું અમદાવાદ
૧૧-૦૦ શ્રી તારાચંદ મણીલાલ ,,
૧૧-૦૦ શ્રી શાંતિલાલ નાગરદાસ ,,
૧૧-૦૦ શ્રી ટીલચંદ ડાયાભાઇ ,,
૧૧-૦૦ શ્રી બાબુલાલ સોભાગ્યચંદ ,,
૧૧-૦૦ શ્રી જૈનવિજય વોચ કું. ,,
૧૧-૦૦ શ્રી બાબુલાલ મનસુખલાલ ,,
૧૧-૦૦ શ્રી બાબુલાલ ચુનીલાલ ,,
૧૧-૦૦ શ્રી અમૃતલાલ હંસરાજ ,,
૧૧-૦૦ શ્રી મોહનલાલ માણેકચંદ ,,
૧૧-૦૦ શ્રી વાડીલાલ દેવશીભાઈની કું. ,,
૧૧-૦૦ શ્રી વાઘજીભાઇ રાજમલ થરાદ
૧૧-૦૦ શ્રી સેવંતીલાલ જેશંગલાલ પ્રેમચંદ પાટણ

શ્રી લલિતકુમાર વી. શાહ (પાટણ)ની શુભપ્રેરણાથી

૧૧-૦૦ શ્રી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ કું. અમદાવાદ

શ્રી દીપચંદ ટી. શાહ કાળીવાળાની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી બાબુલાલ ચુનીલાલ સમશેરપુર
૧૧-૦૦ શ્રી અંબાલાલ ખીમચંદ નડીયાદ
૧૧-૦૦ શ્રી નાનચંદ મગનલાલ બલદાણા

શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભપ્રેરણાથી

શ્રી કાંતીલાલ મહાદેવની શુભપ્રેરણાથી થયેલ બે સભ્યોના શુભનામો નીચે મુજબ

૨૫-૦૦ શ્રી ઈશ્વરલાલ ચુનીલાલ માંડવી
૧૧-૦૦ શ્રી અમરચંદ હંસરાજ ,,
૧૧-૦૦ પરીખ કાંતીલાલ ભુદરલાલ પાણોદર

શ્રી હીમતલાલ દલસુખભાઇની શુભ પ્રેરણાથી

૧૧-૦૦ શ્રી રતીલાલ મોતીચંદ સંઘવી મુંબઈ

શ્રી ચંદુલાલ આર મહેતાની પ્રેરણાથી

શ્રી સેવંતીલાલ હ. દોશીની (થરાદ) શુભપ્રેરણાથી થયેલા બે સભ્યોના શુભનામો

૧૧-૦૦ શ્રી વાડીલાલ ગગલદાસ ઝેંટા
૧૧-૦૦ શ્રી ચમનાજી લછાજી શાહ થરા

નવાણું લાખના નવાણું લાખ જ

ધનશ્રેષ્ઠી પાસે ૯૯ લાખ છે, પણ તેમને કોટ્યાધિપતિ બનવું છે, ગમે તેવા પ્રયત્નો કરે છે, છતાં તેઓ કોટીશ્વર બની શકતા નથી. રસભરી શૈલીયે ધનશેઠની રીતકથાને આલેખતી આ વાર્તા તે હકીકત તમને કહી જાય છે. માટે ધ્યાનપૂર્વક આ કથા તમે વાંચો જેથી લોભ દુઃખનું મૂલ છે, તે તમને સમજાશે.

શ્રી સુધાવર્ષી

કોટ્યાધિપતિની જેમ ધન્ય ફરકાય તો કેવું સારું ?

ધનશ્રેષ્ઠિ હંમેશા મનના મનોરથો ઘડ્યા કરે છે. દાદાની કમાણીના ૫૫ લાખ પડ્યા છે, અને પિતાશ્રીની કમાણીના ૪૪ લાખ છે, કુલ ૯૯ લાખ તો છે. ફક્ત જો હું એક લાખ મેળવું તો જરૂર મારે ઘેર કોટ્યાધિપતિની ધન્ય ફરકે !

શેઠે તો ખૂબ જોરશોરથી વેપાર ખેડવા માંડ્યો. વર્ષ પૂર્ણ થયું. દીવાળી આવી અને બધું ધન મેળવ્યું તો ૯૯ લાખના ૯૯ લાખ જ રહ્યા. શેઠ તો વિચારમાં પડ્યા; 'આ શું ? ૯૯ લાખ તો રોકડા હતાં જ ! અને આટલી કમાણી કરી તો પણ આટલાં જ ! વધ્યા કેમ નહિ ? કંઇ નહિ જેટલી આવક છે તેટલો ખરચો છે. માટે ખર્ચમાં કાપકુપ કરું ?' એમ વિચારી શેઠે તો ઘરના દરેક કાર્યમાં ખૂબ કરકસર કરવા માંડી. ધાન્ય વસ્ત્રો આદિ પણ હલકા લેવા માંડ્યા, ઘરના માણસો કંટાળ્યા. આ શું ? એમ કરતાં વર્ષ પસાર થયું ને ગણત્રી કરી તો ૯૯ લાખના ૯૯ લાખ જ રહ્યા. શેઠ તો ખૂબ મુંઝાયા. આટઆટલી કરકસર કરવા છતાં પણ આમ કેમ ? વળી વિચાર સ્ફૂર્યો; 'પરદેશ જઇ ધન કમાઇ લાવું !' કોટ્યાધિપતિ બનવાના અભિલાષી શેઠ પરદેશ જાય છે. વેપાર શરૂ કર્યો. ઘણું ધન કમાયા. ઘેર આવ્યા ત્યાં તો નવીન કહાણી જ સાંભળવા મલી ! ઘેર ચોરો આવ્યા હતાં. ઘણું ધન ચોરી ગયા છે. શું કરે ! શેઠ તો માથું ખંજવાળવા લાગ્યા. શાંતિથી બેસી રહેલા ધનનો હિસાબ કર્યો તો એના એ જ ૯૯ લાખ. પણ શેઠ કાંઇ એમ પાછા પડે તેવા ન હતાં. **સાહસથી સિદ્ધિ** એ સૂત્ર તેમણે જીવનમાં વણી લીધું હતું. શેઠ તો રહેલું ધન બધું જમીનમાં દાટીને પરદેશ ગયા. ખૂબ કમાયા, ઘેર આવ્યા હર્ષનો પાર નથી, કારણ ! તેમને એમ છે કે, 'જમીનમાં દાટેલું ધન તો સલામત જ હશે ને ? પણ તેને ક્યાં ખબર છે ! પાછળથી કોઇ દાટેલું ધન પણ ઉઠાવી ગયા અને તે સ્થાને કાંકરા ભરી દીધા. ખબર પડી, જોયું તો કાંકરાના ઢગલા નીકળ્યા. પાછા એ જ ૯૯ લાખ ! ક્રોડ ન થયા તે ન જ થયા. માનવને જ્યારે લોભનો ક્ષોભ નથી રહેતો ત્યારે ગમે તેટલા પાસા ઉંધા પડે તો પણ તે કદિ તે કાર્યથી પાછો પડતો નથી.

હવે તો શ્રેષ્ઠી, પાસે રહેલું ધન બધું જ સાથે લઇ દેશાવર ગયા. ધન કમાઇ પાછા વળ્યા. રસ્તામાં ભીલો મળ્યા. કેટલુંક ધન લુંટાયું. બચેલું ધન લઈ ઘેર ગયા. મહામહેનતે ગણત્રી કરી તો એના એ જ ! પણ આથી શેઠ નિરાશ નથી થતા, ક્યાંથી થાય ? ક્રોડાધિપતિ બનવાની આશા તેમની અમર છે. પાછો વિચાર ફેરવે છે, 'જો હું મારૂં સર્વસ્થાન ફેરવી નાખું તો કદાચ તે મારી આશા ફળે !'

સર્વસ્વ લઇ વહાણ ભરી દેશાવર ઉપડ્યા. ત્યાં લગભગ ક્રોડ ટકા ધન પ્રાપ્ત કર્યું. ઘેર તરફ જવા વિચાર કર્યો, પણ મનમાં થયું કે, 'રખેને વ્હાણ ભાંગે તો મારૂં બધું ય ધન ચાલ્યું જાયને ! માટે ક્રોડ રૂા. નું એક રત્ન ખરીદું !' ક્રોડ મૂલ્ય-

વાળું રત્ન ખરીદ્યું અને જાંઘ ચીરી અંદર મૂકી દીધું. દવાથી તે ભાગ રૂઝવી વહાણમાં બેઠાં. મનમાં ખૂબ મલકાવા લાગ્યા. હવે ક્રોડ કયાં જવાના છે ? હાશ ! હવે હું કોટ્યાધિપતિ બનીશ ! પણ તેને કયાં ખબર છે ! માનવી ધારે છે શું ! અને બને છે શું ? વહાણ તો ભરદરિયે તોફાનમાં સપડાયું ને ભાંગીને ભુક્કો થઇ ગયું. શેઠ પણ દરિયામાં પડયા. પણ ભાગ્યયોગે પાટીયું હાથમાં આવ્યું. દશ દિવસે તરીને કિનારે પહોંચ્યા. શુદ્ધિ આવી એટલે જંગલમાં ભટકવા લાગ્યા. આટલી બધી દુઃખની છાયા ઘેરાઈ, તો પણ શેઠને એક વાતનો હર્ષ હતો. શું ? ક્રોડનું રત્ન તો સાચવ્યું છે ને ? આ રીતે જ્યાં ત્યાં ફરતાં ઘેર આવ્યા. કુટુંબને મલ્યા. બીજે દિવસે જાંઘ ચીરી રત્ન બહાર કાઢી ઝવેરીઓને બતાવ્યું. ઝવેરીઓ કહે, 'આ રત્ન છે તો એક ક્રોડની કિંમતનું પણ જાંઘની ગરમીમાં રહેવાથી ઝાંખુ પડી ગયું છે માટે આ રત્નની કિંમત એક લાખ ઓછી ઉપજશે.' આ સાંભળી શેઠે તો એવા દાંત કચકચાવ્યા કે, 'આ શો ગજબ ? કેમે ય કરીને ક્રોડ થતાં જ નથી. કેટકેટલું દુઃખ વેઠયું, કેટલીવાર પરદેશ ગયો. છતાં આ જ દશા ! ભલે ! પણ કોટ્યાધિપતિ તો બનવું જ છે.' શેઠને ખાવું, પીવું, પહેરવું આદિ કાંઈ ગમતું નથી, અસંતોષની આગે તેમને ભરખી લીધા છે. હજુ આટલેથી પાછા નથી ફરતાં ! સંતોષ નથી રાખતાં !

આગળ વધ્યા કોઇ ધુતારો ધાતુવાદ જાણનારો મલ્યો, ત્રાંબાના ટુકડાઓને સોનાનો દેખાવ કરી ઠગ્યા, શેઠને ખબર નથી આ ધુતારો છે. તેઓ તો ખૂબ હરખાવા લાગ્યા. હવે તો બસ જરૂર મારા નિવાસસ્થાને ધજા ફરકાશે ! કેવું મારૂં સુંદર ભાગ્ય ! છેવટે મારી આશા પુરી થાશે જ ને ? વિચારોના તરંગોમાં શેઠ હૈયામાં આનંદ માણે છે. પણ ધુતારો રત્નો–મોતી આદિ ઝવેરાત લઈ ક્યારનો પલાયન થઈ ગયો હતો. જ્યારે શેઠને આ જાણ થઈ ત્યારે માથું કુટવા લાગ્યા. પેલા સોનાના ટુકડાઓની તપાસ કરાવરાવી તો બધા જ ત્રાંબાના નીકળ્યા ! 'ઓ રે ! બાપ રે ! હવે હું શું કરૂં ! લુંટાઇ ગયો. ઠગાઈ ગયો.' કરૂણ વિલાપો કરવા લાગ્યા. લોકો બધા ભેળા થયા સહુ હસવા લાગ્યા. હવે તો ધન હતું તેમાંથી પણ ઓછું થયું. એક વખત નદી કિનારે ગયા. ભાગ્યના યોગે દાટેલું ધન જોયું. ખોદી છાનામાના ઘેર લઈ ગયા, બધું મેળવ્યું તો ૯૯ લાખ જ !

ત્યારબાદ નિધાનશાસ્ત્રના જાણકારને મલ્યા. તેણે શાસ્ત્રના આધારે ધનના લક્ષણો બતાવ્યા, શેઠ ખોળવા લાગ્યા, મંત્રો બોલી જમીન ખોદી તો કેટલું ય ધન નીકળ્યું, આનંદ માતો નથી, રથમાં નાખી ઘેર ગયા. પણ ત્યાં તો નવી અનયથી જ જોવા મલી ! ઘર તો આખું આગના ભડકે બળે છે, શેઠ તો જોઇને આભા જ બની ગયા, બેભાન થઇ ગયા. શુદ્ધિ આવી રડવા લાગ્યા. બીજાઓએ આગ ઓલાવી. જેટલું બચાવાય તેટલું ધન બચાવ્યું, બીજું ઘર લીધું, ત્યાં આગમાંથી બચેલી ને જમાનમાંથી મળેલી બધી સંપત્તિ ભેગી કરી તો બરાબર એના એ જ રોકડા ૯૯ લાખ !

શેઠની અનયથી તથા બેદરકારનો પાર ન રહ્યો. હવે થાકયા. કેટકેટલી મહામહેનતે પણ ક્રોડાધિપતિ ન બની શકયા. હવે સુખેથી રહે છે. પણ પાછો એક દિવસ કોઈ ક્રોડાધિપતિને જોઈ વળી તેને આશાનો ફણગો ફુટયો, એવામાં કોઈ યોગી મળ્યો. યોગીના વચનથી શેઠ ઠગાયા, ભોળવાઇ ગયા. રસકુંપીકાની લાલચથી ફસાયા, ધનના લોભી શેઠ યોગીના કહ્યા મુજબ કરે છે. અંતે અંધારા કુવામાં પડયા. યોગી ભાગી ગયો, શેઠ તો નરકના જેવી ભયંકર વેદના સહવા લાગ્યા. એક વખત ચંદનધોને જોઈ તેને પુંછડે દોરી બાંધીને પાછળ–પાછળ બહાર નીકળ્યા. કંઇક સુખની રેખા દેખાઇ આગળ ચાલ્યા, વણઝારો મળ્યો, તેની સાથે રહે છે. ત્યાં ચોર વડે ઘેરાયા, વણઝારો નાસી ગયો. શેઠ પકડાઇ ગયા. તેમને ક્રોઇ મ્લેચ્છના ઘરમાં વેચ્યા, ત્યાં અસહ્ય નરકના જેવા મહાન દુઃખો ભોગવે છે, તેના શરીરમાં કાણાં પાડી લોહી લે છે, તડકે ઉભા રાખે છે, અને તે લોહીનો કારમજી રંગ તે મ્લેચ્છો બનાવે છે. એક વખત લોહી કાઢી

શેઠને તડકે ઉભા રાખ્યા તે તો અત્યંત દુઃખથી બેભાન થઇ ધરણી પર ઢળી પડયા. તેટલામાં ભારંડ પક્ષી ત્યાં આવ્યું. ભક્ષ જાણી ઉપાડયા. રસ્તામાં બીજું ભારંડ પક્ષી મળ્યું. બન્ને વચ્ચે યુદ્ધ જામ્યું, એ લડાઇમાં શેઠ નીચે પડયા. પણ પુન્યાઈના બળે શેઠ મરણ ન પામ્યા. ત્યાંથી ઉઠી રખડતા રખડતા કેટલેક દિવસે ઘેર આવ્યા. બધી દુઃખની વીતક કથા સ્નેહીજનોને સંભળાવી. વાત સાંભળતા સહુ ચોધાર આંસુએ રડી પડયા. શેઠનો મોટો પુત્ર શાણો ને સમજુ છે. તે કહે છે; 'પિતાજી ! ધન તો ભાગ્યમાં હોય તો જ મલે છે તમારે ક્યાં ધનની ખોટ છે ? શા માટે આટલો બધો લોભ રાખી જીવનને વ્યર્થ ગુમાવો છો ! જે સંપત્તિ મલી છે તે કાંઈ ઓછી નથી ! જે છે તેને સુખેથી ભોગવો ! અને સન્માર્ગમાં વાપરી આત્માનું કલ્યાણ કરો !'

હવે શેઠને આ વાત ગળે ઉતરી. એટલામાં કોઇ જ્ઞાની મહારાજ પધાર્યા. શેઠને ઉપદેશ આપ્યો, અને જગતમાં લોભ ભયંકર ચીજ છે, માટે સંતોષ રાખો ! અને ધનનું તથા બીજી સંપત્તિનું માપ કરો ! ધનશેઠે પણ જ્ઞાનીના વચનને સ્વીકારી સંપત્તિનું માપ કર્યું. હવે તો શેઠશ્રીનું જીવન સમગ્ર પલટાઇ ગયું, મનની શાંતિ થઈ ગઇ, અને સંતોષ એ જ સાચું સુખ છે જાણી લીધું. પછી તો શેઠની કસોટી થઈ, ધન સામું આવ્યું છતાં નિયમ કરેલો હોઇ સ્વીકારતા નથી. છેવટે તેના ઘરમાં સોનામહોરોનો વરસાદ પડે છે. બધી સંપત્તિ ક્ષેષ્ઠી સુકાર્યમાં જ વાપરે છે. પ્રાંતે સમસ્ત સંસારનો ત્યાગ કરી સંયમના સોહામણા માર્ગે પગરણ માંડી ધનશેઠે આત્મશ્રેય સાધ્યું !

કહેવાનો સાર એ કે જ્યાં સુધી શેઠને લોભની પરાકાષ્ઠા હતી, કોટયાધિપતિ બનવાની આશા હતી ત્યાં સુધી તે સુખી થયા નહિ, અનેક પ્રકારના પુરૂષાર્થ બેડયા પણ ભાગ્યમાં ક્રોડોપતિ બનવાનું નહિ હોય એટલે છેવટ સુધી ૯૯ લાખના ૯૯ લાખ જ રહ્યા. પણ જ્યાં સદ્‌બુદ્ધિ આવી ત્યાં સમગ્ર જીવને કેટલો પલટો ખાધો ! તેમનો આત્મા કેવો સુધરી ગયો. માટે,

સંતોષ એ તો સુખની રેખા છે.
અસંતોષ દુઃખની રેખા છે.

કહેવત પણ છે ને ! સંતોષી નર સદા સુખી !

અસંતોષી આત્મા કદિ ય સુખની પરાકાષ્ઠાને પામતો નથી. માટે સહુ કોઇ સંતોષ સુખના મહત્ત્વને સમજી, આત્મકલ્યાણ સાધો !

આત્મસાધનાની અમૂલ્ય તક

એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર યોજના

મુમુક્ષુ આત્માઓ સર્વવિરતિ–ચારિત્રના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ રૂપ સંયમી જીવન જીવવા સાથે સુંદર રીતે ધર્મારાધના કરી શકે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

(ફક્ત પુરુષો માટે જ)

પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂા. ૪૦)માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકૂળતા છે.

સભ્ય શ્રી:—શ્રી જૈન શ્વે. મૂ. સંપ્રદાયની કોઇપણ પુખ્ત ઉંમરની વ્યક્તિ આ સંસ્થાને રૂા. ૧૦૧) અગર વધારે આપી આજીવન સભ્ય બની શકે છે. સંસ્થામાં સાધક તરીકે રહેવાની કે સભ્ય બનવાની ઈચ્છાવાળાએ નીચેના સિરનામે પત્ર વ્યવહાર કરવો.

શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન
ઠે. તળેટી, ગિરિવિહાર, પાલીતાણા

સ્વપ્નાની સુખડી!

પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રવિણવિજયજી ગણિવર.

સંસારમાં જે કાંઇ દેખાઇ રહ્યું છે, તે કેવલ સ્વપ્ન સમાન છે; ને સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, આ હકીકતને વિસ્તારપૂર્વક સમજાવતો આ લેખ જરૂર મનનીય છે.

સ્વપ્ના બે પ્રકારના હોય છે, એક નાનું અને બીજું મોટું.

રાત્રીના ગાળામાં આવે છે તે નાનું અને સંસાર એ મોટું સ્વપ્નું. નાના સ્વપ્નામાં આંખ ખુલ્યા પછી કાંઇ નહિ અને મોટા. સ્વપ્નામાં આંખ બંધ થયા પછી કાંઇ નહિ.

રાત્રે કોઈ માણસ સ્વપ્નામાં હું ઉની ઉની રસોઇ જમ્યો એમ જુએ, પણ આંખ ખુલતાં તે ભુખ્યો જ હોય છે; ઉની સાચી રસોઇ તો બાર વાગે મળે છે.

તે જ મુજબ સંસાર એ પણ શાસ્ત્રકારો એક જાતનું સ્વપ્ન જ કહે છે: સંસારમાં પણ એકત્ર કરેલા વૈભવ, હાટ–હવેલી આદિ આપણી આંખો બંધ થયા પછી અહીંનું અહીં જ રહી જાય છે. અર્થાત્ બીજા ભવમાં એમાંનું કશું જ કામ આવતું નથી તેમ ફુટી બદામ કે કાણી પાઈ પણ સાથે આવતી નથી.

રાત્રે આવતા સ્વપ્નામાં દેખેલી ચીજ વાસ્તવિક નથી પણ બીલકુલ ખોટી હોય છે તેમ સંસારની સઘળી વસ્તુઓ અનિત્ય અને અવાસ્તવિક હોય છે. એટલે કહેવાય છે કે સ્વપ્નાની સુખલડી ભુખ ભાંગે નહિ.

જે નીચે જણાવેલ દૃષ્ટાંત ઉપરથી માલુમ પડશે.

કોઇ એક ગામમાં એક કંજુસ શેઠ રહે છે. જ્યાં જ્યાં જમણવાર હોય ત્યાં ત્યાં પલાંઠીવાળી થાળી ગોઠવી જમવામાં શેઠનો નંબર પહેલો જ હોય. પીરસવામાં મોડું–વહેલું થાય અગર કોઈ ચીજ મોડી વહેલી આવે તો શેઠના પાવરનો પારો ખૂબ ઊંચે ચડી જાય. પણ તેમના પાવરને આજના જુવાનીયા થોડા જ નભાવી લે. એટલે ન છુટકે કોઈ જુવાનીયો બોલી ગયો કે, 'બેસો બેસો, વારાફરતી જેમ આવતું હશે તેમ આવશે. આજ સુધી તમો કોને જમાડીને ઉંધા પડી ગયા છો? ચાનું પાણી પાતા તો દમ જાય છે, અને નાહકમાં પાવર કોનો બતાવો છો?' આ ચમકી સાંભળી શેઠ તો ચૂપ જ થઇ ગયા, અને વિચારવા લાગ્યા કે, 'મારો બેટો કોઇ મોકો આવે તો એક વખત બધાને જમણ આપી દઇએ તો મેણું મારતા તો ટળે.'

હવે કોઇ એક દિવસ રાત્રીના છેલ્લા પહોરમાં શેઠને સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં શેઠે પોતાના આખાએ ઓરડાને સુખડીથી ભરેલો દીઠો. એટલે શેઠે વિચાર કર્યો કે, 'ગામના લોકોને જમણ આપવાની આ સુંદર પળ સાંપડી છે. એમ માની પોતાના પાસે સુતેલા નોકરને ઊંઘમાંને ઊંઘમાં કહી દીધું કે, 'જા ગામમાં આપણા તરફથી સહકુટુંબ જમવાનું નોતરૂં આપી આવ.'

નોકર શેઠની આ ઉદારતા દેખી ઘડીભર આશ્ચર્યમુગ્ધ બની ગયો, અને વિચારે છે કે મારા શેઠ કોઇને પણ પાણી નહિ પાય અને આજે જમણવાર આપવા તૈયાર થયા છે એ શું? પણ ફરી પૂછવા જઇશ તો શેઠના વિચાર બદલાઇ જશે એમ માની તેમની ન્યાતમાં નોતરૂં આપી આવ્યો. સવાર થતાં શેઠને આ વાત જણાવી. ત્યારે શેઠ કહે છે કે, 'મેં કયારે નોતરૂં આપવાનું તને કહ્યું હતું?' નોકર કહે છે 'લગભગ ચાર વાગે તમે જ બોલ્યા હતા.' શેઠને યાદ આવ્યું કે મને સ્વપ્ન આવ્યું હતું ખરૂં, અને મેં ઢગલાબંધ સુખડીના થાળ ભરેલા દીઠા હતા. ખેર જે થયું તે ખરૂં. ગભરાવાની જરૂર નથી કોઈ યુક્તિ શોધી બધાને પાછા ઘર ભેગા કરી દઇશ. જમાડે એ બીજા.

લગભગ અગીયાર વાગે લોકો શેઠના આંગણે



શ્રી સુકેતુ

જીવનોપયોગી બોધક તથા પ્રેરક જાણવા-સમજવા જેવું સાહિત્ય 'કલ્યાણ' ના આ વિભાગમાં પ્રસિદ્ધ થાય છે, આ અંકમાં આ વિભાગનું સંપાદન શ્રી સુકેતુએ કરેલ છે હવેથી આ વિભાગ નિયમિતરીતે તેઓ સંભાળશે, ને સંપ્રાદિત કરશે. રસમય તથા મનનીય સાહિત્યનો રસથાળ નિયમિતપણે અહિ રજૂ થતો રહેશે.

સૂક્તિ સુધા.

उपाध्यायान्दशाचार्य, आचार्याणां शतं पिता ।
सहस्रंतुपितृन्माता, गौरवेणातिरिच्यते ।।

દશ ઉપાધ્યાય જેટલું મહત્વ એક આચાર્યનું છે, સો આચાર્ય જેટલું પિતાનું, હજાર પિતા જેટલું ગૌરવ એક માતાનું કહ્યું છે.

न तेन वृद्धोभवति येनास्य पलितं शिरः
यो तै युवाऽप्यधीयानस्तं देवाः स्थविरं विदुः

માથા પર ધોળા વાળ આવ્યા તેથી કંઇ વૃદ્ધ થઇ જવાતું નથી, યુવાન પણ જેને શાસ્ત્રજ્ઞાન પરિણુત હોય તે જ સાચો જ્ઞાનવૃદ્ધ કહેવાય છે.

⊙

વિચાર મોતી

પહાડ જેવાં મોજાં ઉછાળતો સમુદ્ર ભયાનક ખરો, પણ જો એનું બધું પાણી સુકાઇ જાય, અને પાત્ર ખાલી થઇ જાય, તો હજારો માઇલ સુધી ફેલાયેલા એના એ ઊંડા ખાડા કેટલા ભયાનક થશે. એની કલ્પના પણ કરવી મુસ્કેલ છે. કોઇ દુર્જન પાસે સંપત્તિના ભંડાર હોય તો એ દુરુપયોગ કરી પ્રજાને રંજાડશે. એ ખરૂં, પણ જો એની પાસેથી સંપત્તિ નષ્ટ થઇ જાય અને એ ભૂખ્યો બને તો એ કઇ રાક્ષસી દુષ્ટતા ન કરે? સારું જ છે કે સમુદ્ર પાણીથી ભરપૂર છે અને દુર્જનો પાસે એની પોતાની દુષ્ટતાની આગ હોલવવા પૂરતી સંપત્તિ રહે છે.

૦ ૦ ૦

મૃત્યુ અને અદૃષ્ટ બંને મનુષ્ય જીવનના છેલ્લા અધ્યાય છે, આ બે આગળ કોઇનું કશું જ ચાલતું નથી અને તેથી જ માણસને ઈશ્વરનું સ્મરણ થાય છે. મરણ ન હોત તો વખતે સ્મરણ પણ ન હોત.

થાળી વાટકા લઇને જમવા આવવા લાગ્યા. સૌ લાઇનબંધ બેસી ગયા. પણ હજુ પીરસણું નીકળતું નથી. એટલામાં શેઠ પોતે જ બહાર આવ્યા. નોકર પાસે ખાટલો અને જોદડું મંગાવ્યું, સૌના વચમાં ઉભા રહીને શેઠે કહ્યું કે, 'ભાઇઓ અને બેનો! સાંભળો, મેં રાત્રે સ્વપ્નામાં સુખડીના ઢગ જોયા હતા તેથી તમો સૌને જમવા નોતર્યા હતા. હવે હું સુઈ જાઉ છું. મને ઉંઘ આવે અને ઉંઘમાં ફરી પાછા સુખડીના થાળ દેખું તો હું તમોને પીરસું ત્યાં સુધી આપ સૌ શાંતિથી બેસજો.'

શેઠની આ ઢગ વિદ્યાને સૌ ઓળખી ગયા અને જમણ ભેગા થવાના બદલે સૌ ઘર ભેગા થઇ ગયા.

આ દૃષ્ટાંતથી સાર એ લેવાનો છે કે સ્વપ્નામાં દેખેલી સુખડીએ કોઇની ભૂખ ભાંગી નહિ. તે જ મુજબ આ સંસારના વૈભવ-વિલાસો, ધન-દોલતથી આપણો આત્મા કદી સંતુષ્ટ બનવાનો નથી. એ સઘળું પણ સ્વપ્ન તુલ્ય જ છે. આપણી બન્ને આંખો બંધ થતા બધું યે અહિનું અહિં જ રહી જવાનું છે. માટે આ સંસારને પણ શાસ્ત્રકારો એક જાતનું સ્વપ્ન જ કહે છે, અને ધર્મધ્યાન કરી લેવાની આજ્ઞા કરે છે.

ઉનાળાનો તાપ ઢાંકવા જેમ તૃણ સૃષ્ટિ ચારકોર ફેલાય છે તેમ સાધુ સંતો જીવનની વિષમતા ભૂલાવવા સર્વત્ર વિચરે છે એ કેટલું ભાગ્ય છે!

શ્રી કાકા કાલેલકર.

⊙

અક્કલનો પુરવઠો.

જાણીતા અંગ્રેજ સાહિત્યકાર ડો. જોનસનને એકવાર એક માણસ સાથે વાદવિવાદમાં ઉતરવું પડયું. ડો. જોનસેને પોતાની વાતનું એવી તો યુક્તિપૂર્વક સમર્થન કર્યું કે સામેનો માણસ નિરુત્તર જ બની જાય. પણ પેલો તો ગુંદરિયો હતો, કેમે તે વાતને સ્વીકારતો ન હતો. ડો. ની દલીલબાજી સામે બીજો ઉત્તર પણ મળે તેમ ન હતું. તેથી પેલો બોલ્યો કે, 'ડો. આપ શું કહેવા માગો છો તે જ મને સમજાતું નથી.'

ડો. જોનસેન આ જવાબ સાંભળી તુરત જ બોલી ઉઠયા, 'મારું કહેવું તમને નહિ સમજાતું હોય, પણ એ સમજવા પૂરતો અક્કલનો પુરવઠો મારે જ તમને પૂરો પાડવો એવી જવાબદારી મેં સ્વીકારી નથી.'

❁

નિઃસ્વાર્થ ન્યાય.

બેસતા વર્ષે પેશવાના દરબારમાં દરેક બ્રાહ્મણને દક્ષિણા આપવાનો રિવાજ હતો. પેશવાની પડખે બેસી નાના ફડનવીસ દરેકની યોગ્યતા પ્રમાણે દક્ષિણા આપવાનો આંકડો બોલતા. શ્રી રામશાસ્ત્રી તે પ્રમાણે દરેક બ્રાહ્મણને દક્ષિણા આપતા.

'વીશ સોના મહોર!' ફડનવીસનો અવાજ આવ્યો.

આટલો મોટો દક્ષિણાનો આંક જોઇ રામશાસ્ત્રી ચમકી ઉઠયા. દક્ષિણા લેનાર બ્રાહ્મણ સામે નજર કરી તો સામે પોતાનો ભાઇ દક્ષિણા લેવા ઉભો હતો. રામશાસ્ત્રીને થંભી ગયેલો જોઈ નાનાફડનવીસ ફરીથી બોલ્યા 'વીશ સોના મહોર'.

'ફડનવીસ સાહેબ! આ મારા ભાઇને આપના કરતાં હું સારી રીતે ઓળખું છું, તે એટલો વિદ્વાન નથી કે હું એને રાજખજાનામાંથી આટલી બધી સોના મહોર આપું. એ મારા ભાઇ તરીકે માગતો હોય તો હું મારું સર્વસ્વ અર્પણ કરી દઇશ. પણ રાજ્યના ખજાનાની બાબતમાં ભાઇનો સંબંધ રાખવો ન્યાય વિરૂદ્ધ છે, ન્યાય સર્વના માટે સરખો છે.' આટલું બોલી શાસ્ત્રીએ પોતાના ભાઇના હાથમાં ફક્ત બે જ સોના મહોર મૂકી.

⊙

નવી શોધ.

પ્રખ્યાત વૈજ્ઞાનિક એડિસનને સભા સમારંભો પ્રત્યે હંમેશા અરુચિ જ રહેતી. તેઓ માનતા હતા કે, આવા સમારંભોમાં 'સમયના લીલામ' સિવાય બીજું કશું જ હોતું નથી. એક વખત પોતાના નિકટના મિત્રના અતિ આગ્રહથી એક સમારંભમાં એમને જવું પડયું. ત્યાં ગયા પછી તેઓ એવા કંટાળી ગયા કે, તેમને ત્યાંથી ભાગી છૂટવાનું મન થયું. પોતાને કોઇ જોઈ ન જાય એવી તકેદારીથી એડિસન સભામાંથી છટકી બહાર નીકળ્યા. ત્યાં જ તેમને એક મિત્ર મળી ગયો.... મિત્રે તરત જ કહ્યું, 'અરે! તમે બહાર કેમ ઉભા છો? ચાલો આપણે અંદર જઇએ અને હાં, તમે હમણાં હમણાં શી નવી શોધ કરી રહ્યા છો?'

વૈજ્ઞાનિક એડિસને ધીમેથી કહ્યું: 'ભાઇ! હમણાં તો હું અહીંથી કઇ રીતે નાશી છુટવું એની જ શોધ કરી રહ્યો છું.'

★

વિશ્વબેન્ક.

ઈ. સ. ૧૯૪૫ ના ડીસેમ્બરની ૨૭ મી એ વિશ્વબેન્કની સ્થાપનાને માન્યતા અપાઇ ૧૯૪૬ જુનની ૨૫ મીથી બેંકે પોતાની કાર્યવાહી શરૂ કરી. એનું આખું નામ છે. 'ધી ઈન્ટર નેશનલ બેંક-શેર રીકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ' યુદ્ધને કારણે ખુવાર થયેલા કે ઓછા વિકસેલા દેશોના ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા અને જીવન ધોરણ ઉંચું લાવવા માટે

જોઈતા નાણાં તે તે દેશોને આ બેન્ક ધીરે છે. એના સભ્ય દેશોને એની થાપણના ૨ ટકા સોનામાં ચૂકવવાના હોય છે. ૧૮ ટકા એમના સ્થાનિક ચલણમાં અને બાકીના ૮૦ ટકા બેન્ક જ્યારે માગે ત્યારે આપવાના હોય છે.

⊙

ગાયકવાડની ધૂન.

વડોદરાના ભૂતપૂર્વ મહારાજા ખંડેરાવ ગાયકવાડને કબૂતર, કબૂતરીનાં લગ્ન ધામધૂમથી કરવાની ધૂન લાગી ગઈ હતી. પોતાનો પાટવી કુંવર પરણતો હોય તેવી ધામધૂમથી તેઓ કબૂતરોનાં લગ્ન કરતાં, આ લગ્ન સમારંભોમાં દૂરદૂરથી રાજા-મહારાજાઓ આવતા. ભેટ, સોગાદો આપવાનું પણ ફરજિયાત હતું. કબૂતર કબૂતરીને શણગારી હાથી ઉપર બેસાડવામાં આવતાં. એમની આગળ સ્વયં ગાયકવાડ ચાલતા. બેંતાલીસ કબૂતરોના આવી રીતે મહારાજાએ લગ્ન કર્યાં હતાં. જેની પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા હતા, રાજાઓની ધૂનને પોષવા પ્રજાના પસીનાના પૈસાનું આવી રીતે પાણી થતું હોય તે રાજાને 'ધૂન'માં કયાંથી યાદ આવે?

★

ભારતની વસતી ગણતરી.

૧૯૨૧ માં ભારતની વસતી હતી ૨૪ કરોડ ૮૨ લાખ ત્યાર પછી છેલ્લી ૧૯૬૧ની વસતી ગણતરીના આંકડા બહાર પડી ચૂકયા છે. જૂનાં ફ્રેન્ચ અને પોર્ટુગીઝ થાણાં સહિત આપણે ત્યાંની વસતી કુલ ૪૩ કરોડ ૯૨ લાખ ૩૫ હજાર ૮૨, ની છે. લગભગ ૪૪ કરોડ જેવી સંખ્યા ગણાય. પાકિસ્તાન ભારતમાં હતું તે વખતે વસતી સંખ્યા ૪૦ કરોડ હતી.

ભારતવાસીઓમાં પુરુષો વધુ છે. સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. પુરુષોની સંખ્યા ૨૨ કરોડ ૬૩ લાખ છે. સ્ત્રીઓની સંખ્યા ૨૧ કરોડ ૩૦ લાખ. સ્ત્રીઓની ઓછી સંખ્યાનું કારણ એ છે કે ભારતમા પશ્ચાત્ય દેશો કરતાં છોકરીઓ ઓછી જન્મે છે છોકરાઓ વધુ...બીજું, બાળમરણનો ભોગ છોકરાઓ કરતાં છોકરીઓ વધુ બને છે.

સ્ત્રીની જીભ ફક્ત ત્રણ ઇંચ લાંબી હોય છે. પરંતુ તે છ ફૂટ ઊંચા માણસને વિચાર કરતો કરી શકે છે.

ભૂખ્યા સૂઈ રહો, પણ દેવું ન કરો.

કહેવતો એટલે દૈનિક અનુભવમાંથી ઉદ્‌ભવેલી પુત્રીઓ.

—શ્રી સુકેતુ.

જગતમાં જાણવા જેવું.

(૧) અમેરીકાની એક માલીકણ મૃત્યુ પામતાં પોતાનો વારસો ૫૬૦૧૧ ગ્રા. પાંચ બિલાડીઓને આપી ગઈ છે.

(૨) ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં વિલાયત નામનું ગામ છે.

(૩) ભારતની દક્ષિણે રાજમહેન્દ્રી શહેર પાસે કોરીઆ નામનું ગામ છે.

(૪) આફ્રિકામાં પણ મહેસાણા નામનું ગામ છે.

(૫) ધોળકા તાલુકાના એક ગામનું નામ કેરાળા છે.

(૬) બોમ્બે, બરોડા અને દિલ્હી નામના ગામો અમેરીકામાં પણ હૈયાતી ધરાવે છે.

(૭) શ્રીનગર કાઠીયાવાડના દક્ષિણે એક ગામડું છે.

(૮) ઓસ્ટ્રેલીયામાં સુરત નામનું જ શહેર છે.

(૯) અમેરિકાના બેલ કું. ના રોકેટ નિષ્ણાત વેન્ડેલ મુરે હવામાં અદ્ધર ઉડી શકાય તેવું યંત્ર શોધ્યું છે ને તેથી ૩૦ સેકંડ સુધી હવામાં અદ્ધર ઉડણખાટલીની માફક ઉડી શકાય છે. હજી તેનો વધારે વિકાસ ચાલુ જ છે.

(૧૦) તુર્કસ્તાનમાં એક ૨૮ વર્ષનો ઠીંગુજી છે જે દુનિયાનો સૌથી નાનો પુરુષ છે, તેની ઉંચાઈ ફક્ત ૩૪ ઇંચની જ ને વજન ૩૩ રતલ છે.

(૧૧) અમેરિકામાં પશુઓને કપડા પહેરાવવાનો મક્કમ સિદ્ધાંત ધરાવતા ૪૦ હજાર સભ્યોનું એક મંડળ ચાલે છે, તેમણે પશુઓને માટે વિવિધ ડ્રેસો પણ તૈયાર કર્યા છે.

(૧૨) જર્મન ચિત્રકાર કાર્લ ફિશરના હાથ કપાઈ ગયા. છતાં પણ તેણે પ્રતિજ્ઞા કરી કે તે પોતાનું કામ ચાલુ જ રાખશે અને તેણે ધીરજથી દાંતમાં પીછી પકડી ચીતરવાનું ચાલુ રાખી સારા ચિત્રો ચિતર્યા છે.

અનુભવ નીઝરણાપરથી

શ્રી ધનંજય

'કલ્યાણ'માં વિવિધતા લાવવાનો અમારો જે લાગણીપૂર્વકનો પ્રયત્ન છે; તેનું પરિણામ 'કલ્યાણ'નો કોઇપણ અંક હાથમાં લેતાં તેના સહૃદયી વાચકોને જણાયા વિના નહિ રહે! આ વિભાગ પણ 'કલ્યાણ'નો લોકપ્રિય વિભાગ છે. નીચે રજૂ થતા પ્રસંગોમાં પ્રથમ પ્રસંગમાં પોતાના પતિ દૂર હોવા છતાં સ્ત્રીને ગમે તે કારણે તેમના મૃત્યુના સમાચાર મળે છે, એ જ કહી આપે છે કે, આત્માની લાગણી વાયરલેસ કરતાં પણ વધુ કામ કરે છે. જો કે તે સ્ત્રીએ પતિની પાછળ અગ્નિમા પ્રવેશ કર્યો ને પતિ ભવાંતરમાં મળશે તે કલ્પના રાખી. તે હકીકતને જૈન દર્શનમાં નિષેધી છે. આ રીતે આત્મહત્યા કરવાથી લાભ થતો નથી, પણ નુકશાન થાય છે. બીજા પ્રસંગમાં પ્રાર્થના તથા ચિત્તની એકાગ્રતાથી સ્વાર્થ માટે પણ કરેલી આજીજી સર્પ જેવાનાં હૃદયમાં પણ પલટો કરાવે છે, તો નિઃસ્વાર્થભાવે પ્રભુભક્તિ નિમિત્તે પ્રભુ પ્રત્યેની પ્રાર્થના જરૂર ભક્તહૃદયમાં મંગલ પરિવર્તન આવે તેમાં બે મત નથી. ત્રીજા પ્રસંગમાં કૂતરા જેવું પ્રાણી પણ લાગણીવશ બની કરૂણાર્દ્ર દિલે અનાથનું રક્ષણ કરે છે, તો માનવે પણ આવા કાર્યો કરવા સન્માર્ગ રહેવું જોઇએ. ચોથા પ્રસંગમાં બળદ જેવું પ્રાણી પણ પોતાના માલિકને કેટ-કેટલું વફાદાર છે, તે સમજાવે છે, અને સાથે એ પણ સમજી શકાય છે કે માનવ કદાચ પોતે કરેલા અપરાધથી કોર્ટમાં છૂટી શકશે, પણ તેને તેનો બદલો જરૂર કર્મની સત્તા આપે જ છે. માટે જ પાપકર્મો કરતાં પહેલાં ખૂબ વિચાર કરવો. દીવાનસિંહે એક તો ખૂન કર્યું, ને પાછો નફ્ફટ રીતે જેનું ખૂન કર્યું છે. તેના ઘર આંગણે હસીને ઉભો રહ્યો; જે બળદથી જોયું ગયું નહિ. આ બધા પ્રસંગો પરથી બોધપાઠ લઇને 'કલ્યાણ'ના વાચકો જીવનમાં પ્રેરણા પ્રાપ્ત કરે માટે જ તે અહિં રજૂ થયા છે

આ વિભાગને સમૃદ્ધ કરવામાં પૂ. મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજનો સહકાર તથા આત્મીયભાવભર્યો લાગણીભાવ મુખ્યત્વે રહ્યો છે. તેઓશ્રીના આત્મીયભાવથી આ વિભાગને અમે વધુ ને વધુ સમૃદ્ધ કરતા રહીશું. આને અંગે જણાવવા જેવું સર્વ કોઈ અમને જણાવે!

⊙

૧ : પતિના અવસાનના સમાચાર સ્વપ્નામાં મળ્યા

કાનપુર : અહીંથી ૪૦ માઈલ દૂર આવેલા મોહાના ગામના શ્રી સુરજપ્રસાદ મીશ્રના ૧ વર્ષ પહેલાં લગ્ન થયાં હતા. તે પછી ૧૫ દિવસમાં જ સુરજપ્રસાદ પોલીસમાં જોડાઈ ગયા. તેમની બદલી પંજાબમાં થઈ. તેમના પત્ની મીરા જેમની ઉંમર હજી ૨૦ વર્ષની હતી. તેણે પતિની સાથે જવાની ખૂબ હઠ પકડી પણ તેમના સાસુ સસરાએ તેને જવા ન દીધી. આમ ૧૧ મહીના વ્યતીત થઇ ગયા...

ચાર દિવસ પહેલાં સુરજપ્રસાદ પાકીસ્તાની દાણચોરોને પકડવામાં માર્યા ગયા, તે જ રીતે તેમની પત્નીને સ્વપ્નું આવ્યું કે, તેના પતિ મૃત્યુ પામ્યા છે. તેણે પોતાના સાસુ સસરા, દીયર વ.ને કહ્યું. પણ કોઇએ એની વાત ન માની. તેઓ કહેતા હતા કે, 'તું ગાંડી થઈ છે. તે નોકરી કરતા હશે અને સારો જ હશે, છતાં તેણે અન્નજળનો ત્યાગ કરતા તેઓ લાચાર બન્યા અને તપાસ કરતા ખબર પડી કે જે રાતે મીરાએ સ્વપ્ન જોયું તે જ રાતે સુરજપ્રસાદ માર્યો ગયો હતો. મૃતદેહને

ત્યાંથી એના ગામ લાવવામાં આવ્યો. મૃત દેહને જોઇને મીરાએ તરત જ પોતાના પ્રાણ છોડચા. એ પાછળ એક પત્ર, મૂકી ગઈ છે જેમાં લખ્યું છે કે 'આટલા દિવસ મેં પતિમિલનની આશામાં વિયોગ સહન કર્યો, હવે અમે પતિ–પત્ની સ્વર્ગમાં મળવા જઇએ છીએ. અમને એક જ ચિતામાં બાળજો' એ પછી એ બંનેની સ્મશાન યાત્રા નીકળી ત્યારે 'જયસતી'ના અવાજોથી આકાશ ગાજી રહ્યું હતું. સતીની ચિતાનાં હજારો નરનારીઓએ દર્શન કરી પ્રદક્ષિણા કરી હતી. સતીનો મહિમા ચારે તરફ ગવાઈ રહ્યો છે. ગામના લોકોએ એ સતીનું સ્મારક બનાવવાનો નિર્ણય કર્યો છે.

૨ : પ્રાર્થના ફળી

કેરલી : અહીંથી ૪૦ માઈલ દૂર આવેલા ગોટે ગામની લક્ષ્મી નામની એક ગરીબ સ્ત્રી પોતાના સાત વર્ષના બાળક સાથે જંગલમાં લાકડાં ભેગા કરવા ગઇ હતી. બાળકને એક સ્થાન પર બેસાડી સ્ત્રી લાકડાં વીણવા ગઇ. લાકડાં ભેગાં કરીને માથા પર મુકવા જાય ત્યાં સ્ત્રીએ બાળકની ચારમી ચીસ સાંભળી એ તરત ત્યાં દોડી ગઈ અને જોયું તો છોકરાના પગે ચાર ફુટ લાંબો કાળો ઝેરી સાપ વીંટાયો હતો. ભયથી બાળકનો ચહેરો પીળો પડી ગયો હતો. માતા આ દ્રશ્ય જોઇ પહેલાં તો ખૂબ ગભરાઇને રડવા લાગી પણ પછી પોતાના બાળક પાસે ગઇ અને કહેવા લાગી કે 'હે નાગદેવતા આ મારો વિધવાનો એક માત્ર પુત્ર છે તમે એને છોડી મુકશો તો મારા આશીર્વાદ લાગશે એમ નહીં કરો તો તમારૂં ભલુ નહી થાય હું પૂજા સિવાય તમને કશું આપી શકવાની નથી.' કહીને તે મોટેથી રડવા લાગી. તેના રડવાથી હજારો લોકો ત્યાં ભેગા થઈ ગયા. પણ બાળકને બચાવવા શું કરવું તે વિચારવા કોઇની બુદ્ધિ ચાલતી ન હોવાથી બધા લાચાર હતાં.

આ બાજુ છોકરો ભયથી બેભાન જેવો થઇ ગયો હતો. થોડીવારમાં છોકરાના પગે વીંટળાયેલો સાપ તેને છોડી ચુપચાપ ચાલ્યો ગયો. નાગની સુડ છુટતા છોકરાને પણ ભાન આવી ગયુ. તે દોડીને પોતાની માતાને વળગી પડચો. આ દ્રશ્ય જોઇ ત્યાં ઉભેલા હજારો લોકો કહેતા હતા કે, 'સાપ જેવા ઝેરી પ્રાણીએ પણ એક સ્ત્રીની આંતરિક પ્રાર્થનાથી પ્રસન્ન થઇને બાળકને પ્રાણદાન આપ્યા છે.' લોકો બાળકને વાજતે ગાજતે તેના ઘેર લઇ ગયા હતા. મોતના મોઢાથી પાછા આવેલા બાળકને જોવા લોકો દૂર દૂરથી આવે છે, અને સાચી પ્રાર્થનાને ફળેલી જોઇ દંગ થઈ જાય છે આ સ્ત્રી રોજ જંગલમાં લાકડા વીણવા જાય છે, પણ બાળકને સાથે લઇ જતી નથી. એ પછી ફરીથી કોઈને નાગદેવતાનાં દર્શન થયા નથી કેટલાક લોકો કહે છે કે નાગરૂપે એ આ સ્ત્રીનો કોઈ પૂર્વજ હોવો જોઇએ, અને તેણે બાઈના પુત્રપ્રેમની કસોટી કરી છે. અનેક પ્રકારના લોકો અનેક પ્રકારની વાતો કરી રહ્યા છે.

૩ : નવજાત શિશુની કુતરાએ રક્ષા કરી

આગ્રા : ગઇ કાલે સવારે તાજના આંગણામાં એક વિચિત્ર દ્રશ્ય જોઈ લોકો આશ્ચર્ય ચકિત થઇ ગયા. એક તરતનું જન્મેલુ બાળક પડયું હતું અને તેની રક્ષા એક કુતરો કરતો હતો બાળકને ૬ કલાક પહેલાં તજી જવાયુ હોય એમ લાગતું હતુ. બાળકને જ્યારે પોલીસ ઉપાડીને લઇ જવા લાગી ત્યારે કુતરો થોડી વાર સુધી તેની પાછળ ગયો હતો અને પછી તે પાછો ફર્યો હતો. પોલીસે આ કૂતરાનો એવી શંકાથી પીછો કર્યો કે કદાચ એ બાળક એના માલિકના ઘરનું પાપફળ હોય અને તે આમ ત્યજી દેવાતાં કૂતરો તેની પાછળ આવીને તેની રક્ષા કરવા લાગ્યો હોય પણ પાછળથી ખબર પડી હતી કે આ કૂતરો એક વૃદ્ધ દંપતિનો છે. તેમના ઘરમાં એવુ કંઈ બને એવી શકયતા જ નથી. બાળક હજી પણ જીવે છે. એવી પણ શકયતા છે કે બાળકને કોઇ જમુના નદીમાં નાખી ગયું હોય અને કૂતરો તેને તાજના આંગણામાં ઉપાડી લાવી તેની રક્ષા કરવા લાગ્યો હોય.

આ બાળક ખૂબ જ સુંદર હોવાથી તેને અનેક લોકો દત્તક લેવા આતુર છે. અહીં રહેતા લોકોના કહેવા પ્રમાણે આ કૂતરો પાળેલો હોવા

અનંત તીર્થંકર ઈમ ભણે એ....

શ્રી કાન્તિલાલ મોહનલાલ ત્રીવેદી-અમદાવાદ.

અનંત તીર્થંકર દેવો જે પરસ્ત્રીગમનનાં પાપને ત્યજવાનું ફરમાવી રહ્યા છે, તે પાપથી આલોકમાં થતાં અનર્થોની પરંપરા લેખક અહીં સરલ ભાષામાં સચોટ શૈલીયે ટુંકમાં જણાવે છે.

કવિ ઋષભદાસજીએ શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિમાં એમ જણાવ્યું છે કે 'અનંત તીર્થંકર ઇમ ભણે એ પરહરીએ પરનાર તો' એ વાત થોડી ઉપકારક નથી પણ ઘણી ઉપકારક છે. જો કે જેને એનું વ્યસન પડે છે એને એ છૂટવું પ્રાયઃ અશક્ય છે. પણ જે તાજા યુવાન છે ને વ્યસન પડયું નથી એણે ચેતવા જેવું છે એ કારણે જ આ લખ્યાની સફળતા છે.

પરસ્ત્રીની ઈચ્છા થઇ ત્યાંથી જ માનસિક દુઃખની શરૂઆત તો થઈ જ જાય છે, ને એ માનસિક ક્રિયા જ્યારે કાયિક થઇ જાય છે ત્યારે તો અનેક દુઃખોની પરંપરા સર્જાય છે. એવા માણસની સામાજિક પ્રતિષ્ઠા મુદ્દલ હોતી નથી. જે જાણે છે તે એની સાથે ફરતાં શરમાય છે એવો માણસ પોતાને ત્યાં આવતો જતો થાય એ કોઇને ગમતું નથી. વળી પરસ્ત્રી જો વિધવા કે કન્યા હોય તો ગર્ભપાતનું પાપ ચોંટે છે, વળી એ પાપકર્મ સફળતાપૂર્વક પાર ઉતારતાં પણ લોહીનું પાણી થાય છે. એવા કેસોમાં એ નારીનું જીવન પણ જોખમમાં હોય છે. કેટલીક વખત એવી સ્ત્રીઓનાં બાળકો ગટરમાં, ઉકરડે અથવા એવા જ નિર્જન સ્થળમાં તજાય છે જેમાંથી ખાસ કરીને તો મૃત્યુને શરણ થાય છે જ્યારે બહુ જ જુજ પ્રમાણમાં અનાથાશ્રમમાં મુકાય છે. જો કે આજે તો ઓપરેશનો ને બીજાં સાધનોએ સુવિધા કરી આપી છે પણ તે દરેક કેસમાં શકય નથી બનતી ને તે પદ્ધતિ જોખમકારક છે.

અને પરસ્ત્રી જો પરણેલી હોય તો એના પતિ તરફનો ભય એટલો જ રહે છે વળી એવા પ્રસંગોમાં તો મૂળમાં સ્ત્રીનો વાંક હોવા છતાં લોકો પણ સ્ત્રીનો જ પક્ષ કરીને પેલા કામલંપટજને જ મારપીટ કરે છે. જો સ્ત્રી સારી હોત તો કોઇની તાકાત નથી કે એની રાજીખુશીથી કોઇ એની સાથે આડો વ્યવહાર રાખી શકે. આટલી સાદી વાત પણ જનસમુદાય જાણે સમજતો જ નથી એ તો પુરુષને જ ગુન્હેગાર ગણે છે. વળી એવી લંપટ

છતાં તે રોજ રાતે તાજ આગળ આવે છે અને આવા અનેક ભલાઇના કામો કરે છે. અને આ બાળકની રક્ષાથી કુતરાની કીર્તિ ખૂબ જ વધી ગઈ છે.

૪ : બળદે બદલો લીધો

રોહતક : બળદ જેવું પ્રાણી કેટલું સ્વામીભક્ત હોય છે, તેનો પ્રત્યક્ષ પુરાવો અહીંથી દશ માઈલ દૂર આવેલા ધીલ્લાવાડ ગામમાં મળ્યો છે. બળદના માલીક રૂપચંદને દીવાનસીંહ નામના જમીનદારે મારી નાખ્યો હતો, પણ પુરાવાના અભાવે તેઓ પકડાયા નહિ. એ વાતને હજી એક મહિનો થયો હશે ત્યાં દીવાનસિંહ રૂપચંદના ઘર બાજુ ફરવા ગયા તેને જોઇને રૂપચંદની પત્ની રડવા લાગી. પરંતુ દીવાનસિંહ નફફટ રીતે હસવા લાગ્યો. રૂપચંદનો બળદ કબો કબો આ તમાશો જોતો હતો. જ્યારે દીવાનસિંહ તુમાખીમાં પાછો જતો હતો ત્યારે બળદે દોડી તેમના પર હુમલો કર્યો. બળદનો હુમલો એટલો ઓચિંતો હતો કે, દીવાનસિંહ પોતાને સંભાળી ન શકયો અને પડી ગયો. બળદે શીંગડાથી તેનું પેટ ફાડી નાંખ્યું કોઈ બચાવે તે પહેલા દીવાનસિંહ મરણ પામ્યો આ વિચિત્ર બનાવ જોઇ તમામ લોકોના આશ્ચર્યનો પાર રહ્યો ન હતો. બળદને સખ્ત માર પડયો હોવા છતાં તે પોતાના માલીકના ઘર આગળ બેઠો છે. માલીકના ખુનીને કાનુન શિક્ષા આપી ન શકયો પણ એક મૂક પશુએ બદલો લીધો બળદને પકડી તેને શું કરવું ? તે સમસ્યા પોલીસ આગળ ઉભી થઈ છે. બળદે લીધેલા ભયંકર બદલાની ચર્ચા આખા ગામમાં ફેલાતાં બળદને જોવા માટે લોકો ટોળે વળ્યા હતા.

સ્ત્રીઓ પણ કેટલીક વખત તો છાનું કામ પતે ત્યાં સુધી જ પોતાના યારની હોય છે, ને જો કોઈ જોઇ જાય કે જાણી જાય તો જાણે ઓળખતી જ ના હોય એમ પાસે રહીને તમાસો જુએ છે, ને પોતે નિર્દોષ થઇ છૂટી જાય છે.

મુંબઈમાં બનેલો નાણાંવટીનો કિસ્સો જગ-મશહુર છે. નાણાવટીએ પોતાની પત્નિને જરા પણ ધ્યાન નહિ પહોંચાડતા એના પ્રેમીનું જ ખૂન કર્યું. અરે એ જો નિર્દોષ છૂટ્યો હોત તો એની પત્નિની સાથે ફરી ઘર ચલાવત. મોહ અને અજ્ઞાનમાં સબડતા માણસો ભણેલા-મૂર્ખ હોય છે. શું એને જસમા ઓડણ જેવી સ્ત્રીઓ વિષે ભીલકુલ જ્ઞાન નહોતું ?

વળી એવી સ્ત્રીઓને વ્યક્તિ કરતાં નાણાની કિંમત વધુ હોય છે એટલે એમનો સંબંધ એક જ વ્યક્તિ પુરતો મર્યાદિત નથી હોતો એટલે જ્યારે પણ અથડામણ થાય ત્યારે બે પુરુષ હરીફો જ અથડાવાના ને પરીણામે એકનું મોત, બીજાને જેલ ને પેલી સ્ત્રીને તો તું નહિ તો તારો ભાઈ, કારણ કે એ તો ખાનગી વેશ્યા હોય છે. તા. ૧૪-૪-૬૩ના દૈનીક પત્રમાં પાંસઠવર્ષની વૃદ્ધ સ્ત્રીના બે હરીફોમાંથી એકે બીજાનું ખૂન કર્યું પરસ્ત્રીગમનનો આ નફો મળ્યો ! આવા બનાવો કંઈ એક બે બને છે ? વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલો બીજો બનાવ એવો છે કે સુરત પાસેના કોઈ ગામનો સુખી ને સશક્ત, ને સશક્ત પણ કેવો ? દસ માણસો સામા આવે તો પુરો પડે એવો એ માણસ કોઇ સ્ત્રી સાથે આડો વ્યવહાર ચલાવતો હતો. ઘણા વખતનો સંબંધ છતાં એ સ્ત્રી અને તેના ભાઇ વગેરેએ મળીને તેને ખુબ દારૂ પીવડાવી ખૂન કર્યું ને લાશ વગે કરી. પાછળથી પોલીસ તપાસમાં બધી હકીકત બહાર આવી. શાસ્ત્રકારો સાચું જ કહે છે કે જ્યાં અતિ રાગ ત્યાં જ અતિ દ્વેષ. એક નાટકનું ગાયન હતું કે-' **મારી છબી તમોને, તેની છબી અમોને**
ઘાયલ બીજાને કરતી, ચોથાને પત્તા છાના
ભુલે ચુકે થશોના કોઇ નારીના દીવાના.

પરસ્ત્રીના સ્નેહનું કેટલું સરસ શબ્દચિત્ર કવિએ ઉપસાવ્યું છે ?

જે સ્ત્રીઓ બળદ વેશ્યા હોય છે તેના સંપર્કમાં આવનારની શી હાલત થાય એના તો વધારે વર્ણનની જરૂર જ નથી.

એટલે દરેક પ્રકારની પરસ્ત્રી પુરુષને માટે તો ભયંકર નુકશાનનું જ કારણ બને છે એવા પુરુષની પરણેલી સ્ત્રી જો રૂપવાન હોય તો પણ તેને નથી ગમતી, ગુણવાન હોય તો ગુણ નથી દેખાતા પણ દોષ દેખાય છે, અને પરાઈ સ્ત્રી ગમે તેવા રૂપ-ગુણવાળી હોય તો પણ તેમાં તેને સુંદરતા દેખાય છે કારણ કે એવી નઠારી સ્ત્રીઓએ બીજાને પોતાના કરી રાખવા માટે બનાવટી હાવ-ભાવ, નેત્રસંજ્ઞા, હાસ્ય આદિ એવાં કેળવ્યાં હોય છે કે જે સદ્‌ગુણી-સુશીલ નારીમાં પ્રાયઃ ન હોય.

અનેક પુરુષોના સંસર્ગમાં આવનારી નારી ગરમીના દોષો ને ચાંદી (સીફીલીસ) જેવા ભયંકર રોગનું દાન કરનારી હોય છે. ચાંદી, બદ, ને વિસ્ફોટકના ભયંકર રોગો એવી કુલક્ષણા નારીની ભેટ હોય છે.

પરસ્ત્રીગમનથી પુરુષ સમાજમાં પ્રતિષ્ઠા ગુમાવે છે, લક્ષ્મીનો નાશ થાય છે, અનેક ચિંતાથી વીંટાયેલો રહે છે, કાયમ ભયભીત રહે છે, કોઇ કામમાં એનું ચિત્ત લાગતું નથી એટલે પ્રગતિમાં અવરોધ થાય છે, પ્રાણહાની અથવા કિમતિ અવયવ નાશની પૂર્ણ શકયતા રહે છે, ભયંકર રોગોની બક્ષીસ મળવાનો ભય રહે છે. જેલ-યાત્રાનો પણ સંભવ રહે છે અથવા ટુંકામાં કહીએ તો આ સંસારમાં એવું કયું નુકશાન છે કે જે પરસ્ત્રીલંપટ પુરુષોને ભોગવવામાં બાકી રહી જતું હોય ? ને પરલોકમાં તો નરકાદિમાં અનંત યાતના તો ભોગવવી જ પડે છે.

આટલાં નુકશાન તો ચર્મચક્ષુથી ને સામાન્ય બુદ્ધિથી અવલોકાને કહ્યાં. બાકી તો વિશદ બુદ્ધિ અને જ્ઞાનચક્ષુથી થતાં નુકશાન તો વિશાળ જ્ઞાની જ કહી શકે. પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે-' અનંત તીર્થંકર એમ ભણે એ, પરહરીએ પરનાર તો ' એ વચન તદ્દન સત્ય છે.

મોટી પંચતીર્થીની યાત્રાએ

શ્રી શાંતિલાલ સોમચંદ મહેતા
અધ્યાપક : શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા, મહેસાણા.

મારવાડની ભૂમિ અનેક ભવ્ય, ગગનચુંબી રમણીય જિનમંદિરોથી સમૃદ્ધ મહાપવિત્રતમ પ્રદેશ છે. તે ભૂમિની પુણ્યસ્પર્શના જીવનનો અણમોલ લહાવો છે. મારવાડની મોટી પંચતીર્થની યાત્રાના સુખદ સંસ્મરણો અહિં રજૂ થાય છે. જેનો પ્રથમ લેખાંક અહિં પ્રગટ થાય છે, વધુ રસમય ભાગ આગામી અંકે!

શ્રી જેસલમેરાદિ (મોટી મારવાડ) તીર્થની યાત્રાએ.

પરમ પૂજ્ય ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.શ્રીની નિશ્રામાં ફલોધિ નિવાસી જ્યેષ્ઠીવર્ય શ્રી સંપતલાલજી લુંકડે ફલોધિથી જેસલમેરનો છરી પાળતો સંઘ કાઢેલ અને તે પ્રસંગે શ્રીમદ્ યશોવિજયજી જૈન સં. પાઠશાળાના તમામ શિક્ષકો તથા વિદ્યાર્થીઓને આવવા આમંત્રણ મોકલેલ, તેથી અમો સર્વે અહીંથી જેસલમેર ગયા, અને આ બાજુના મોટા દરેક તીર્થોની યાત્રા કરી.

ફાગણ સુદી ત્રીજનો દિવસ આવ્યો અને સવારના પાંચ વાગ્યાથી જવાની તૈયારીમાં સૌ લાગેલા હતા. આનંદની તો કોઈ અવધિ નહોતી. ઉત્સાહ તો કોઈ અપૂર્વ જણાતો હતો.

સવારમાં સાત વાગે પૂજા કરી. સાડાસાત વાગે પાર્શ્વનાથ ભગવાનની જય બોલીને સૌ પોતાનો સામાન લઇ સ્ટેશને ચાલ્યા. અમદાવાદથી આવતી સવારની આઠ વાગ્યાની જનતામાં નીકળી સાંજે ચાર વાગે મારવાડ જંકશન બદલી કરી સાંજે સાત વાગે જોધપુર આવ્યા, અહીંથી રાતની દસ વાગ્યાની ટ્રેનમાં રવાના થઈ સવારમાં ૭ વાગે પોકરણ આવ્યા. અહીંથી જેસલમેર ૭૦ માઇલ દૂર છે, સાત વાગે બસમાં રવાના થઇ બરોબર દસ વાગે જેસલમેર આવ્યા. બસમાંથી જ લગભગ ચારેક માઇલ દૂરથી જેસલમેરના કિલ્લાનું દૃશ્ય જોવા મળે છે તથા ચારે બાજુ જંગલ અને કુદરતી દૃશ્યો જોવાની ખૂબ જ મઝા આવે છે.

બધાં સામાન લઇ ધર્મશાળામાં આવ્યા. ધર્મશાળામાં યાત્રાળુઓની સંખ્યા વધારે હોવાથી જગ્યા ન હોવાથી બાજુની હવેલીમાં ઉતર્યા. ગામનાં દેરાસરજીના દર્શન કરી પૂજ્ય ગુરુમહારાજનાં દર્શન કર્યા અને લગભગ બાર વાગે કિલ્લા ઉપર ગયા. જો કે ગામમાં પણ મંદિરો તો છે પરંતુ તીર્થરૂપ દેરાસરજી કિલ્લા ઉપર છે.

દેવવિમાન તુલ્ય નયન રમ્ય મંદિરો જોઇ હૈયું આનંદથી નાચી ઉઠ્યું. ઉપર ૮ મંદિરો છે. લગભગ ૬૦૦૦ પ્રતિમાજી છે અને પૂજારી માત્ર આઠથી દસ હોવાથી પ્રક્ષાલ વગેરે બરાબર ન થતા હોવાથી પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી સંઘપતિજીએ મંજન તથા પ્રક્ષાલાદિનું કાર્ય શરૂ કરેલ હોવાથી અમો બધાયે સ્નાનાદિ કરી તેમાં જોડાઈ અપૂર્વ પ્રભુભક્તિનો લાભ લીધો.

સાંજે પાછા ફરી ભોજન પતાવી મહારાજ સાહેબ પાસે પ્રતિક્રમણ કરી. રાત્રે ધર્મશાળામાં ભાવનાનો લાભ લઇ થાક લાગ્યો હોવાના કારણે રાત્રે દસ વાજે સૂઇ ગયા.

બીજે દિવસે પંચમી હોવાથી સવારે પ્રતિક્રમણ કરી પૂ. અભયસાગરજી મ. સાથે સવારમાં સાતવાગે કિલ્લા પર ગયા. જમણી બાજુ પ્રથમ મહાવીરસ્વામી ભગવાનનું મંદિર છે. ત્યાં દર્શન કર્યાં આ મંદિર બીજા મંદિરોથી અળગું છે. મંદિર નાનું છે છતાં દર્શનીય છે, આ મંદિર બાજુ જતાં વચ્ચે આરસનું મોટું સિંહાસન

આવે છે. પહેલાં તો અહીં દરબાર ભરાતો ત્યારે મહારાજા તે સિંહાસન ઉપર બેસતાં અને દસેરા જેવા તહેવારે દેવીને ભોગ અપાતો (હાલમાં તો તે રિવાજ બંધ છે.) અત્યારે સિંહાસન સરકાર હસ્તક છે.

ત્યારબાદ આદીશ્વર ભગવાનના દેરાસરમાં ગયા અને દર્શન કર્યાં. આ મંદિરમાં આદિનાથ પ્રભુના પ્રતિમાજી નયન રમ્ય છે. થાંભલા તથા મરૂદેવી માતાની ગજારૂઢ પ્રતિમાજી જોવા લાયક છે. મંદિર સંઘવી ધન્નાએ સં. ૧૫૩૬ માં બંધાવેલ છે.

પછી તેની બાજુમાં ત્રણ માળનું શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું ઉન્નત તથા વિશાળ મંદિર છે. ત્યાં જઈ દર્શન કર્યાં. ત્રણે માળમાં ચૌમુખજી ચંદ્રપ્રભ સ્વામીની પ્રતિમાજી સુંદર છે. થીરૂશા ભણશાલીએ સં. ૧૫૧૮ માં આ પ્રાસાદ બંધાવેલ છે. ત્યારબાદ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના દેરાસરમાં ગયા ત્યાં દર્શન કર્યાં. આ દેરાસરજી ખૂબ જ જોવા લાયક છે. દરવાજામાં પ્રવેશ કરતાં શિલ્પ કૃતિઓથી ભરપૂર બે મોટા સ્થંભ ઉપર પાષાણનું ભવ્ય કલાથી ભરપૂર તોરણ જોવામાં આવે છે તેમાંથી પસાર થઈ આઠેક પગથિયાં ચડ્યા બાદ પ્રવેશ દ્વારમાં શૃંગાર ચોકી વગેરે બીજા તોરણો જોવા લાયક છે. સં. ૧૪૫૯ માં ખરતર ગચ્છીય શ્રી જિનરાજસૂરીના ઉપદેશથી શ્રી સાગરચંદ્રસૂરીએ મંદિરનું શિલારોપણ કરાવેલ છે. ચૌદ વર્ષે મંદિર નિર્માણ થતાં સં. ૧૪૭૩ માં રાઉલ લક્ષ્મણ સિંહના સમય શ્રી જિનવર્ધનસૂરીના હાથે પ્રતિષ્ઠિત થયેલ છે, અને મંદિરનું નામ રાજવીના નામ ઉપરથી 'લક્ષ્મણ વિહાર' રાખવામાં આવેલ છે. આ મંદિર સર્વમાં મુખ્ય છે.

આ મંદિરની ભમતીમાંથી ડાબી બાજુ શ્રી સંભવનાથ સ્વામીનો પ્રાસાદ છે. ત્યાં દર્શન કર્યાં. પ્રભુનું મુખડું અતિ નયન રમ્ય છે. આ પ્રાસાદના સભામંડપનો ઘુમટ ખરેખર દર્શનીય છે. છતની વચ્ચે આબુના મંદિરોની જેમ લટકતા કમળનું લોલક છે તેની આજુબાજુ ફરતી પુતળીઓ જીવંત જેવી લાગે છે. શ્રી શત્રુંજય, શ્રી ગીરનારજી, શ્રી વીસવિહરમાન તથા નંદીશ્વરદ્વીપના પટો દર્શનીય તથા જોવા લાયક છે. શ્રી મરૂદેવી માતાની ગજારૂઢ મૂર્તિ વગેરે શિલ્પોનું દર્શન ખરેખર સુંદર છે નંદીશ્વરદ્વિપના પટમાં જવ જેટલાં નાના પ્રતિમાજી છે. સાથે દુર્બિન હોય તો પ્રભુના શરીરના અવયવોનું દર્શન સ્પષ્ટ રીતે થઈ શકે છે. આટલી નાની પ્રતીમાજીમાં સર્વ અવયવો સંપૂર્ણ જોઈ શિલ્પકળાને મસ્તક ઝુકી ગયું. આ પ્રાસાદ શ્રી જિનભદ્રસૂરીના ઉપદેશથી ચોપડાગોત્રીય ઓસવાલ શેઠ શિવરાજજી, મહીરાજજી, લોલા તથા લક્ષ્મણજી એમ ચારે ભાઈઓએ સાથે મળી સં. ૧૪૯૪માં બાંધવાની શરૂઆત કરાવી. ત્રણ વર્ષે તૈયાર થતાં શ્રી જિનભદ્રસૂરિજી પાસે સં. ૧૪૯૭ માં પ્રતિષ્ઠા કરાવી છે. મંદિરની નીચે ભોંયરામાં પ્રાચીન જ્ઞાન ભંડાર છે. પૂ. પુન્યવિજયજી મ. શ્રીએ અથાગ પરિશ્રમ દ્વારા તેને વ્યવસ્થિત તથા લાંબો ટાઈમ ટકી શકે તેમ સુંદર વ્યવસ્થા કરી છે. ભંડારમાં પ્રવેશતાં સામે એક ટેબલ છે તેમાં જિનદત્તસૂરિજીનું જીર્ણવસ્ત્ર તથા મુહપત્તિ જોયાં. એ પાટણથી ઉડીને અહીં આવ્યા છે અને અત્યારે પણ મરકી વગેરેના ભયંકર રોગો વખતે તેનું પાણી છાંટવાથી શાંતિ થાય છે એમ કહેવાય છે. ત્યારબાદ અંદર ભોંયરામાં ગયા ત્યાં ચાર કબાટોમાં તાડપત્રીઓમાં સુંદર રીતે જ્ઞાનનો સાગર સમાયેલો છે. આખો ભંડાર જોયો. તેની સાચવવાની વ્યવસ્થા જોઈ ખૂબ આનંદ થયો. પૂ. અભયસાગરજી મ.શ્રીએ ઈતિહાસપૂર્ણ સુંદર સમજ આપી તેથી તો ખૂબજ આનંદ આવ્યો.

પાર્શ્વનાથ પ્રભુની ભમતીની જમણી બાજુ શ્રી શીતલનાથ પ્રભુનું મંદિર છે જોકે મૂળનાયક તો પંચધાતુના શાંતિનાથજીની પ્રતિમાજી બિરાજમાન છે છતાં મન્દિરનું નામ આમ કેમ છે તે જાણવા મળ્યું નહીં. આ મંદિર પણ અલૌકિક તથા દર્શનીય છે. અહીં દર્શન કર્યાં. ડાગાગોત્રીય ઓસવાલ ભાઈઓએ આ પ્રાસાદ બંધાવેલ છે, અને ૧૪૯૭ માં પ્રતિષ્ઠા કરાવી છે. ગભારા બહાર બે ધાતુના પ્રતિમાજી છે તેનો ઈતિહાસ જાણીને તો કોઈ અપૂર્વ હર્ષ થયો.

શ્રી જિનસિંહસૂરીશ્વરજી મ. સાહેબ અહિં શિષ્ય પરિવાર સાથે બિરાજતાં હતાં. શીલસાતમનો તહેવાર આવ્યો નદીએ સ્નાનાદિ કરી પછી દેવીઓની પૂજા કરી ભોજનાદિ કરવાની ત્યાંની પ્રથા હતી. તે વખતે આચાર્ય મ. સા.ના શિષ્યો વહોરવા ગયા, એટલે દરેક ઘેરથી એકજ જવાબ મલ્યો કે 'આજ તો શીતળા સાતમનો દિવસ આજ તો દેવીઓની પૂજા-પાઠ કરીને પછી ભોજન કરવાનું માટે હમણાં ભિક્ષાનો લાભ ન હોય?' આવા અનેક શબ્દો સાંભળી શિષ્યો ગોચરી વિના ગુરૂ-મહારાજ પાસે પાછા આવ્યા. આચાર્ય મ.શ્રીને વાત કરી. સૂરિદેવ તુરત બાજુની ઓરડીમાં ધ્યાનમાં બેસી ગયા અને થોડીજ વારમાં દેવી-ઓની બધીયે મૂર્તિઓ પાત્રામાં આવીને પડવા લાગી. આ બાજુ જે લોકો નદીએ ન્હાવા ગયેલા તે લોકો દેવીઓની પૂજા કરવા ગયા પણ બધીયે દેવી ગૂમ! છેવટે તપાસ કરતાં ઉપાશ્રયે મહારાજ સાહેબ પાસે આવ્યા, અને માફી માંગી. મહારાજ સાહેબે કહ્યું. 'આ દેવીઓની મૂર્તિઓ તમારી છે પણ સાધુના પાતરમાં આવી છે માટે તમોને કામ ન લાગે' તેથી તેને ગળાવી અને તેમાંથી બે સુંદર પ્રભુની પ્રતિમાજી બનાવ્યા. આ મંદિરમાં પધરાવ્યા પ્રતિષ્ઠા કરી. પણ રાત્રે ધાંધલ થાય અને પ્રતિમાજી પોતાની જગ્યાએથી પડી જાય. આમ ત્રણ દિવસ ચાલ્યું કોઈ દેરાસરમાં જાય નહીં. છેવટે આચાર્ય મ. મંદિરમાં ગયા અને તાંબાના બે ખીલા મંગાવી મંત્રોચ્ચાર સાથે પ્રભુની પ્રતિ-માજીના પગમાં મારી દીધા અને સર્વે દેવીઓનો ત્યારથી ઉત્પાત બંધ થયો વાત સાંભળી. આચાર્ય મ. સા.ની શક્તિપ્રત્યે પૂર્ણ સદ્ભાવ હૃદયમાં પ્રગટ થયો.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના મંદિરની બાજુમાં શ્રી અષ્ટાપદજીનું મંદિર છે. આ મંદિર બે માળનું છે ઉપર પંચધાતુની શાંતિનાથ પ્રભુની પ્રતિમાજી છે. સં. ૧૫૩૬ નો લેખ છે. મૂળનાયક સિવાય ત્રણે દિશામાં ત્રણ મૂર્તિઓ સમવસરણમાં છે તથા તેના શિખર ઉપર અભિનય કરતી અપસરા-ઓની આકૃતિ જોવા લાયક છે. નીચે શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિમાજી છે આ મંદિરના બે ભાગ ગણાય છે તેમાં અડધુ પિતાએ અને બાકીનું તેમની સુપુત્રીએ બંધાવ્યું છે, તેથી આ મંદિર એક હોવા છતાં બે ગણાય છે, આ મંદિરમાં બારે બાજુ શિલ્પ જોવા લાયક છે. અહીં પણ વિધિવત દર્શન કર્યાં અને ખૂબ જ આનંદ થયો. તેથી એવું લાગ્યું કે આ બાજુના તીર્થોની યાત્રા તો જરૂર કરવી જ જોઇએ.

ગઈ કાલનું પ્રક્ષાલાદિનું કાર્ય ચાલુ હતું તેમાં સ્નાનાદિ કરી જોડાયા પ્રભુના મંજન તથા પ્રક્ષાલ વખતે જે આનંદ આવ્યો છે તેવો આનંદ જીવનમાં કયાંય પણ અનુભવ્યો નહીં હોય. બપોરે નીચે આવી એકાસણું કરી થોડીવાર આરામ કરી બધાયે સામાયિક કર્યું તેમાં આ બાજુના તીર્થોની બીજી જે કંઈ જાણવા લાગેલી હકીકતો હતી તે વિદ્યાર્થીઓને સમજાવી. સાંજે મહારાજશ્રી પાસે પ્રતિક્રમણ ભાવનાનો લાભ લઇ સૂઈ ગયા.

(ક્રમશઃ)

તમારે સુખ જોઇએ છે? જો હા, તો તમને મળેલું સુખ વહેંચીને ભોગવો! બીજાનાં દુઃખમાં ભાગ લો! દુઃકમાં તમારા સુખમાં ભાગ પાડો, ને બીજાના દુઃખમાં ભાગ લો!

°

તમારે સારા બનવું છે? હા, તો પરના દોષોને રાઇ જેવા જૂઓ! ને તમારા દોષોને પર્વત જેવા માનો!

°

પોતાનાં ગુણનાં ગાણા ગાવાં ને પોતાનાં દુઃખનાં રોદડાં રોવા એ ખરેખર મૂર્ખાઇ છે.

જીવનશુદ્ધિનું મહત્ત્વનું અંગ : ચારિત્ર્ય

શ્રી રજનીકાંત પટેલ.

જીવનમાં બધું છે, પણ સચ્ચારિત્ર્ય નથી તો કાંઇ નથી. પ્રમાણિકતા, નૈતિક પવિત્રતા, બેલદિલી, તથા સૌજન્ય એ ચારિત્ર્યશુદ્ધિનાં મહત્ત્વના અંગો છે. આજે સંપત્તિ તથા સત્તાને જ જે રીતે મહત્વ અપાઇ રહ્યું છે; તે ખરેખર જીવનની નબળાઇ છે; આને અંગે ચારિત્ર્યની મહત્તા માટે જાણવા જેવી હકીકત અહિં રજૂ થાય છે. જીવનમાં ચારિત્ર્યની મહત્તા સમજાય તે દૃષ્ટિયે 'કલ્યાણ'ના વાચકોને માટે 'જન કલ્યાણ'માંથી સારભૂત ઉદ્ધૃત કરેલ લેખ અહિં સાભાર રજૂ થાય છે.

અંગ્રેજીમાં એક સરસ સુભાષિત છે

Money is lost nothing is lost,
Halth is lost something is lost,
Character is lost everything is lost.

'પૈસો ગુમાવ્યો એણે કાંઇ જ ગુમાવ્યું નથી. તંદુરસ્તી ગુમાવી એણે થોડું ઘણું ગુમાવ્યું છે. પણ ચારિત્ર ગુમાવ્યું એણે તો બધું ગુમાવ્યું છે.'

આજે તો અવળી ગંગા વહેતી હોય તેમ મોટા ભાગના માણસોનું લક્ષબિંદુ પૈસો બની ગયું છે. પૈસો હશે તો બધા બોલાવશે. માન આપશે. માટે પૈસાને જાળવો. ભલે રાતદિવસના ઉજાગરા વેઠવા પડે, ભલે તબિયત બગડે પણ એકવાર પૈસો ભેગો કરી લેવા દો. પાસે પૈસો હશે તો દવા કરીને તબિયત સારી કરાશે. પણ પૈસો નહિ હોય તો ? આજે ચારિત્રના ભોગે, તબિયતના ભોગે, લોકો પૈસો ભેગો કરવા મંડ્યા છે.

જેની પાસે પૈસો એ કુલિન, એ વક્તા, એ રૂપાળો. પંડિત પણ તે અને શ્રોતા પણ તે. ગુણવાન પણ તે. કારણ, આ ગુણો ધનને આશ્રયે રહેલા છે.

ભલે ધનવાનો પોતાના ધનબળથી ઉપરની હકીકત સાચી ઠેરવે. પણ હકીકતમાં એ સત્ય નથી. પોતાનો ભંડાર ભરવા વિલાયતના રાજા પહેલા જેમ્સે નવીનવાઇની યુક્તિ શોધી કાઢેલી. જે કોઇ વ્યક્તિ અમુક નાણાં આપતો તેને અમીરઉમરાવની પદવી મળતી. પણ જેમ્સ જાણતો હતો કેઃ 'હું ગમે તેને અમીર ઉમરાવની પદવી આપી શકું છું,' પણ એને સાચો સજ્જન તો નથી જ બનાવી શકતો.' સાચા સજ્જન બનવા માટે તો અમીરી સ્વભાવની જરૂર છે. સાચો અમીર એ જ કહેવાય કે જેના જીવનમાં સત્ય, સદાચાર જેવા જેવી ગુણો ઓપતા હોય.

શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે, કે રાજા પરીક્ષિત સત્યનિષ્ઠ, ન્યાયી, નીતિવાન તેમજ સદાચારી હતા. આથી કલિને એમના રાજ્યમાં ઠરવાનું ઠેકાણું ન મળ્યું. કલિએ પરીક્ષિતને પ્રાર્થના કરીઃ 'મહારાજ, મને રહેવાનું કંઇ સ્થાન બતાવો.'

'તારૂં મારા રાજ્યમાં સ્થાન નથી.'

'ત્યારે હું રહું કયાં? મારું પણ કયાંક સ્થાન તો હશે ને?' કલિએ કહ્યું.

'હા, તારું સ્થાન છે જ્યાં જુગાર રમાતો હોય, દારૂનું પીઠું હોય, વેશ્યાવાડો હોય.'

ધન એ તો સર્વ અનર્થોનું મૂળ બન્યું છે. જ્યાં ધન છે ત્યાં અનીતિ છે. અનાચાર છે. વિષય છે. વ્યસન છે. લોગ છે. જ્યાં અનીતિ હોય ત્યાં ચારિત્રને સ્થાન જ કયાં? આથી ઊલટું ગરીબોના જીવનમાં ચરિત્રનું દર્શન સારા પ્રમાણમાં થાય છે. ગરીબો સૂકો રોટલો અને મીઠાની કાંકરી ખાવાનું પસંદ કરે છે. પણ અધર્મનો એક પણ પૈસો એને ખપતો નથી.

જબલપુર જિલ્લાનો એક વેપારી, જબલપુરથી છ માઇલ દૂર આવેલા ગ્વારીઘાટ સ્ટેશને ટ્રેન આવવાની રાહ જોઇ રહ્યો હતો. પાસે સત્તર હજાર રૂપિયાની કડકડતી નોટોની થેલી હતી. હવે જોગાનુજોગ એવું બન્યું કે સામેથી ટ્રેન આવી રહી હતી અને આ ભાઇને તરસ લાગી. આથી થેલીને બાજુમાં મૂકીને પાણી પીવા ગયા. પાણી પીધું ત્યાં તો ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઊભી રહી. ટ્રેનમાં બેસવાની ધમાલમાં નોટોની થેલી પાણીના નળ પાસે એ ભૂલી ગયો. નાનકડું સ્ટેશન એટલે એક જ મિનિટમાં ગાડી ઊપડી. થેલી બાંના એક ખેડૂતના હાથમાં આવી. અંદર જોયું તો રૂપિયાની નોટોનાં બંડલો જ બંડલો. રૂપિયા જોઇને મન તો લલચાયું પણ મનને કહ્યું: 'અલ્યા, અણહક્કનો પૈસો આપણને ન પચે, હો!'

ખેડૂતે એના માલિકની શોધખોળ કરવા આજુબાજુ જોયું, પણ કોઇ કહેતાં કોઇ ન ન હતું. થેલી લઈને ખેડૂત ઘેર ગયો. બીજે દિવસે પાછો ટ્રેન આવવાના સમયે તે સ્ટેશને આવ્યો. પણ કોઇ ન મળ્યું. ત્રીજે દિવસે પણ કોઈ ન મળ્યું. ચોથે દિવસે આખો દિવસ સ્ટેશન ઉપર બેસી રહ્યો. ત્યાં તેણે એક ઉદાસ માણસને બાંકડા ઉપર બેઠેલો જોયો. ખેડૂતે તેની પાસે જઇને પૂછ્યું:

'કેમ ભાઇ, ઉદાસ કેમ જણાવો છો?'

પેલાએ કહ્યું: 'ભાઇ, શું કહું? દુઃખનો તો કોઈ પાર નથી. અને એ દુઃખ કહે કાંઈ મટવાનું નથી. પછી કહેવાનો અર્થ શો?'

'ના, તોપણ કંઇક હશે તો ખરું ને?

'ભાઇ, આજથી ત્રણેક દિવસ પહેલાં હું આ સ્ટેશન ઉપર સત્તર હજાર રૂપિયાની થેલી ભૂલી ગયો છું. ઘરબાર વેચતાંય પૂરું થાય તેમ નથી. એવો તે કોણ હોય કે જેના હાથમાં સત્તર હજાર આવે અને સામો આપવા આવે? હવે શું કરવું એ વિચારમાં જ અહીં બેઠો છું.'

ખેડૂતે વાતવાતમાં બધી વાત જાણી લીધી અને ખાતરી કરી લીધી કે, થેલો આ ભાઇની જ છે. એટલે ધીમે રહીને પોતાના ફાળિયામાં બાંધી રાખેલી થેલી તેના હાથમાં આપતાં કહ્યું: 'ભાઇ, લ્યો આ તમારી થેલી. ત્રણત્રણ દિવસથી હું તમારી શોધમાં જ હતો. તમારા રૂપિયા ગણી લેજો.'

પોતાની થેલી જોતાં જ વેપારીના જીવમાં જીવ આવ્યો. આંખો નાચી ઊઠી અને બોલ્યો: 'ભાઇ, તું તો માણસ નહિં પણ દેવ છે. આવી માતબર રકમ જોતાંય તારું મન લલચાયું નહિ?'

'ભાઇ, ઉપરવાળાની હજી મારા ઉપર એટલી મહેર છે કે મારા હાથપગ સાબૂત

રાખ્યા છે. આ બાવડાના બળે હું મારો રોટલો રળી શકું છું. એ રોટલામાં મને બહુ જ મીઠાશ લાગે છે.'

'ભાઇ તને શું કહું?' આટલું બોલતાં બોલતાં વેપારી ગદ્‌ગદ થઈ ગયો. અને થેલીમાંથી એક હજારનું બંડલ કાઢી એના હાથમાં મૂકતા કહ્યું :

'લો ભાઈ, આટલું હું પ્રેમથી આપું છું.'

'અરે ગાંડાભાઈ, જો મારે લેવા જ હોત તો આ સત્તરેસત્તર હજાર કેમ ના લેત? મારે એમાંથી એક પૈસો પણ ન ખપે.' આટલું કહીને ખેડૂત પોતાનું ફાળીયું માથા પર ગોઠવતો પોતાના ઘર ભણી ચાલી નીકળ્યો. વેપારી તો સજળ નયને ખેડૂતને વંદી રહ્યો.

સમાજમાં પૈસાને બદલે ચારિત્રને મહત્વનું સ્થાન આપવું હશે તો શિક્ષણક્ષેત્રે અતિમહત્વના ફેરફાર કરવા પડશે. કુમળી વયથી જ બાળકોમાં એ સંસ્કારો રેડવા પડશે, કે ચારિત્ર એ જ આપણી અમૂલી મૂડી છે. બાળકો પાસે એવાંએવાં દૃષ્ટાંતો રજૂ કરવાં પડશે કે જેમાં બાળકોને ચારિત્રનું મહત્વ સમજાય.

ખાનદાન ખાનુ મુસા અસલ ઘોરાજીના. જાતે ખોજા. બાળપણમાં ખૂબ જ ગરીબ. મા દળણા દળીને જીવનનિભાવ કરે. નાનો ખાનુ માના કામમાં મદદ કરે. સાથેસાથે ભણે પણ ખરો. સમય મળે ત્યારે કોઇની ખેપ કરે. એ વખતે આજના જેવી ટપાલ નહિ. આથી વેપારીઓ એક ગામથી બીજે ગામ ચિઠ્ઠીઓ મોકલાવે. આ કામને ખેપ કહે. એક ચિઠ્ઠી દીઠ એકાદ આનો મળે.

એક દિવસ બપોરના સમયે ખાનુ એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. રસ્તામાં એણે એક પાકીટ જોયું. અંદર ખોલીને જોયું તો હીરામોતીના દાગીના. પાકીટને પહેરણ તળે સંતાડીને બાજુના ગામના મુખી પાસે આવ્યોઃ 'મોટાભાઇ, રસ્તામાંથી મને આ પાકીટ જડ્યું છે. આ ગામમાંથી કોઈનું ખોવાયું છે?'

'પાકીટમાં છે શું?' મુખીએ પૂછ્યું.

'છે તો હીરામોતીના દાગીના. જેનું ખોવાયું હોય તેને આપી દઇએ.'

'અલ્યા ગાંડા, જેનું ખોવાયું હશે એનું ખરું. આપણે બન્ને સરખે ભાગે વહેંચી લઇએ. કયાં કોઇ જાણવા બેઠું છે?' મુખીએ કહ્યું.

મુખીની ખોરા કોપરા જેવી દાનત જોઈને ખાનુ તો પાકીટ લઇને ત્યાંથી ભાગ્યો અને ગામને ચોરે આવીને બેઠો. બેચાર એકઠા કર્યા અને વાત કરી. ત્યાં તો બેચાર ઘોડેસ્વાર ત્યાં આવી ઊભા રહ્યા અને પૂછ્યું: 'અમારા રાણીસાહેબનું પાકીટ રસ્તામાં પડી ગયું છે કોઈના હાથમાં આવ્યું છે?'

ખાનુ ઊભો થયો અને કહ્યું: 'હા, ચાલો મારી પાસે છે. મને જડ્યું છે.'

ઘોડેસવારો સાથે ખાનુ ગયો અને ખાત્રી કરીને રાણી સાહેબને પાકીટ આપ્યું. રાણીએ પોતાના દાગીના ગણી લીધા અને ઇનામરૂપે કાંઇક આપવા માંડયું ત્યારે ખાનુએ કહ્યું: 'ખાનદાનીનું ઇનામ તો ખુદા આપે છે.'

પંદરસોળ વર્ષની ઉમરે ખાનુ મુંબઇમાં નોકરી માટે ગયો. એક ભલા વેપારીએ પોતાને ત્યાં પેટવરાણિયે નોકરીએ રાખ્યો.

રોજ ને રોજ ખાવાના પૈસા આપે. ખાનુ લોજમાં જઈ ને જમી લે.

આમ ચાર-છ માસ ચાલ્યું. પોતે ખાવામાં થોડા થોડા કાપ મૂકીને સાડાત્રણ રૂપિયા જેવું બચાવ્યું.

એક દિવસ મુંબઈમાં જાહેર હરાજી થતી જોઈ ખાનુ પણ એ જોવા ઉભો રહ્યો. તે વખતે કાનમાં પહેરવાની એક છેલકડીની હરાજી થતી હતી ખાનુને પણ ઉમળકો આવી ગયો અને તેણે પણ બોલવા માંડયું. છેલ્લેછેલ્લા એ સાડાત્રણ રૂપિયા બોલ્યો. હરાજીવાળાએ એક.... બે....ને ત્રણ' કહીને તે છેલકડી ખાનુને આપી. ખાનુ તે લઇને દુકાને આવ્યો અને શેઠને છેલકડી બતાવતાં કહ્યું: 'શેઠ, સાડાત્રણ રૂપિયામાં હરાજીમાંથી આ છેલકડી લીધી.'

'હરાજીમાંથી છેલકડી લીધી, પણ રૂપિયા લાવ્યો કયાંથી ?' શેઠે ગુસ્સે થતાં કહ્યું.

'આપ જમવા જે પૈસા આપો છો એમાંથી થોડાથોડા બચાવીને ભેગા કર્યા હતા.'

'હં....અં....અં સાંભળ, આ તો મુંબઇ છે. હરાજીમાંથી આવુ ને આવું લીધા કરશો તો વહેલાં ઘરભેગા થઇ જવું પડશે, સમજ્યા ?'

શેઠે છેલકડી લઇ લીધી. ખાનુ તો કચવાતો કચવાતો કામે વળગી ગયો. છેલકડીમાં જે નંગ જડયું હતું તે નીલમ જેવું લાગ્યું, આથી શેઠે ઝવેરીને ત્યાં તેનો કસ કઢાવ્યો તો બજારભાવે તેના સાડા સત્તર હજાર રૂપિયા ઊપજ્યા.

શેઠે આ રૂપિયા ખાનુના નામે જમા રાખ્યા. જ્યારે ખાનુ કામમાં પાવરધો થઇ ગયો ત્યારે શેઠે પાસે બોલાવીને કહ્યું: 'ભાઇ ખાનુ, તું હવે હોંશિયાર થઇ ગયો છે. જો તારે જુદો ધંધો કરવો હોય તો તું કરી શકે છે.'

પણ....મારી પાસે વેપાર કરવા જેટલા પૈસા કયાં છે ?' ખાનુએ કહ્યું.

શેઠે છેલકડીવાળી વાત કહી અને કહ્યું: 'તારે નામે સાડાસત્તર હજાર રૂપિયા મારે ત્યાં જમા પડયા છે તે તું લઇ જા અને વેપાર કર.'

ખાનું શેઠને મનોમન વંદી રહ્યો. ખાનુએ એ પૈસામાંથી વેપાર ખેડ્યો. હિન્દુસ્તાનમાં કેરોસીનની સૌપ્રથમ એજન્સી એણે લીધી. એમાંથી એ ખૂબ કમાયો.

જ્યારે તે ઘરડો થયો ત્યારે તે પોતાના વતનમાં રહેવા ગયો. જ્યારેજ્યારે તે સાંજે ફરવા નીકળે ત્યારે પોતાના પહેરણમાં બન્ને ગજવામાં પરચુરણ ભરીને નીકળે. ગરીબોને વહેચતાં એ કહે : લો આ મારું સાડાત્રણ રૂપિયાનું વ્યાજ છે. ખુદાએ આપેલું ખાનદાનીનું ઇનામ છે.'

રાજા રામમોહનરાય ધર્મવિહીન શિક્ષણથી ચિંતામગ્ન બન્યા હતા. ત્યારે ત્યાંની કૉલેજમાં ધાર્મિક શિક્ષણ બિલકુલ અપાતું ન હતું. એક દિવસ એક ભાઇએ આવીને કહ્યું: 'દીવાનજી, આજના શિક્ષણની શી વાત કરું ? એક ભાઇ પહેલાં તો ભગવાનને માનતો હતો. કોલેજમાં ગયા પછી તેની મનોવૃત્તિ બદલાઈ ગઈ. ઈશ્વરને બદલે તે પ્રકૃત્તિમાં આસ્થા રાખનાર બન્યો. હવે તો તે ભગવાનના અવતારોમાં બિલકુલ માનતો નથી.

હવે તો તે પૂરો નાસ્તિક બની ગયો છે. આ બધું હવે ક્યાં જઇને પહોંચશે?'

રાજા રામમોહનરાયે હસીને કહ્યું: 'હવે એમના માટે પશુ બનવાનું બાકી છે.'

આજે સમાજમાં ચારે કોર દૃષ્ટિ નાખતાં પશુતા જ નજરે પડે છે. પૈસા માટે ભાઇ ભાઈનાં ગળાં રહેંશી નાખે છે. પાશવિક વૃત્તિઓએ હવે હદ મૂકી છે.

ચારિત્રની મૂડી એ જ સાચી મૂડી છે. માણસ ગમે તેટલો ધનવાન હોય પણ જો તે પ્રમાણિક ન હોય, તો તેના ઉપર વિશ્વાસ કોણ મૂકે? જેના ઉપર લોકો વિશ્વાસ ન મૂકી શકે એવા માણસની મૂડી એ કાંકરા બરાબર છે.

જેઓની પાસે ચારિત્રની મૂડી છે, તેઓએ પ્રમાણિકતાથી, ઉચ્ચ વિચારોથી અને શુદ્ધ ભાવનાથી જનસમાજમાં એવી પ્રેમહવા પ્રગટાવી હોય છે કે એના એકએક વચન ઉપર લોકો વિશ્વાસ મૂકી શકે છે. એનાં પગલેપગલે ચાલવાનું લોકો ઇચ્છે છે.

બંગાળના કૃષ્ણપાન્તી ધનવાન હોવા છતાં એટલા બધા સાદા રહેતા કે અજાણ્યો માણસ એમ જ ધારે કે આ કોઈ મામૂલી માણસ છે. એક દિવસ તે ગંગાતટે ગયા. ત્યાં કેટલાક વેપારીઓ મછવાઓમાં માલ ભરીભરીને વેચવા આવ્યા હતા.

એક વેપારીને કૃષ્ણપાન્તીએ પૂછ્યું: 'આ માલનો ભાવ શો?' વેપારી તો કૃષ્ણપાન્તીને જોઈ સમજ્યો કે આ કોઈ ગામડિયો છે. મારો માલ ક્યાં લેવાનો છે? એટલે માલની જે કિંમત હતી એના કરતાં કાંઇક ઓછી કહી. એટલે કૃષ્ણપાન્તીએ પૂછ્યું: 'આપની પાસે કેટલો માલ છે?' વેપારીએ એ પણ કહ્યું. કૃષ્ણપાન્તીએ ખિસ્સામાંથી અમૂક રૂપિયા કાઢી બાના પેટે આપ્યા અને ત્યાંથી ચાલ્યા ગયા. જ્યારે તે વેપારીને ખબર પડી કે આ તો ઓડનું ચોડ વેતરાઇ ગયું, એટલે એણે કૃષ્ણપાન્તી પાસે જઇ મીઠીમીઠી ભાષામાં કહ્યું: 'શેઠજી, હું તો આપને ન ઓળખી શક્યો. તમે મારી સાથે જે માલનો સોદો કર્યો તે તો હજી અહી આવ્યો પણ નથી. અને એ માલ આપના લાયક પણ નથી. આ તો તમે છો એટલે સાચું કહું છું બાકી બીજાને તો આ સોદામાં નાહવાનું જ છે.'

કૃષ્ણપાન્તીએ બાનાના રૂપિયા પાછા લીધા અને કહ્યું: 'ભાઇ, આ મારી વાત તો ઠીક છે. પણ વેપારી સાથે માલની વાત થઇ હોય તે જ માલ આપવો એમાં વેપારીની પ્રમાણિકતા છે. આ પ્રમાણે ગેં....ગેં....ફેં....ફેં કરીને સોદો ફોક કરવો એમાં વેપારીની આબરૂ નથી. જો તમારા વેપારમાં પ્રમાણિકતા નહિ હોય, સદ્‌વર્તન નહિ હોય, સત્યશીલતા નહિ હોય તો તમારી દુકાને કયો વેપારી ચડશે? વેપારીનો તો એ આદર્શ હોવો જોઇએ કે નાનું છોકરું આવે કે મોટો વેપારી આવે. હોંશિયાર આવે કે ભલોભોળો ગામડિયો આવે નીતિ તો એક જ હોવી જોઇએ. આપણી દુકાન પર આવેલા કોઇ ઘરાકને એમ ન થવું જોઇએ કે આપણે અહીં છેતરાઇને જઇશું. એમાં જ આપણા વેપારની ઉજ્જવળતા છે.'

આજે તો એ વખત આવ્યો છે કે જ્યાંજ્યાં બુદ્ધિનું પ્રમાણ વધુ ત્યાંત્યાં છળ-

કપટનું પ્રમાણ વધુ. ભલાભોળા ગામડિયાઓને કેમ છેતરવા તે તેઓ સારી રીતે જાણે. એક હું ઢારબજારમાં ગયો હતો. એક ગામડિયો મારી પાસે આવ્યો અને સો રૂપિયાની નોટ બતાવીને પૂછયું: 'ભાઈ આ નોટ સાચી કે ખોટી?'


'કેમ આમ પૂછે છે. નોટ તો સાચી છે.' મેં કહ્યું.

'ભાઇ, આ તો દૂધનો દાઝયો છાશ ફૂંકીને પીવે એના જેવો ઘાટ થયો છે. આ ચાર-છ મહિના પહેલાં હું મારો વાછડો પૂરા એકસો ને દશમાં વેચી ગયેલો. એમાં એકસોની નોટ આવી અને બીજી દશની. એમાં જે સોની નોટ હતી તે સરકારે રદ કરેલી હતી. હું વટાવવા અહીંતહીં ફર્યો. પણ મને કોઇએ દાદ ન આપી. બેંકમાં ગયો ત્યાંથી મને જવાબ મળ્યો: 'પટેલ, છાનામાના નોટ બિસ્સામાં મૂકી દો. નહિતર હમણાં પોલીસને હવાલે થઈ જશો. આ નોટ તો બિલકુલ બનાવટી છે. આપણી સરકારે રદ બાતલ કરી છે. સમજ્યા ભાઇ. તે દિ'નો હું ચાર માણસને બતાવીને નોટ લઉં છું.'

હું તો એ ભલાભોળા ગામડિયાની વાત સાંભળીને ઘા ખાઇ ગયો. ભગવાને માણસને બુદ્ધિ તો સદ્‌વર્તન માટે આપી છે. પણ આજે એનો ઉપયોગ અવળા રસ્તે થઈ રહ્યો છે. આની આ જ બુદ્ધિનો સદુપયોગ થાય તો સહારાના રણમાં વૃન્દાવન સરજી શકાય. એક ભાઇએ વાતવાતમાં સર વૉલ્ટર સ્કોટને કહ્યું: 'વિદ્વાનોને ઘણું માન ઘટે છે?'

સ્કોટે વિનય સાથે કહ્યું: 'હું તમારી વાતમાં સહમત થતો નથી તમે કહો છો તેમ એ માનને લાયક હોત તો જે ભણેલો વર્ગ સિફતભરી રીતે લોકોની સાથે છેતરપિંડી કરે છે એવું ન હોત. વિદ્વાનો પોતાની બુદ્ધિ પોતાના સ્વાર્થ અર્થે જ્યારે વાપરે છે. આના લીધે ચારે બાજુ દુઃખદ પ્રસંગો જ ઊભા થાય છે. હું તો એમ કહું છું કે વિદ્વાનો કરતાં ભલાભોળા ગામડિયા અવસરે વધારે માનને લાયક છે. કારણ કે એમના પ્રત્યેક કર્મમાં નરી નિર્દોષતા નીતરતી હોય છે. એમના શબ્દેશબ્દે નર્યો પ્રેમ ટપકે છે!

આપણે પણ ચારિત્રથી, પ્રમાણિકતાથી અને સુભાવનાઓથી એક-બીજાનું કલ્યાણ વાંછી શકીએ છીએ. પગથિયેપગથિયે પગ મૂકતાં જ શિખર પર પહોંચાય છે. આપણે ભલે ગમે તેવું કામ કરતા હોઇએ પણ આપણને જે કામ મળ્યું તેને પૂરી નિષ્ઠાથી કરીએ, પૂરી વફાદારીથી કરીએ તો જ આપણું જીવ્યું સાર્થક છે.



મનને વશ રાખતા શીખો !

શ્રી એન. બી. શાહ—ભરૂચ.

માનવે વિજય મેળવવા જેવો હોય તો મન ઉપર. મનને જીતવાથી સંસાર જીતી જવાય છે; માટે જે આલંબન, વ્યવહાર તથા પ્રવૃત્તિઓ નિરંતર શુભ રાખવી કે જેથી મનને અશુભ વિચારોનું ભાથું ન મળે; મનની ભાવના તથા સ્વાર્થને વશ મનના વિચારો અશુભ થશે તેનું પરિણામ પણ વાતાવરણમાં કેવું જાગે છે, તે સમજવા માટે આ લૌકિક દૃષ્ટાંત જરૂર વિચારવા જેવું છે. લેખક 'કલ્યાણ' પ્રત્યેના આત્મીયભાવે અવારનવાર 'કલ્યાણ' માટે લેખો મોકલે છે.

કોઇ એક ગામમાં બે વહેપારી રહે. એકને ઘીનો વેપાર અને બીજાને ચામડાનો. ઘીના વેપારીનું નામ મંગુભાઇ અને ચામડાના વેપારીનું નામ હતું ચંગુભાઇ.

આ ચંગુ અને મંગુ બંને જીગરજાન દોસ્ત. વેપારમાં કે વ્યવહારમાં, બજારમાં કે રાજદરબારમાં, ગામ કે પરગામ જ્યાં જાય ત્યાં બંને જણા સાથે ને સાથે. બંનેને એકબીજા વિના ચાલે જ નહિ.

એક દિવસે ચંગુભાઇને મંગુભાઇએ કહ્યું કે; 'ભાઇ લગ્નગાળો નજીક આવે છે એટલે આવતીકાલે ઘીની ખરીદી માટે મારે બહારગામ જવાનું છે.' 'ભલે ભલે તો હું પણ તૈયાર જ છું.' ચંગુભાઇએ કહ્યું.'

લગ્નમાં ઘીની જરૂર પડશે અને વરકન્યા કે તેનાં સગાંવહાલા શું ઉઘાડે પગે ફરશે? એ વખતે તો આપણા બંનેનો માલ ઝપાટાબંધ ઉપડી જશે, અને જો ભાઈ! બહારગામનું કામ છે માટે એકથી બે ભલા આમ કહીને ચંગુભાઈ પણ તૈયાર થઇ ગયા

બીજે દિવસે દિવસ ઉગતાં પહેલાં બંને ભાઇબંધ માલ ખરીદવા, ચાલી નીકળ્યા. આ વાત જે જમાનાની છે તે જમાનામાં રેલ્વે-મોટરબસ જેવાં ઝડપી રીતે પહોંચાડનારાં સાધનો હતાં નહિ. એટલે બંને જણા વાતોના ગપાટા મારતા જાય છે, અને ગુડીયા વેલથી રસ્તો કાપતા જાય છે સૂરજ આથમવાના લગભગ ટાઇમે તેઓ એક નાનકડા ગામના પાદરમાં કુવા કાંઠે આવી પહોંચ્યા. જોયું તો એક સ્ત્રી પાણી ભરીને ઘર તરફ જવાની તૈયારી કરી રહી છે. તેની પાસે જઈને મંગુભાઇએ પૂછ્યું.

'બ્હેન! આ ગામમાં અમારે એક રાત્રી રોકાવું છે. તો રાતવાસો રહેવાય તેવું કોઇ સારૂં ઠેકાણું બતાવશો?

'ભાઇ તમને વાંધો ન હોય તો મારે ત્યાં ચાલો. પેલી પાણી ભરનારી બ્હેને કહ્યું.'

'બહુ સારૂ બ્હેન!' આમ કહી બંને જણા તે બ્હેનની પાછળ પાછળ ચાલતા થયા.

ઘેર આવીને પેલી બ્હેને તો આ બંને જણને આરામ કરવા ખાટલા ઢાળી આપ્યા, અને હાથપગ ધોવા માટે પાણીના લોટા ભરી આપ્યા. બ્હેનની સરભરાથી બંને ખૂશખૂશ થઇ ગયા. (ક્યાં ગયો આ ભૂતકાળ? આજે તો, ઓળખીતો મહેમાન આવે તો પણ કાળ જેવો લાગે ત્યાં અણઓળખીતા માણસોને આ જાતની સરભરા આજે કેટલા કરશે? ખરેખર આજે તો મનની મીઠાશ ગઇ છે. સ્વાર્થીભાઇના હેત ઓસરી ગયાં છે. ખરેખર દુષમ કાળનો જ આ પ્રભાવ છે ને?)

થોડીવારમાં તો પેલી બ્હેને આડીઅવળી વાતો કરી તેમના નામ-ઠામ-ગામ અને સગાંવ્હાલાં, ધંધોરોજગાર વગેરે બધું જાણી લઈને પોતાની સગી બ્હેન હોય તેવો તેણીએ ભાસ કરાવી દીધો.

બીજે દિવસે રસોઇ તૈયાર થતાં બંનેને જમવા બોલાવ્યા. મંગુભાઈને ચોકામાં જમવા બેસાડ્યા અને

ચંગુભાઇને ચોકાની બહાર જમવા બેસાડયા. આથી બંનેના મગજમાં જરા આંચકો તો લાગી ગયો. વિચાર કરતાં તેમણે મનોમન એવો તર્ક કરી લીધો કે, 'બ્હેન ધર્મ પરાયણ અને આચાર મર્યાદાવાળી હોવાથી આમ કર્યું લાગે છે.'

બ્હેને તો બંને જણને અવનવી વાતો દ્વારા આનંદ કરાવતાં કરાવતાં આગ્રહ કરી કરીને એવા તો જમાડયા કે તેમને આ બ્હેનની, મહેમાનગીરી જીંદગી સુધી કદી ભૂલાય જ નહીં.

બ્હેલી સવારે ઉઠીને બંનેએ તે બ્હેન પાસે બીજે ગામ જવા રજા માંગી, ત્યારે તે બ્હેને વળતી વખતે પોતાને ત્યાં જમીને જવાનું વચન લીધા પછી જ તેમને રાજીખુશીથી રજા આપી.

કેટલાક દિવસ બાદ ! પાછા ફરતાં તે બંને જણા આ બ્હેનના પાછા મહેમાન બન્યા. જમવાનો સમય થતાં બ્હેને કહ્યું; 'ચંગુભાઇ તમે આ ચોકામાં જમવા બેસો અને મંગુભાઇ તમે ગયા વખતે ચંગુભાઇ જ્યાં બેઠા હતા ત્યાં જમવા બેસો.' એ પ્રમાણે બ્હેનનો હુકમ સાંભળીને બંને જણા આભાજ બની ગયા.

મંગુભાઈનું માથું ઘૂમવા લાગ્યું તેણે મનોમન વિચાર કર્યો કે ગઇકાલની વાત તો ઠીક કે ચગુને ચામડાનો વેપાર એટલે તેને ચોકા બહાર બેસાડેલો પણ આજે તેને ચોકામાં અને મને બહાર બેસાડવામાં શું પ્રયોજન હશે ?'

ચંગુભાઈ તો મઝાના કંસારના કોળીયા ઝાપટવા લાગ્યો પણ મંગુભાઈના હાથમાં લીધેલો કોળીયો એમને એમ સ્થીર છે.

'શું વિચાર કરો છો મંગુભાઇ ! જમવા માંડો. બ્હેનનો આદેશ થતા તેમને બે ટું ન લાગે તે માટે મંગુભાઇએ ઉંચા મને જેમ તેમ જમી લીધું. બંને જમીને ઉઠ્યા એટલે તેમના બેઠકના ખંડમાં પાન–સોપારી ઇ. મુખવાસની રકાબી મુકીને બ્હેન તો રસોડામાં જમવા ચાલ્યાં ગયાં.

જમીને આવીને જુએ છે તો ચંગુ તો ખુશમીજાજમાં પાન ચાવતો ચાવતો, ખાટલામાં આડે પડખે પડયો છે. જ્યારે મંગુ બિચારો વિચારોના વમળમાં, ચક્કેલ મગજ જેવો વિચારમગ્ન સ્થિતિમાં દીવેલ પીધા જેવું શોગીયું મુખ કરીને લમણે હાથ દઇને ખાટલામાં બેઠો છે.

'બ્હેને પૂછ્યું, 'મંગુભાઇ ! તમે આજે આમ ઉદાસ કેમ થઇને બેઠા છો ? શું જમવામાં મઝા ન પડી ! કે રસોઇ બરાબર ન હતી ?'


'એ શું બોલ્યાં બ્હેન ! રસોઇ તો ઘણી સરસ આપે બનાવી હતી પણ એક વાત દીલમાં ઘોળાયા કરે છે. તે વાતનો આપ ખુલાશો કરશો ?'

'શું વાત છે ! ખુશીથી મને જણાવો તેમાં જરાય મુંઝાશો નહીં' બ્હેને કહ્યું;

પહેલી વખતે મંગુને ચોકા બહાર જમવા બેસાડયો હતો તે તો જાણે ઠીક પણ આજે મને તેની જગ્યાએ બેસાડવાનું શું કારણ ? મંગુએ પોતાના દીલમાં ઘોળાતી વાત કહી દીધી.'

બ્હેને કહ્યું ભાઇ 'જેવી ભાવના તેવી સિદ્ધી' એમાં હું ન સમજ્યો જરા સ્પષ્ટતા કરો મંગુએ કહ્યું.

'જુઓ ભાઈ ! વાત જાણે એમ છે કે, તમારા બંનેના વેપાર જુદા છે. તેમ તેને લગતા તમારા વિચારો પણ જુદાજુદા હોય તે પણ સ્વભાવિક છે. ગઈકાલે તમે બંને જણા અહિ આવ્યા ત્યારે તમારા મગજમાં ઘીની ખરીદીના જ વિચારો હતા. કે, જે ગામમાં દુઝાળાં પુષ્કર હોય ગાયો તંદુરસ્ત અને ઋષ્ટપુષ્ટ હોય, તો આપણને સસ્તા ભાવે ઘી મળી શકે. આ ભાવના તમારી ઉત્તમ હોવાથી તમને મેં ચોકામાં જમવા બેસાડેલા. અને તે વખતે ચંગુભાઇની ભાવના એવી હતી કે, પશુઓમાં, રોગચાળો ફેલાય તો ચામડાં સસ્તે ભાવે મળે. આ તેમની ભાવના અધમ હોવાથી તેમનેં મેં ચોકા બહાર બેસાડ્યા હતા. પરંતુ આજે તમારી બંનેની ભાવનામાં ઉલ્ટું પરીવર્તન થઈ ગયું છે. તમે વિચાર કરો છો કે હવે દુઝણા ઢોરોમાં રોગચાળો ફાટી નીકળે અને ઢોરોનાં વધારે મરણ થાય તો મેં ખરીદેલ ઘીના ભાવ વધી જાય ને મને સારો નફો થાય. જ્યારે મંગુભાઈના



વચનમાં અમૃતકુંભ વસે છે, ને વચનમાં લાવારસ પણ વસે છે; એ હકીકતને રૂપકપણે સમજાવતો આ લેખ પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વમાં વચન દ્વારા થતા કલેશોને શમાવવા માટેની પ્રેરણા આપે છે.

માનવ!

તારી ઇચ્છા એ જ રહે છે ને 'મને કોઇ કટુ-શબ્દ ન કહે, મને સૌ મીઠા, પ્રેમભર્યા આદરસૂચક શબ્દોથી જ બોલાવે, મારૂં કોઈ અપમાન ન કરે.'

તારી અભિલાષા એ જ રહે છે ને 'મારી વાત સૌ કોઇ માને, મારા વિચારોનો કોઇ વિરોધ ન કરે, મારી મનોભિલાષા પૂર્ણ થતી રહે, હું ચાહું તે થવું જોઇએ.'

તારા મનમન્દિરમાં હમેશાં એ જ વિચારો હિલોળા મારતા રહે છે ને કે મારે કોની ગરજ? હું કોઇના બંધનમાં શા માટે રહું? હું શા માટે સ્વતંત્રતાથી જીવન યાપન ન કરૂં? હું કોઇનો પણ ઓશિયાળો કેમ બનું?

'તારા દિલમાં એજ ઉર્મિઓ ઉછાળા મારી રહી છે ને કે હું એટલે હું જ. કોણ માટી જાયો છે કે જે મને પહોંચી શકે? હું ધારૂં તે કરી શકું.

ભાઇ મારા!

આવું બધું ઇચ્છવું છે, અભિલાષાઓ સેવવી છે, વગર પાયાના કાચા પુલો વિચારોના બાંધવા છે અને મૃગતૃષ્ણા જેવી ઉર્મિઓનો દેખાવ માત્ર કરવો છે. અને એટલા માત્રથી તારે તારો જુસ્સો અને જીવાળ મઢી દેવા છે બીજાના માથે શું. આ યોગ્ય છે?

આનો જ સાચો ઉત્તર અંતર આત્માને પૂછજે.

આરીસો સામે મૂકીશ કે તને તારૂં મોહું દેખાશે.

એવા વિચાર છે કે, હવે પશુઓમાં રોગચાળો ન ફેલાય અને ઢોરો તંદુરસ્ત રહે તો ચામડાંની વધારાની આવક બંધ થતાં મેં ખરીદેલ ચામડાનો ભાવ સારો ઉપજે અને નફો સારો થાય. તેમની આવી ભાવના થવાથી મેં તેમને ચોકામાં બેસાડેલા. માટે ભાઇ!

'જેવી ભાવના તેવી સિદ્ધિ'

આટલા ખુલાસા પછી મંગુભાઇને પોતાના ખરાબ વિચારો ઉપર ઘણો પશ્ચાત્તાપ થયો. અને તે મનોવિજ્ઞાની વિદુષી બ્હેનનો આભાર માનીને બંને ભાઇબંધો તે ગામથી વિદાય થઈને પોતાને ગામ આવી પહોંચ્યા.

આ લૌકિક કથામાંથી આપણને ઘણું ઘણું સમજવા જેવું છે. આપણી મનોભાવના ધન કમાવા માટે કયા કયા સમયે કેવી કેવી ગડમથલ કરે છે. તેના ઉપરથી, કેવાં કેવાં ખરાબ કર્મોનો બંધ પડે. માટે મનને હંમેશાં શુભ વિચારોમાં જોડી રાખવા માટે દરેક કલ્યાણવાંછુ આત્માઓએ પ્રયત્નશીલ બનવું. જ્ઞાનીઓ કહે છે કે, 'મન એજ કર્મોના બંધ અને મોક્ષનું કારણ છે.' આનંદઘનજી મહારાજે એક સ્તવનમાં ફરમાવેલું છે કે, 'મન જીત્યું તેણે સઘળું જીત્યું'. બસ આ ટૂંકા અને ટચ વાક્યમાં પૂજ્ય મહારાજે સમગ્ર શાસ્ત્રોનો સાર રજુ કરી દીધો છે. એમ કહીએ તો તે જરા પણ ખોટું નથી. માટે સુખ-શાંતિ અને આબાદીભર્યા અજરામર સ્થાનને મેળવવા માટે આપણે સહુએ મન મર્કટને વશ નહિ બનતાં તેને વશ બનાવવા સહુ પ્રયત્નશીલ બનીએ એ જ એક શુભ ભાવના.



અંતરના આરીસામાં થોડીવાર લઢજો, તેમાં પણ તને કંઇક અવનવું દેખાશે.

આળશના લીધે આરીસા ઉપર રજ ચોંટી જવા સંભવ છે તેને કપડાના આર્દ્ર કરેલા ટુકડાવતી સાફ કરાય છે.

તેવી જ રીતે અંતર ઉપર પણ પ્રમાદના પ્રસંગથી કયારેક કયારેક તમોગુણનો કચરો ચોંટી જાય છે. એને દૂર કરવા સહુથી પહેલાં સત્ત્વગુણની અંજલી ભરી તેના ઉપર છાંટશે અને પછી શમગુણના કપડા વડે લુંછી નાંખજો.

તારૂં પ્રતિબિંબ થવા માંડશે.

કઇ જગ્યાએ કેવા પ્રકારના ડાઘ લાગેલા છે તેનું 'એક્ષરે' કરાવ્યા પછી કચકડાની પ્લેટ ઉપરથી સાધારણ રીતે સરળતાથી દેખી શકાય છે, તેમ જ્યારે અંતરની પ્લેટ ધોવાઈ જશે, લુંછાઈ જશે ત્યારે કંઇક દેખી શકાશે કે શુદ્ધ અંત કરણમાં કયા પ્રકારનો કેવો ડાઘ લાગેલો છે? કે જેના કારણે મારી સંગીન સ્થિતિ થઇ શકતી નથી.

દેખવા મંડીશ તો દેખાશે.

પછી સહાયના માટે એ ડાઘને તૂં લુંછી નાખજે. જો જે તેના પ્રત્યે મોહિત ન થતો.

હાં, તો જીવનસાથી માનવ!

તારી ઇચ્છા જે પ્રમાણે છે તે પ્રમાણે તું કંઇ કરે છે કે પછી ફોગટ બધુંય પાણીના પરપોટા જેવું ક્ષણિક.

તું તો કોઇને કટુશબ્દ નથી કહેતો?

તું તો દરેકને મધુર શબ્દથી આલાપે છે?

તારી જિહ્વાથી તો દરેકના માટે પ્રેમભર્યા સન્માન સૂચક શબ્દો નીકળે છે ને?

તારાથી તો કોઇનું અપમાન નથી થતું અથવા કોઇનું દિલ તો નથી દુઃખાવાતું?

જો, આમાંથી કંઇક પણ કરે છે તો નક્કી હકીકત છે કે તારી ઇચ્છાઓ નિરર્થક સાબીત થવાની.

વાણી વિલાસ લાવારસનું રૂપ પણ લઇ શકે જે જીવતાને બાળીને રાખ કરે!

અને વાણી વિલાસ અમૃત કુંભનું કામ કરે જે બળતાને શાન્તિ પ્રદાન કરે.

વિચારવાનું તારે છે કે મારી વાણીમાં લાવારસ છે કે અમૃતસિંધુ!

શું તું તો દરેકની વાત ઉપર વિચાર કરે છે ને? યોગ્ય અને ઉચિત દરેકના વિચારોમાં સહમત થાય છે ને? તું તો કોઇનો વિરોધ નથી કરતો ને? બીજા કરે એમાં તું પણ સહાયભૂત થાય છે ને?

જો આમાંથી કંઇ પણ ન હોય અને પોતાની ઇચ્છાઓની પૂર્તિ જ થવી જોઇએ તો આ વાત પણ વ્યર્થ સિદ્ધ થશે.

મારે કોની ગરજ? આ કહેતાં પહેલાં એ નથી વિચારતો કે—

તારી કોને ગરજ?

અને તારા બંધનમાં પણ રહેશે કોણ? જ્યારે તારે સ્વતંત્ર રહેવું છે.

તારો ઓશિયાળો પણ કોણ છે દુનિયામાં? જ્યારે તારે પરવા નથી કોઇની તો?

'લાખો ક્રોડો આવ્યા અને ગયા, જેમના વગર પાંદડું પણ નહોતું હલતું એમને પણ વિદાય લેવી પડી.

'જેમના સિંહનાદે પૃથ્વી કંપાયમાન થઇ જતી તે પણ પાદરે જઇને પોઢયા.

'જેમની એક હાકે પર્વતો ડોલી ઉઠતા તે પણ સદાના માટે સૂઈ ગયા.

તો બોલ!

હવે તું કઇ ગણત્રીમાં?

કર્યો છે કયારે વિચાર? કે પછી મૂઢ બનીને જ આ લાખેણા માનવ જીવનને વેડફી નાંખ્યું છે?

વિચાર અને વાણીમાં સરોવરની નિર્મળતા છે અને ગટરની મલીનતા પણ છે.

જો તારામાં તુચ્છ વિચાર અને તોછડી વાણી છે તો સમજજે હજુ ગટરના જેવું જીવન છે તારૂં, અને

ઉચ્ચ અને ઊંચી વાણી વદી શકાય જ્યારે ત્યારે જ જાણજે તું સરોવરની નિર્મળતા મેળવી શકાઇ છે જીવનમાં !

તને થાય છે કે મારાથી મોટું કોણ ?

તું બોલી નાંખે છે 'હું ધારું તે કરું'.

આવી નાહકની અભિમાનથી ઓતપ્રોત ઉર્મિઓ તને ઊંચે લઇ જઈ નીચે નાંખશે.

જો તારો પોતાનો ખ્યાલ નહિ કરે તો ?

દુનિયામાં કોઇ કોઈનાથી નથી મોટું નથી નાનું. આત્મદૃષ્ટિએ બધાય સરખા છે. જીવનગુણની દૃષ્ટિએ ભેદ પડે છે નાના મોટાના.

ઉર્મિઓ (તરંગો) નાના ખાબોચિયામાં પણ હવા જોરથી ચાલે ત્યારે દેખાય છે પરંતુ કશાય કામની નહિ. ગંભીરતા વગરની તે.

અને સમુદ્રમાં પણ હિલોળા લેતી નજરે પડે છે. છતાં ગંભીરતા સહિત.

ભાઇ !

તારા દિલમાં જો વ્યર્થની અહંભાવના છે તો સમજી લે જે કે એ પેલા ખાબોચિયાની અને તારા દિલની ઊર્મિઓ સરખી જ છે.

પરંતુ વિનયભાવ યુક્ત સદ્વિચાર અને સદ્વાણીની ઉર્મિઓ હિલોળા મારતી હોય તો માનવું રહ્યું કે એ ઉર્મિઓ ગંભીર જળનિધની છે, જે પોતાની મર્યાદા વટ વીને કયાંય જવાની નથી.

જેવી અન્યની તારા પ્રત્યે વૃત્તિ હોવી જોઇએ તેવી વૃત્તિ તારે બીજા પ્રત્યે પહેલાં દાખવવી જોઇએ.

તારે તો બીજાને કડવું ઝેર પીવરાવવું છે અને બદલામાં અમૃત લેવું છે.

તારે જેમ ફાવે તેમ શબ્દબાણોથી બીજાનું હૃદય વીંધી નાખવું છે અને વળતરમાં એનો પ્રેમ સંપાદન કરવાની કામના રાખવી છે.

આવું બને ખરું ?

જાગ, ભોળા માનવ જાગ !

જ્ઞાની ભગવંતો વારંવાર કહી ગયા કે

'તારી વાણી તારા માટે શાસ્ત્ર છે અને શસ્ત્ર પણ છે. શાસ્ત્ર સ્વરૂપ બનેલી વાણી તારશે અને શસ્ત્રરૂપ બનેલ વાણી મારશે. જન્મ જન્માંતરમાં રખડાવશે.

'તારી વાણી, વિચારો જ તને ઊંચે લઇ જશે અને ભોંયતળીએ પણ ઢસડી જશે.

'તારી ઊર્મિઓ જ તને યોગ્ય બનાવશે અથવા અયોગ્ય પુરવાર કરશે.

'તારી અભિલાષાઓ તને સર્વસ્વ અપાવશે અને એ જ ઘરઘરનો ભિખારી પણ બનાવશે.

'મર્યાદા, હદ વગરનો વચન વ્યવહાર તને ક્લેશ કરાવશે અને મર્યાદામાં રહી વચન નિકાળીશ તો એ જ તારી મહાનતાને સિદ્ધ કરશે.

'વચનથી જ માર પડે અને વચનથી જ કામ થાય'

પણ એ જુદા જુદા, એ ભેદને સમજજે તું.

વિવેકની પારાશીશી હાથમાં રાખજે, ભેદ સમજવામાં સરળતા રહેશે.

કેમ કે જ્ઞાનીઓ કહે છે.

વચન મારે અને વચન તારે.

ઉપકરણ તેમજ ઉજમણાનો સામાન.

દેરાસરમાં વપરાતી દરેક ચીજો, પૂ. સાધુ સાધ્વીજીઓને વહોરાવવા લાયક દરેક ઉપકરણ ઉજમણા નો તેમજ શાન્તિસ્નાત્રનો સામાન વગેરે ચીજો શુદ્ધ અને ચોકખી વ્યાજબી ભાવથી છુટક તથા જથ્થાબંધ મલશે માટે એક વખત મંગાવી ખાત્રી કરશોજી.

નકલી કેસર: ઉકળતા પાણી ભરેલા ગ્લાસમાં નાંખવાથી તળીએ બેસી જાય તે નકલી જ હોય અને હથેલીમાં ઘસવાથી રંગ આવે જ નહિ.

ચાંદીના વરખ:-ટુકડો લઇ મશળો કાળાશ આવી જાય તો તે સીસાનો જ છે. થોકડી ચોરસ ૧૬ પાનાની આવે છે.

પીળો બરાસ:-રંગ ચઢાવેલો આવે છે.

બાદલું:-ટીપવાથી કડક વધારે હોય તો તાંબુ મીકસ કરેલું હોય છે.


વાસક્ષેપ: લુગડા પર રંગ બેસી જાય તે અખીલ અને લાકડાના વેરનો બને છે. આ રીતે દગો થાય છે તો ખરીદતાં પહેલાં ધ્યાન રાખો.

સ્થળ:- શ્રી જૈન ઉપકરણ ભંડાર.

ઠે. કાલુપુર : જ્ઞાનમંદિર નીચે : અમદાવાદ-૧

ચૂકો ચાકરી

કલિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની પુનિત પ્રેરણાથી પરમાર્હત શ્રી કુમારપાળ ભૂપાળે શ્રી સિદ્ધગીરિજીનો છ'રી પાળતો સંઘ ભારે દબદબા પૂર્વક કાઢયો હતો. શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન કરી સૌને અપૂર્વ આલ્હાદ અને આનંદ થયો હતો. વિશાળ પરિવાર સાથે પૂજનીય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે



ચૈત્યવંદનની શરૂઆત કરી અને મહાકવિ શ્રી ધનપાળ વિરચિત શ્રી ઋષભ પંચાશિકાના કાવ્યો ઉચ્ચાર્યા. આ કાવ્યો શ્રવણ કરતાં મહારાજા કુમારપાળને ભારે આશ્ચર્ય થયું. તે વખતે મહારાજા કુમારપાળે શ્રી હેમચંદ્રાચાર્યને વિનંતી કરી કે, ગુરુદેવ! શું આપનાં રચેલાં કાવ્યો નથી કે જેથી શ્રી ધનપાલ કવિના કાવ્યો બોલો છો? મહારાજા કુમારપાળના પ્રશ્નના ઉત્તરમાં શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે બરોબર ભલ-ભલાના રૂંવાડા ખડા કરી દે તેવા બોધપાત્ર હતા. તેઓશ્રીએ કહ્યું કે:-

કવિ શ્રી ઋષભદાસ વિરચિત કુમારપાળ રાસમાં આ વિષયને લગતી અનેક પંક્તિઓ દ્વારા એ બતાવવામાં આવ્યું છે કે-શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાએ પોતાની કેટલી લઘુતા બતાવી છે. અને એક શ્રમણોપાસક કવિ ધનપાળના કાવ્યોની કેટકેટલી પ્રશસ્તિ-સ્તુતિ ગાઈ છે.

સ્વપર શાસ્ત્ર નિષ્ણાત-પ્રકાંડ વિદ્વાન-કુમારપાળ નરેશ પ્રતિબોધક-સાડાત્રણ ક્રોડ શ્લોકના નિર્માતા આવા એક મહાન જૈનાચાર્ય એક ગૃહસ્થ કવિના આટ આટલા ગુણગાન કરે અને પોતાની લઘુતા દર્શાવે આ વસ્તુ

એમ બતાવી આપે છે કે, એ મહાપુરુષમાં ગુણાનુરાગ કેટકેટલો ઠાંસી ઠાંસીને ભર્યો હતો. મહારાજા કુમારપાળ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના ઉપર્યુક્ત વચનો શ્રવણ કરી ખૂબ જ પ્રભાવિત થયા હતા, અને તેઓશ્રીનાં પુનઃ ગુણગાન ગાવા લાગ્યા.

શ્રી કુમારપાળ રાજા કહે છે કે—

કુમારપાળ કહઇ જસ ગુણ ઘણા
તે ગુણ બોલાઇ અવરાતણાં
જે ગુણ હીણુ પ્રાંહિ હોય
પર કીરતિન કરઇ સોય
પરના ગુણ ગ્રહી હેમ સૂરિંદ
પોતાના ગુણ પાડઇ મંદ
સાકર કહે હું મીઠી નહીં
પણ તે છાની ન રહઇ કહીં
ચંદન ઉષ્ણ પણું જો ભજઈ
તે હઇ લોક તેહ નઇ નવિત જઇ
ચંદન ઉષ્ણ પણું જો ભજઇ
તે હઇ લોક તેહ નઇ નવિ તજઇ
અમૃત કહે મુજમાં કઠઆસ
તો હઇ લોક ન છંડઇ તાસ
તિમ મુનિ હેમસુરિંદ જતિ
મુખ કહઇ મુજમાં ગુણ નથી.
ગિરૂઆ એહના એહ સભાવ
વરસઇ જલ નીચો થઈ આભ
એણે વચને જાણ્યો મહામતિ
હેમ સમો નહિ દુજો જતિ
પરતગિ જયું ચાલી સરસતિ
જેહમાં દોષ ન દેખઈ રતિ.

વાત સાચી જ છે—

પર ગુણ પરમાણુન્ પર્વતી કૃત્ય નિત્યં
નિજહૃદિવિકસન્તઃ સન્તિ સન્તઃ કિયન્તઃ ॥

× × ×

નાગુણી ગુણનંવેત્તિ ગુણી ગુણિષુ મત્સરી
ગુણીચ ગુણરાગીચ સરલો વિરલો જનઃ ॥

બીજાના નાના સરખા ગુણને મહાન બતાવવો અને પોતાની જાતને લઘુ બતાવવી એ અત્યંત દુષ્કર કાર્ય છે. મોટા ભાગે ગુણગાન ઇર્ષ્યા અસૂયા અને અદેખાઇ દેખા દે છે. ગુણગાન હોય અને ગુણના રાગી હોય એવા આત્માઓ આ વિશ્વમાં વિરલ હોય છે. પ્રમોદ ભાવના આપણને એ જ પ્રેરણા આપે છે કે 'गुणिषु प्रमोदः' ગુણી–ગુણવાનને નિરખી પ્રમુદિત બનો હર્ષ પામો, એની પ્રશંસા કરો અને એના ગુણગાન કરો. ગુણી જનના ગુણગાન કરવા એ જ ગુણી–મહાન બનાવાનો મહાપથ છે.

(અનુસંધાન પાન ૩૯૨ નું ચાલુ)

વિશાળ દિગમ્બરોની ધર્મશાળાઓ તથા બે થી ત્રણ મંદિરો પણ આવેલ છે, ગિરિરાજ ચડતાં જે દિગમ્બર મંદિર આવે છે. તેમાં ૨૪ તીર્થંકરોની મૂર્તિઓવાળી દહેરીઓ છે અને એક મોટી કાઉસગ્ગ મુદ્રાએ બાહુબલીજીની મૂર્તિ છે. ગામની ધર્મશાળામાં જે મંદિર છે કે જેની ભીંતો ઉપર સોનેરી અને સુંદર અક્ષરોએ ભક્તામર તથા કલ્યાણ મંદિર સ્તોત્ર લખેલ છે.

એકંદરે જોતાં આખાય ગિરિરાજની બંને બાજુએ જંગલ તથા ખીણો આવેલ છે. તેથી જાત જાતનો ઔષધિઓ વિશેષતઃ હરડે વગેરે ખૂબજ સસ્તી મળે છે. મધુવનથી ગીરડીહ જતાં રસ્તામાં ઋજુવાલિકા નદી આવે છે, જ્યાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિ ભગવાનને તે નદી કિનારે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. હાલ તે જગ્યા ઉપર એક વિશાળ અને સુંદર મંદિર તથા ધર્મશાળા આવેલ છે.

વિશેષતઃ આ આખાય દેશનાં જેટલા વખાણ કરીએ તેટલા ઓછા જ કહેવાય. પ્રભુની કલ્યાણ ભૂમિઓનો પ્રભાવ કોઈ ઓર છે!

"સુખની જડ તાત્વિક સમજમાં છે"

શ્રી ધીરજલાલ વીઠલદાસ
બગડીયા-બોટાદ.

મોહગ્રસ્ત માનવજગત્ સુખ મેળવવાના પ્રયાસમાં ચોમેર ફાંફાં દેઇ રહ્યું છે, એને તેનું પરિણામ. અવળું મળવા છતાં, શાંતિથી વિચાર કરવા અટકતું પણ નથી, પરંતુ તે પ્રત્યે વિચાર કરતાં સુખની પ્રાપ્તિ નહિ થવાના પાયાના કારણો પૈકીમાંનું એક કારણ એ રહેલું છે જે જ્ઞાન ચક્ષુહીન અજ્ઞાની જીવોની ઓળખ, ક્ષણિક સુખ માટેની કૃત્રિમ વસ્તુની કૃત્રિમ ઓળખ જ થયેલી છે, અને તેથી જ સાચી વસ્તુની પ્રાપ્તિથી વંચિત રહેલ છે. પ્રથમ તો માનવીને પોતાની જ સાચી ઓળખ થયેલ નથી, અને જે પોતાને સારી રીતે ઓળખે છે તે જ જગતને સાચી રીતે ઓળખે છે અને જે જગતને સાચી રીતે ઓળખે છે તે જ પોતાને સાચી રીતે ઓળખી શકે છે, અને તેથી જ પોતાની સાચી ઓળખ પામીને, પૂર્વના સમ્યગ્જ્ઞાની મહાપુરુષો, સ્વપરના આત્માનો વિકાસ કરી, શાશ્વત સુખ, શાંતિ, આનંદ પ્રાપ્ત કરવાવાળા બન્યા છે.

માનવજગત ક્ષણિક જગતની વૈભવિક વસ્તુને પ્રધાનતા આપી, પ્રકૃતિ સ્વરૂપ સાચી સ્વભાવિક વસ્તુને ઓળખી આદર ન કરનાર, શ્રી વીતરાગદેવના સિદ્ધાંતોથી વિમુખ હોય છે અને શ્રી સર્વજ્ઞદેવના સિદ્ધાંતોની દિશામાં નિરંતર ગમન કર્યા સિવાય સુખ-શાંતિ આનંદની દરિદ્રતા દૂર થઈ શકતી નથી. પાંચે ઇન્દ્રિયોનો વિષયમાં આસક્ત રહીને વિષયોને પોષીને કૃત્રિમ સંતોષ સુખ અનુભવનાર, સુખ શાન્તિ આનંદ સ્વરૂપ આત્માને ઓળખી શકેલ નથી. મનુષ્યદેહ તથા મનુષ્યજીવન, સકર્મક આત્માનો વિભાવ પર્યાય છે અને તે દેહ તથા જીવન બન્ને કર્મ સ્વરૂપ હોવાથી જડાત્મક છે, અને ક્ષણ વિનશ્વર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે અર્થાત્ ક્ષણિક વસ્તુઓ સંબંધથી ઉત્પન્ન વિનાશવાળાં છે, છતાં દેહાધ્યાસીપણાના કારણે, સત્સ્વરૂપી આત્માને સાચી રીતે ન ઓળખી દેહને જ પ્રધાનતા આપવી અને કૃત્રિમ નામ માટે તેમજ જુઠાં શાન્તિ, સુખ, આનંદ માટે, કષાય તથા વિષયનો આશ્રય લેવો, તે વસ્તુસ્થિતિનું અણજાણપણું સુચવે છે. અને માટે જ માનવજગત શ્રી વીતરાગના સિધ્ધાંત પ્રમાણે પોતાની સાચી ઓળખ મેળવી શકેલ નથી. જે વસ્તુ ત્રણ કાળમાં વિદ્યમાન રહે તે જ સત્-સાચી કહેવાય અને જે પ્રત્યેક ક્ષણે બદલાય તે તાત્વિક દૃષ્ટિથી સાચી ન કહેવાય. જે સાચી વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી અને વિનાશ પણ પામતી નથી, અને જે સુખ-શાંતિ આનંદ થતાં નથી તે વિનાશ પણ પામતાં નથી, માટે તે જ સત્-સાચાં છે, અને તે જ આનંદ સ્વરૂપ છે. અને જે ઉત્પત્તિ અને વિનાશવાળાં છે અને જેની ઉત્પત્તિ વિનાશમાં બીજા દ્રવ્યની અપેક્ષા રહે છે તે સત્-સાચા નથી. પૌદ્ગલિક વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળાં સુખ, આનંદ બનાવટી છે, કૃત્રિમ છે, કારણ કે તે જડ વસ્તુના સંસર્ગથી ઉત્પન્ન થવાવાળાં છે અને વિયોગથી વિનાશ થવાવાળાં છે. વળી પ્રત્યેક ક્ષણે તેમાં પરિવર્તન થયા કરે છે અને એને નષ્ટ થઇ જાય છે માટે તે અસત્ છે જ્યારે આત્મ સ્વરૂપ સુખ આનંદ સાચાં છે અને તે જ સત્ છે. આ પ્રમાણે વસ્તુ સ્વરૂપની સાચી ઓળખ મોહના ક્ષયોપશમ-ઉપશમ કે ક્ષય વગર થઇ શકતી નથી. અને મોહની ઓળખાવેલ બધી વસ્તુ જુઠી છે. માટેજ મોહનું દાસ જગત અનંતોકાળ પસાર થવા છતાં શાશ્વત સુખને મેળવી શકેલ નથી. શ્રી વીતરાગદેવના સિધ્ધાંતો દ્વારા વસ્તુ સ્વરૂપની સાચી ઓળખ મેળવી આત્માનાં શાશ્વત સુખ, આનંદ મેળવવા સર્વ કોઈ પ્રયત્નશીલ બને એ જ અભિલાષા.

પવિત્ર ગિરિરાજ શ્રી શિખરજી

—શ્રી રાજેંદ્રકુમાર કલ્યાણભાઈ
જૈન પાઠશાળા : **મહેસાણા.**

જ્યાં વર્તમાન ચોવિશીના લગભગ ૨૩ તીર્થંકરોનાં બધાયે કલ્યાણકો થયા છે, તે પૂર્વદેશનો પ્રદેશ મહાપ્રભાવશાલી ને પવિત્ર છે. ત્યાં યાત્રાર્થે જનારને તે પ્રદેશનું વાતાવરણ ભૂતકાળનાં ભવ્ય સંસ્મરણો તાજા કરાવે છે, તેમાંયે ૨૦ તીર્થંકરોની નિર્વાણ કલ્યાણકભૂમિ શ્રી સમેતશિખરજીની પવિત્રતા ભવ્યતા તથા પ્રભાવિકતા અનુપમ છે. એનું ટુંકું તથા સરસ વર્ણન આ લેખમાં રજૂ થાય છે.

ગીરડીથી મોટર રસ્તે મધુવન જઈ શકાય છે. લગભગ ગીરડીથી મધુવન ૧૮ માઇલ છે. સમેતશીખરજીના પહાડ ઉપર પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન, બારમાં વાસુપૂજ્ય સ્વામિ ભગવાન, બાવીશમાં નેમનાથ ભગવાન, અને ચોવીશમાં ચરમ તીર્થપતિ મહાવિર સ્વામિ ભગવાન કુલ ૨૦ તીર્થંકર પરમાત્માઓ નિર્વાણપદને પામ્યા છે. તે સિવાય બીજા પણ કેટલાયે આત્માઓ મોક્ષે ગયેલ છે તેથી આ ભૂમિ ઘણી જ પવિત્ર મનાય છે. અહીંથી સમેત શિખરજી પહાડની નીચે મધુવનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું વિશાળ મંદિર છે. જેમાં મુખ્યત્વે સુપાર્શ્વનાથ ભગવાન, શ્રી ચંદ્રપ્રભ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીની દહેરીઓ આવેલ છે.

પાછળના વિશાળ ભાગમાં દાદાવાડી આવેલ છે. આ મંદિરના બે દ્વાર વિશાળ છે. તે બન્ને ધર્મશાળા ઉપર જ પડે છે. મૂલનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ વર્ણની મૂર્તિ લગભગ '૧૫' ઇંચ લાંબી બિરાજમાન છે. આજુબાજુમાં પણ ઘણી જ પ્રાચીન પ્રતિમાઓ આવેલ છે. આ મંદિરનો રંગમંડપ ઘણો જ વિશાળ છે. જેને ઘણા લોકો ચોક પણ કહે છે. બાજુમાં જ ઉપાશ્રય તથા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની કોઠી તથા બે થી ત્રણ ધર્મશાળાઓ પણ છે.

પ્રથમ પહાડ ઉપર ચડતાં પહેલાં નીચે ભોમિયાજી મહારાજનું મંદિર છે. જેમાં એક ભોમિયાજી મહારાજની સુંદર મૂર્તિ બિરાજમાન છે. લોકવાયકાએ મનાય છે કે ભોમિયાજી સાક્ષાત્ દેવ છે. જેમ અજાણ્યે રસ્તે જતાં ભોમિયો સ્વસ્થાને પહોંચાડે છે, તેમ આ ભોમિયાજી દેવના દર્શન કરી જનારને ગિરિરાજ ઉપર લઈ જાય છે, તેમજ પાછા સ્વસ્થાને પહોંચાડે છે. અને આપણા અદૃશ્ય સાથીદાર તરીકે બને છે. જેથી આજ સુધી લોકો ગિરિરાજ ઉપર જતાં ભોમિયાજીનાં દર્શન કરીને જ ચઢે છે.

ગિરિરાજ ઉપર આરોહણ કરતાં વચમાં એક તલાટી આવે છે, જ્યાં યાત્રાળુઓને ખાસ ભાથાની સગવડતા આપવામાં આવે છે.

યાદ રાખો 'કલ્યાણ' ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે; તેનો પ્રચાર એ જૈનધર્મની સેવા છે

ત્યાંથી આગળ બે રસ્તા આવે છે. જેમાં જમણી બાજુએ શ્રી પાર્શ્વનાથજીની ટુંકે જવાનો રસ્તો અને ડાબી બાજુએ શ્રી ચંદ્રપ્રભપ્રભુજીની ટુંકે જવાનો રસ્તો છે. જલમંદિર જવાની ઇચ્છાવાળાઓએ ચંદ્રપ્રભપ્રભુજીની ટુંકના રસ્તે જ જવું પડે છે. જલમંદિર જતાં રસ્તામાં શ્રી ગૌતમસ્વામિજીની ટુંક અને શ્રી કુંથુનાથ ભગવાનની ટુંક આવે છે.

બાજુમાં એક સુંદર અને વિશાળ જલમંદિર છે કે જેની અંદર સંવત ૨૦૧૭ના મહા વદી સાતમના દિવસે પૂજ્યપાદ આચાર્ય મ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજનાં વરદહસ્તે કલકત્તાના નિવાસી શેઠશ્રી અન્દરજીભાઈએ ૧,૧૬૦૦૧ અંકે એક લાખ સોલ હજાર એકનો ચડાવો બોલી શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રાયઃ '૩૦' ઇંચ ઊંચી શ્યામવર્ણવાળી પ્રતિમાજીને ગાદી પર બિરાજમાન કરેલ છે. પ્રભુજીને જમણી બાજુએ સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ પણ બિરાજમાન છે. જલમંદિર ચારે બાજુએ પાણીથી ભરાયેલ છે.

જલમંદિરથી ચંદ્રપ્રભુજીની ટુંકે જવાનો રસ્તો ઘણો જ કઠીન છે. બલકે તે ટુંક ઘણી ઊંચાઇએ આવેલ છે. જલમંદિરથી પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટુંકે જવાનો રસ્તો સીધો છે. વચમાં બાકીના શ્રી તીર્થંકર પરમાત્માઓનાં પગલાંવાળી દહેરીઓ આવે છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટુંક જલમંદિરથી ઘણી જ ઊંચે આવેલ છે, જે જગ્યા ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન અનશન કરી શીવરૂપી નારીને વર્યા હતા. ભોંયરામાં એક રૂમ છે. ત્યાં અંદર એક શીલા છે કે જેની ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુએ અનશન કર્યું હતું. એમ લોકવાયકાએ મનાય છે. આ ટુંકેથી પણ નીચે જવાનો રસ્તો સરળ છે. વિશેષ રીતે આખાય ગિરિરાજનો રસ્તો કઠણ અને ચઢાણ તેમજ ભૂલભૂલામણીવાળો છે. ચઢાણ ખૂબ હોવાથી ચડતાં કે ઊતરતાં લાકડીની જરૂર પડે છે. તેથી મનુષ્યને અહીં ત્રીજો પગ કરવો પડે છે. છતાં શ્રદ્ધાથી માનવો હોંશે હોંશે ચઢી જાય છે.

આ આખોય પહાડ લાખો રૂપીયા ઉપરાંત ખર્ચીને ખરીદેલ છે. પહેલાં અહીંયા એક વણિક તેમજ સાધુ મહાત્મા દર્શનાર્થે પધારેલ તે સમયે ઉપર ફક્ત બોખરી દેરીઓ હતી. તેથી તેને તથા સાધુ મહારાજને ખૂબ લાગી આવ્યું અને લોકોને કયા ભગવાનની પાદુકા કયાં હશે? તેની કાંઇપણ ખબર ન હતી. તેથી આ બન્નેએ અઠ્ઠમ તપની આરાધના કરી; દેવે પ્રત્યક્ષ થઇ કહ્યું કે, 'જ્યાં જે ભગવાનની પાદુકા હશે, ત્યાં હું કંઇક નિશાની કરીશ.' તેથી તે પ્રમાણે નક્કી કરીને તે પ્રમાણે દેરીઓ બનાવી હતી. તેમાં મૂર્તિઓ ન પધરાવતા ફક્ત પાદુકાઓ જ પધરાવી હતી. કારણ કે, તે વખતે દિગમ્બર લોકોનું ખૂબજ જોર હતું તેથી તેઓ વાંધો ન ઊઠાવે તે માટે ફક્ત પાદુકાઓ જ પધરાવી હતી. પરંતુ જેમ જેમ કાળ વ્યતીત થયો તેમ તેમ આજે આ પહાડ ઉપર ઘણીખરી મૂર્તિઓ પણ પધરાવવામાં આવેલ છે.

નીચેનાં વિશાળ મધુવનમાં બે થી ત્રણ

(અનુસંધાન પાન ૩૮૯ ઉપર)

આપ 'કલ્યાણ'ના શુભેચ્છક છો તો 'કલ્યાણ'ના પ્રચારમાં જરૂર રસ લેશો !

લોકાકાશનો સંક્ષિપ્ત પરિચય

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી માનતુંગવિજયજી ગણિવર.

જૈનશાસ્ત્રોમાં લોકનું જે સ્વરૂપ દર્શાવ્યું છે, તેનો સંક્ષિપ્ત પણ સારગ્રાહી શૈલીયે પરિચય પૂ. મહારાજશ્રી જિજ્ઞાસુ જીવોના બોધ માટે પોતાની સરલ ભાષામાં અહિં આલેખે છે. જે સર્વ કોઇ જિન સિદ્ધાંત રસિક આત્માઓને જરૂર બોધક બનશે!

અનાદિકાળથી સંસારી જીવો ચૌદ રાજલોક આકાશક્ષેત્રમાં ભટકે છે. તેમ આપણો આત્મા પણ આથડે છે. એ ચૌદ રાજલોકનું કાંઇક વર્ણન આ રીતે છે.

લોકાકાશની સર્વ દિશામાં ફરતો અલોકાકાશ છે. તે લોકાકાશ કરતાં અનંતગણો છે. લોકાકાશ ચૌદ રાજ પ્રમાણ ઉંચો, લંબાઈ પહોળાઈમાં, કોઈ સ્થળે એક રાજ, બે રાજ, ત્રણ રાજ એમ વધતા વધતા સાત રાજ સુધી છે. રાજ એટલે અસંખ્યા કોડાકોડી યોજન પ્રમાણક્ષેત્ર.

ઉપરથી નીચે સુધીના રાજમાં આવેલ પદાર્થોનું કાંઇક વર્ણન–

૧. પહેલા રાજમાં, અલોકના છેડાથી નીચે, એક ગાઉના છઠ્ઠા ભાગની ઉંચાઈમાં, અને પીસ્તાલીશ લાખ યોજનની લંબાઈ પહોળાઈના ક્ષેત્રમાં અવગાહીને રહેલા અનંતા સિદ્ધભગવંતો.

એથી રજ્જુ યોજન નીચે એટલે લોકના ઉપરના અંતથી એક યોજન નીચે, સિદ્ધ શિલા, લાંબી પહોળી, પીસ્તાલીશ લાખ યોજન, મોટી તપીના આકારની. મધ્યમાં, આઠ યોજન જાડી, પછી, પાતળી થતી છેડે માખીની પાંખથી પણ પાતળી.

એથી બાર યોજન નીચે, સર્વાર્થસિદ્ધ વિમાન, એની ફરતા, બીજા ચાર દિશામાં ચાર અનુત્તર વિમાન–એમ પાંચ અનુત્તર વિમાન–પ્રતર એક.

૨. બીજા રાજમાં, નવ ગ્રૈવેયક, ત્રણ ત્રણ ઉપર, વચ્ચે અને નીચે. ઉપરના ત્રણમાં–૧૦૦ વિમાન, વચ્ચેના ત્રણમાં–૧૦૭ વિમાન, નીચેના ત્રણમાં ૧૧૧ વિમાન, સર્વ મળી ૩૧૮ વિમાન–પ્રતર નવ.

૩. ત્રીજા રાજમાં, અગીઆરમો બારમો દેવલોક જોડાજોડે તેમાં ૩૦૦ વિમાન–એની નીચે નવમો દશમો દેવલોક જોડાજોડ, વિમાન ૪૦૦ દરેક વિભાગના પ્રતર ચાર ચાર સર્વ પ્રતર આઠ.

૪. ચોથા રાજમાં આઠમો દેવલોક, વિમાન છ હજાર, પ્રતર ચાર–નીચે સાતમો દેવલોક ચાલીસ હજાર વિમાન–પ્રતર ચાર–સર્વ મળી, વિમાન–૪૬૦૦૦ પ્રતર આઠ.

ઉપરથી ઉતરતા–

૫. પાંચમા રાજમાં, છઠ્ઠો દેવલોક, છ પ્રતરમાં, પચાશ હજાર વિમાન નીચે પાંચમો બ્રહ્મ દેવલોક, છ પ્રતરમાં, ચાર લાખ વિમાન–આ દેવલોકમાં, નવ લોકાંતિક દેવના વિમાન છે. આ દેવલોકને ફરતી, આઠ કૃષ્ણ રાજી છે. કુલ પ્રતર અગીઆર, વિમાન સાડાચાર લાખ.

૬. છઠ્ઠા રાજમાં, ત્રીજો ચોથો દેવલોક જોડાજોડ, બંનેના ભેગા બાર પ્રતર–ત્રીજા દેવલોકમાં, બાર લાખ વિમાન–ચોથા દેવલોકમાં આઠ લાખ વિમાન–કુલ બાર પ્રતર, વિમાન વીશ લાખ.

૭. સાતમા રાજમાં, પહેલો, બીજો દેવલોક જોડાજોડ બંનેના મળી તેર પ્રતર–બીજો ઇશાન દેવલોક ઉત્તર દિશામાં એના વિમાન અઠ્ઠાવીશ લાખ, પહેલો સૌધર્મ દક્ષિણ દિશામાં, એના વિમાન બત્રીશ લાખ, સર્વ મળી વિમાન સાઠ લાખ, પ્રતર તેર, એ રીતે ઉર્ધ્વલોકના ૮૪૯૭૦૨૩ વિમાન બાસઠ પ્રતરમાં આવેલા છે. તે દરેકમાં, એક એક વિશાળ, શાશ્વત જિન મંદિર છે, દરેક દેરાસરમાં ૧૮૦ જિન પ્રતિમાજી શાશ્વત બિરાજમાન છે.

પહેલા દેવલોકના પ્રથમ પ્રતરની ધણે નીચે સુધી, જ્યોતિષીના વિમાનોના ઉપરના તળીયા સુધી ઉર્ધ્વલોક કહેવાય, એ, ઉર્ધ્વલોકની ઉંચાઈ સાત રાજથી કાંઇક એ છી છે. ઉર્ધ્વલોકની ઉંચાઇથી નીચે, અઢારસો યોજન ઉંચાઇમાં તિર્છાલોક. તેના ઉપરના ભાગમાં, એકસો દશ યોજનની ઉંચાઈમાં એક રાજ પ્રમાણ લંબાઇ પહોળાઇમાં જ્યોતિષી દેવોના અસંખ્યાતા વિમાનો.

અઢારસો યોજનની ઉચ્ચતા, અને એક રાજની લંબાઇ પહોળાઈ તિર્છાલોકની છે. એમાં, ઉપરના ૧૧૦ યોજનની ઉંચાઇનાં, જ્યોતિષી દેવોનાં વિમાનો છે. તીર્છાલોકમાં, મધ્યમાં, નવસો યોજન ઉપરના અને નવસો યોજન નીચેના રહે, એ વચ્ચેના સ્થાનમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. એની વચ્ચે અઢી દ્વીપ અને બે સમુદ્ર, એટલું ક્ષેત્ર મનુષ્ય-ક્ષેત્ર છે. એની લંબાઇ પહોળાઈ પીસ્તાલીશ લાખ યોજનની છે. એ મનુષ્ય ક્ષેત્રમાં જંબૂદ્વીપમાં ત્રણ કર્મભૂમિ, છ અકર્મભૂમિ, એમ નવ ક્ષેત્ર, જંબૂ-દ્વીપના બે પર્વતની દાઢા ઉપર લવણ સમુદ્રમાં, છપ્પન અંતર દ્વીપ, યુગલીયાના અકર્મભૂમિ ક્ષેત્ર. ધાતકી ખંડમાં, છ કર્મભૂમિ બાર અકર્મભૂમિ એમ અઢાર ક્ષેત્ર, પુષ્કરવરદ્વીપના અર્ધ ભાગમાં છ કર્મભૂમિ બાર અકર્મભૂમિ મળી અઢાર ક્ષેત્ર, એમ સર્વ મળી અઢી દ્વીપમાં પંદર કર્મભૂમિ ત્રીશ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપ મળી એકસો એક મનુષ્યના ક્ષેત્ર છે. મનુષ્યક્ષેત્રમાં પહાડો, નદીયો, દ્રહો, કુંડો, વિજયો, તીર્થો, શ્રેણિઓ વગેરે ઘણી ઘણી વસ્તુઓ છે. જંબૂદ્વીપમાં શાશ્વત જિન મંદિર ૬૩૫, ધાતકીખંડમાં ૧૨૭૨ અને પુષ્કર અર્ધમાં ૧૨૭૨ મળી ૩૧૭૯ શાશ્વતા જિન મંદિર છે. એ દરેકમાં, ૧૨૦ શાશ્વતા પ્રતિમાજી છે. એથી મનુષ્ય લોકમાં શાશ્વતા પ્રતિમાજી, ૩૮૧૪૮૦ છે. મનુષ્યક્ષેત્રની બહાર, માનુષોતર પર્વત ઉપર ચાર, નંદીશ્વર દ્વીપના બાવન પર્વતો ઉપર બાવન, નંદીશ્વર દ્વીપમાં આવેલ સોળ રાજધાનીમાં સોળ મલી-૬૮ કુંડલ પર્વત ઉપર ચાર, અને રૂચક પર્વત ઉપર ચાર એમ બીજા ૮૦ શાશ્વતા દેરા છે. એમાં ૨૦ માં ૧૨૦ પ્રતિમાજી અને ૬૦માં ૧૨૪ પ્રતિમાજી છે. સર્વ મળી ૯૭૪૦ પ્રતિમાજી છે, તિર્છાલોકમાં બત્રીશે ને ઓગણસાઠ, શાશ્વતા મંદિરો અને ત્રણલાખ એકાણું હજાર ત્રણશે ને વીશ શાશ્વત પ્રતિમાજી છે. મનુષ્ય ક્ષેત્રમાં. ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય, ૧૧૬૧૬ ગ્રહ, ૩૬૯૬ નક્ષત્ર, અને ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારા પ્રકાશે છે. એ બધા જ્યોતિષી દેવોનાં વિમાનો છે. કાયમ ફરતા રહે છે. મનુષ્યક્ષેત્રની બહાર અસંખ્ય ચંદ્ર, સૂર્ય વગેરે છે એ વિમાનો ફરતા નથી, એથી સ્થિર જ્યોતિષી કહેવાય છે. જે જમીન ઉપર આપણે છીએ, તે રત્નપ્રભા પૃથ્વીનું ઉપરનું તળીયું છે. આ જમીનમાં અંદર નવસો યોજન નીચે જઇએ, ત્યાં સુધી તિર્છા-લોક ગણાય છે. એની નીચેનો ભાગ અધોલોક કહેવાય છે.

રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એકલાખ એંશી હજાર છે, એમાંથી ઉપરના નવસો યોજન તિર્છાલોકમાં, બાકીના ૧૭૯૧૦૦ યોજન અધોલોકમાં છે. એમાં પહેલી નારકીના તેર પ્રતર એમાં ત્રીશલાખ નરકા-વાસા છે. એ પ્રતરોની વચ્ચેના આંતરામાં દશ પ્રકારના ભુવનપતિ દેવોનાં સ્થાન છે. એમાં સાત કરોડ અને બહોંતેર લાખ ભુવન છે. દરેક ભુવનમાં એક એક શાશ્વત જિન મંદિર તે દરેકમાં ૧૮૦ જિન પ્રતિમાજી છે.

પ્રથમ નરકની પૃથ્વીના તળીયા નીચે, વીશ હજાર યોજનની જાડાઈમાં ઘનોદધિ છે. એની નીચે અસંખ્યાતા યોજન સુધી ઘનવાત છે. એની નીચે અસંખ્યાતા યોજન પ્રમાણ તનુવાત છે. એની નીચે ખાલી આકાશ છે. એ આકાશમાં અસંખ્યાતા, યોજન ગયા પછી, ચૌદ રાજ લોકનું મધ્યબિંદુ આવે છે. ત્યાં સુધી, આ સાતમું રાજ ગણાય છે.

૮. ઉપરથી આઠમું રાજ, લોકના મધ્યબિંદુથી બીજી નરક પૃથ્વીના ઉપર તળ સુધી છે, એમાં ખાલી આકાશ છે.

૯. ઉપરથી નવમું રાજ, બીજી નરક પૃથ્વીના ઉપરના તળીયાથી, ત્રીજી નરક પૃથ્વીના ઉપરના તળ

જ્ઞાનકુંજ

શ્રી મંગલમિત્ર

વિવિધ વિષયસ્પર્શી બોધક તથા મનનીય જ્ઞાન-વિજ્ઞાનની ઉપયોગી હકીકતો અહિં રજૂ થાય છે, આ વિભાગ સર્વ કોઇને અવશ્ય ગમી જશે, એ નિશ્ચિત છે

⊙

વિચિત્રકાય.

મનોવિજ્ઞાનની પ્રયોગશાળાના વાતાવરણમાં મોટા માણસો, બાળકો કે પ્રાણીઓનું વર્તન વૈજ્ઞાનિકની હાજરીમાં અસ્વાભાવિક બની જાય છે. એથી કેટલીક પ્રયોગશાળ ઓમાં એક પ્રકારના ખાસ કાચની દીવાલો ઉભી કરવામાં આવે છે. આ દીવાલની રચના એવી હોય છે કે એક બાજુ ઉભો રહેલો વૈજ્ઞાનિક બીજી બાજુ ઉભેલા લોકોની વિવિધ પ્રવૃત્તિ જોઇ શકે છે પણ લોકો વૈજ્ઞાનિકને જોઈ શકતા નથી.

વિચિત્ર શિક્ષક.

લંડનમાં ફીઝીકલ સોસાયટીએ ઇલેકટ્રોનિક શિક્ષક તૈયાર કર્યો છે. આ શિક્ષક ટાઇપીંગના પાઠો ભણાવી શકે છે. આવું જ ઇલેકટ્રોનિક મગજ તૈયાર કર્યું છે કે જે આપણા મગજની માફક અટપટી ક્રિયાઓ કરે છે. કેરકાર્ડસ નામનો મનોવૈજ્ઞાનિક માણસોને પણ એક અટપટું યંત્ર માનતો હતો. આધુનિક વૈજ્ઞાનિકોએ એ વિચારસરણીને તિલાંજલી આપી છે. તેઓ અનેક મુદ્દાસર જીવંત પ્રાણીઓનું વર્તન યાંત્રિક ક્રિયાઓ કરતાં ઘડમૂળથી તદ્દન વિલક્ષણ સાબીત કરે છે.

વિજ્ઞાન કે વિટંબણા ?

આજે દરેક દેશ ભૌતિક વિજ્ઞાન પાછળ હનુમાન ફાળ ભરી રહ્યો છે. અમેરીકાએ આંખોની બેંક ખોલી છે. ઘણા સાહસવીરો પોતાની આંખનું વીલ કરાવી જાય છે. ઘણા એક આંખે પોતાનું કામ નભાવી બીજી આંખ બીજાના લાભાર્થે આ બેંકમાં જમે કરાવે છે. બેંક તરફથી ઘણા અંધ–

સુધી નવમું રાજ છે–બીજી નરકપૃથ્વીનું નામ શર્કરાપ્રભા, એનું દલ, ૧૩૨૦૦૦ યોજન એમાં અગીઆર પ્રતર, પચીશ લાખ નરકાવાસા, નીચે, ઘનોદધિ, ઘનવાત તનુવાત, પછી આકાશ–

૧૦. દશમા રાજમાં ત્રીજી વાલુકા પ્રભાનરક પૃથ્વી–દલ–૧૨૮૦૦૦ યોજન, પ્રતર ૯ નરકાવાસા, પંદરલાખ, નીચે, ઘનોદધિ, ઘનવાત, તનુવાત, આકાશ.

૧૧. અગીઆરમા રાજમાં, ચોથી પંકપ્રભા નરકપૃથ્વી–દલ–૧૨૦૦૦૦ યોજન. પ્રતર સાત, નરકાવાસા દશલાખ. નીચે ઘનોદધિ, ઘનવાત, તનવાત, આકાશ.

૧૩. ઉપરથી ગણાતા બારમા રાજમાં, પાંચમી ધુમપ્રભા નરકપૃથ્વી. દલ–૧૧૮૦૦૦ યોજન, પ્રતર પાંચ, નરકાવાસા ત્રણલાખ, પછી ઘનોદધિ વગેરે.

૧૩. તેરમા રાજમાં છઠ્ઠી તમઃપ્રભા નરક પૃથ્વી, દલ–૧૧૬૦૦૦ યોજન પ્રતર ત્રણ નરકાવાસા એકલાખમાં પાંચ ઓછા (૯૯૯૯૫) નીચે ઘનોદધિ વગેરે.

૧૪. ચૌદમા રાજમાં સાતમી તમઃતમા પ્રભા-નરક પૃથ્વી. દલ–૧૦૮૦૦૦ યોજન એક પ્રતરમાં, પાંચ નરકાવાસા, એ પૃથ્વી નીચે, ઘનોદધિ, એની નીચે, ઘનવાત, એની નીચે, તનુવાત, એની નીચે, અસંખ્યાતા કોઠાકોટી યોજન પ્રમાણ આકાશ ક્ષેત્ર ગયા પછી, લોકનો નીચેનો છેડો આવે, એની નીચે અલોક. નીચેથી, ગણતાં ચૌદમામાં છે, તે પહેલામાં ગણાય, એ અનુક્રમે સમજવું.

અનંત ઉપકારી અરિહંત ભગવંતોની વાણીના ઝરણારૂપ પીસ્તાલીશ આગમો અને પંચાંગીને વારંવાર નમસ્કાર હો.

પ્રજ્ઞાચક્ષુઓને નેત્રદાન મળે છે. વાચકો! આ સાંભળીને તમે રાજીના રેડ થશો, પણ થોભો. જરા થોભો. માનસિક ભાવો–ભાવનાઓની, વિકાર–વાસનાઓની અસર આ અવયવો દ્વારા કેવી વિચિત્રરીતે સંક્રમિત થાય છે. તેનો એક અજબ પ્રસંગ વાંચો! એક સદાચાર મૂર્તિ સજ્જનને આ બેંકે ચક્ષુદાન કર્યું. ડોકટરોએ આ પરાઇ આંખ બેસાડી આપી અને પેલા સજ્જન ખરેખર દેખતા થયા પણ સાથે સાથે આ સજ્જન સદાચારી મટી મહાદુરાચારી બની ગયા. એમની પુરાણી સજ્જનતા એક સ્વપ્ન બની ગયું. આ આશ્ચર્યકારક ઘટના પાછળનું રહસ્ય તપાસતા જાણવા મળ્યું છે કે, આજીવન સદાચારીને બેંક દ્વારા જે આંખ મળી હતી તે એક મહાદુરાચારી માણસની હતી.

દાટેલું ધન.

રાજા કીર્તિચંદ્ર અને યુવરાજ સમરવિજય થોડા પરિવાર સાથે હોડીમાં બેસી નદીની સહેલ-ગાહે ઉપડયા. થોડીવારમાં નદીમાં પૂર ધસમસ્યું. કાંઠે રહેલા પરિવાર માટે હોડી અદૃશ્ય બની. સૌ ચિંતામગ્ન બન્યા. ઘણા દૂર નીકળી ગયા પછી હોડી એક ઝાડ સાથે અથડાઇ. ઝાડની ડાળીઓ પકડી સૌ કિનારે ઉતર્યા. ચોમેર ગાઢ જંગલ હતું. એક ટેકરાના ઢાળ પર વિસામો કર્યો. ધસમસતા પૂરથી તુટેલી ભેખડમાં રાજા કીર્તિચંદ્રે અઢળક નિધાન પડેલું જોયું. કીંમતી હીરા–માણેક અને મોતીથી ભરેલું આ મહાનિધાન હતું. રાજાએ સહજભાવે યુવરાજને નિધાન બતાવ્યું. યુવરાજની લોભવૃત્તિ છંછેડાઇ એની દાનત બગડી. રાજાને યમધામ પહોંચાડી નિધાનના માલિક બનવાના એને કોડ જાગ્યા.

વાચકો! તમને જરૂર એમ થશે કે આટલું નિધાન ક્યાંથી આવ્યું? પણ વિશ્વ પરિવર્તનશીલ છે. જ્યાં જલ ત્યાં સ્થલ અને જ્યાં સ્થલ ત્યાં જલ બને છે. મોટા નગરો બેરાન જંગલ બને છે અને જંગલમાં મોટા નગરો વસે છે. આ આપણે આપણી નજરે જોઇ રહ્યા છીએ. ચીનદેશમાં મોટી જબરદસ્ત ગણાતી પીળા નદી પોતાનું વહેણ વારેવારે બદ-લ્યા જ કરે છે.

આ નિધાનની જગ્યા પહેલા નગર હોય એમ બને અથવા કોઇ કૃપણે ધન દાટયું હોય એમ ન બને? પહેલા બેંક જેવી સલામત યોજના ન હતી, એ કારણે લોકોમાં ધન દાટવાનો રીવાજ હતો બીજા પણ અનેક કારણો હોઇ શકે.

સિંધમાં 'મોહેંજોદારો' ટેકરો એટલે મડદા દાટવાનું સ્થાન. આજે આ ટેકરો ખોદતાં આખું એક વ્યવસ્થિત નગર નીકળ્યું છે. તેમાં એક પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ પણ મળી આવી છે. અચાનક થયેલી ધૂળની વૃષ્ટિથી આ નગર દટાઇ ગયું હતું. સામુ-દાયિક પાપના ઉદયે આવા ઉપદ્રવો પ્રજા ઉપર આવે છે. વીતભયનગર ઉપર ધૂળની વૃષ્ટિ થયાનું આપણે જાણીએ છીએ. ઇટાલીમાં સીસલી ટાપુ છે. ત્યાંનો જ્વાળ મુખી પ્રસિદ્ધ છે. પેંપિઆનગર આ જ્વાળા-મુખીનો ભોગ બની ભસ્મીભૂત થયું હતું.

મહામનોરથ.

પરિગ્રહનો ત્યાગ કરી ગૃહવાસ છોડી અણગાર થયેલો સાધુ રોજ વિચાર કરે કે:–

'ક્યારે હું શ્રુતસાગરનું અવગાહન કરીશ?'

'ગુરુકુલવાસના સેવન વડે અંગ અને ઉપાંગાદિ શાસ્ત્રોનો પારગામી બનીશ?'

'કઠોર તપસાધના દ્વારા આહારની લોલુપતાથી અને દેહની મમતાથી છૂટીશ? ક્યારે હું જન અને વન, ગ્રામ અને અરણ્ય, ઘર અને સ્મશાન, તૃણ અને મણિ, સુવર્ણ અને માટી, સ્ત્રી અને કલેવર, માન અને અપમાન, લાભ અને અલાભ, સુખ અને દુઃખ, સ્વ અને પર સર્વને સમાન ગણતો સર્વ પ્રત્યે મધ્યસ્થભાવ ધારણ કરનારો થઇશ?

ઇર્ષ્યા.

ઇર્ષ્યાળુ માણસને પોતાનું દુઃખ સતાવતું નથી પણ પાડોશીનું–બીજાઓનું સુખ એની વેદનાનું કારણ બને છે.

ઇર્ષ્યાના લક્ષણો:–

૧ લું બીજાની ઉન્નતિ જોઇ ખેદ ધારણ કરવો.

૨ જું ,, ,, ,, કરમાઇ જવું.

૩ જું ,, અનીતિ જોઇ પ્રસન્ન થવું ખીલવું.

તમે જાણો છો નિર્ધન અને ધનવાનમાં શું તફાવત હોય છે? નિર્ધનને એ ખ્યાલ હોય છે કે ધન એને સંતોષ આપશે, પણ ધનવાન સારી રીતે જાણતો-અનુભવતો હોય છે કે ધન સંતોષ આપી શકતું જ નથી. બલ્કે ઇર્ષ્યા હૃદયનો કબજો લેતી જાય છે.

સફળતાની ચાવીઓ.

જીવન દેવગુરુને સમર્પિત કરી દેવું, માથે આવી પડેલું કાર્ય વેઠરૂપે નહિ પણ ફરજ સમજીને કરવું, ભવિષ્યના મોટા મોટા મનસુબા ન ઘડવા કે ન તો ભાવિની વ્યર્થ ચિંતામાં પડવું, અસફળતાનો વિચાર ન કરવો, કોઇની સાથે દ્વેષ ન રાખવો, મૈત્રીભાવ ટકાવવા પ્રયત્નો કરવા, પોતાના આનંદમાં બીજાને ભાગીદાર બનાવવા. સ્વભાવમાં મૃદુતા, વાણીમાં માધુર્ય અને અન્યના સત્કાર્યમાં સહાનુભૂતિ રાખવી. સુતા પહેલા રોજ તમારા આત્માને પુછો કે 'આજ મારો વ્યવહાર-વર્તાવ બધા સાથે મૃદુ અને શિષ્ટતાપૂર્ણ હતો? આજે મેં કોની સાથે મૈત્રીનું બંધન દૃઢ બનાવ્યું?

કાર્યની આવશ્યક્તા અને અનાવશ્યક્તાનું અંતર સૂક્ષ્મબુદ્ધિથી સમજો. જીવનના મહાન કાર્યો કરવા માટે માણસ પાસે સાહસનો ભંડાર પણ જોઇએ. જ્યારે તમને વિશ્વાસ બેસશે કે, 'મારામાં અનંત શક્તિ છે.' ત્યારે તમારામાં એવો વિશ્વાસ અને શૌર્ય પ્રગટશે કે મોટા કાર્યો પણ સાધારણ સહેલા લાગશે. માનવ મોટા કાર્યો કરી શકે એમાં સંદેહ નથી. ઉચ્ચ ધ્યેય રાખી, પોતાની શક્તિની તુલના કરી, એનો ઉપયોગ કરવાની કળા, રસ-લગન અને બુદ્ધિમત્તાથી કાર્ય કરવું. સફળતા ભવિષ્યના ગર્ભમાં નથી પણ વર્તમાનમાં તમારી પાસે જ છે. તમારી યોગ્યતાનું ઠીક ઠીક અનુમાન તમારી સફળતામાં નકર સહાય આપશે. તમારે જો કાર્ય કરવાની ઇચ્છા હોય તો સારા કાર્યોની કમી નથી. સારા કાર્યોના દરવાજા ખુલ્લા છે. કાર્યના ફળ કે ફેલાવા સામે ન જોતા એની નકરતા નિરવધતા સામે જો જો. આ ગુણો-કાર્યમાં દત્તચિત્તતા, ઉત્સાહ, ધીમાનદારી, નિશ્ચય, દૂરદર્શિતા, સહાનુભૂતિ, ધીરતા, આત્મસંયમ, વિવેક અને સરળતાને વિકસિત કરશો.

સાધનાની પગદંડી એના લેખક મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનું બીજું પ્રકાશન

"શરણાગતિ"

કિં. રૂા. ૧) પોસ્ટેજ અર્ધ ૨૦ ન. પૈ.

થોડી જ નકલો બાકી રહી છે

તુરત મંગાવો

(૧) **સોમચંદ ડી. શાહ**
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

(૨) **ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના રતનપોળ – અમદાવાદ.

(૩) **સેવંતીલાલ વી. જૈન**
મોતીશા જૈન દેરાસર, પાંજરાપોળ માધવબાગની પાછળ, મુંબઇ-૪.

શ્રી શત્રુંજય તીર્થપટ

અમારા સ્ટુડીયોમાં તૈયાર થતાં સોફ્ટ કેનવાસ (કાપડ) ઉપર પાણીથી ધોઈ શકાય તેવા સોનેરી પાકા રંગના આકર્ષક નવી ડીઝાઇનમાં તૈયાર થતા

શ્રી શત્રુંજય તીર્થપટ

આજે જ વસાવો.

તદ્દન નવી ડીઝાઇનમાં તૈયાર થતા ૧૯ તીર્થોના પટ તથા મકરાણાના સોફ્ટ આરસ પત્થર ઉપર પટ બનાવવા માટે લખો અગર મળો.

જુના અને જાણીતા ૬૦ વર્ષના અનુભવી

પેઈન્ટર ભીખાભાઈ કરણજી

ગુર્જર આર્ટ સ્ટુડીઓ
નાની શાકમારકેટ-પાલીતાણા.

છ દ્રવ્યોના ગુણ અને પર્યાય

અધ્યાપક : શ્રી ખૂબચંદ કેશવલાલ (ત્રાવવાળા) શિરોહી.

જૈનદર્શનના દ્રવ્યાનુયોગનુ જ્ઞાન ખરેખર વિશ્વવિજ્ઞાનનો ભંડાર છે. તેનો સમ્યગ્જ્ઞાતા ખરેખર જૈનદર્શનના ચારિત્ર માર્ગમાં સ્થિર રહી શકે છે. છ દ્રવ્યોનું સ્વરૂપ તથા તેના ગુણ-પર્યાયો વિષે જાણવા-સમજવા જેવું જે કાંઇ છે, તે સુબોધ શૈલીયે હૃદ્ગમ પદ્ધતિયે અહિં આલેખાય છે. આ લેખમાળાનો પ્રથમ હપ્તો વર્ષ: ૨૦; અંક: ૧; તા. ૨૮-૩-૬૩ માં પ્રસિધ્ધ થયેલ છે, તેનાં અનુસંધાનમાં આ બીજો હપ્તો અહિં પ્રસિધ્ધ થાય છે. સર્વ કોઇ આ લેખમાળાને વાંચે, વિચારે ને મનન કરે એ અમારો આગ્રહ છે.

(૩) **આ**કાશાસ્તિકાય, અવગાહના એટલે જગ્યા આપે છે. એ કારણથી ધર્માસ્તિકાયાદિ ૫ દ્રવ્યોક્ષેત્રી એટલે ક્ષેત્રમાં રહેનારા અને આકાશાસ્તિકાય ક્ષેત્ર છે. તે પાંચ દ્રવ્યો આધેય છે, અને આકાશ આધાર છે. આધાર વિના આધેય રહી શકે નહિ, માટે આકાશાસ્તિકાયનું અસ્તિત્વ સિદ્ધ જ છે, લોકો જેને આકાશ કહી બોલાવે છે તે ખરી રીતે આકાશ નથી, પણ વિશ્રસા પરિણામે પરિણમેલા પુદ્ગલસ્કંધો જ વાદળી રંગના દેખાય છે. એ સ્કંધો તો રૂપી હોવાથી દેખાય છે, અને આકાશ તો અરૂપી હોવાથી ચક્ષુથી દેખી શકાય નહિ. ફક્ત સર્વજ્ઞ ભગવાન જ જ્ઞાનથી જોઇ શકે છે. આકાશાસ્તિકાય તે લોક અને અલોક બન્ને ઠેકાણે વ્યાપીને રહ્યો છે. તેમાં જેટલા આકાશમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો છે, તેટલા આકાશનું નામ લોકાકાશ અને બાકીનો બધો અલોકાકાશ છે. આકાશાસ્તિકાય સંખ્યાથી તો એક જ છે, પરંતુ ધર્માસ્તિકાયાદિ ક્ષેત્રી દ્રવ્યોના હોવા અને નહિ હોવાના હિસાબે લોકાકાશ અને અલોકાકાશ એમ બે વિભાગ કલ્પવામાં આવ્યા છે. અનાદિ અનંત એવા આ આકાશાસ્તિકાયનો આકાર પોલા ગોળા સરખો છે.

(૪) રૂપ-રસ-ગંધ-સ્પર્શયુક્ત જગતમાં વર્તતો જે પદાર્થ તે પુદ્ગલાસ્તિકાય છે આ દ્રવ્યમાં પરમાણુઓનું મલવું અને વિખરાવું અગર તો પ્રતિસમય તેના વર્ણાદિ પર્યાયોની હાનિ-વૃદ્ધિ થયા જ કરે છે. પૂરણ- એટલે પૂરાવું-મલવું, અને ગલન એટલે ગળવું-વીખ રાવું-છુટા પડવું એ બે શબ્દથી 'પુદ્ ગલ' શબ્દ થયો છે. એક પરમાણુ સ્વરૂપે, યા, સંખ્યાત, અસંખ્યાત, અનંત, અને અનંતાનંત પ્રદેશના સ્કંધ સ્વરૂપે વિવિધપણે બની રહેલ તે પુદ્ગલ દ્રવ્ય, ચૌદરજ્જુ પ્રમાણ લોકાકાશમાં અનંતાનંત સંખ્યાએ અનાદિકાળથી વિદ્યમાન છે, અને અનંતકાળ સુધી રહેવાનું છે.

(૫) જગતની વસ્તુઓમાં નવાપણું અને જુનાપણું ઉપજાવનાર તે કાળદ્રવ્ય છે. વ્યતીત સમયનો ભાવ તે પુરાણુ કહેવાય, અને વર્તમાન સમયમાં વર્તતો ભાવ તે નવો કહેવાય. કાળનો અભાવ માનીયે તો વસ્તુમાં જુનાપણું અને નવાપણું કહેવાનો આધાર રહે જ નહિ.

કાળ તે નૈશ્ચયિક અને વ્યવહારિક એમ બે પ્રકારનો છે. સર્વ દ્રવ્યોની વર્ત્તના પર્યાય તે નૈશ્ચયિક કાળ છે. અને સમય, આવલી ઇત્યાદિ ભેદરૂપ વ્યવહાર કાળ છે. નૈશ્ચયિક કાળ સર્વ દ્રવ્યોમાં સર્વત્ર વ્યાપ્ત છે, અને વ્યવહારિક કાળ અઢી દ્વીપ અને બે સમુદ્ર જેટલા ક્ષેત્રમાં છે. નૈશ્ચયિક કાળ દ્રવ્યોની વર્ત્તના પરિણતિ રૂપ છે, અને વ્યવહાર કાળ સૂર્યચંદ્રાદિના ભ્રમણથી ઉત્પન્ન થયેલો છે.

વ્યતીત થયેલ અનંત સમયો તથા ભવિષ્યના

અનંત સમયોની અવિદ્યમાનતા હોવાથી વિદ્યમાન તો એક વર્તમાન સમય જ છે માટે કાળદ્રવ્ય વર્તમાન ૧ સમયરૂપ છે, માટે સંખ્યાથી એક છે. પણ વ્યવહારથી તો સમય, આવલિ ઇત્યાદિ અનેક ભેદની અપેક્ષાએ અનેક છે.

ક્ષેત્રથી નૈશ્ચયિક કાળ લોકાલોક પ્રમાણ છે, અને વ્યવહારિક કાળ તે અઢી દ્વીપ બે સમુદ્ર પ્રમાણ છે. આ બન્ને પ્રકારના કાળ અનાદિકાળથી છે, અને અનંતકાળ સુધી રહેવાના છે. કાળ તે વર્ણાદિ રહિત હોવાથી અરૂપી છે. ચેતના લક્ષણ યુક્ત તે જીવાસ્તિકાય છે. ચેતના તે ઉપયોગ સમજવો. ઉપયોગ બે પ્રકારનો છે. (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ.

જીવ તે અમૂર્ત્ત છે, પણ વ્યવહારની અપેક્ષાએ કર્માધીન હોઈ મૂર્ત્તિમંત કહેવાય છે. ચૌદ રજ્જુપ્રમાણ લોકાકાશ ક્ષેત્રમાં જ અસ્તિત્વ ધરાવવાવાળા તે જીવો અનંતાનંત સંખ્યા પ્રમાણ છે. અલોકાકાશમાં તો લોકાકાશ સિવાય અન્ય કોઇ દ્રવ્ય નહિં હોવાથી જીવનું અસ્તિત્વ પણ ત્યાં નથી. લોકાકાશમાં જીવાસ્તિકાય અનાદિ કાળથી છે, અને અનંતકાળ સુધી રહેવાવાળા છે. વર્ણાદિ રહિત છે. આકારથી ભિન્ન ભિન્ન વ્યક્તિએ વિચારીયે તો વિચિત્ર આકારના છે, પરંતુ એક જીવ પોતાની અવગાહના સમગ્ર લોકાકાશ પ્રમાણ ફેલાવવાના સામર્થ્યવાળો છે.

પૂર્વોક્ત છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય વિના શેષ પાંચ દ્રવ્ય અજીવ છે. જીવના લક્ષણથી અજીવનું લક્ષણ તદ્દન જુદું છે. જીવમાં ચૈતન્ય લક્ષણની મુખ્યતા છે. અજીવમાં જડ લક્ષણની મુખ્યતા છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એકેક દ્રવ્ય છે. જીવદ્રવ્ય જગતમાં અનંતા છે. તેની ગણત્રી કરીયે તો સંજ્ઞિ મનુષ્યો સંખ્યાતા, અસંજ્ઞિ મનુષ્યો અસંખ્યાતા, નારકી અસંખ્યાતા, દેવતા અસંખ્યાતા, તિર્યંચ પંચેન્દ્રિય, તેઇંદ્રિય, ચઉરિન્દ્રિય પણ અસંખ્યાતા અને પૃથ્વી આદિ પાંચ કાયના જીવો પણ અસંખ્યાતા છે તે થકી સિદ્ધના જીવો અનંતા, તે થકી બાદરનિગોદના જીવો અનંતગુણા છે. બાદરનિગોદ એટલે કંદમૂળ, આદુ, સૂરણ વગેરે. એના સોયના અગ્રભાગ જેટલા પ્રદેશમાં અનંતાજીવો છે. વળી સૂક્ષ્મનિગોદ જીવો તો સર્વથી અનંતગુણા છે. જેટલા લોકાકાશના પ્રદેશ તેટલા ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ (અનંતાજીવનું પિંડભૂત શરીર) છે. તે એકેક નિગોદ મધ્ય અનંતાજીવ છે. અતીતકાળના સર્વ સમય તથા અનાગત કાળના સર્વ સમય અને વર્તમાન કાળનો એક સમય–એ બધાંને ભેગા કરી અનંતગુણા કરીયે, એટલા જીવો એક નિગોદમાં હોય છે. આ ઉદાહરણ સમજવા માટે છે. કોઇએ ઉક્ત સમયો ભેગા કર્યા નથી. પણ અનંતા કહેવાની સાર્થકતા સમજવાના અંગે આ ઉદાહરણ છે.

પુદ્ગલદ્રવ્યની સંખ્યા પણ અનંતાનંત છે. સંસારી એકેકા જીવના અસંખ્યાતા પ્રદેશ છે, અને એકેકા પ્રદેશે અનંતી કર્મ વર્ગણા લાગી છે, એકેક વર્ગણા મધ્યે અનંતા પુદ્ગલ–પરમાણુ છે. એમ અનંતા પુદ્ગલ પરમાણુ તો જીવની સાથે લાગ્યા છે, અને તે થકી અનંતગુણ પુદ્ગલ પરમાણુ જીવથી રહિત એટલે છૂટા છે.

કાળદ્રવ્ય તો નિશ્ચયથી એક સમયરૂપ હોવાથી એક જ છે. પરંતુ વ્યવહારિક નયે સમય. આવલિ ઇત્યાદિરૂપે અનેક છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને જીવાસ્તિકાયમાં કોઇપણ એક જ જીવના પ્રદેશો દરેકને અસંખ્યાતા અને અન્યોન્ય સમાન છે. એકના બે ભાગ ન થાય તેવો પરમાણુ, જેટલી આકાશની જગ્યાને વ્યાપીને રહી શકે તેટલા અંશને પ્રદેશ કહેવામાં આવે છે.

પુદ્ગલાસ્તિકાય અનંત પરમાણુ તથા અનંત પ્રદેશવાળો છે.

કાળદ્રવ્ય તો વર્તમાન એક સમયરૂપ જ હોઈ પ્રદેશ પિંડવાળું નથી એટલે જ તેને અસ્તિકાય કહેવામાં આવતું નથી. નયચક્રમાં તો પાંચ દ્રવ્યના

અગુરુલઘુ પર્યાયને જ કાળ કહેલો હોઇ તેને ઉપચરિત નયથી જ દ્રવ્ય કહેવામાં આવે છે.

પુદ્ગલાસ્તિકાય સિવાય કોઇપણ દ્રવ્યનો એક પણ પ્રદેશ (અવિભાજ્ય અંશ) જગતમાં છૂટો હોઇ શકતો જ નથી. અન્ય પ્રદેશોથી કોઇપણ પ્રદેશ છૂટો તો પુદ્ગલાસ્તિકાયનો જ રહી શકે છે. પ્રદેશ છૂટો રહે તેને પરમાણુ કહેવાય છે.

બધાં મળીને વિશ્વમાં ૬ દ્રવ્યો (મૂળભૂત પદાર્થ) છે. તે દ્રવ્યની અપેક્ષાએ કોઇપણ પદાર્થ ઉત્પન્ન થતો નથી, તેમ નાશ પણ થતો નથી. દ્રવ્ય સદાકાળ છે, છે ને છે જ. પર્યાયની અપેક્ષાએ સર્વ પદાર્થ ઉત્પન્ન થાય છે, અને નાશ પણ પામે છે. એક આકાર બદલી બીજો આકાર ધારણ કરવો તે રીતે જીવને માટે એક ઉપયોગ બદલી બીજો ઉપયોગ ધારણ કરવો એ પર્યાય કહેવાય છે. જે આકાર કે ઉપયોગ બદલ્યો તેનો નાશ થયો અને જે આકાર કે ઉપયોગ ધારણ કર્યો તેની ઉત્પત્તિ થઇ. આમ પર્યાયોની અપેક્ષાએ છએ દ્રવ્યોમાં ઉત્પત્તિ અને વિનાશ થયા કરે છે. છતાં તે ઉત્પત્તિ અને નાશના બંને પ્રસંગમાં જે વસ્તુનું મૂળ દ્રવ્ય છે, તે તો કાયમ જ રહે છે. પુદ્ગલના ગમે ગમે તેટલા આકારો બદલાય પણ મૂળ દ્રવ્ય કાયમ જ રહે છે. તેમજ આત્માના તેટલા ઉપયોગો બદલાય પણ આત્મદ્રવ્ય તો કાયમ જ રહે છે. માટે દ્રવ્યની અપેક્ષાએ બધાં દ્રવ્યો અવિનાશી છે.

(૨)

ગુણ અને પર્યાય વિનાનું કોઇ દ્રવ્ય નથી, અને દ્રવ્ય વિના ગુણ કે પર્યાય પણ હોઈ શકે જ નહિ. આત્મામાં જ્ઞાનાદિ ગુણ છે, પુદ્ગલમાં રૂપ, રસાદિ ગુણ છે, ધર્માસ્તિકાયમાં જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાય આપવાનો સ્વભાવ હોઇ ગતિ સહાયક ગુણ છે, અધર્માસ્તિકાયમાં સ્થિતિ સહાયકતા ગુણ છે, આકાશાસ્તિકાયમાં અવગાહના કારણતા ગુણ છે, અને કાળમાં વર્તન કારણતા (નવા-પુરાણા કરવાનો) ગુણ છે.

ગુણ અને ગુણીનો અભેદ સંબંધ છે. ગુણને મુકીને ગુણી ન હોય, અને ગુણીને મુકીને ગુણ ન હોય. આમ ગુણ અને ગુણીનો તદ્રૂપ સંબંધ છે. બેમાંથી એકનો અભાવ કરતાં બન્નેનો અભાવ થાય, અને જ્યાં એકની હૈયાતિ હોય ત્યાં બીજાની પણ હૈયાતિ હોય જ.

હવે પર્યાય અંગે વિચારતાં ઉત્પત્તિ અને વિનાશને પ્રાપ્ત થાય તે 'પર્યાય' કહેવાય છે. કહ્યું છે કે,-

अनादि निधने द्रव्ये, स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जंति निमज्जंति, जलकल्लोलवज्जले ॥

અનાદિ અને અનંત એવા દ્રવ્યમાં તેના પોતાના પર્યાયો જળ તરંગની જેમ ક્ષણેક્ષણે ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે.

ધર્માસ્તિકાય અમુક જીવ અને પુદ્ગલને ગતિ સહાયક થવા સમયે જે આકાર ધારણ કરે છે, તે જ આકાર બીજાને મદદ આપતી વખતે હોતો નથી.

પદાર્થની જાડાઈ, લંબાઈ, થોડા, ઝાઝા વગેરેની અપેક્ષાએ તે ધર્માસ્તિકાયની અવસ્થા-રૂપ પર્યાય છે. એટલે ગતિસહાય પ્રાપ્ત કરનાર પદાર્થની જાડાઈ, લંબાઈ, થોડા, ઝાઝા વગેરેના થતા પરિવર્તનમાં ધર્માસ્તિકાયના પર્યાયો પણ બદલાયા જ કરે છે. એવી રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળદ્રવ્યના પણ પર્યાયો અંગે સમજવું.

જીવનો ગુણ જ્ઞાન છે, અને જ્ઞાન તે જ્ઞેયના આધારે હોવાથી જ્ઞેય પદાર્થના પર્યાય અનુસારે જ જીવદ્રવ્ય પ્રતિસમય પરાવર્તના પામે છે. આ પ્રમાણે પુદ્ગલાસ્તિકાય સિવાય પાંચ દ્રવ્યમાં પ્રતિ-સમય વર્તતી ઉત્પત્તિ અને વિનાશ તે પરપર્યાયોની અપેક્ષાએ થયા કરે છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં તો ઉત્પત્તિ અને વિનાશ તે સ્વપર્યાયાપેક્ષાએ જ થાય છે.

દરેક સમયે દરેક દ્રવ્યમાં તેના ગુણોની હાનિ અને વૃદ્ધિ થાય છે. એટલે અમુક દ્રવ્ય વિવક્ષિત સમયે જેવા પર્યાયવાળું હતું, તેવા જ પર્યાયવાળું હોય છે. જેમ કે પુદ્ગલદ્રવ્યમાં અમુક વિવક્ષિત

એક પરમાણુમાં જેટલા જેટલા અંશવાળા વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ વિવક્ષિત સમયે છે, તેનાથી બીજે સમયે વર્ણમાં અથવા ગંધમાં અથવા રસમાં કે સ્પર્શમાં કંઇ પણ ફેરફારી થાય જ. વિવક્ષિત સમયે જે અનંત અંશવાળો હતો તે જ વર્ણ અનંતમાં ભાગ જેટલો ન્યૂન થઈ જાય, અથવા તો વર્ણ મૂળથી જ બદલાઈને કાળો હોય તો શ્વેત થાય અને શ્વેત હોય તો પીત થાય. યાવત્ કોઈ પણ જુદા વર્ણવાળો થઈ જાય. જો જુદા વર્ણવાળો ન થાય તો તે વર્ણના અંશ પણ ઓછાવત્તા થાય, હવે જો વર્ણ મૂળથી ન બદલાયો, અને અંશ પણ ઓછાવત્તા ન થાય તો વર્ણની માફક ગંધ બદલાય અથવા ઓછોવત્તો થાય, કદાચ વર્ણ અને ગંધ બન્ને કાયમ રહે તો રસ બદલાય અથવા ઓછોવત્તો થાય, અને કદાચ વર્ણ–ગંધ અને રસ એ ત્રણે ન બદલાય તો અંતે સ્પર્શતો અવશ્ય બદલાય કે ઓછોવત્તો થાય, જેથી વિવક્ષિત પરમાણુ વિવક્ષિત સમયથી બીજે સમયે કંઇપણ હાનિ–વૃદ્ધિવાળો હોય એ નિશ્ચિત છે. હવે જો બીજે સમયે વર્ણાદિ ઘટે તો કેટલે અંશે ઘટે, અને વધે તો કેટલે અંશે વધે? તે જાણવા માટે જૈનશાસ્ત્રમાં ૬ પ્રકારની હાનિ અને ૬ પ્રકારની વૃદ્ધિ કહી છે. એટલે ધારો કે વિવક્ષિત પરમાણુ પ્રથમ સમયે સર્વોત્કૃષ્ટ શ્યામ વર્ણવાળો છે, એ શ્યામવર્ણની ઉત્કૃષ્ટતાનાં, બુદ્ધિ વડે સૂક્ષ્મ વિભાગ કલ્પીએ તો અનંતઅંશ–વિભાગ પડે. તેવા અનંતઅંશ જેટલી શ્યામતા પ્રથમ સમયે છે, તેમાંથી બીજે સમયે અનંતભાગ ન્યૂન શ્યામતા થાય, અથવા તો અસંખ્ય ભાગ ન્યૂન શ્યામતા થાય, અથવા સંખ્ય ભાગ ન્યૂન શ્યામતા થાય, અથવા સંખ્ય ગુણ ન્યૂન શ્યામતા થાય, અથવા સંખ્ય ગુણ શ્યામતા થાય, અથવા અસંખ્યગુણ ન્યૂન શ્યામતા થાય, અથવા અનંત ગુણ ન્યૂન શ્યામતા થાય. જેથી પુદ્ગલ પરમાણુ દ્રવ્ય પ્રથમ સમયે જેવો શ્યામ હતો તેનાથી બીજે સમયે અનંતભાગાદિ ૬ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારની (શ્યામ વર્ણની અપેક્ષાએ) હાનિ વાળો થયો કહેવાય. એ પ્રમાણે ૬ પ્રકારની વૃદ્ધિવાળો થાય તો આ પ્રમાણે.

વિવક્ષિત પરમાણુ પ્રથમ સર્વજઘન્ય શ્યામવર્ણવાળો છતાં પણ અનંત અંશ (સર્વોત્કૃષ્ટની અપેક્ષાએ અતિ અલ્પઅંશ) શ્યામવર્ણવાળો છે, તે બીજે સમયે અનંતભાગ વૃદ્ધિવાળો, અથવા અસંખ્ય ભાગ વૃદ્ધિવાળો, અથવા સંખ્ય ભાગ વૃદ્ધિવાળો થાય. અથવા સંખ્યગુણ, કે અસંખ્યગુણ કે અનંતગુણ વૃદ્ધિવાળો થાય. એટલે અનુક્રમે અધિક અધિક (૬ પ્રકારમાંથી કોઇપણ એક પ્રકારની વૃદ્ધિવાળો) થાય.

અહિં હાનિ સંબંધમાં 'ગુણ' શબ્દની સફળતા ગુણાકાર રૂપે જુદી રીતે છે. તે આ પ્રમાણે: હાનિના સંબંધમાં સંખ્ય ગુણ એટલે જે સંખ્યા વર્ત્તતી હોય તેનાથી સંખ્યગુણ, અસંખ્યગુણ, અનંતગુણ અનંતગુણ નહિં, પરંતુ વર્તતી સંખ્યાની હાનિ થતાં શેષ રહેતી સંખ્યાથી સંખ્ય, અસંખ્ય, અનંતગુણ હાની સમજવી. જેમ સંખ્યાત ભાગ હાનિમાં ૧૦૦ની સંખ્યામાંથી સમજવા માટે વીસની સંખ્યા બાદ કરીએ તો ૮૦ રહે. તેમાં બાદ કરેલી વીસની સંખ્યા તે સંખ્યાતમો ભાગ છે, અને બાકી રહેલી ૮૦ની સંખ્યા તે બાદ કરેલી વીસની સંખ્યાથી સંખ્યાતગુણી છે. એટલે ૧૦૦ની સંખ્યામાંથી સંખ્યાત ભાગ હાનિ કરવી હોય તો વીસ ઓછા થાય, અને સંખ્યાતગુણ હાનિ કરવી હોય તો ૮૦ ઓછા થાય. અહિં વીસની સંખ્યાને જ સંખ્યાતભાગની કહી તે સમજવા માટે જ છે. બાકી ઓગણીસ, અઢાર વગેરેને પણ સંખ્યાતભાગની કહી શકાય, તાત્પર્ય એ છે કે; સંખ્યાતગુણ ન્યૂન કરતી વખતે સંખ્યાતભાગ હાનિકરતાં જે જવાબ આવેલા હોય તે જ સંખ્યા ન્યૂન કરવી. એ પ્રમાણે સંખ્યગુણ, અસંખ્યગુણ, અને અનંતગુણ હાનિ અંગે સમજવું.

છ પ્રકારની વૃદ્ધિમાં તો જ્યાં ભાગવૃદ્ધિ કહેવાની હોય, ત્યાં મૂળ રકમને તેટલાએ ભાગ આપતાં જે જવાબ આવે તે ઉમેરી દેવાનો હોય છે, અને ગુણ વૃદ્ધિમાં મૂળ રકમને તેટલાએ ગુણાકાર કરવાનો હોય છે, એ ગુણાકારથી આવેલો જવાબ મૂળ રકમમાં ઉમેરવો નહિં પણ જે

આત્મવિકાસ અને તેના ઉપાયો

કુ. શ્રી છાયાબેન કેશવલાલ શાહ-મુંબઈ.

આ સંસારમાં વિષ્ઠાના કૃમિ જેવા અતિ ક્ષુદ્ર જીવ કે ઇન્દ્ર જેવા મહાન સૌ કોઇ સુખ ચાહે છે. છતાં સાચાં સુખના સ્વરૂપ અને પ્રાપ્તિના માર્ગથી અજ્ઞાન હોવાથી દુઃખ ભોગવી રહ્યા છે, અને તેથી જ મહા કવિ શેક્ષપિયર આદિ કવિઓએ સંસારને નાટ્યશાળા તરીકે વર્ણવી છે; કે જ્યાં જીવ વિવિધ રૂપ કરી વિવિધ વેષ ભજવે છે.

દીપકમાં પતંગ, શિકારી યા મદારીની મોરલીના નાદમાં સર્પ અને હરણ, કમળની સુગંધમાં ભ્રમર, માછીમારની જાળમાં રાખેલ મીઠાઇના ટુકડા માટે માછલી અને ઘાસ તથા પાંદડાથી ભરેલ ખાડા પર ઉભી કરેલ હાથણીના આલિંગન માટે જંગલનો સ્વતંત્ર ગજરાજ આ બધા જીવનભરની ગુલામી યા મૃત્યુને ભેટે છે. શા માટે ?

આ વિશ્વમાં કેવળ બે પદાર્થ છે. એક જડ અને બીજું ચેતન. અનિત્ય નાશવંત, દુઃખમય, દુઃખસ્વરૂપ, દુઃખફલક અને દુઃખ પરંપરનું જડ વિષયભોગમાં ફસાઇ એક ઇન્દ્રિય જીવવાળાની આવી કરૂણ પરિસ્થિતિ થાય છે, તો પછી પાંચે ઇન્દ્રિયનો માલિક મનુષ્ય આવા વિષયસુખનો ગુલામ બને તો પરિણામની કલ્પના પણ ત્રાસદાયક નહીં થાય ?

'હું કોણ' ? 'કયાંથી આવ્યો' ? 'કયાં જવાનો' ? 'મારૂ અંતિમ ધ્યેય શું' ? 'ધ્યેય-સિદ્ધિ માટે મારૂ કર્તવ્ય શું' ? 'વર્તમાનમાં મારૂ વર્તન કેવું છે' ? જીવનના આ મહત્ત્વપૂર્ણ પ્રશ્નોના ગંભીર મનન-ચિંતન ધ્યાનથી આત્મા અને તેના વિકાસના ઉપાયો વિષેની સાચી સમજણ જરૂર પ્રાપ્ત થશે.

'હું છું અજર, અમર, અવિનાશી આત્મા,

ગુણાકારનો જવાબ આવે તેટલી જ ગુણવૃદ્ધિ જાણવી. આ પ્રમાણે કેટલીક સ્વપર્યાયની અપેક્ષાએ, કેટલીક પરપર્યાયની અપેક્ષાએ અને કેટલીક સ્વપરપર્યાયની અપેક્ષાએ હાનિવૃદ્ધિઓ દરેક દ્રવ્યમાં સદાકાળ પ્રવર્તે છે. એ હાનિવૃદ્ધિ થવા રૂપ દ્રવ્યનો જે સ્વભાવ છે, તે સ્વભાવનું નામ અગુરૂ લઘુપર્યાય કહેવાય છે. પ્રતિસમય દરેક દ્રવ્યમાં આ અગુરૂ લઘુપર્યાય તો સદાકાળ પ્રવર્તે છે. શાસ્ત્રમાં દ્રવ્ય અને પર્યાય એ બે જ પદાર્થો પ્રરૂપ્યા છે. એટલે જ પદાર્થોનું સ્વરૂપ દ્રવ્યાર્થિકનયે અને પર્યાયાર્થિકનયે જ પ્રરૂપ્યું છે. પરંતુ કયાંય ગુણાર્થિનય તરીકે વર્ણન નથી. જેથી ગુણને તો પર્યાયના એક પ્રકાર તરીકે વર્ણવી લીધો છે. સહભાવી એટલે દ્રવ્યની સાથે સતતરૂપે રહેનાર ગુણને **સહભાવીપર્યાય** તરીકે અને દ્રવ્યની સાથે કયારેક હોવાવાળી અને કયારેક નહિ હોવાવાળી અવસ્થાને **ક્રમભાવીપર્યાય**રૂપે કહેલ છે. બાકી પર્યાયમાં સહભાવી અને ક્રમભાવી-રૂપ વિવિધતા સમજવા માટે ગુણ અને પર્યાયની ભિન્નતા કલ્પવી તે વ્યવહારમાં અયોગ્ય તો નથી જ.

જેમ ક્રમભાવીને પર્યાય કહેવાય છે, તેમ એકનું અનેક કરનારને પણ પર્યાય કહેવાય છે. આ હિસાબે દ્રવ્યને અનેક રૂપ કરનાર ગુણ છે. જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા, એમ આત્માને અનેક રૂપે જુદો પાડનાર ગુણ છે. એવી રીતે પુદ્ગલ પરમાણુને વર્ણવાળો, ગંધવાળો, એમ જુદા પાડીને અનેક કરનાર ગુણ છે. માટે અનેક કરવા રૂપ સ્વરૂપવાળો ગુણ તે પર્યાય છે. જેથી કરીને આત્મા, એ પદાર્થ છે. તેની અંદર વિજ્ઞાન શક્તિ છે, તે તેનો 'સહભાવી પર્યાય' કહેવાય છે, અને આત્માને સુખ-દુઃખ-હર્ષ અને શોક વગેરે થાય છે, તે તેનો ક્રમભાવી પર્યાય છે. અથવા પ્રતિસમય વર્તતો હાનિ-વૃદ્ધિરૂપ અગુરૂ લઘુપર્યાય તે સ્વાભાવિક પર્યાય છે, અને નર, નારકાદિ ગતિનું ઉપજવું તેમજ વિણસવું તથા મનના પર્યાયનું જે ક્ષણ ક્ષણ ઉપજવું અને વિણસવું તે ક્રમભાવી પર્યાય કહેવાય છે.

પણ અનંત શક્તિનો માલિક એવો હું મારૂં નિજત્વ ખોઇ બેઠો છું. સૂર્ય વાદળમાં છૂપાયો, વ્યોમવિહારી ગરુડ વિષ્ટાનો કૃમિ બન્યો, સંસારનો સ્વામી શ્લેષ્મની માખી બન્યો, સિંહનું બચ્ચું ઘેટાંના ટોળામાં રહેવાથી પોતાની જાતને ઘેટું માને છે, રાજહંસ કાગડાની સંગતથી માનસરોવરનું નિવાસસ્થાન છોડી વિષ્ટા ભક્ષી બન્યો, કસ્તુરી મૃગ પોતાની નાભિમાં જ કસ્તુરી હોવા છતાં તેની સુગંધ પાછળ આખા વનમાં ભમ્યો. આ બધાનું પરિણામ શું ?

સ્વાર્થી ભૌતિક સુખોની પૂર્તિ માટે આત્માને ભૂલી 'સબળ નિર્બળનું ભક્ષણ કરે' તે મત્સ્ય ગળાગળ ન્યાય પશુઓમાં શારિરીક અને મનુષ્યોમાં આર્થિક અને સામાજીક સીમાઓ સુધી પ્રવર્તિત થયો, જેનાથી વર્તમાન વિશ્વમાં વ્યક્તિ અને સમષ્ટિમાં ક્લેશ, અશાંતિ, દુઃખ, દારિદ્ર, મહામારી વ્યાપ્ત થયો.

મનુષ્ય અને પશુમાં તફાવત શો ? બન્નેનો આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચારેય સંજ્ઞાઓ સામાન્ય છે. પરંતુ મનુષ્ય પાસે એક એવું શક્તિશાળી મન છે કે જે જડ અને ચેતનનો ભેદ સમજાવી કર્તવ્ય–અકર્તવ્ય, ભક્ષ્યાભક્ષ્ય–પેયાપેયના વિવેક દ્વારા પૂર્વ પૂણ્યોદયથી પ્રાપ્ત થયેલ શરીર ધનસંપત્તિ આદિ જડ પૌદ્ગલિક સંપત્તિનો ઉપયોગ ચેતનના વિકાસ માટે કરાવી શકે છે.

આથી એ પુરવાર થાય છે કે જડ અને ચેતનનું ભેદજ્ઞાન, જીવની મૈત્રી અને જડનો વૈરાગ્ય, જીવનું જીવન જીવવાની કળા એ છે આત્મવિકાસની સર્વ પ્રથમ પરંતુ અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા.

પણ આવી કળા શીખવી કયાં ?

દેવગતિમાં કેવળભોગ છે. ત્યાં તો કેવળ પૂણ્યક્ષય કરવાનું સ્થાન છે. નારકીમાં કેવળ અંધકાર અને દુઃખની પરાકાષ્ટા છે. અને તિર્યંચમાં પરવશતા છે.

માનવભવમાં આધિ–વ્યાધિ અને ઉપાધિ હોવા છતાં ઉપર કહ્યું તેમ વિવેકદ્વારા આત્મવિકાસ કરવા માટે તે એક માત્ર અણમોલ અવસર છે. આથી જ જ્ઞાનીયોએ તેને દસ દૃષ્ટાન્ત દુર્લભ કહ્યો છે. પણ જડ અને ચેતનનું ભેદજ્ઞાન અને જીવનું જીવન જીવવાની કળા શીખવી કોની પાસે ?

ઇતિહાસના પાના ખોલો. જે મહાપુરુષોએ સ્વજીવને પ્રયોગશાળા બનાવી પોતાના આત્માને શુદ્ધ કર્યો, એને મોહાંધકારમાં ફસેલા દુઃખી જીવોના ઉદ્ધાર માટે ઉપદેશ આપ્યો. તેના પ્રતિ અડગ શ્રદ્ધા એને નિષ્ઠાપૂર્વક તેને જીવનમાં ઉતારવા પ્રચંડ પુરુષાર્થ તે છે આત્મવિકાસનું સોપાન. આથી જ વિષયકષાયના વિજેતા, રાગદ્વેષ રહિત શુદ્ધ આત્મા છે. અમારા દેવ તેમના પવિત્ર ઉપદેશને જીવનમાં યથાશક્તિ ઉતારી બીજાને માર્ગ બતાવનાર કંચન–કામિનીના ત્યાગી નિર્ગ્રંથ છે અમારા ગુરૂ અને ચૌદ રાજલોકમાં વ્યાપ્ત નિગોદથી માંડી પંચેન્દ્રિય સુધી જીવોની માનસિક, વાચિક યા કાયિક હિંસાથી બચવું તે છે અમારો ધર્મ. આ ત્રણે ય તત્ત્વોની સંપૂર્ણ શરણાગતિ અને અસત્ય, ચોરી, અબ્રહ્મ પરિગ્રહથી બચવું. ઇન્દ્રિય અને મનોજય અને બાહ્ય અભ્યંતર તપરૂપ આરાધના છે. આત્મવિકાસના માર્ગમાં શીઘ્ર પ્રયાણ કરાવનારી વિદ્યુતશક્તિ.

પ્રવાસીએ નિરંતર પોતાનું અંતિમ ધ્યેય–લક્ષ્ય ધ્યાનમાં રાખવું જોઇએ.

આ સંસારના અનાદિકાલિન આત્મપ્રવાસીનું અંતિમ ધ્યેય છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર. અનંતવીર્ય, અરૂપીપણું, અક્ષયસ્થિતિ, અગુરૂલઘુત્વ અને અનંત અવ્યાબાધસુખ જેનું બીજું નામ છે મોક્ષ, સાચા શાશ્વતસુખનું ધામ.

કાળા માથાના માનવીના શબ્દકોષમાં 'અશક્ય' જેવો શબ્દ નથી. મનુષ્ય પોતાના ભાગ્યનો સ્વયં શિલ્પી, વિધાતા, ઘડવૈયા અને માલિક છે. તેને માટે કોઇપણ કાર્ય શક્ય નથી.

મોક્ષનગરની મંઝીલ પર કોણ મિત્ર ને કોણ શત્રુ તે પણ બરાબર સમજી લેવું જોઇએ.

શિકારી તીર ફેંકે છે ત્યારે કૂતરો તીરને કરડે છે. જ્યારે સિંહ તેના મૂળ શિકારીને પકડે છે.

આપણા દુઃખનું મૂળ છે કર્મ. જેની માતા છે વિષયતૃષ્ણા જે આકાશ જેવી અનંત છે, સમુદ્ર જેવી અનાથ છે. જેને પરિણામે કષાય અને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. આ છે મોહસમ્રાટના સેનાનીઓ કે જેના દ્વારા તે આત્માને આ ચતુર્ગતિ-રૂપ ચોર્યાશી લાખ જીવાયોની યુક્ત ચૌદ રાજલોક પ્રમાણ સંસારમાં વિવિધ પ્રકારના દુઃખો આપી ભવભ્રમણ કરાવે છે. આ છે આત્માના કટ્ટર શત્રુ.

આ શત્રુઓના નાશ માટે પૂ. ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં **'सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः'** રૂપ ત્રણ પરમ મિત્ર બનાવવા કે જેના આલંબનથી આત્મા પોતાનો પરમ આત્મ-વિકાસ સાધી શકે.

સર્વ જીવોને આત્મતુલ્ય માનવા તે છે સમ્યગ્-દર્શન, સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા તે છે સમ્યગ્જ્ઞાન અને સર્વ જીવો સાથે આત્મતુલ્ય વ્યવહાર કરવો તે છે સમ્યગ્ચારિત્ર આ રત્ન-ત્રયીની આરાધના દ્વારા જ ભૂતકાળના અનંતા આત્માઓ મોક્ષે ગયા, વર્તમાનમાં જાય છે, ને ભાવિમાં જશે.

ચારિત્રપાલન શક્તિના અનુસારે બે પ્રકારે છે. (૧) સર્વવિરતિ અર્થાત્ પંચમહાવ્રતોનું સંપૂર્ણ પાલનરૂપ સાધુધર્મ. આ સાધુ પોતાના સ્વાર્થી કુટુંબનું સંકુચિત ક્ષેત્ર છોડી સમસ્ત સંસારને કુટુંબ બનાવે. (૨) દેશવિરતિ અર્થાત્ બાર અણુવ્રતરૂપ શ્રાવકધર્મ આનાથી પણ ઓછી શક્તિ-વાળા માટે છે. નૈતિક જીવન માટે અતિ આવશ્યક-રૂપ માર્ગાનુસારી ગુણોનું પાલન.

આચારનો જન્મ વિચારમાંથી થાય છે. જે આચાર પાછળ સંગીન વિચારબળ નથી, તેનું કયારે પતન થશે તે કહેવાય નહિ.

અહિંસા-સંયમ-તપરૂપ મંગળમય આચાર-ધર્મની પાછળ સામાની દૃષ્ટિથી વિચારવું, અનેક અપેક્ષાએ વિચારવું. તેના વિચારોને તટસ્થ દૃષ્ટિએ આદરપૂર્વક વિચારવુ આ છે. જૈનદર્શનના સ્યાદ્-વાદ યા અનેકાન્તવાદ જેના વિના આત્મવિકાસની ક્રિયા આત્મવંચના કરનારી પણ નીવડે.

વ્યક્તિના આત્મવિકાસનો આધાર સમષ્ટિ પર પણ રાખે છે; આત્મા નિશ્ચય દૃષ્ટિએ સર્વશક્તિ-માન હોવા છતાં આત્મવિકાસમાં અન્યજીવોની સહાય નિમિત્ત રૂપે પણ આવશ્યક છે આથી જ પૂ. ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થ સૂત્રમાં **परस्परग्रहो जीवानाम्** ફરમાવ્યું. આથી **'शिवमस्तु सर्व जगतः'**-બધા જીવોનું કલ્યાણ થાય. કોઇનાય દુઃખમાં નિમિત્ત ન બનો. વિશ્વમૈત્રીની ભાવના અને પરોપકાર રૂપ વિધેયાત્મક અને ક્ષમારૂપ નિષેધાત્મક ક્ષમાનું યથાશક્તિ પાલન તથા ગુણવાન પ્રતિ પ્રમોદ, દીન પ્રતિ કરુણા, ક્રૂર પ્રતિ તિરસ્કાર નહીં પરંતુ માધ્યસ્થ ભાવના, અને અનિત્યાદિ બાર ભાવનાઓ **दुःखं पापात् सुखं धर्मात्**. આપત્તિમાં શોક નહીં, સંપત્તિમાં હર્ષ નહીં, સમભાવ, ચિત્ત પ્રસન્નતા ઉત્પન્ન કરનારી મૌલિક ભાવનાઓ. આ ભાવનાઓ વિના કોઇ જ્ઞાનીનું જ્ઞાન, કોઈ તપસ્વીનું તપ કે કોઈ ભક્તની ભક્તિ સંપૂર્ણ સફળદાયી ન થઇ શકે.

આ ધર્મના પાલનથી અભય, અખેદ, અદ્વેષ, અખંડ, આનંદ, અભેદ્ય પ્રેમ. નિર્વિકલ્પ શાન્તિરૂપ શ્રેષ્ઠ સમાધિ પ્રાપ્ત થાય છે. આત્મા વીતરાગ બને છે. શેષ ચાર અઘાતીકર્મનો ક્ષય કરી સિદ્ધશિલાનો વાસી બને છે. આ છે આત્માના વિકાસની પરાકાષ્ઠા.

મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ તે કયારે આવશે તે કોઈ જાણતુ નથી. સંત કબીરે કહ્યું છે. **कबीरा जो दिन आज है, सो नाही फीर काल, चेत शके तो चेत ले, शिर पर गाजे काल.'**

આથી પ્રભુ મહાવીરદેવે પોતાના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને વારંવાર યાદ અપાવ્યું. **' समयं गोयम! मा पमायए. '**

મારા કલ્યાણ મિત્રો, આત્માના વિકાસ માટે સર્વજ્ઞ પ્રભુએ ફરમાવેલ માર્ગે દૃઢ સંકલ્પપૂર્વક પ્રચંડ પુરુષાર્થ કરો

' मा कांर्षीत् कोऽपि पापानि,
माच भूत कोऽपि दुःखिनः।
मुच्यतां जगदप्येषा,
मति मैंत्री निगद्यते॥

નવનીત

આરાધના માર્ગમાં ઉદ્બોધક તથા પ્રેરક બને તેવું સદ્વિચારોનું ભવ્ય પાથેય 'નવનીત'ના શિર્ષક તળે અહિં રજૂ થાય છે. ટુંકા છતાં સચોટ શબ્દો તથા શૈલી દ્વારા વાચકવર્ગને અહિં ઘણું જાણવા-સમજવાનું જરૂર મળશે.

શ્રી પ્રિય મિત્ર

પુણ્યનો ઉદય જાગે છે ત્યારે ઘરમાં રાખ, ધૂળ જેવી ચીજ ભરેલી હોય તો ય એના ભાવ વધી જાય છે ને ધનનો ઢગલો થાય છે.

જે ઘરમાં પેઢીઓ સુધી રહેનારાઓએ દરિદ્ર-નારાયણ જેવું જીવન પસાર કર્યું હોય છે, તે જ ઘરમાં બીજે કોઈ ભાડૂઆત રહેવા આવે છે. ઘરનું સામાન્ય રીપેરીંગ કરવા જતાં પુણ્યોદયે એના હાથમાં ધનના ચરૂ, સોનાની પાટો કે દાગીના આવે છે. હાથમાં રહેલું ઝુંટવી શકાય છે, ભાગ્યમાં રહેલું કોઈ ઝુંટવી શકતું નથી.

રાજા વીરધવલ અને મંત્રી વસ્તુપાલ નગર બહાર ફરવા ગયા. પથરાળ ભૂમિ હતી. રાજાએ કહ્યું: 'વસ્તુપાલ! તમે જ્યાં હાથ નાંખો છો ત્યાંથી ધન નીકળે છે, એમ સાંભળ્યું છે. તો અહિં ખોદો અને ધન કાઢી બતાવો.' વસ્તુપાળે ખોદ્યું, નીલમનો કિંમતી હાર નીકળ્યો. રાજા વીરધવલ અને બીજા સાથીદારો એને ભયંકર ભોરીંગ જુવે છે, ને તેઓ ઉભી પૂછડીએ ભાગી છૂટે છે, વસ્તુપાલની પુણ્ય નજરે એ નીલમનો હાર દેખાય છે. ગળામાં પહેરી એ નગર ભણી ચાલ્યા જાય છે.

પાટણના એક શાહ સોદાગરે વર્ષો પૂર્વે દાટેલું નિધાન એકવાર કારણ-પ્રસંગે ખોદીને બહાર કાઢ્યું. શેઠને તે કોલસારૂપ બની ગયેલું દેખાયું તેથી ઘરના આંગણે નાખી દીધું.

મધ્યાન્હ સમયે નગરમાં ગોચરી માટે ફરી રહેલા બે મુનિઓમાંથી સોમચંદ્ર નામના મુનિ આ નિધાનને સોનામહોરરૂપે જોઈ રહ્યા છે, બન્ને મુનિઓ શેઠના ઘરમાં ગોચરી માટે દાખલ થયા. શેઠને ત્યાં ઘેંસ રાંધેલી હતી. સોમચંદ્ર મુનિ બીજા મુનિને કહે છે:-'આના આંગણામાં સોનામહોરોનો ઢગલો પડ્યો છે છતાં ભોજનમાં ઘેંસ ખાય છે! કેવો કૃપણ!' આ વાત પેલા શેઠે સાંભળી. એ ઘરના આંગણા તરફ દોડ્યા જોયું તો સોનામહોરોનો ચળકતો ઢગલો!! શેઠનાં હૈયામાં આનંદ સમાતો નથી, ગુરુને વિનંતિ કરી સોમચંદ્ર મુનિને આચાર્યપદ અપાવ્યું, એમની પવિત્ર દૃષ્ટિથી નિધાન હેમરૂપે બન્યું તેથી 'હેમચંદ્રસૂરિ' એવું નામ સ્થાપવામાં આવ્યું તે જ જીવદયા પ્રતિપાળ રાજા કુમારપાળના પ્રતિબોધક કલિકાલસર્વજ્ઞ સમર્થ શાસ્ત્રપ્રણેતા આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજ!!!

વિવેક ચૂકીને ધર્મ આચરનારાઓ બીજા બાળજીવોને ધર્મ પ્રત્યે અણગમો પેદા કરે છે. બાળજીવો ધર્મ આચરનારના બાહ્ય આચરણ ઉપરથી જ ધર્મનું માપ કાઢવા ટેવાયેલા હોય છે. ઉંચી ધર્મક્રિયાઓ કરનારા ધર્માત્માઓમાં જીવન શુદ્ધિની, વ્યવહાર શુદ્ધિની, વિવેકની ખામી જોઈ બાળજીવો ધર્મથી વિમુખ બને છે.

ધર્મ એટલે ક્રિયાકાંડ. ધર્મની આવી વ્યાખ્યા ન બાંધશો પણ ધર્મ એટલે વિવેકી આત્માઓ દ્વારા કરાતી સુવિશુદ્ધ ક્રિયાઓ અને તે થતી **ચિત્તશુદ્ધિ-આત્મશુદ્ધિ**. સમ્યગ્જ્ઞાન અને જિનાજ્ઞાના બહુમાન પૂર્વક થતો ધર્મ આહારાદિ સંજ્ઞાઓને મંદ પાડી

દે છે તેથી ચિત્તશુદ્ધિ-આત્મશુદ્ધિ સહજરીતે પ્રગટે છે. સંજ્ઞાઓના નિરોધનો પુરૂષાર્થ સમ્યગ્જ્ઞાનના બળે પ્રગટે છે.

ધર્મના મહાન ફળોનું વર્ણન સાંભળીને ઘણાને ધર્મ કરવાની પ્રેરણા મળે છે-ઇચ્છા જાગે છે, અને ઘણા ધર્મ આચરવા પણ લાગે છે. પણ જ્યારે એ ફળ અનુભવી શકતા નથી ત્યારે શ્રદ્ધા ડગમગી જાય છે પણ ખાસ લક્ષમાં લેવાની જરૂર છે કે, એ ફળો સુવિશુદ્ધ ધર્મારાધનાના છે. એ કક્ષાએ સુધી પહોચવા પ્રાથમિક ઘણી ભૂમિકાઓ વટાવવી પડે છે. શુદ્ધધર્મની આરાધનાનું કાર્ય સહેલું નથી. દીર્ઘકાળ સુધી **સવિધિ-સતત** અને **સલક્ષ્ય** ધર્મ આરાધના થવી જોઇએ.

પ્રારંભમાં ધર્મ કરવો દરેકને ઘણો જ અઘરો લાગે છે. પરંતુ **अभ्यासेन किं दुष्करम्** । રસોઇ કરવી, વેપાર કરવો, છોકરાને નિશાળે જવું, સાઇકલ શીખવી વગેરે વગેરે શરૂમાં કઠીન લાગતી બાબતો અભ્યાસથી સહેલી બની જતી નથી? ધર્મઆરાધનાના અભ્યાસ સાથે જ્યારે આત્મ-જ્ઞાન વધે છે. દેહાધ્યાસ ઘટે છે, સુકુમારતા ટળે છે ત્યારે ધર્મ ખૂબ જ સુકર લાગે છે, ત્યારે જે આનંદ ધર્મઆરાધનાથી મળે છે તેવો આનંદ જગતના કોઈ પદાર્થમાં અંશમાત્ર દેખાતો નથી. એ આનંદને આત્મજ્ઞાનનો આનંદ, વૈરાગ્યનો આનંદ, સમતાનો આનંદ, અંતરાત્મભાવનો આનંદ કહેવાય છે.

એક યા બીજા સ્વરૂપે **અહંભાવ** સાધકને પણ પોતાની નામચૂડમાં જકડી રાખે છે. માટે જ સાધકે એનાથી ખૂબ જ સાવધ રહેવું.

તમારી કોઇ નિંદા કરે ત્યારે તમને કશું જ નુકશાન થવાનું નથી પણ તમારી જ્યારે કોઈ સ્તુતિ કરે ત્યારે સાવધ રહેજો કે 'અહંકાર પોતાનો કાબુ તમારા પર ન જમાવી જાય.'

અનુકૂળતા જ માણસને વધુ પ્રમાદી બનાવે છે. તેથી જ અનુકૂળતાના પ્રસંગે વિશેષ સાવધ રહેવું.

તારામાં કયા ગુણો છે? જેથી તું પ્રશંસા ઇચ્છે છે? પરમાર્થનું કયું અદ્‌ભુત કાર્ય તેં કર્યું છે જેથી તું અભિમાની બની ગયો છું? કયા સત્કાર્યથી તારે દુર્ગતિનો ભય ટળી ગયો છે? શું તેં મૃત્યુને જીત્યુ છે, સ્વાધીન કર્યું છે, જેથી તું નચિંત બની ગયો છું?

આ કાયા સેંકડો ઉપાયો કરવા છતાં અને રસાયણોથી પુષ્ટ કરવા છતાં અંતે તો દુર્બળ પડવાની જ છે. સાંધાઓમાંથી શિથિલ બની જર્જરિત થવાની જ છે. તો હે નાદાન આત્મા! ઔષધોથી એની વધુ વિટંબણા શા માટે કરે છે? અનંત-આનંદદાયક ધર્મરસાયણ પી.

અભિમાનને નાથવા અધિકગુણીને અધિક-જ્ઞાનીને, અધિક તપસ્વીને યાદ કરો! પૂર્વે થઇ ગયેલા પુરૂષસિંહોના પરાક્રમ વિચારો! તમારૂં સુકૃત એની આગળ ઝાંખુ અને ફીકકું લાગશે.

દુ:ખીને દિલાસો આપવો એ વાણીનો સદ્‌વ્યય છે. અન્યના દિલને દુભાવવું એ વાણીનો દુર્વ્યય છે. કોઇની માગણી પૂર્ણ ન કરી શકો એ અપરાધ નથી. પણ કટુવાણી દ્વારા કોઇની લાગણી દુભાવશો તો ઘોર અપરાધી બનશો.

માનવમાત્ર ભૂલને પાત્ર છે. પણ બીજાની ભયંકર ભૂલને ઉદારતાપૂર્વક ભૂલી જવી એ સજ્જ-નનો સ્વભાવ છે.

તમારા પર આફત આવતા પાષાણ બની જજો પણ દુ:ખી-દીનને જોઇને પાષાણ મટીને કમળ જેવા થજો.

દેવગુરુની ભક્તિ વિનાનું હૃદય, હૃદય નથી સ્મશાનમાં ભુતડા નાચે તેમ ભક્તિ વિનાના હૃદય સ્મશાનમાં વિકારો રૂપી ભુતડા નાચે છે.

ધર્મપુરુષાર્થ તમારા ભાગ્યના ભંડારો ખોલ-વાની ચાવી છે.

⊙

દૂધ અને પાણીની પ્રીત

સંગ્રા૦ **શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ-ભોકરવા.**

જલુ પય સરિસ બિકાઈ દેખ હુ પ્રીતિ કી રીત ભલી। બિલગ હોઈ રસ જાઈ કપટ ખટાઇ પરત પુનિ ।।

પ્રીતની સરસ રીત તો જુઓ ! દૂધની સાથે ભળેલું પાણી પણ દૂધના ભાવે વેચાય છે. દૂધને મનમાં ગૌરવ છે કે તું ગમે તેવું હો પણ મારી ભાઇબંધી કર્યા પછી તારી કિંમ મારા જેટલી ન થાય તો તો મારી દોસ્તીમાં ધૂળ પડી કે'વાય ને ?

પાણી અને દૂધ વચ્ચેનો આ સ્નેહ ગજબનો છે. દૂધ ચૂલે ચઢયું, પાણી મનમાં વિચારે છે કે ભન્ના ! આ દૂધે મારી મફતિયાની આટલી કિંમત દુનિયામાં કરાવી અને પોતાની ભાઇબંધીનો નાતો જાળવ્યો તો હવે હું કેમ ન દેખાડું ! એણે દૂધને કહી દીધું કે, 'ભાઇબંધ દૂધ હું હૈયાત છું ત્યાં સુધી તને બળવા નહિ દઉં.' પેલું હું બળીશ પછી તારો વારો આવવો હોય તો ભલે આવે. મારા બેઠા તને ઊની આંચ નહિ આવવા દઉં.'

આમ કહીને પાણી માંડયું બળવા. એ બળવાની પીડા ભાઇબંધ દૂધથી શે જોઇ જાય ? અને એમ જોઇને બેઠું રહે તો પ્રીતિ શાની ? એટલે દૂધ માંડયું ઉભરાવા કે હમણાં ઉભરાઇને અગ્નિને જ ઠારી નાખું એટલે પાણી દાઝતું મટે. આવી જગજૂની પ્રીત છે પાણી અને દૂધ વચ્ચે.

ગુંસાઇજી કહે છે કે–'બિલગ હોઈ રસ જાઇ કપટ ખટાઇ પરત પુનિ' કપટરૂપી ખટાશ પડવાથી આવી જોરાવર પ્રીતિ પણ ભાંગી જાય છે. ખટાશથી દૂધ ફાટી જતાં પાણી ને દૂધ નોખા પડે છે અને 'રસ જાઇ' સ્વાદ પણ ઉડી જાય છે. આવો પ્રભાવ છે કપટનો !

જોધપુરની મશહુર, હાથે બાંધેલી જયોર્જેટ તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકા રંગ તથા કલાત્મક ડીઝાઈનમાં જથ્થાબંધ તથા રીટેલ ખરીદવા માટે

હુકમચંદ વી. જૈન

ડાગા બજાર * **જોધપુર** * રાજસ્થાન

: અમારા સ્ટોકિસ્ટસ :

મગનલાલ ડ્રેસવાલા	મુંબઇ
કે. છોટાલાલ	કલકત્તા
વાંઝા કરશનદાસ નાથાભાઇ	જામનગર
મયાભાઇ મોહનલાલ	અમદાવાદ
લક્ષ્મીચંદ દયાળજી	ભાવનગર
ચત્રભૂજ નાનચંદ	સુરેન્દ્રનગર

દેરાસરો-મંદિરો ઉપયોગી કામો કરાવનારા

ગ્રાહકોને સુચના

પાલીતાણામાં અમારૂં કારખાનું, શેા રૂમ સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા સામે છે અન્ય કોઈ સ્થળે અમારી શાખા નથી તેમજ અમારા ભાગીદારો નથી. તેની ગ્રાહકબંધુએ નોંધ લેવી.

પ્રમાણિક ને વિશ્વાસુ કામો માટે જુની ને જાણીતી પ્રસિદ્ધ અમારી એક જ ફર્મ છે.

ભીખ્ખી વૃજલાલ રામનાથ

સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા સામે,

મુ. પાલીતાણા

શુભ સૂચના

उन बहुत बडियां सफेद औघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा उनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन

लुधियाना (पंजाब)

મોહદૃષ્ટિથી વિવેકમાર્ગને ભૂલેલા આત્માઓ સંસારમાં સાર કે અસારનો કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરી શકતા નથી. મેઘમાલી અને વિદ્યુન્માલી વિદ્યાધરોની આ કથા આ હકીકતને સ્પષ્ટ કરે છે, પર્વાધિરાજના પ્રસંગે મોહની વિષમતા સમજી સર્વ કોઇ પૌદ્ગલિકભાવો પ્રત્યેની આસક્તિ ત્યજી આત્મભાવ સન્મુખ બનો!

મોહની વિષમતા

પૂ. મુનિરાજ શ્રી
નિત્યાનંદવિજયજી મ.

અનાદિ અનંતકાળથી જીવ સંસારમાં ભટકી રહ્યો છે. સંસારમાં ભટકતાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવી રહ્યો છે. દુઃખની ઇચ્છા નહિ હોવા છતાં દુઃખ આવે છે અને ભોગવવું પડે છે. દુઃખ આવવાનું મુખ્ય કારણ ઇન્દ્રિયોની ગુલામી છે. ઇન્દ્રિયોને વશ પડવાથી જીવ હિત-અહિત, લાભ-હાનિ વગેરેનો વિચાર કરી શકતો નથી, તેથી ઉત્તમ પ્રકારના મળેલા સુખ વૈભવોને પણ વિસરી જાય છે અને તુચ્છ-હલકા સુખને મોહ મૂઢતાથી ઉત્તમ માની બેસે છે અને તેમાં જ આસક્તિ પૂર્વક ફસાઈ રહે છે.

મોક્ષસુખની આગળ સંસારના ઉત્તમમાં ઉત્તમ સુખ પણ તુચ્છ છે. કેમકે સંસારમાં મળતાં સુખ એ પૌદ્ગલિક હોય છે અને પૌદ્ગલિક સુખ નાશવંતા જ હોય છે, દેખાવમાં સારા લાગે, પરિણામે મહા-દુઃખને આપનારા હોય છે, જ્યારે મોક્ષનું સુખ એ આત્મિક સુખ છે, આઠે પ્રકારના કર્મોના સંપૂર્ણ ક્ષયથી પ્રગટ થાય છે, એ સુખ એકવાર પ્રાપ્ત થયા પછી, તેનો કદીયે અંત આવતો નથી, તેમજ તેમાં દુઃખનો અંશ-માત્ર હોતો નથી.

જે આત્માઓને આ સત્ય વાત સમજાઇ ગઇ હોય છે, તેઓને સંસારમાં મળેલા સારામાં સારા સુખો પણ દુઃખરૂપ લાગે છે અને તેમની ઇચ્છા મોક્ષસુખ પ્રાપ્ત કરવાની જ હોય છે, અને તેથી સંસારના સુખોમાં લોભાતા નથી.

જેઓ સંસારના સુખોમાં લોભાઇ જાય છે, તે આત્માઓ કદીયે મોક્ષસુખને મેળવી શકતા નથી. મોહમૂઢ આત્માઓ પોતાના સ્વરૂપ વિચારી શકતા નથી. આ વાતને જણાવવું એક ટુંકુ દૃષ્ટાંત સમ-જવાથી ખ્યાલ આવી જશે.

જંબૂદ્વિપમાં દક્ષિણ તરફ ભરતક્ષેત્ર આવેલું છે, તેનાં મધ્ય ભાગમાં પચાસ યોજન પહોળો, ત્રીસ યોજન ઊંચો પૂર્વ-પશ્ચિમ સમુદ્ર સુધી લંબાયેલો વૈતાઢ્ય નામનો પર્વત છે તે વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ તરફની મેખલા ઉપર પચાસ નગરો અને ઉત્તર તરફની મેખલા ઉપર ૬૦ નગરો આવેલા છે. આ એકસો ને દશ નગરો વિદ્યાધરના નગરો કહેવાય છે. તે નગરોમાં વિદ્યાધરો નિવાસ કરે છે,

ઉત્તર બાજુના ૬૦ નગરમાં એક ગગનવલ્લભ નામનું સુંદર નગર હતું. તે નગરમાં મેઘમાલી અને વિદ્યુન્માલી નામના બે ભાઇઓ હતા.

બન્નેમાં પરસ્પર અપૂર્વ પ્રેમ હતો. સાથે રમતા, સાથે ખેલતા, સાથે જમતા બન્ને બાલ્યવય વીતાવી યુવાનવયમાં આવી પહોંચ્યા. પિતાનું વિશાળ રાજ્ય છે, વિદ્યાની સંપત્તિ છે એટલે સુખનું તો પૂછવું જ શું? અનેક પ્રકારના સુખ વૈભવને ભોગવતા કાલ નિર્ગમન કરી રહ્યા છે. અનેક વિદ્યાઓ સિદ્ધ કરી લીધી છે, અને નવી નવી વિદ્યાઓ સિદ્ધ કરવામાં બન્નેને ઘણો આનંદ આવે છે, જ્યાં જાય ત્યાં બન્ને સાથેને સાથે જ જાય.

એક વિશિષ્ટ પ્રકારની વિદ્યા હતી, તેને સિદ્ધ કરવાની વિધિ એવી હતી કે 'પોતાના વિદ્યાધરપણાના સુખ-ભોગોનો ત્યાગ કરી, ચંડાલ બની, ચાંડાલણી સાથે લગ્ન કરી, ચંડાલવાસમાં રહી, બ્રહ્મચર્યનું પાલન કરવા પૂર્વક બાર મહિના સુધી અનુષ્ઠાન કરવાનું. અનુષ્ઠાનમાં કોઇ દોષ ન આવે તો વિદ્યા સિદ્ધ થાય.'

એક વખત મેઘમાલી અને વિદ્યુન્માલી બન્ને ભાઇઓ એક સુંદર ઉદ્યાનમાં ફરી રહ્યા છે, ત્યાં મેઘમાલીએ વિદ્યુન્માલીને કહ્યું કે, 'ભાઇ! મને એક વિચાર આવે છે.'

વિદ્યુન્માલીએ પૂછ્યું, 'શું વિચાર આવે છે? જે વિચાર આવતો હોય તે ખુશીથી જણાવો.'

મને એમ થાય છે કે પેલી વિશિષ્ટ પ્રકારની વિદ્યા સિદ્ધ કરીએ.'

'પણ એની વિધિ તો વિચિત્ર છે, તે માટે તો ચંડાલ ભેગા રહેવું પડે ને?' વિદ્યુન્માલીએ કહ્યું.

'હા આથી જ મને વિચાર થાય છે, અને તેથી તેને પૂછ્યું. એકવાર બાર મહિના ચંડાલ-વાસમાં રહેવું પડે પણ વિદ્યા સિદ્ધ થયા પછી આપણું સુખ કેટલું બધુ વધી જાય. સુખ-વૈભવનો કોઇ પાર રહે નહિ, તારી ઇચ્છા હોય તો આપણે માત પિતાને પૂછીને વિદ્યા સિદ્ધ કરવા જઇએ.'

વિદ્યુન્માલીએ કહ્યું કે, 'કોઈ વાતમાં મેં ક્યારે ય ના પાડી છે? તમારી ઇચ્છા તે મારી ઇચ્છા. કહો વિદ્યા સિદ્ધ કરવા માટે અહીંથી ક્યારે જઇશું?'

'માતા-પિતાને હું પૂછી લઇશ, તેમની રજા મળશે તો પાંચ દિવસ પછી આપણે જઈશું.'

માતા-પિતાની રજા મળતાં, નક્કી કરેલા દિવસે ચંડાલનો વેષ ધારણ કરી બન્ને વિદ્યાધર ભાઇઓ મર્ત્યલોકમાં વસંતપુર નામના નગર પાસે આવી ગયા.

વસંતપુર નગરને ફરતો મજબૂત કીલ્લો હતો, નગરમાં આવ-જાવ કરવા માટે બાર દરવાજા હતા, નગરમાં મોટી મોટી હવેલીઓ જાણે આકાશ સાથે વાત કરતી હોય તેવી દેખાતી હતી, મોટા અને સ્વચ્છ રસ્તાઓ હતા, દરેક વસ્તુઓના જુદા જુદા બજારો હતા. નગરીનો રાજા પણ ન્યાયી અને પ્રજાપ્રિય હતો, નગરના એક છેડે ચંડાલોને રહેવા માટે ઝુંપડાઓ હતા. ચંડાલો પોતાનું કાર્ય નિષ્ઠા-પૂર્વક બજાવતા હતા.

મેઘમાલી અને વિદ્યુન્માલી નગરમાં દાખલ થઈ ચંડાલોના વાસ પાસે આવી પહોંચ્યા, નજર કરે છે તો ચારે તરફ ખરાબ બદબો આવી રહી છે, તૂટ્યા ફુટ્યા ઝુંપડાઓ છે. આ જોઈ ઘડીભર થઇ જાય છે કે, 'ક્યાં અમારા સુંદર રત્નજડિત મોટા મોટા મહેલો અને અતિ ઘૃણા ઉપજાવે એવા ક્યાં આ ઝુંપડા.' વિદ્યા સિદ્ધ કરવા માટે તો ઇચ્છા ન હોય તો પણ ચંડાલવાસમાં રહ્યા વિના છૂટકો હતો નહિ, એટલે મનને મજબૂત કરી ચંડાલોની સેવા કરવા લાગ્યા.

માણસને જ્યારે કોઈ વસ્તુની લગની લાગે છે, ત્યારે ગમે તેવું કાર્ય કરતાં સંકોચ થતો નથી, નીચમાં નીચ અને હલકામાં હલકું કામ પણ હોંશ-પૂર્વક કરવા તૈયાર થઈ જાય છે-કરવા લાગે છે.

વિદ્યા સિદ્ધ કરવા માટે પોતાની વિદ્યાધરની સંપત્તિ ભૂલીને ચંડાલની સેવા કરવામાં બન્ને ભાઇઓને આનંદ આવતો હતો.

એક દિવસે ચાંડાલોએ બન્ને ભાઇઓને પૂછ્યું કે, 'તમે અમારૂં બધુ કામ શા માટે કરી રહ્યા છો? તમે ક્યાના રહેવાસી છો અને અહીં આવવાનું શું પ્રયોજન છે? તે જણાવો. અમારા જોગ કામ હોય તો તે જણાવો, જો શક્ય હશે તો અમે તમારા કાર્યમાં સહાયક થઈશું.'

ચંડાલોના આ પ્રમાણેના વચનો સાંભળી મેઘમાલીએ કહ્યું કે, 'તમે આટલા લાગણીભર્યા શબ્દો કહ્યા અને અમારી આટલી કાળજી રાખો છો, તેનો કયા શબ્દોમાં તમારો આભાર માનું! જ્યારે તમે અમારી હકીકત પૂછો છો તો સાંભળો.'

ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં અમારો જન્મ થયો છે, મા-બાપના લાડકોડમાં અમે ઉછરવા

લાગ્યા અને મોટા થયા, અમે અમારા મા-બાપને પુરો સંતોષ રહે એ રીતે વર્તાવ રાખતા હતા, છતાં પણ એક દિવસ અમારા મા-બાપ ગુસ્સે થયા અને કાંઈ પણ વાંક-ગુનો જણાવ્યા વગર અમને ઘરમાંથી કાઢી મૂક્યા અને કહ્યું, 'હવે ફરીને આ ઘરમાં પગ પણ મૂકશો નહિ, ગમે ત્યાં ચરી ખાજો.'

'નહિ વાંક, નહિ ગુનો એટલે આ શબ્દો સાંભળી અમને લાગી આવ્યું, એટલે અમારા નગરનો ત્યાગ કરી, ફરતાં ફરતાં અહીં આવી પહોંચ્યા છીએ. અમારો કોઇ આસરો રહ્યો નહિ એટલે આ રીતે તમારી સેવા કરવા માંડી છે.' મેઘમાલીએ બધું અસત્ય જણાવ્યું.

માતંગે કહ્યું કે, 'જો કાયમ અહીં રહેવાની ઇચ્છા હોય તો અમે અમારી કન્યા તમને આપીએ, અમારી કન્યા સાથે લગ્ન કર્યા પછી અમારા જેવું બધુ કાર્ય તમારે કરવું પડશે.'

આ બન્ને તો આવી તકની જ રાહ જોતા હતા. આથી બન્નેએ જવાબ આપ્યો કે, 'સારૂ, અમે તમારી કન્યા સાથે લગ્ન કરીશું અને તમારા કહ્યા પ્રમાણે કામ પણ કરીશું.'

ચંડાલની કન્યા સાથે બન્નેના લગ્ન થઈ ગયા.

બન્ને જણા ચંડાલને યોગ્ય બધા કામ કરવા લાગ્યા.

ચંડાલની કન્યા કેવી હોય ? થોડી જ રૂપવંતી હોય ?

જે કન્યા સાથે લગ્ન થયું હતું તેનું રૂપ કાળુ કોયલા જેવું.

અવાજ તો કઠોર અને ગધેડા જેવો.

એક આંખે દેખે નહિ એટલે કાણી, દાંત તો હોઠની બહાર નીકળી આવેલા. નજરે જોવી પણ ન ગમે છતાં વિદ્યા સિદ્ધ કરવા માટે લગ્ન કર્યા હતા.

આવી કન્યા હોવા છતાં વિદ્યુન્માલી તેના સંગમાં ફસાઈ પડ્યો અને વિદ્યા સિદ્ધ કરવાના બદલે પત્નિને સિદ્ધ કરવામાં ઉજમાળ બની ગયો.

મેઘમાલીને તો પોતાના મૂળ સ્વરૂપનો ખ્યાલ હતો, તેથી અનુષ્ઠાનની વિધિ સાચવવા માટે જ લગ્ન કર્યા હતાં છતાં બ્રહ્મચર્યનું પાલન કરવાપૂર્વક વિધિ-વિધાનમાં કોઈ ક્ષતિ આવવા દીધી નહિ. બાર મહિનાના અંતે વિશિષ્ટ વિદ્યા સિદ્ધ થઇ ગઇ. આથી મેઘમાલીને ઘણો આનંદ થયો.

જ્યારે વિદ્યુન્માલી તો વિદ્યાધરનો પુત્ર હોવા છતાં પોતાનું સ્વરૂપ ભૂલી જઇ રૂપ વગરની ચંડાલણીના મોહપાશમાં બંધાઇ ચૂક્યો, તેથી ચંડાલણીને સ્વર્ગીય દેવાંગના તુલ્ય સમજતો હતો. પરિણામ એ આવ્યું કે ચંડાલણી ગર્ભવંતી થઇ.

ખરેખર, મોહનું સામ્રાજ્ય એટલું પ્રબળ છે કે માણસ જો સાવધ ન રહે તો જરૂર ભાનભૂલો બની જાય છે, પછી તેને કોઇ જાતનું ભાન રહેતું નથી અને દિવસે દિવસે વધુ ને વધુ મોહના પાશમાં જકડાતો જાય છે, પરિણામ એ આવે કે ક્ષણિક સુખ મેળવ્યાના બદલામાં અસંખ્ય વર્ષોના કારમા દુઃખ ભોગવવા પડે છે.

મેઘમાલીએ ધાર્યું કે, 'જેમ મને વિદ્યા સિદ્ધ થઇ ગઇ તેમ મારા ભાઇને પણ સિદ્ધ થઈ ગઇ હશે.'

મેઘમાલીને કયાંથી ખબર હોય કે 'મારો ભાઇ તો ચંડાલણીના મોહપાશમાં બંધાઇ ચૂક્યો છે, અને થોડા ટાઇમમાં એક પુત્રનો પિતા પણ બનશે.'

મેઘમાલી, વિદ્યુન્માલી પાસે ગયો.

ભાઇએ આવકાર આપ્યો.

મેઘમાલીએ કહ્યું કે, 'બાર મહિના થઇ ગયા. વિદ્યા સિદ્ધ થઇ ગઇ છે, માટે આ ચંડાલ-કુળનો ત્યાગ કરી ચાલો આપણે આપણા નગરમાં જઇએ. ત્યાં સહુ આપણી રાહ જોઈ રહ્યા હશે. અનેક ખેચરી કન્યાઓ લગ્ન કરવા માટે તલપાપડ થઇ રહી હશે, વિદ્યાના બળે આપણી સુખ સાહ્યબી અનેક વધી જશે.

મેઘમાલી તો હર્ષના આવેશમાં બોલે જતો હતો પણ વિદ્યુન્માલીની સામું જોયું હોત તો ખબર પડત કે, 'વિદ્યુન્માલી તો મોઢું નીચું રાખીને, આંગળીઓ વડે જમીન ખોતરી રહ્યો હતો.'

વિદ્યુન્માલી તો મૌન હતો. કશો જવાબ આપી શકયો નહિ.

'કેમ ભાઇ! કંઈ બોલતો નથી, આમ બોધા જેવો કેમ થઈ ગયો છે?'

'ભાઇ! શું જવાબ આપું? ખરેખર તું કૃતકૃત્ય છે તને વિદ્યા સિદ્ધ થઈ ગઇ છે.' નીચું મુખ રાખીને જ વિદ્યુન્માલીએ જવાબ આપ્યો.

'શું ત્યારે? તને વિદ્યા સિદ્ધ નથી થઇ?'

વિદ્યા તો સત્ત્વશીલ પુરુષો જ સિદ્ધ કરી શકે જ્યારે સત્ત્વ વિનાના એવા મેં તો નિયમરૂપી વૃક્ષને ભાંગી નાંખ્યું છે, તેથી વિદ્યા સિદ્ધિરૂપ ફળ કયાંથી પ્રાપ્ત થાય?' વિદ્યુન્માલીએ ખુલાસો કર્યો.

'કેમ શું બન્યું?'

'શું કહું? કહેતા જીભ પણ ઉપડતી નથી. મારી પત્નીના મોહમાં ફસાઈ ગયો, બ્રહ્મચર્યનું પાલન કરી શકયો નહિ એટલે વિદ્યા સિદ્ધ કેમ થાય? વળી મારી પ્રેમાળ પત્ની થોડા જ ટાઇમમાં માતા બનનારી છે, તેથી નિરાધાર મૂકીને આવી શકુ તેમ નથી, તમે સુખપૂર્વક જાઓ, મેં વિદ્યા સિદ્ધ કરી નથી એટલે સંબંધીઓને મારું મુખ કેવી રીતે બતાવું? હું અહીં રહી વિધિપૂર્વક વિદ્યા સાધીશ. એક વર્ષ થાય એટલે તમે અહીં આવજો ત્યાં સુધીમાં હું પણ વિદ્યા સિદ્ધ કરી લઈશ પછી તમારી સાથે આવીશ.'

ચંડાલણીના પ્રેમપાશમાં બંધાયેલા વિદ્યુન્માલીને મૂકીને મેઘમાલી પોતાના ગગનવલ્લભ નગરમાં ગયો, અને પોતાના સંબંધીઓને મળ્યો.

'વિદ્યુન્માલી કયાં છે?' મેઘમાલીને એકલો આવેલો જોઇ સંબંધીઓએ પૂછ્યું.

'વિદ્યુન્માલી તો કુરૂપ, કાણી અને લાંબા દાંત વાળી ચંડાલણીના મોહમાં ફસાઇ પડયો અને તેની પત્ની-ગર્ભવંતી બની છે. આથી આપણા ઉત્તમ સુખો દુઃસ્વપ્ની માફક ભૂલી જઇ તેનીના પ્રેમમાં આસક્ત થઈ ગયો છે. વિદ્યા સિદ્ધ કરી નથી, આથી શરમ આવવાથી મારી સાથે આવ્યો નથી.' મેઘમાલીએ ખુલાસો કર્યો.

ભાઇના સ્નેહને વારંવાર યાદ કરતો મેઘમાલી દિવસો પસાર કરે છે અને વિચારે છે, કે–

'હું દેવાંગના જેવી રૂપવાન વિદ્યાધર પત્નીઓ સાથે ઉત્તમ ભોગ-વિલાસ કરું છું, જ્યારે મારો નાનો ભાઇ નરકતુલ્ય રૂપરહિત ચંડાલણીની સાથે વસંતપુરના એક ખૂણામાં પડયો છે. હું સુંદર બાગ-બગીચા-ઉદ્યાન વગેરેથી શોભતા સાત માળના રત્નજડિત મહેલમાં આનંદ કરું છું, જ્યારે તે સ્મશાનતુલ્ય, ગંદકીવાળા ચંડાલના ઝુંપડામાં દિવસો વિતાવે છે. હું વિવિધ પ્રકારની વિદ્યાથી પ્રાપ્ત થયેલ સુખ-વૈભવોનો ઉપભોગ કરી રહ્યો છું, જ્યારે તે જીર્ણ, ફાટયા-તૂટયા, મેલા-ઘેલા વસ્ત્ર ધારણ કરી લોકોનું એઠું-જુઠું અન્ન ખાઈ રહ્યો છે.'

ભાઇને યાદ કરતાં કરતાં એક વર્ષ પસાર થયું એટલે પોતાના ભાઇને લેવા માટે મેઘમાલી વસંતપુર નગરમાં આવ્યો.

આ વખતે વિદ્યુન્માલીની પત્નીએ બીજીવાર ગર્ભ ધારણ કર્યો હતો.

ભાઇને મળ્યો અને કહ્યું કે, 'વિદ્યુન્માલી! વૈતાઢય પર્વત ઉપર આપણને પ્રાપ્ત થયેલા વિદ્યાધરના સુખોને ભૂલી જઇ, આવા તુચ્છ સ્થાનમાં કેમ પડયો રહ્યો છે, તને વિદ્યા સિદ્ધ થઈ ગઇ હશે, માટે આ ચંડાલકુલનો ત્યાગ કર, અને મારી સાથે ચાલ.'

'ભાઈ! મારી વાત શી કરું? આ મારી વહાલી પત્નીને એક નાનો પુત્ર છે અને બીજીવાર ગર્ભવાળી થઈ છે.' વિચિત્રપ્રકારનું હાસ્ય કરી વિદ્યુન્માલીએ કહ્યું.

'વળી મારી પત્ની મારા ઉપર અત્યંત ભક્તિવાળી છે, મારા સિવાય તેનો કોઇ આશરો નથી. આથી વજ્રહૃદયવાળા એવા તારી જેમ હું મારી આ પત્નીનો ત્યાગ કરી ત્યાં આવવા માટે મારું મન થતું નથી. તું જા, અને કોઈ કોઇ વખત દર્શન આપજે. હું તો અહીં રહીને જ મારો સમય વ્યતીત કરીશ. મારા ઉપર કોઇ જાતનો રોષ રાખીશ નહિ.'

મોહને વશ પડેલાઓને અતિ તુચ્છ અને હલકી વસ્તુઓ પણ અતિ મધુર અને સારી લાગે છે, જ્યારે તત્ત્વદૃષ્ટિ પામેલાઓને સર્વ શ્રેષ્ઠ દેવતાઈ સુખો પણ દુઃખરૂપ લાગે છે, કેમકે આત્મિક સુખ આગળ સંસારનું કોઈ પણ સુખ બરાબરી કરી શકતું નથી.

મેઘમાલીએ પોતાના ભાઈને ઘણું ઘણું સમજાવ્યો, છતાં જરાએ સમજ્યો નહિ. 'જડ પુરુષને શું હિત કરી શકાય છે,' આમ સમજી પોતાના સ્થાને ગયો.

નવ મહિના પૂરા થતાં ચંડાલણીએ બીજા પુત્રનો જન્મ આપ્યો. આથી વિદ્યુન્માલીને ખૂબ આનંદ થયો અને ચંડાલકુલને સ્વર્ગથી પણ અધિક માનવા લાગ્યો. દિવસનો મોટો ભાગ પુત્રોને રમાડવામાં પસાર કરવા લાગ્યો.

'છોકરાને ખૂબ વહાલપૂર્વક રમાડતો, ખાતી વખતે પણ ખોળામાં રાખતો. ખોળામાં મૂતરી જતા ત્યારે ગંધોદકનું સ્નાન થયું એમ માનતો.' ખરેખર! મોહના ચશ્મા જ કોઈ જુદી જાતના છે.

ચંડાલણી વારંવાર વિદ્યુન્માલીને કર્કશ-કઠોર શબ્દો સંભળાવતી, વારંવાર અપમાન કરતી, તિરસ્કાર કરતી છતાં પણ મોહનો અંચળો ઉતરતો નહિ પણ પત્નિ ઉપર વધુ ને વધુ પ્રેમ-આસક્તિ રાખતો.

મેઘમાલીને ભાઈનો સ્નેહ સાંભળી આવતા ફરી એક વખત વિદ્યુન્માલીને મળવા માટે આવ્યો. ત્યારે આ વધુ નાટક જોવામાં આવ્યું. એટલે કહેવા લાગ્યો કે, 'હે ભાઈ! આ તું શું કરી રહ્યો છું, તારી પૂર્વ અવસ્થાનો તો વિચાર કર, આ તારી પત્ની તારો આટઆટલો તિરસ્કાર કરે છે છતાં તારી આંખ ઉઘડતી નથી? કંઈ અપમાન લાગતું નથી. ક્યાં આપણા ઉત્તમ વિદ્યાધરનો સુખ વૈભવ અને ક્યાં આ ભયંકર કારાવાસ. શું હંસ માનસરોવરને છોડીને ખાબોચીયામાં રમે ખરો? તું વિચાર કર, તારો જન્મ કયાં થયો છે, ઉત્તમકુલને મલીન ન કર, હજુ પણ સમજ અને આ ચંડાલકુલનો ત્યાગ કરી મારી સાથે ચાલ. આ વખતે જો તું નહિ આવે તો ફરી કોઈવાર તારી પાસે આવીશ નહિ.'

આટઆટલું કહેવા છતાં વિદ્યુન્માલી તૈયાર થયો નહિ. એટલે મેઘમાલી પોતાના નગરમાં ગયો.

પિતાનું રાજ્ય મેઘમાલીને મળ્યું. સારી રીતે રાજ્ય વૈભવ ભોગવી અંતે પોતાના પુત્રને રાજ્ય સોંપી, મેઘમાલીએ સુસ્થિત નામના મુનિ ભગવંત પાસે ચારિત્રનો સ્વીકાર કર્યો. દોષ રહિત ચઢતા પરિણામે સંયમનું પાલન કરતાં કાળધર્મ પામી દેવલોકમાં ઉત્પન્ન થયા. ઉત્તરોત્તર અધિક ને અધિક સુખના ભોક્તા બન્યા.

જ્યારે ભોગસુખમાં આસક્ત બનેલો વિદ્યુન્માલી ત્યાંથી મરણ પામી સંસારમાં ભટકતો રહ્યો.

રાગમાં અંધ બનીને જેઓ સંસારના તુચ્છ પદાર્થોમાં આસક્ત બને છે તેઓ વિદ્યુન્માલીની જેમ સંસારમાં ભમે છે, અને જેઓ પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખે છે તે સંસારના કોઈ પણ પ્રલોભનમાં ફસાતા નથી અને યાવત્ મોક્ષસુખને પ્રાપ્ત કરી શકે છે.

આ દૃષ્ટાંતથી આપણને લાગશે કે, 'વિદ્યુન્માલી કેવો મૂર્ખ કે પોતાને પ્રાપ્ત થયેલા ઉત્તમ પ્રકારના સુખોને મૂકીને એક કુરૂપ ચાંડાલણીમાં આસક્ત થઈને રહ્યો.' પરંતુ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરીએ તો વિદ્યુન્માલી કરતાં આપણે જરાએ ડાહ્યા નથી, કેમકે આત્માના વાસ્તવિક સુખને ભૂલી જઈને, જડ-નાશવંત એવા પૌદ્ગલિક સુખની પાછળ કેટલા બધા ઘેલા બની ગયા છીએ, તે મેળવવા કેટલા પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમાંથી બચાવવા માટે ગુરુમહારાજ આપણને સમજાવે છે, છતાં કેટલું સમજી શકીએ છીએ? તેમને બતાવેલા માર્ગને કેટલો અનુસરીએ છીએ? તે માટે કેટલું મન થાય છે?

જ્યાં સુધી આત્મિકસુખનું વાસ્તવિક ભાન નહિ થાય ત્યાં સુધી દુઃખોનો અંત લાવવો હશે તો સંસારના સઘળા સુખો ખોટા છે એ નક્કી કરવું પડશે અને પછી શ્રી જિનેશ્વર ભગવંતે બતાવેલા માર્ગે પ્રયાણ કરી શાશ્વત મોક્ષસુખના ભોક્તા બનો એ જ શુભેચ્છા.

સેવા એ જીવનનું ભાથું

શ્રી
સૂર્યશિશુ

જીવનને અજવાળનાર સેવાભાવ–પરોપકાર ખરેખર ઉત્તમ સદ્‌ગુણ છે, એવા સેવાભાવી યુવકની કહાણી અહિ રજૂ થાય છે. મનુ ભડભડતી આગમાં જીવીકાકીના પુત્ર નગીનને બચાવવા ઝંપલાવે છે, ને તેને ઘન્ન થાય છે, તેમાં તેના હાથ–પગ નકામાં બને છે. જીવીકાકી મનુને પોતાને ત્યાં રાખે છે, કલ્યાણ : વર્ષ ૨૦–ના પ્રથમ અંકમાં પેજ ૧૭ ઉપર પ્રસિધ્ધ થયેલ વાર્તાનો અંતિમ ભાગ અહિ પ્રસિધ્ધ થાય છે. લેખકશ્રીની ટુંકી પણ બોધક મર્મસ્પર્શી કથાઓ અવાર–નવાર 'કલ્યાણ' માં પ્રસિધ્ધ થતી રહેશે.

(૩)

સૌ ઘરે ગયા. બે દિવાલો ઊભી ઊભી જોયા કરતી હતી. ખંડીયેર પડેલી દિવાલમાં ઘરવકરી જેવું કાંઈ રહ્યું નહોતું. ફકત હતા રાખના ઢગલા. તેના કાંઇ બાચકા ભર્યે કામ નહિ લાગે. સૌ વિચારમાં ડૂબી ગયા. અરે! આજનો દિવસ પણ નભાવવું ખરૂંને? હવે શું કરવું?

મનુ તરત બોલ્યો, 'બા,....બા,...એક ઉપાય જણાવું? આ રાખોડી ટોપલામાં ભરીને વેચવા જઈશું, તો તેના બે–ચાર આના મળવાથી આપણે આજનો દિવસ નભાવી શકીશું. બરોબર છે. ભાઈ મનુ! આજે તો એ પ્રમાણે કર્યે જ છૂટકો થશે.'

ત્રણ દિશામાં મંછુકાકા, જીવીકાકી અને નગીનો ટોપલો ભરીને નીકળી પડયા. થોડી જ વારમાં ત્રણે જણા રાખોડી વેચી પાછા આવ્યા. નગીનો એક ટોપલાના ચાર આના, જીવીકાકી અઢી આના અને મંછુકાકા દોઢ આનો લાવ્યા. બધુ મળી આઠ આનાનો ચાહ–નાસ્તો ચારે જણા ખાવા બેઠા. નથી કોઇને દુઃખ, નથી કોઇને સંતાપ. ખાઇને પાણી પીને, ચારે જણા શાંતિથી સૂઈ ગયા. આરામથી નિવૃત્ત થઈ વિચાર વિનિમયમાં પડયા કે આજનો દિવસ તો જાણે સુવર્ણનો પસાર થઈ ગયો. હવે પછી હંમેશ માટે શું કરવું? વળી ઘરમાં બે હાંડલા પણ નથી તો કરવું કેમ?

વર્તમાનના વિષમ વાતાવરણની વચ્ચે તમારે શાંતિ જોઇએ છે? જો હા, તો આજથી જ 'કલ્યાણ' નું વાંચન શરૂ કરો!

મનુ કહે, 'હું તો કોઇ કામમાં લાગું તેમ નથી. એટલે દુઃખમાં વધુ દુઃખ કરાવનારો છું. પણ એક વાત મને સૂઝે છે આપ કહો તો જણાવું.

જીવી કહે; 'બેટા મનુ! તારે જે કહેવું હોય તે કહે, તારો બોલ અમોને માન્ય છે. તેં જ અમારો ઉદ્ધાર કર્યો છે જેથી અમે તારો ઉપકાર જેટલો માનીએ એટલો ઓછો છે.' મનુ કહે: બા! વાત એમ છે કે હું પહેલા જ્યાં નોકરી કરતો હતો તે શેઠ જૈન વાણિયા ખૂબ દયાળુ છે. કોઇનું દુઃખ દેખી રડી પડે છે. મને મહિને પચાસ રૂપિયા આપતા હતા. તમે ત્યાં જાવ અને બધી વાત કરો તો આપણું કાંઈ વળે.'

સવાર પડતાં જ જીવીકાકી ધનાશેઠને ત્યાં ગયા. જેવા શેઠ તેવા જ શેઠાણી. શેઠાણીએ પૂછ્યું કે, 'બેન! કેમ આવવું થયું?'

'શેઠાણી! શેઠ કયાં છે? મારે શેઠનું કામ છે.'

'બેસો બેન હમણાં જ શેઠ આવશે. કામ હતું તેથી બહાર ગયા છે.'

જીવીકાકી બેઠા અને તુરત જ શેઠ આવ્યા. શેઠે પૂછ્યું; 'કેમ બેન! તમારે શા કારણે આવવું પડયું.

'ધનાશેઠ! આપને ત્યાં નોકરીએ રહેલા મનુએ મને મોકલી છે. અને હું આવી છું,' એમ કહીને જીવીકાકીએ આગ લાગ્યાનો વૃતાન્ત શેઠને અથથી

ર્કૃતિ સંભળાવ્યો. સાથે મનુ દાઝી જવાથી હાથપગ વિનાનો થયો તેમજ તેની સાચી સેવાની લાગણીની ભાવના વ્યકત કરી.

શેઠ પરદુઃખમાં સહાય કરનારા, શાનદાર અને સેવાપરાયણ હતા. આ જીવીબેનને સહાયક થવું એ જ કર્તવ્ય છે એમ માનીને કહ્યું : 'બેન! ચિંતા કરશો નહિ. આ ઘરને તમારું જ ઘર માનજો, જે સમયે જેની જરૂરત હોય તે અહીંથી લઇ જજો. પણ બેન તમે કેટલા જણા છો?

જીવીએ કહ્યું : 'હું મારો મોટો છોકરો મનુ, નાનો નગીનો અને નગીનાના બાપા મળી ચાર છીએ.'

શેઠે કહ્યું : 'ઠીક કાલે બધાને મારે ત્યાં મોકલજો અને તમે પણ આવજો. એમ કહી હાથની મૂઠી વાળી કંકુ દીધું.' જીવીએ આનાકાની કરી છતાં ગણ્યું નહિ.

જતા જ્યારે જીવીએ કહ્યું : 'મ...નુ આ....વી શ....ક...શે નહિ, કારણ કે હા...થ પ....ગ ન...થી.

શેઠ : 'બેન! તમે, નગીનો અને નગીનાના બાપા એમ ત્રણ જણ આવજો.

બીજે દિવસે ત્રણે જણા ધનાશેઠને ત્યાં ઉપડ્યા. મનુ ઘરમાં બેઠો બેઠો ઘરની સંભાળ રાખે છે.

તુરત જ ધના શેઠે મંછુને મહિને રૂા. ૭૫, નગીનાને ૫૦ અને જીવીને ૩૦ રૂા. નો પગાર નક્કી કરી નોકરીએ રાખી લીધા. ઉપરથી કહ્યું કે 'લો, આ મહિનાનો પગાર પહેલેથી જ ત્રણેને આપું છું તે ઉપરાંત તમને જે જરૂર પડે તે પોતાનું ઘર સમજીને લઇ જજો.'

દિવસો પર દિવસો વ્યતીત થતાં ગયા. દુઃખના દિવસો પૂર્વકૃત અશુભ કર્મના ઉદયથી આવ્યા અને પુણ્યના પરિબળે તુરત નષ્ટ થયા.

સુખદુઃખના બન્ને પાસામાં ધૈર્ય ધારણ કરનાર માનવી સુખદુઃખમાં શું છે તે સમજી શકતા નથી. સુખમાં છલકાતા નથી. દુઃખના સમયમાં આર્તધ્યાન પણ કરતા નથી. તે તો ફકત કર્મનાં ખેલ જ માને છે.

સુખદુઃખના તરંગોથી ભરપુર સંસાર સરોવરમાં આનંદમગ્ન બની જીવન વ્યતીત કરે છે. સેવાભાવી મનુને પણ વ્હાલભીનાં દિનો ભર્યાં ભર્યાં લાગે છે. મધુરમય જીવન પસાર કરતાં, તેને નથી સાંભરતી પૂર્વ નોકરી કે શેઠ, નથી સાંભરતા કોઇ સ્નેહી સગાં કે મિત્ર, કે પરવશતાની પરેશાની. તેને મન સગાં, સ્નેહી, મિત્ર જે કહો તે બધું યે નાની સરખી ચારની દુનિયામાં જ છે.

મનુના સુંદર જીવન સાથે વણાઇ ચૂકેલી સેવા પરાયણતા, બુદ્ધિની ચતુરતા અને સમયની પીછાણતા ત્રણેના હૈયામાં ઓતપ્રોત થઈ ચૂકી.

'સેવા એ જીવનનું ભાથું છે.' આ સુત્રના અનુસારે; હૈયાના ઐકયતાથી, અને સ્નેહની ઉજવણીથી પસાર થતું જીવન તેઓને મન દીવાળીના ઉત્સવ સમાન હતું. ભાગ્યના પરવાનાએ ચારેના જીવનના ગોખે સંતોષ અને આનંદના દીપકો જલાવી દીધાં. જેમાં નમ્રતા અને ચિત્તની ઉદારતા રૂપ તેલે સંપૂર્ણ સ્થાન જમાવ્યું હતું. આવા અચલ દીપકના ઝળહળાંએ સમાજમાં સારૂં એવું સ્થાન પ્રાપ્ત કર્યું. સર્વેનું જીવન સંસારવ્હેણ સાથે ચાલી આવતી દીપાવલિ કરતાં અધિક ઉત્સવમય હતું.

સદ્‌ગુણોથી સીંચાયેલ ભૂમિકામાં જ સેવાના બીજ ફળે છે.

આજ ભવની શેતરંજ પર સેવાના પાસાથી માતા-પિતા વિહોણા મનુને માતા-પિતા કરતાં પણ અધિક આધાર મળ્યો. દુનિયામાં યશની ઝાલર રણકી. ધન્યતાની બહારે જીવનવાડી ઉન્નત બનાવી.

હંમેશા 'શાતા અર્પનાર શાતા પામે છે.' સૈદ્ધાંતિક દાખલા સેવાના ફળ માટે આદર્શ સમાન છે. સેવા એ મૈત્રીનો અંશ, કરૂણતાનો પાયો, દયાનું મૂળ પરાર્થનો મંત્ર છે. જે દ્રવ્યથી પ્રાપ્ત નથી થતું તે સેવાને આધીન છે.

જીવનના ધ્યેય શિખરને પામવા સેવા વશીકરણ બસ છે. તો દયા-કરૂણા-સેવા-પરોપકાર અને મૈત્રીના પ્રકાશે મનુના જીવનને સાર્થક બનાવ્યું તેમ સર્વેનું જીવન ઝળહળે એ જ શુભેચ્છા.

⊙



પૂર્વ પરિચય : આચાર્ય મહારાજ પાસે ૪ નિયમો લઇને વંકચૂલે નિયમનો ચમત્કાર જીવનમાં જોયો; બ્હેન શ્રીસુંદરી અને કમલારાણી બન્નેનો સુંદર રીતે નિયમના પ્રભાવે બચાવ થયા પછી વંકચૂલની નિયમો પ્રત્યે શ્રદ્ધા વધી ગઇ. વંકચૂલ ચંદ્રપુરનગરના રાજા હેમવર્ધનના ધનભંડાર લૂંટવા તે તરફ નીકળે છે. બ્રાહ્મણના વેશે માળીના ઘેર ઉતારો રાખે છે, માળી પાસેથી રાજાના ગુપ્તધનભંડારની માહિતિ મેળવે છે; માળી તથા માણસને પ્રલોભન આપી તેને વિશ્વાસમાં લે છે. **હવે વાંચો આગળ** :

⊙

પ્રકરણ ૧૯ મું
વંકચૂલનો પ્રયત્ન.

મધ્યાન્હ સમયે વંકચૂલ પોતાના સાથીઓ સાથે ઉપવનની કૂટિરમાં આરામ કરતો આડે પડખે પડ્યો હતો. માલણ સુચિતા કશા સમાચાર ન લઇ આવે ત્યાં સુધી રાહ જોવાની હતી એટલું જ નહિં પણ ત્યાર પછી જ ધનભંડારમાં કેવી રીતે દાખલ થવું તેની યોજના વિચારવાની હતી.

આ અંગે કોઈ નગરીની બજારમાં પણ ગયું નહોતું.

પાંચેય મિત્રો આડે પડખે પડ્યા હતા...સામાન્ય વાતો કરતાં કરતાં પાંચેય નિદ્રાધિન થઇ ગયા હતા.

આમ તો વંકચૂલને નિવૃત્તિ પ્રિય નહોતી. સૂઇ રહેવું કે બેસી રહેવું એ તેના માટે અકળામણ રૂપ હતું, પરંતુ રાજાના ગુપ્ત ભંડારના કંઈક મહત્વના સમાચાર ન મળે ત્યાં સુધી બીજો કોઇ રસ્તો પણ નહોતો.

મધ્યાન્હ વીતી ગયો. વંકચૂલ અને તેના સાથીઓ બેઠા થઇ ગયા અને સહુએ હાથમુખ ધોઇ આળસ ઉડાડી.

વંકચૂલ કૂટિરમાંથી બહાર નીકળે તે પહેલાં જ દેવરાજ આવ્યો અને બે હાથ જોડીને બોલ્યો: 'મહાત્મન્, મારા સસરા આવ્યા છે.'

'કયાં છે?'

'મારી કૂટિરમાં બેઠા છે...આપ ત્યાં પધારવાની કૃપા કરો તો...'

'એમાં કૃપા શી? હું અવશ્ય આવીશ.' કહી વંકચૂલે ઉત્તરીય ખંભે નાખ્યું અને પોતાના સાથીઓને ઇશારાથી બેસી રહેવાનું કહી તે દેવરાજ સાથે સામેની કૂટિર તરફ ગયો.

દેવરાજનો સાસરો લગભગ સીંતેર વર્ષનો લાગતો હતો. એમની બાજુમાં જ સુચિતા બેઠી હતી. વંકચૂલને જોતાં જ વૃદ્ધ માળી ને સુચિતા ઉભાં થઇ ગયાં.

વંકચૂલે કહ્યું: 'આપ ઉભા ન થાઓ... આપ તો વડિલ છો.'

પણ બંનેએ વંકચૂલને નમઃસ્કાર કર્યા અને સુચિતાના પિતાએ કહ્યું: 'બ્રહ્મદેવ મારી દીકરીએ મને સઘળી વાત કરી છે. આપ જ્યોતિષ વિદ્યામાં પારંગત છો એ જાણીને મને પણ ખૂબ જ આનંદ થયો છે.'

'નહિ બાપા, હું તો હજી વિદ્યાર્થી છું... પારંગત તો એક માત્ર નટેશ્વર જ છે.' વંકચૂલે કહીને એક આસન પર બેઠક લીધી.

ત્યાર પછી દેવરાજ, સુચિતા અને તેના વૃદ્ધ પિતા વંકચૂલની સામે બેસી ગયા.

થોડી પળોના મૌન પછી સુચિતા બોલી:

'મહાત્મન્' નાગ દોષના નિવારણનો અન્ય કોઈ ઉપાય નથી?'

'ઉપાય તો ઘણા છે બહેન. પરંતુ જે ઉપાયમાં હિંસાનો દોષ આવે તે ઉપાય હું કરતો નથી, કે કોઇને સૂચવતો નથી. વળી મેં જે માર્ગ બતાવ્યો હતો તે જેટલો નિર્દોષ છે તેટલો જ સદ્ય ફળ આપનારો છે.' વંકચૂલે કહ્યું.

સુચિતાના બાપાએ કહ્યું : 'મુશ્કેલી એ છે કે રાજા કોઇ પણ સંયોગોમાં પોતાના ગુપ્ત ધનભંડારની પૂજા માટે અનુમતિ આપી શકે એમ નથી. રાજા અતિ લોભી અને સંશયપ્રિય છે. આપણે જો ગુપ્ત રીતે અંદર જઈએ તો પણ મારે જોખમ છે અને કાર્ય સિદ્ધ થવામાં સંશય છે.'

વંકચૂલે કહ્યું : 'ગુપ્ત ભંડારના દ્વાર પર આઠેય પ્રહરના ચોકિયાતો રહેતા હશે!'

'ના, એક પણ ચોકિયાત રાખવામાં આવતો જ નથી. ગુપ્ત ધનભંડારમાં દાખલ થવાનો માર્ગ હું જાણું છું...એ રસ્તેથી અંદર દાખલ થયા પછી ધરતીના પેટાળમાં એક ગુપ્ત દ્વાર આવેલું છે...એ દ્વાર ખોલવાની રીત રાજા સિવાય કોઈ જાણતું નથી.' વૃધ્ધે કહ્યું.

વંકચૂલે કહ્યું : 'ધનભંડારનું એ જ મુખ્ય દ્વાર ગણાય છે ને?'

'હા...'

'તો પછી અમારે દ્વાર ખોલીને ધન કેવું છે એ જોવાની કશી જરૂર નથી. મુખ્ય દ્વાર પાસે ઉભા રહીને અમે અભિષેક કરી શકશું..ધનની પૂજા પણ થઇ જશે...પણ આ કાર્યમાં લગભગ દોઢ બે પ્રહર જાય. આટલો સમય જો મળી જાય તો સુચિતાબહેનનું કામ પતી જાય...એની આશા ફળે અને આ સૂના ઘરમાં બાળકોનો કલ્લોલ જીવતો બને.' વંકચૂલે છટાપૂર્વક કહ્યું.

વંકચૂલના શબ્દો સહુ માટે આશાનાં અજવાળાં સમા બની ગયાં.

દુનિયામાં સત્ય તો તેજસ્વી છે...અખંડ દીવડા સમું છે...ગમે તેવા ભયંકર વાવાઝોડામાં પણ સત્યનો દીવડો ઓલવાતો નથી; પરંતુ દંભનો પ્રકાશ સત્ય કરતાં યે હજાર ગણો ચમકવાળો હોય છે. જે લોકોએ સત્યનાં એક વાર પણ દર્શન નથી કર્યાં, તે લોકો આવા દંભને જ સત્ય માની બેસે છે. સંસારમાં આવા ભોળા માણસોની સંખ્યા જ વધારે હોય છે અને એથી જ દંભ વધારે પૂજા પામે છે.

સુચિતાના બાપાએ કહ્યું : 'મહાત્મન્, ભુગર્ભમાં જવાનો માર્ગ હું જાણું છું...આપ ભુગર્ભમાં દાખલ થઇ શકશો અને ગુપ્ત ભંડારના મુખ્ય દ્વાર સુધી પહોંચી શકશો.'

'એટલું જ બસ છે....અમારે રાજાના ધનનાં દર્શન નથી કરવાં...એવો મોહ પણ નથી. પાંચ બ્રાહ્મણોએ અંદર જવું પડશે...આનો સમય કયારે અનુકુળ ગણાય તે જરા જાણી લેવું જોઇએ. અમે અંદર જઇને પૂજન કરતા હોઇએ અને પાછળથી રાજા આવી ચડે તો અમારે વિપત્તિમાં મૂકાવું પડે...અમે પરદેશી બ્રાહ્મણ છીએ...અમારો કોઇ બીજો સ્વાર્થ નથી. અમારા જેવા નિર્દોષ રાજાના રોષનો ભોગ ન બને એટલું તમારે વિચારવાનું....અને જો આપને આ બહુ જ જોખમ લાગતું હોય તો ગામમાં એવો કોઈ બીજો ગુપ્ત ભંડાર હોય તો ત્યાં આ ક્રિયા કરી શકાશે.' વંકચૂલે કહ્યું.

વૃદ્ધ માળી બે પળ વિચારીને બોલ્યો : 'મહાત્મન્, મહારાજાનું કોઈ ચોક્કસ ઠેકાણું હોતું નથી. અઠવાડિયામાં બે વાર તો તે અવશ્ય અંદર જાય છે.'

'એક દિવસમાં બેવાર અંદર જાય એવું બન્યું છે?'

'ના...એવું તો કદી બન્યું જ નથી. તેઓ મોટે ભાગે રાતના પ્રથમ પ્રહર પછી જ જાય છે.'

'અંદર જવાનો રસ્તો કયે સ્થળે છે?'

'શિવાલયમાં....એ રસ્તો પણ ભારે વિચિત્ર છે. શિવલિંગની પાછળ નટરાજની એક મૂર્તિ છે...આ મૂર્તિ ઘણી ભવ્ય અને કલાત્મક છે.

અત્યારના મહારાજાના પિતા અહીં રાજ કરતા હતા ત્યારે હું નાનો હતો અને મેં એ રસ્તો જોયેલો. નટરાજની મૂર્તિનો જમણો પગ વાળવામાં આવે એટલે એ મૂર્તિ પાછળ એક માણસ અંદર ઉતરી શકે એવી જગ્યા થઈ જાય છે. અંદર સોએક જેટલાં પગથીયાં છે...મને બરાબર યાદ નથી પણ એ પગથીયાં પુરાં કર્યા પછી જમણા હાથ તરફની દિવાલ પર એક લોઢાનું કડું છે.... એ કડું ખેંચવાથી કે ઘુમાવવાથી ઉપરનો રસ્તો પાછો બંધ થઇ જાય છે....એટલામાં જ ગુપ્ત ભંડારમાં જવાનું મુખ્ય દ્વાર છે. એ દ્વાર કેવી રીતે ઉઘડે છે એની મને ખબર નથી.'

'આપણને એની કોઇ જરૂર પણ નથી, દ્વાર પાસે જ બેસીને બધી ક્રિયા કરી શકાશે. પરંતુ આપણે મંદિરમાં દાખલ કયારે થવું તે જરા નક્કી કરવું પડશે.'

'છેલ્લા બે ત્રણ દિવસથી મહારાજ અંદર ગયા નથી એટલે આજ કે કાલ રાતે જરૂર તેઓ અંદર જશે...આપણે એમના ગયા પછી વળતે દિવસે જઇશું. તો ભયનું કોઇ કારણ નહિ રહે.

બે પળ વિચારીને વંકચૂલે કહ્યું : 'પરંતુ શિવમંદિરની ચોકી કરનારા રક્ષકો....'

વચ્ચે જ ડોસો બોલ્યો : 'ત્યાં તો માત્ર એક જ ચોકિયાત બેસે છે...તે પણ વયોવૃદ્ધ છે. રાજા એટલો લોભી છે કે ચોકીદાર તરીકે સારો મજબુત માણસ પણ રાખતો નથી.'

'ભલે ચોકીદાર વૃદ્ધ રહ્યો.. પણ એને ખબર ન પડે એ રીતે જ આપણે જવું પડશે ને?'

'હા...એનો તો કંઇ વાંધો નહિ આવે...એ મારો ભાઇબંધ છે....હું એને વાતોમાં રાખીશ. આપ સુખરૂપ શિવાલયમાં જઈ શકશો ..પરંતુ આપે મારી એક પ્રાર્થના સ્વીકારવી પડશે.'

'~~જરૂર...જરૂર~~...કહો...'

'મારી દીકરી કે મારા જમાઇને સાથે ન લઇ જશો.'

'અરે દાદા, આપ સાવ નિશ્ચિંત રહો. એમની કશી જરૂર નથી. અમારે તો એમના નિમિત્ત બનીને પૂજા કરવાની છે. મંત્રોમાં એમનું જ નામ આવશે અને પૂજાનું મંગલકારી ફળ પણ એમને જ મળશે. વધારેમાં વધારે પાંચ અને ઓછામાં ઓછા ત્રણ બ્રાહ્મણોએ અંદર જવું પડશે એમાં કંઇ ચાલી શકશે નહિ.' વંકચૂલે ગંભીરતા પૂર્વક કહ્યું.

સુચિતાએ કહ્યું : 'મહારાજ, નાગદોષનું નિવારણ થયા પછી...'

વંકચૂલે ખૂબ જ પ્રસન્ન અને આશાભર્યા સ્વરે કહ્યું : 'પછીની ચિંતા તારે કરવાની નથી... તારાં ભાગ્યને કરવાની છે. અમે જ્યારે એકાદ વરસ પછી યાત્રાએથી પાછા ફરશું અને તારા અતિથિ બનશું ત્યારે અમારા સ્વાગતમાં તમે બે માણસો નહિ હો...તમારૂં કોમળ ફુલ જેવું બાળક પણ હશે!'

'તમારી વાણી ફળે. અમે તો ગરીબ માણી છીએ...ભોળાનાથ તમારૂં સદાય કલ્યાણ કરશે.' ડોસો ભાવપૂર્ણ સ્વરે બોલી ઉઠ્યો.

દેવરાજે કહ્યું : 'ગોરબાપા, પૂજાપાનો સરસામાન...'

'એ ચિંતા તારે કરવાની નથી. જે વસ્તુની જરૂર હશે તે અમે જ એકત્ર કરી લઇશું.' વંકચૂલે કહ્યું.

ત્યારપછી સુચિતાનો બાપ ઘણા જ સંતોષ સાથે વિદાય થયો અને જતાં જતાં કહેતો ગયો : 'આ વાત કોઇને કાને ન જાય એટલી કાળજી રાખજો.'

વંકચૂલે ખાત્રી આપી.

અને બીજે દિવસે સવારે જ ડોસાએ જાતે આવીને કહ્યું : 'રાજા ગઈ રાતે ગુપ્ત ભંડારમાં ગયો હતો...હવે બે ત્રણ દિવસ પછી જશે એટલે આજનો દિવસ શુભ હોય તો...'

'આજનો દિવસ તો ઘણો જ ઉત્તમ છે દૃષ્ટિ-સિદ્ધિનો યોગ છે. આજ જો પૂજા થાય તો ફળ આપ્યા વગર રહે જ નહિ.' વંકચૂલે કહ્યું.

અને આજ રાતે બીજા પ્રહર પછી રાજભવનના ઉપવનમાં આવવાનું જણાવીને ડોસો ચાલ્યો ગયો.

વંકચૂલે પોતાના સાથીઓને ઉપવનના એક વૃક્ષ નીચે લઇ જઇને કહ્યું : 'આજ રાતે લોભીયાનો ધનભંડાર લૂંટવાનો છે...અને કાલ સવારે આપણે વિદાય થવાનું છે...ધનભંડારનું ગુપ્ત દ્વાર કેમ ખોલવું એ રાજા સિવાય કોઈ જાણતું નથી... પરંતુ આપણા માટે એ કામ જરાયે કઠણ નહિ લાગે. દ્વાર નહિ ખૂલે તો દિવાલમાં બાકોરું પાડશું.'

વંકચૂલના ચારેય સાથીઓ આનંદમાં આવી ગયા. વંકચૂલે બાદલ સામે જોઇને કહ્યું : 'શિવાલયમાં જતાં પહેલાં અહીં સઘળું તૈયાર રાખવાનું છે...આપણા અશ્વો પણ તૈયાર રાખવાના છે... કાર્ય પત્યા પછી આપણે વધુ સમય બગાડવો નથી.'

'આપની વાત બરાબર છે.' સહુએ કહ્યું.

સામાન્ય ટીપણ કરીને પાંચેય મિત્રો પૂજાપો લેવાના બહાને નગરીમાં ગયા.

વંકચૂલે પૂજાપો તો ન લીધો પણ એક સરસ ગડગડીયું શ્રીફળ લીધું....એક લીલા રંગની અતલસનો ટૂકડો લીધો...થોડી નાડાછડી લીધી.

ત્યારપછી વંકચૂલે ખૂબ જ સંભાળપૂર્વક શ્રીફળના બે સરખા ભાગ કર્યા અને અંદરનો ટોપરાનો ગોળો કાઢી લીધો.

બાદલ, જયસેન સહુને આ જોઇને આશ્ચર્ય થયું. જયસેને પ્રશ્ન કર્યો : 'સરદાર, આ શ્રીફળનું રહસ્ય સમજાતું નથી.'

વંકચૂલે હસતાં હસતાં કહ્યું : 'મિત્ર આ નાળીયેર નથી પણ આપણી પૂજાનું ફળ છે!'

ત્યારપછી નગરીમાં જરા ચક્કર મારીને સહુ ઉપવનમાં આવ્યા.

સંધ્યા સમયે સુચિતાએ આવીને વંકચૂલને બે હાથ જોડીને કહ્યું : 'મહાત્મન્, અમારે સાથે આવવું પડે તેમ હોય તો અમે જરૂર આવવા તૈયાર છીએ...મારા પિતાશ્રીએ તો અમને કશી આંચ ન આવે એટલા ખાતર કહ્યું હતું.'

'નહિ બહેન, એવી કોઈ જરૂર નથી. વળી તમારે અહીં જ રહેવાનું છે. અમારી રાહ જોઇને જાગવું પણ નહિ, તેમ અવારનવાર રાજભવનના શિવાલય સામે જોવું પણ નહિ...આપણી નાનીશી ભૂલ કોઇ માટે મોટી શંકાનું કારણ બની જાય છે. અમે નિરાંતે પૂજા કરીને આવશું. પૂજાનું ફળ અમે તમને સવારે આપીશું. ત્યાં સુધી કંઇપણ બન્યું નથી કે બનતું નથી એટલી સાવધાનીથી રહેજો.'

'જેવી આપની આજ્ઞા...પણ મારે આપ સર્વને રાજભવનના ઉપવનમાં તો પહોંચાડવા આવવું પડશે ને?

'ના બેન...આ કાર્યથી તમે સાવ અલિપ્ત છો એ રીતે જ વર્તવાનું છે....કદાચ અમે પકડાઈ જઇએ તો તમારા પર કોઇ આપત્તિ ન આવવી જોઇએ. પૂજાનું કામ પુરૂં થયા પછી પણ તમારે બંનેએ સાવધ રહેવાનું છે.'

'જી...' કહીને સુચિતા પ્રસન્ન ચિત્તે પોતાની મઢૂલી તરફ ચાલી ગઈ.

વંકચૂલ તો એક ગણનીબાજ અને ચાલાક ચોર હતો. શિવાલયમાં દાખલ થવું એ એને મન એક રમત હતી...આ તો શિવાલય હતું....પરંતુ ખુદ રાજાના શયનગૃહમાં જવાનું હોય તો પણ વંકચૂલના હૈયામાં કોઇ ધડકારો થતો નહોતો.

બરાબર રાત્રિનો બીજો પ્રહર પુરો થયો અને વંકચૂલ પોતાના સાથીઓ સાથે રાજભવનના ઉપવનના પાછળના ભાગમાં ઠેકીને પહોંચી ગયો.

તેણે જોયું, શિવાલયથી દૂર એક ખાટલા પર વૃદ્ધ માળી અને વૃદ્ધ ચોકીદાર વાતો કરતા બેઠા છે.

વંકચૂલ પોતાના સાથીઓ સાથે લપાતો છૂપાતો શિવાલયના અટકાવેલા દ્વાર પાસે પહોંચી ગયો.

અને સહજ પણ સંચર ન થાય એટલી સાવધાનીથી પાંચેય મિત્રો શિવાલયમાં દાખલ થઇ ગયા અને દ્વાર અટકાવી દીધું.

હવે કોઈ ભય નહોતો.



પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વની આરાધનાના પ્રાણ ક્ષમાપનાને જીવનમાં ઉતારવાથી આરાધના સફળ બને છે. ક્ષમાપનાની મહત્તા તથા સરળતાથી ક્ષમાપના કઇ રીતે સ્વીકારવી? તે હકીકતને જણાવતા બે શબ્દચિત્રો-પ્રસંગ-ચિત્રો અહિં રજૂ થાય છે- જે સર્વ કોઇને ક્ષમાનો મહિમા જરૂર સમજાવશે

⊙

૧ : ધોળીધજા

કવિવર દલપતરામ અને સુપ્રસિદ્ધ નાટ્યકાર શ્રી ડાહ્યાભાઇ ધોળશાની સામી પાર્ટી. કવિ અને નાટ્યકાર વચ્ચે ઝઘડાઓ ચાલ્યા જ કરતા. તે વખતનાં માસિકોમાં એક બીજા આક્ષેપો આપવામાં બન્ને જરા પણ પાછું વાળી જોતા નહિ.

શ્રી ડાહ્યાભાઇ જાતે જૈન. ઘણી વખત વ્યાખ્યાન સાંભળવા પણ જતા. એક વખત વ્યાખ્યાનકારે 'ક્ષમા'નો આદર્શ જનતા સમક્ષ સમજાવ્યો. તેમાં ઘડપણ આવતાં તો વેરઝેરને ભૂલી જઇ, સમભાવ કેળવવા ઉપર પ્રવચનકારે ખૂબ જ ભાર આપ્યો. ડાહ્યાભાઇ ઘેર આવી વિચાર હિંડોળે હિંચવા લાગ્યા. એમને આજનું એક વાક્ય હૃદય સોંસરૂં ઉતરી ગયું હતું. ઘડપણમાં પણ વેરઝેર હૃદયમાં ભરી રાખીશ તો મારી દશા શી થશે? એમને ઘેર ચેન પડયું નહિ. સીધા જ ઉપડ્યા કવિવર દલપતરામને ત્યાં. કવિએ દૂરથી ડાહ્યાભાઇને આવતાં જોયા!

હિંચોળા ખાટે હિંચતા કવિનું હૃદય હચમચી ઉઠયું. કવિ એકદમ ઉભા થઇ ગયા. તેમનું ઉર્મિશીલ હૃદય કલ્પનાના તરંગે ચઢે તે પહેલાં જ ડાહ્યાભાઇ બોલ્યા.

શિવાલયના ખૂણામાં એક અખંડ દીવો પણ સાવ ઝાંખો બળતો હતો. એ દીવાના આછા પ્રકાશમાં વંકચૂલે નટરાજની ભવ્ય પ્રતિમા જોઈ. તે આસ્તેથી બોલ્યો: 'એક જણ સામેના ખૂણામાં છૂપાઇને બેસી રહે...અમે ચાર અંદર જઇશું.'

બાદલ એક ખૂણામાં ગોઠવાઇ ગયો.

વંકચૂલે મૂર્તિનો જમણો પગ વાળ્યો....અને વળતી જ પળે અંદર જવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો.

પુરી નિર્ભયતા સાથે વંકચૂલ ત્રણ સાથીઓ સાથે અંદર ઉતરી ગયો.

દરેકની કમ્મરે થેલીઓ બાંધેલી—હતી અને પૂજાપાના બહાના નીચે લાવવામાં આવેલા ઓઝારો પણ એક થેલીમાં રાખવામાં આવ્યાં હતાં અને એ થેલી વંકચૂલે ઉઠાવી હતી.

અંદર દાખલ થતી વખતે જયસેને એક નાનો દીવો પ્રગટાવીને સાથે રાખી લીધો હતો.

શિવાલયમાં કોઇ દાખલ થયું છે એવો સંશય પણ કોઇને આવ્યો નહોતો. ચોકીદાર અને વૃદ્ધ માળી વાતોના ગપાટા મારી રહ્યા હતા....

માળીને પણ હજી સુધી એ કલ્પના નહોતી આવી કે પાંચેય બ્રાહ્મણો શિવાલયમાં ગયા કે નહિ?

સામે જ રાજભવન હતું...રાજભવનના ઉપરના ખંડનો ઝરૂખો ખુલ્લો હતો. એ મહારાજાનો પોતાનો શયનખંડ હતો અને રાતે બે ત્રણવાર તે જાગીને ઝરૂખામાં આવતો અને શિવાલય સામે નજર કરી લેતો.

એ રીતે રાજા ઝરૂખામાં આવ્યો. શિવાલય તરફ નજર કરી...બધું શાંત અને હંમેશ જેવું જ હતું.

રાજા સ્વસ્થ ચિત્તે પોતાની શય્યામાં પડ્યો

(ક્રમશઃ)

'કવિવર ! હું આપને ખાસ કામે મળવા આવ્યો છું.'

'ખાસ કામ, અને તે પણ મારું. જેનું મોં પણ જોવા ન માગતા હોય તેનું કામ, નથી સમજાતું ડાહ્યાભાઈ આપનું કથન !'

'સમજાશે કવિવર ! સમજાશે. ચાલો અંદરના ખંડમાં. આપણે બન્ને નિરાંતે બેસી વિચાર કરીશું.'

પરસ્પરના પૂરા વિરોધીઓનો આ જાતનો મિલન સમાગમ પહેલો જ હતો, આરામખંડમાં બન્ને શાન્તિથી બેઠા. પછી ડાહ્યાભાઈ બોલ્યા : 'કવિવર ! આજે મારી હૈયાની એક ખાસ વાત કરવા તમને આવ્યો છું. (બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ ચાલતું હોય અને અણધારી સુલેહ કરવી હોય તો કેવી ઝંડી ફરકાવાય છે.)

'સફેદ (વ્હાઈટ ફ્લેગ) સુલેહ માટેનો ધ્વજ ધોળો જ હોય, શ્વેતકેતુ એ સુલેહની નીશાની છે.' કવિએ જવાબ આપ્યો.

'જુઓ કવિવર ! મારા માથા પર ધોળા વાળ આવી ગયા છે. આ ધોળી ધજા મને તમને સુલેહનો સંદેશો આપે છે. થોડા સમય જીવવું, છતાં આ હૈયાહોળી સળગતી રાખી હેરાન થવું એ એક જાતની કંગાલિયત છે. વેરઝેર ભૂલી જઈ શાન્તિથી ધર્મની સાધના કરવી એ જ હવે ઉત્તમ રસ્તો છે. માટે કવિવર ! આજ સુધી તમને વૈર બંધ માટેના નિમિત્તભૂત હું બન્યો હોઉં તે માટે 'મિચ્છામિ દુક્કડમ્' આપું છું.'

'તમારા જેવા અણનમ યોદ્ધાના મુખમાં આ શબ્દો...' બોલતાં બોલતાં દલપતરામ ગળગળા થઈ ગયા...

'કવિવર ! ભૂલ્યા. અણનમ યોદ્ધો તે જ કહેવાય જે વેરઝેરને ભૂલે, રાગ દ્વેષને દૂર દફનાવે. કવિ ! ફરીને હું તમને વિનંતિ કરું છું કે, પૂર્વ પરિસ્થિતિ ભૂલી જજો. મારા ઉપર હવે મિત્રભાવ કેળવજો..'

ડાહ્યાભાઈના શબ્દોની કવિ ઉપર પણ જાદુઈ અસર થઈ. બન્ને જણા પરદેશમાંથી ઘણા વખતે મળતા મિત્રોની માફક એક બીજાને આનંદથી ભેટી પડ્યા.

બન્ને જીવ્યા ત્યાં સુધી એકબીજાના મિત્ર બનીને જ રહ્યા....જાહેર જનતા બન્નેને સાથે સાથે જ્યારે જોતી ત્યારે વિચારમગ્ન બની જતી.

૨ : આદર્શ ક્ષમા :-

એ વર્ષ પહેલાંની જ વાત છે. ગૂજરાતના મોટા શહેરની એક પ્રખ્યાત પોળના બે આગેવાનોની સામસામી પાર્ટીઓ પડેલી. બન્ને સંબંધીઓ હતા. થોડા વર્ષો પહેલાં બન્ને આગેવાનોને એટલો તો સુંદર સંબંધ હતો કે, એક બીજા વિના તે રહી જ શકતા નહિ. ઘરકામ, અને સમાજ, તથા સંઘના કામમાં બન્ને એકબીજાની ઓથે રહી કામકાજ બજાવતા.

સમયનાં વહેણ વણથંભ્યા વહ્યાં જાય છે. બન્નેના છોકરા-છોકરીનું વેવિશાળ પણ બન્નેની સંમતિથી થઈ ગયું. લગ્ન બે મહિનામાં લેવાનાં હતાં. એ જ અરસામાં છોકરીએ વેવિશાળ તોડી નાખ્યું.

બસ, ત્યારથી બન્ને આગેવાનોને એક બીજાને ત્યાં જવાનું પણ બંધ થઈ ગયું. વાત એટલે સુધી વધી ગઈ કે, સંઘમાં સાથે બેસીને વિચારણા પણ ન કરે. પરિણામે સંઘનાં કામો પણ ખોરંભે ચડવા માંડ્યાં.

પર્યુષણા પર્વ નજીક આવી રહ્યાં હતાં. પર્યુષણા પર્વ પહેલાંના રવિવારે 'ક્ષમા' ઉપર મુનિરાજનું પ્રવચન હતું. 'જાહેર પ્રવચન'માં જનતાની ઘણી જ ભીડ જામી હતી...વ્યાખ્યાનપીઠ પરથી પ્રવક્તા મુનિરાજે ક્ષમાના આદર્શને રજુ કરતાં જણાવ્યું કે, 'પર્યુષણા-એટલે ક્ષમાની સાધના. ક્ષમાને જીવનમાં જો નહિ ઉતારો તો પર્યુષણાની સાધના શા કામની? જે ખમે તે આરાધક. ક્ષમા ન આપે તે વિરાધક છે. વેરઝેરની વૃત્તિ રાખી સંવત્સરી પ્રતિક્રમણ કરવું એ વિશ્વાસઘાતી વૃત્તિને વધારવા જેવું છે. વૈરીને ખમાવવો એ જ સાચો ઉપશમ માર્ગ છે.'

વ્યાખ્યાન પૂર્ણ થયા પછી દાદર નીચે ઉતરી



છીપનું મોતી

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ એમ.એ.

પૂર્વ પરિચય : કૌશિકનગરનો ગોભદ્ર પંડિત ધનોપાર્જન માટે પરદેશ તરફ પ્રયાણ કરે છે. રસ્તામાં સિદ્ધપુરુષ તેને મળે છે. યોગિની સાથે સિદ્ધપુરુષનો અસદ્ વ્યવહાર જોઈ અવસરે ગોભદ્ર સિદ્ધને શિખામણ આપે છે. યોગિનીના આવાસ જલંધરમાં યોગિનીઓને તે મળે છે. બન્ને વચ્ચે સમાધાન કરાવે છે. હવે વાંચો આગળ.

પ્રકરણ ૪ થું

સ્વાર્થ પ્રાયઃ સર્વને પ્રિય હોય છે. પણ ગોભદ્રનો આત્મા કોઈ જુદી માટીનો છે. સ્વાર્થ કરતાં પરમાર્થ વધુ પ્રિય છે. વેરઝેરને મૂળમાંથી ઉખેડવા ઇચ્છે છે. યોગિનીઓ પ્રત્યેનો સિદ્ધનો બંધુપ્રેમ પાકો કરે છે. વરદાન માંગે છે. 'આ બન્ને સાથેનો બંધુપ્રેમ સદાનો બની રહો. એ જ મારો માનસિક તોષ છે, એ જ મારી ઉત્તમ પ્રાપ્તિ છે.'

'અરે ગોભદ્ર આ શું માગી રહ્યો છે! ઉંધમાં પણ આપેલું વચન એ વચન છે. મારા જીવથી અધિક પળાશે. હું મૃષાવાદી બનું તો દેવી કાત્યાયની લાજે. માટે અવિશ્વાસ છોડ. સુયોગ્ય વરદાન માગી લે. એ રીતે મારા પ્રત્યે પ્રેમ બતાવ. જો એમ જ છે તો જીંદગીભર પરદારાનો ત્યાગ કરો. એજ વેરપરંપરા વધારનાર છે. અનર્થોનું મૂળ છે. નરકાવાસનો માર્ગ છે. દુર્વિનયનો મિત્ર છે. પરાભવનું સ્થાન છે. અપયશનો મતિકુચડો છે. ગુણસમૂહ નાશક છે. એ જ પરસ્ત્રીગમને લંકાપતિનો વિનાશ સર્જ્યો.'

ગાઢ પશ્ચાતાપથી પ્રજળતા સિધ્ધે કહ્યું : 'સુંદર કહાણી. સુંદર ઉપદેશ. અમાપ પાપથી મને ઉગારી લીધો. જીવનભર સ્વસ્ત્રી સિવાય સર્વનો ત્યાગ.' આર્ય, મનવાંછિત સિદ્ધિ મળી ગઇ. કોક ફેરા સ્વજન વાર્તાલાપમાં મને સંભાળજો. સિદ્ધ સર્વને પ્રણામ કરે છે. સર્વથી સાદર જોવાતો વિદાય થાય છે.

ગોભદ્ર શૂન્ય બની જાય છે. ઉચ્ચારે છે; અહો એનો વચનવિલાસ, પાપભીરૂતા અને પાપત્યાગ. શું વિનય! ગુણ પ્રાપ્તિમાં તત્પરતા કેવી? દાક્ષિણ્યતાનો પાર નહિ. ગુણાનુમોદન કરતો દ્વિવસો પસાર કરે છે. સ્વભાર્યા પ્રસૂતિકાળ યાદ આવે છે. રત્ન માગે છે. પરંતુ ચંદ્રલેખા વિશેષ રોકે છે. અન્યદા વિશિષ્ટ રત્નો વગેરે આપે છે. સન્માનપૂર્વક વિદાય આપે છે. ગોભદ્ર પોતાને ગામ પહોંચે છે.

સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પાણી પડે. મોતીનું કલેવર બંધાય. મરજીવાઓ બહારે કાઢે. મોતી શુદ્ધ થાય. વીંધાય-પરોવાય કે સુવર્ણમાં મઢાય. એના તેજે સૌ આકર્ષાય.

પણ ગોભદ્ર અણવિંધ્યુ મોતી. મઢ્યા વગરનું મોતી. અણઓળખ્યું મોતી. શુદ્ધ માર્ગ પામેલ નથી. સમ્યગ્દર્શનમાં આત્મા જડાયો નથી. સદ્ગુણોનો મહમહાટ વ્યાપકતા પામ્યો નથી. છતાં

એક આગેવાન ભાઇ ગયા તરત સામી પાર્ટીવાળાને ત્યાં. પૂરા દશ વર્ષે. ઘરના ઓટલે ચઢતા આગેવાનને જોઇ ઘરવાળાં બધાં જ ખમચાઇ ગયાં, પણ પેલા ભાઇ સીધા જ શેઠ પાસે જઇ 'મિચ્છામિ દુક્કડમ્' આપી આવ્યા. ઘરનાં દરેકે દરેક બાળકને પણ ભાવથી ખમાવ્યા...અને જણાવ્યું કે, આજના મંગળ દિવસે વ્યાખ્યાન શ્રવણથી મારૂં હૃદય પીગળી ગયું છે. સંસારમાં વેરઝેરનાં નિમિત્તો ઘણાં મળે. છતાં ક્ષમા સાધવી એ જ આપણું સાચું ભૂષણ છે.

બન્ને આગેવાનો ગદ્‌ગદ હૈયે એકબીજાને ભેટી પડયા.

ત્યારથી બન્ને આગેવાનો એક જ સાથે બેસીને 'મિત્રભાવ'ને વધારી રહ્યા છે....

ક્ષમાના આદર્શને જીવનમાં ઉતારી પર્યુષણા આરાધના સહુ કોઇ સફળ બનાવે.

મોતીનું તેજ છાનું રહે? સ્વ ધર્મકળાકુશળ છે. પરોપકારમાં સદા તત્પર છે. સ્વાર્થથી પર છે. પરદારા સહોદર છે.

પ્રિયતમાને મળવા ઉત્સુક છે. ઘર તરફ ચાલે છે. દૂરથી જ ઘરની દુર્દશા જુએ છે. દ્વાર ભાંગી ગયેલ છે. ધુળના ઢગલા થએલ છે. ઉંદર અને કોળના દળોથી વ્યાપક છે. સ્મશાન જેવું ભયાનક ઘર લાગે છે. પ્રિયાની પાડોશી સખીને પૂછે છે. સખી ઘરમાં લઈ જાય છે. આસન આપે છે. સંતપ્ત ગોભદ્ર વારંવાર સમચાર પૂછે છે. સ્ત્રી સમજુ છે. મારી સખી પિયેર ગઇ છે. પછી સઘળો વૃતાંત કહીશ. પ્રથમ ભોજન કરાવે છે. ભોજન બાદ આરામ આપે છે. ધીમે ધીમે સાચી રજુઆત કરે છે.

'ગોભદ્ર, તમે ગયા બાદ વિરહવેદનાથી કે, રોગવશથી તમારી પ્રિયા કૃશ બની ગઈ. અકસ્માત્ શૂલવેદના થઇ. દવાઓ કારગત ન નીવડી. થોડી જ વારમાં પ્રાણ છોડી દીધા. ગોભદ્ર મૂર્છિત બન્યો. ચેતના પામી મુક્ત રૂદન કરવા લાગ્યો. લોકોએ આશ્વાસન આપ્યું. મૃત્યુ ક્રિયા કરી. દુઃખનું ઔષધ વિહ્વાડા. ધીમે ધીમે શોક ઓછો થયો. ત્યાં ગોભદ્ર વિચારે છે.

'દ્રવ્ય માટે દેશાંતર ગયો. પ્રાપ્ત કરી પાછો ફર્યો. અભિલાષાઓ કરી. પત્ની સાથે પાંચે અનુકૂળ વિષય ભોગવીશ. તે અકાળ મૃત્યુ પામી. હવે ફરી લગ્નથી શું? મારા જીવિતનો પણ શો વિશ્વાસ! સ્ત્રી-સ્વજન-ધનમાં સર્વસ્વ જેટલું સુખ. વિયોગમાં દુઃખના ડુંગર. માટે વિષયતૃષ્ણાથી સર્યું. પોતે ધર્મકરણીમાં લાગી ગયો.'

અન્યદા પ્રાણીગણના મહારક્ષક ધર્મઘોષસૂરીશ્વરજી પધાર્યા. સાથે પાંચસો શિષ્ય છે. અનેક લોકો વંદનાર્થે જઈ રહ્યા છે. સંસારથી ઉદ્વિગ્ન ગોભદ્ર પણ આવે છે. હર્ષિત ચિત્તથી પાદ પ્રણામ કરે છે. ધર્મદેશના સાંભળે છે.

૧. જીવવધમાં આસક્ત આત્મા આઠ પ્રકારના કર્મ બાંધે છે. નરકમાં તીવ્ર દુઃખો ભોગવે છે. ત્યાંથી લાખો તિર્યંચ યોનિમાં ભટકે છે. પ્રાણીગણની રક્ષા કરે તે દેવલોકના દિવ્ય સુખો ભોગવે છે. ક્રમે કરી જન્મમરણ દુઃખથી મુક્ત થાય છે. ૨ પ્રાણી વિનાશનું કારણ જુઠ વર્જનીય છે. આ લોકમાં જીવ્હાછેદ અને નિંદા. પરભવમાં પારાવાર દુઃખ. સત્યવાદીનો શ્વાસ પણ સુરભિ બને છે. સર્વ લોકો સન્માને છે. ૩. પરધન ચોરનાર માટે સુગતિબંધ થાય છે. સંતોષી-આત્મા અન્યનું તૃણ માત્ર ઇચ્છતો નથી. દેવ મનુષ્યને પૂજ્ય બને છે. સંપત્તિ પામે છે. વિપત્તિ આવતી નથી. સઘળા મનોરથ પુરા થાય છે. ૪. કામુકજનો નૃપતિ સેવા કરે છે. સંગ્રામ કરે છે. અનેક દુઃખો અનેકવાર પામે છે. ઇંદ્રિયને જીતનારા વિશ્વવંદનીય બને છે. સ્મરણ માત્રથી વિદ્યામંત્ર સિદ્ધ થાય છે. ૫. સંગ્રહખોર આત્મા કોશેટાની જેમ બંધાય છે. અનેક કલેશ પામે છે. લોભરહિત ને સ્વશરીરમાં પણ સ્પૃહા નથી તો બીજી વસ્તુઓમાં અભિલાષા કયાંથી? અને તેથી જ આપત્તિઓમાં અડગ રહે છે. મોક્ષ સુખને પામે છે. સંયોગમાં દુઃખ, ત્યાગમાં સુખ એ છે ધર્મનો સાર. દોષરહિત દીક્ષાપાલન એ જ છે મુક્તિનો માર્ગ.'

સાંભળીને કંઇકની મિથ્યાવાસના નાશ પામી. કંઇક સર્વ ભાગને માર્ગે જોડાયા. કેટલાકે અલ્પ ભોગ સ્વીકાર્યો. સંસારને અસાર માનતા ગોભદ્રને તીવ્ર વૈરાગ્ય થયો. ગુરુ સમીપ જઇ વિજ્ઞપ્તિ કરી. આપનાં વચન અમૃત તુલ્ય પરિણમ્યા. વિવેક જાગૃત થયો. સંસારવાસના નાશ પામી. આપ નિર્યામક બનો. પ્રવ્રજ્યા નાવમાં બેસાડો. ભવોદધિ પાર ઉતારો. ગુરુની અનુજ્ઞા પામી ઘેર ગયો. રત્નો વેચી દાન દીધા. પ્રશસ્ત તિથિ મુહૂર્તે દીક્ષા ગ્રહણ કરી. મહા તપસ્વી બન્યા. નિરતિચાર સંયમ પાળે છે. ગ્લાનાદિની ખૂબ વૈયાવચ્ચ કરે છે. શાસ્ત્ર અધ્યયન કરે છે. માસોપવાસી બની વૈયાવચ્ચ ગુણને ખીલવે છે.

છીપના મોતીનું તેજ ઝળકી ઉઠયું. આત્મા જાગૃત બની ગયો. શાસનના દોરે મોતી પરોવાયું. આત્મગુણો શોભી ઉઠ્યા.

અનાદિ કાળની વાસનાઓ હોય છે. ધુળઢેફા જેવી. કષાયના કાળા પડછાયા હોય છે. ચંડાળ મારાઓ જેવા. આ તેજસ્વી મોતીપર વાસનાના આવરણ ન આવો. કાળમીંઢ કષાયની કાળિમા ન લાગો. આવી જાય તો જલ્દી વિલય પામો. એમ આપણે સૌ ઇચ્છીએ. (ક્રમશઃ)

જૈન ભૂગોળ

શ્રી રમણલાલ બબાભાઈ શાહ-અમદાવાદ.

જૈન સિધ્ધાંતની દૃષ્ટિએ તિર્ચ્છાલોકની વાસ્તવિક પરિસ્થિતિને દર્શાવનારી આ લેખમાળાએ વાચકવર્ગમાં ઠીક ઠીક રસ જાગ્રત કરેલ છે. ભૂગોળની વર્તમાન પરિસ્થિતિના સમન્વયપૂર્વક શાસ્ત્રીય દૃષ્ટિએ ભૂગોળનું સ્વરૂપ દર્શાવતી આ લેખમાળાના આ છઠ્ઠા હપ્તામાં પ્રમાણાંગુલ તથા ઉત્સેધાંગુલની ચર્ચા વિચારણા ઉપરાંત વર્તમાન પૃથ્વીની કેટલીક હકીકતો માટે લેખક વિચારણીય વિગતો રજૂ કરે છે, તેને ધ્યાનપૂર્વક વાંચવા-વિચારવા ને તેને અંગે સૂચનો મોકલવા અમારા સમાજના વિચારક બુધ્ધાશીલ વર્ગને આમંત્રણ છે.

૬ : કેટલીક વિચારણીય હકીકતો

હવે પ્રમાણાંગુલનું માપ પણ શાસ્ત્રોમાં ત્રણ પ્રકારે બતાવેલું છે. તે આ પ્રમાણે–

(૧) સૂચી પ્રમાણાંગુલ=ઉત્સેધાંગુલથી ૪૦૦ ગણું મોટું

(૨) વિષ્કંભ પ્રમાણાંગુલ= ,, ૨½ ગણું મોટું

(૩) ક્ષેત્રફળ પ્રમાણાંગુલ= ૪૦૦×૨½=ઉત્સેધાંગુલથી ૧૦૦૦ ગણું મોટું

શ્રી જૈન શાસ્ત્રોમાં આ ત્રણ માપમાંથી શાશ્વત પદાર્થો માપવા માટે કયું માપ લેવું તે બાબતમાં ત્રણ મતાંતર છે. મુખ્યત્વે કરીને કેટલાક મહાપુરુષો ૪૦૦ ગણા માપથી માપવાનું જણાવે છે. જ્યારે કેટલાક મહાપુરૂષો ૨½ ગુણા માપથી માપવાનું જણાવે છે. મુખ્યત્વે ઉપરોક્ત બે પ્રકારની માન્યતાઓ વર્તમાનમાં પ્રચલિત જણાય છે, ૧૦૦૦ ગણા માપથી માપવાની માન્યતાનો પ્રચાર પણ કયાંક જણાય છે.

આ ત્રણ માન્યતાઓમાંથી અમને ૪૦૦ ગણા માપની માન્યતાને અનુસરવું વધારે યુક્તિસંગત લાગે છે. તે બાબતનાં કેટલાંક કારણો અમો અહીં રજુ કરીએ છીએ. હજારગણું માપ લંબાઈ અને પહોળાઇના ક્ષેત્રફળરૂપ હોઇ કોઈ પણ વસ્તુની લંબાઈ અથવા પહોળાઇ માપવામાં ઉપયોગી ન થઈ શકે એમ અમારું માનવું છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રની ટીકામાં પણ પૂ. મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી હજારગણું લાખું ક્ષેત્રફળની અપેક્ષાએ છે, તે વાતનો સ્વીકાર કર્યા પછી પણ પૃથ્વી આદિના માપ ઉત્સેધાંગુલથી હજારગુણ (ક્ષેત્રફળરૂપ) પ્રમાણાંગુલથી ન માપતાં ચારસો ગુણરૂપ સૂચિથી માપવા સ્પષ્ટ જણાવે છે તેમ અમને ગુરૂગમથી જાણવા મળેલ છે. [૧] વળી પ્રમાણાંગુલને ઉત્સેધાંગુલથી અઢીગુણ માનવા જતાં અનેક શાસ્ત્રીય વાતો સંગત થતી નથી. જેમાંની થોડી અમે અહિં રજુ કરીએ છીએ.

(૧) ભરતક્ષેત્રનું ક્ષેત્રફળ પૂર્વે ૫૩,૮૦૬૮૧ યોજન લગભગ આપણે વિચારી ગયા છીએ. હવે અઢીગુણના હિસાબે ૧ યોજન ક્ષેત્રફળના ૧૦૦ ગાઉ થાય[૨] એટલે કુલ ક્ષેત્રફળ ૫૩,૮૦૬૮૧૦૦

---

[૧] તત ઇમાં સૂચિમધિકૃત્યોત્સેધાઙ્ગુલાત્તત્સહસ્રગુણમુક્તં, વસ્તુતસ્તુ ચતુઃશતગુણમેવ, અત એવ પૃથ્વીપર્વતવિમાનાદિમાનાન્યનેનૈવ ચતુઃશતગુણેન અર્દ્ધતૃતીયાઙ્ગુલલક્ષણસ્વવિષ્કમ્ભાન્વિતેનાનીયન્તે ન તુ સહસ્રગુણયા અઙ્ગુલવિષ્કમ્ભયા સૂચ્યેતિ।

[૨] ૧ યોજન=૧૦ ગાઉ છે. ૧ યોજન લંબાઇને ૧ યોજન પહોળાઇથી ગુણતાં ૧ યોજન ક્ષેત્રફળ થાય છે. તેથી અઢી ગુણ માપના હિસાબે ૧૦ ગાઉને ૧૦ ગાઉથી ગુણતાં ૧૦૦ ગાઉ ક્ષેત્રફળ થાય છે.

ગાઉ જેટલું ઉત્સેધાંગુલથી થાય. પૂર્વે અમે બતાવી ગયા છીએ કે ચક્રવર્તીના રાજ્યકાળ દરમિયાન ભરતક્ષેત્રમાં ૯૬ ક્રોડ ગામ હોય છે. માત્ર ૫૪ ક્રોડ ગાઉથી પણ ન્યૂન ક્ષેત્રમાં પર્વતો, નદીઓ, કિલ્લાઓ (જગતી વગેરે) શહેરો, પત્તનો વગેરેનું ક્ષેત્રફળ બાદ કરી બાકી રહેલ ક્ષેત્રમાં ૯૬ ક્રોડ ગામોનો સમાવેશ શી રીતે થાય? એક ગાઉમાં લગભગ બે ગામને સમાવવા પડે કદાચ એક ગાઉમાં બે ગામ હોવામાં શું વાંધો છે? એમ પ્રશ્ન થાય. પરંતુ આજના કાળના હિસાબે હજી માની લઈએ કે એક ગાઉ ક્ષેત્રફળમાં બે ગામ વસી શકે. પરંતુ ભરત ચક્રવર્તી આદિના કાળમાં ૫૦૦ ધનુષ્યની કાયાવાળા મનુષ્યો હોય છે એટલે કે લગભગ ૧ ગાઉના શરીરવાળા મનુષ્યો હોય ત્યારે સરેરાશ એક ગાઉમાં બેના હિસાબે ગામોનો સમાવેશ કરવો યુક્તિસંગત નથી લાગતો. તેથી પ્રમાણાંગુલને ૨ા ગણું માનતાં ૯૬ ક્રોડ ગામોનો સમાવેશ ભરતક્ષેત્રમાં થઈ શકતો નથી. જ્યારે ૪૦૦ ગુણું માનવાથી ૯૬ ક્રોડ ગામોનો ભરતક્ષેત્રમાં સુખપૂર્વક સમાવેશ થઈ શકે છે.

(૨) ભરતક્ષેત્રની ઉત્તરદક્ષિણ પહોળાઇ ૫૨૬ યોજન અને ૬ કળા છે. પ્રમાણાંગુલને ૨ા ગુણ માનીએ તો એ પહોળાઇ ૫૨૬૩ ગાઉ અર્થાત્ લગભગ ૧૦૫૦૦ માઇલની અંદર જંબૂદ્વીપની જગતી, વૈતાઢ્ય તથા હિમવંત પર્વત આવી જાય છે. આજની શોધાયેલ પૃથ્વીમાં કોઇપણ દિશાએ લગભગ સોળ હજારથી વધુ માઇલનો પ્રવાસ શક્ય છે. આ પ્રવાસમાં કયાંય પણ જંબૂદ્વીપની જગતી, વૈતાઢ્ય પર્વત અને હિમવંત પર્વત દેખાતા નથી.

(૩) અયોધ્યા નગરી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી પ્રમાણાંગુલના માપથી છે. હવે ૨ા ગણા માપની માન્યતાના હિસાબે ૧૨૦ ગાઉ લાંબી અને ૯૦ ગાઉ પહોળી અયોધ્યા નગરી થાય. એટલે એનું કુલ ક્ષેત્રફળ લગભગ ૧૦,૮૦૦ ગાઉ જેટલું થાય. ૫૦૦ ધનુષ્યની કાયાવાળા મનુષ્યોના કાળમાં અયોધ્યા જેવી સમૃદ્ધ નગરીનું આ માપ ઘણું જ ઓછું પડે. *ચક્રવર્તીની ૧,૯૨૦૦૦ સ્ત્રીઓ, સવા ક્રોડ પુત્રો વગેરે પરિવાર માત્રનો પણ તેમાં સમાવેશ નથી થઇ શકતો. જ્યારે પ્રમાણાંગુલને ઉત્સેધાંગુલથી ૪૦૦ ગુણ ~~માનવાથી~~ આ બધાનો સમાવેશ ખૂબ જ સુખપૂર્વક થઈ શકે છે.

(૪) સિદ્ધગિરિનું પ્રમાણ ચોથા આરાની શરૂઆતમાં ૫૦ યોજન અને અંતે બાર યોજન હોય છે. આ પ્રમાણ ક્ષેત્રફળનું છે કે માત્ર લંબાઈ અથવા પહોળાઈનું છે તે અમોને ચોક્કસ ખબર નથી. પણ બંને રીતે વિચારીએ તો પણ ૨ા ગુણા માપવાળા પ્રમાણાંગુલના હિસાબે આટલા માપવાળા સિદ્ધગિરિજી ઉપર પુંડરીક સ્વામીજી ૫ ક્રોડ મુનિવરો સાથે, દ્રાવિડ વારિખિલ્લ દસ ક્રોડ મુનિવરો સાથે વગેરે મોક્ષે ગયા છે. તેમનો સમાવેશ થઈ શકતો નથી. કેમકે એક ચોરસ ગાઉમાં ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્યો લંબાઈમાં ચાર અને પહોળાઈમાં આઠ થઈ કુલ બત્રીસથી વધુ ન સમાય એટલે ૫૦ યોજન ક્ષેત્રફળની અપેક્ષાએ ગણીએ તો ૫૦૦ ગાઉમાં ૧૬૦૦થી વધુ મનુષ્યો ન સમાઈ શકે. હવે લંબાઈ અને પહોળાઈ બેને ૫૦ યોજન ગણીએ તો ૨૫૦૦ યોજન ક્ષેત્રફળના લગભગ ૨,૫૦૦૦૦ લાખ (અઢી લાખ) ચોરસ ગાઉ થાય. તેમાં પણ એક ગાઉના બત્રીશના હિસાબે ૮૦ લાખ મનુષ્યોથી વધુ ન સમાઈ શકે.

પ્રશ્ન–ભરતક્ષેત્ર આદિ બીજી વસ્તુઓ ઉત્સેધાંગુલથી ૨ા ગુણા માપવાળા પ્રમાણાંગુલે હોય તો શું વાંધો આવે?

ઉત્તર–ગામ, નગર આદિ જેમ તે તે કાળના માપરૂપ આત્માંગુલથી છે તેમ સિદ્ધગિરિ પણ પ્રમાણાંગુલથી ન માનતાં આત્માંગુલથી માનીએ તો ભરત આદિના વખતનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી ૪૦૦ ગુણું થતું હોવાથી તેમાં ક્રોડો મુનિવરોનો

*આજના શરીર કરતાં ૪૦૦ ગણું શરીર તે વખતે હોવાથી આજના કાળે ૧ ગાઉથી પણ ન્યૂન પહોળી અને ૧ ગાઉથી કંઈક અધિક લાંબી નગરી જેવી હોય તેવી અયોધ્યા તે વખતે લાગે.

સમાવેશ સુખપૂર્વક થઈ શકે છે. તેથી સિદ્ધગિરિનું પ્રમાણ આત્માંગુલના હિસાબે હોઈ શકે, પરંતુ પ્રમાણાંગુલને ૨૫ ગુણ માનવામાં ભરત ચક્રવર્તીના વખતના આત્માંગુલના હિસાબનો સિદ્ધગિરિ ભરત-ક્ષેત્રના આખા મધ્યખંડમાં પણ સમાઇ નહિ શકે. કેમકે ભરત ચક્રવર્તીના વખતના આત્માંગુલના ૧ યોજન ક્ષેત્રફળના ઉત્સેધાંગુલના હિસાબે (૧૬૦૦×૧૬૦૦)=૨૫,૬૦૦૦૦ ગાઉ થાય છે. તેથી ૫૦ યોજન ક્ષેત્રફળવાળા સિદ્ધગિરિના ઉત્સેધાંગુલના હિસાબે ૧૨ ક્રોડ ૮૦ લાખ ગાઉ થાય. જ્યારે પૂર્વે આપણે વિચારી ગયા છીએ કે મધ્યમખંડનું વધુમાં વધુ ક્ષેત્રફળ લગભગ ૮ થી ૯ લાખ યોજન જેટલું એટલે ૨૫ ગુણની માન્યતાના હિસાબે લગ-ભગ ૮ થી ૯ ક્રોડ ગાઉ જેટલું થાય છે. (આખા દક્ષિણ ભરતખંડનું ક્ષેત્રફળ જ ૧૮ ક્રોડ ગાઉ લગ-ભગ છે.) આમ પ્રમાણાંગુલને ૨૫ ગુણું માનતાં આ પ્રશ્નનું સમાધાન થઈ શકતું નથી. જ્યારે ૪૦૦ ગુણું માનતાં મધ્યમખંડમાં સિદ્ધગિરિ સુખ-પૂર્વક સમાઇ શકે છે. સિદ્ધગિરિ ઉપર ક્રોડો મુનિવરો મોક્ષે ગયા તે બાબતમાં પણ કોઇ જાતનો સંશય ન થાય. કારણ કે તેટલા મનુષ્યોનો સમા-વેશ તે સ્થાનમાં સુખપૂર્વક થઈ શકે છે. ઉપરનાં કારણો વિચારતાં ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ૪૦૦ ગુણા માપવાનું માનવું એ યુક્તિસંગત છે. એવી અમારી દૃઢ માન્યતા છે.

(૨)

ઉપરોક્ત બધી વિગતો ધ્યાનમાં રાખીને હવે વર્તમાન આધુનિક દૃશ્ય જગતનું સ્થાન ક્યાં હોવા સંભવિત છે? તે અંગેની અમે કરેલી થોડીક વિચારણા અત્રે રજુ કરીએ છીએ. આ અમારી એક માત્ર વિચારણા છે. નક્કર સત્ય હકીકત જ છે, એમ 'જકાર' પૂર્વક અમે કહેતા નથી. પરંતુ આપણા શાસ્ત્રીય સત્યને સંપૂર્ણ જાળવી વર્તમાન પૃથ્વીના સ્થાનની આ વિચારણા અમને યુક્તિ સંગત લાગતી હોવાથી આ વિષયને લગતા ચિંતકો અને અભ્યાસીઓને વિચારણા માટે ઘણી ઉપયોગી ભૂમિકારૂપ થઇ શકે તેમ છે. તેમ જ અનેક શાસ્ત્રીય વાતોને કેટલાકો અતિશયોક્તિ ભરી કહી દે છે. તેઓને પણ સંપૂર્ણ યુક્તિ સંગત રીતે શાસ્ત્રીય વાતોનું સમાધાન મળે તે માટે અમારો આ પ્રયત્ન છે. સાથે સાથે અત્રે રજુ થતી હકીકતોના સંવાદી કે વિસંવાદી કોઇ પણ જાતના મુદ્દાઓ જે કોઇ અભ્યાસીઓને ઉભા થાય તે અમોને જણાવવા સંપૂર્ણ વિનંતિ છે. જેથી અમોને પણ વિશેષ વિચારણાની તક મળે. અત્રે રજુ થતી હકીકતો અંગે શાસ્ત્રીય દૃષ્ટિએ આ વિષયના અભ્યાસીઓને વિચારણા કરવા અમારી આગ્રહભરી વિનંતિ છે.

(૧) ભરતક્ષેત્ર તથા મધ્યખંડના ક્ષેત્રફળ સાથે વર્તમાન પૃથ્વીના ક્ષેત્રફળની તુલના.

(૨) વર્તમાન પૃથ્વીની ચારે બાજુ ફેલાએલા ખારા પાણીના સમુદ્રો અને તેની વચ્ચે દ્વીપોના સમૂહરૂપ વર્તમાન પૃથ્વીનું સ્વરૂપ.

(૩) વર્તમાન જગતમાં ચોવીશે કલાક સૂર્યના પ્રકાશનું અસ્તિત્વ.

(૪) શાસ્ત્રોમાં દર્શાવેલી–ચંપા, કાકંદી, પોતન-પુર, શ્રાવસ્તી, કૌશાંબી, અયોધ્યા, રાજગૃહી આદિ અનેક નગરીઓના વિસ્તાર.

(૫) શ્રી સિધ્ધાચળજી અને શ્રી અષ્ટાપદજી તીર્થ વચ્ચેનું અંતર.

(૬) વર્તમાન પૃથ્વી ઉપરની સંસ્કૃતિ.

(૭) અતિ પ્રાચીનકાળની પ્રતિમાઓની અપ્રાપ્તિ.

(૮) વર્તમાન કાળમાં છેલ્લા ૧૨૦૦ વર્ષથી શ્રી યુગપ્રધાનોની માહિતિનો અભાવ.

(૯) શ્રી શ્રમણ સંઘનો પરિવાર તથા સમસ્ત શ્રાવક સંઘનું મૂળ.

(૧૦) વર્તમાન કાલીન સંશોધનથી મળી આવતા પ્રાચીન કાળના અવશેષો દ્વારા મળી આવતી ઇતિહાસિક કડીઓમાં ઉપયોગી પુરાવા-ત્મક સામગ્રીઓ.

આ ઉપરાંત પણ અનેક મુદ્દાઓને લક્ષ્યમાં રાખીને વર્તમાન પૃથ્વીનું અન્વેષણ કરવાનું છે. હવે ક્રમશઃ દરેક મુદ્દાઓની વિસ્તૃત વિચારણા કરીએ છીએ.

(૧) ક્ષેત્રફળ તુલના–આપણે પૂર્વે વિચારી ગયા છીએ કે ભરતક્ષેત્રનું ક્ષેત્રફળ લગભગ ત્રેપન લાખ એંશી હજાર યોજન ઉપરાંતનું છે તથા દક્ષિણાર્ધ ભરતનું ૧૮ લાખ યોજન ઉપરાંતનું તેમજ મધ્યખંડનું ક્ષેત્રફળ લગભગ ૭ થી ૮ લાખ યોજનનું છે. જ્યારે વર્તમાન આધુનિક દૃશ્ય જગતનો વિસ્તાર વિચારીએ તો તેની લંબાઈ પહોળાઈ વીશ હજાર માઇલ કરતાં પણ ઘણી ઓછી છે. હવે પ્રમાણાંગુલની ગણત્રીએ એક યોજન=ઉત્સેધાંગુલ ૪૦૦ યોજન=ઉત્સેધાંગુલ=૧૬૦૦ ગાઉ=લગભગ ૩૨૦૦ માઇલ થાય છે. (જે આપણે અગાઉ જોઇ ગયા છીએ) એટલે એ હિસાબે વર્તમાન દૃશ્ય જગતની પ્રમાણાંગુલના માપથી ૭ યોજનથી પણ ઓછી લંબાઇ પહોળાઈ થાય છે, તેથી તેનું કુલ ક્ષેત્રફળ ૫૦ યોજનથી પણ ઘણું ઓછું થાય છે. જ્યારે મધ્યખંડના પ્રત્યેક દેશોનું સરેરાશ ક્ષેત્રફળ લગભગ ૧૦૦ યોજનથી વધુ છે. એટલે આ અપેક્ષાએ વિચારતા વર્તમાન દૃશ્ય જગતને રપા આર્ય દેશો સહિત અનેક દેશોનો સમૂહ ન માનતા માત્ર કોઇ એક જ આર્ય દેશનો અમુક ભાગ માનવો વધુ ઉચિત લાગે છે.

(૨) દ્વીપરૂપ વર્તમાન પૃથ્વીનું સ્વરૂપ–ભરતક્ષેત્રની ત્રણ તરફ પાણી છે, અને ઉત્તર તરફ લગભગ એક લાખ યોજન સુધી સળંગ ભૂમિ છે. જ્યારે વર્તમાન પૃથ્વીની ચારે તરફ ખારા પાણીવાળા સમુદ્રો છે. એક પણ દિશાએ સળંગ લાંબી ભૂમિ નથી. એટલે વર્તમાન પૃથ્વી એ આખો ભરતક્ષેત્ર નથી, કે નથી તેમાં સંપૂર્ણ આખો મધ્યખંડ કારણ કે મધ્યખંડની ઉત્તર દિશા તરફ પણ સળંગ એક લાખ યોજન ભૂમિ છે જ. જ્યારે વર્તમાન જગતની એક પણ દિશા તરફ તેટલી સળંગ ભૂમિ નથી જ. પરંતુ ખારા પાણીવાળા સમુદ્રોની વચ્ચે ઘેરાએલા દ્વીપોના સમૂહ સ્વરૂપ છે. આ વિચારતાં લાગે છે કે વર્તમાન દૃશ્ય જગત એ મધ્યખંડના દક્ષિણ ભાગમાં શ્રી સગર ચક્રવર્તી દ્વારા લવાએલા લવણ સમુદ્રના ખારા પાણી વચ્ચે દ્વીપ સમૂહરૂપે અસ્તિત્વ ધરાવતો દક્ષિણ-દિશાએ રહેલા ૧૬ આર્યાવર્તના દેશો પૈકીનો કોઇ પ્રદેશ હોય તેમ જણાય છે.

(૩) સૂર્યના પ્રકાશનું ચોવીસે ૨ કલાકનું અસ્તિત્વ–આપણા શાસ્ત્રોમાં વાંચીએ છીએ કે જ્યારે ભરતક્ષેત્રમાં રાત્રિ હોય ત્યારે મહાવિદેહમાં દિવસ થાય છે, અને જ્યારે મહાવિદેહક્ષેત્રમાં રાત્રિ હોય ત્યારે ભરતક્ષેત્રમાં દિવસ થાય છે. જ્યારે હાલમાં આપણને વર્તમાન પૃથ્વી ઉપર જ ચોવીસે કલાક સૂર્ય પ્રકાશની પ્રાપ્તિ થાય છે ભારતમાં દિવસ હોય ત્યારે અમેરિકામાં રાત્રિ અને ભારતમાં રાત્રિ હોય ત્યારે અમેરિકામાં દિવસ હોય છે, તે પ્રત્યક્ષ અનુભવની હકીકત છે તથા ૭-૭ માસની દિવસ રાત્રિના પ્રદેશો પણ વર્તમાનમાં નોર્વે આદિ જગત ઉપર મોજૂદ છે. તો શું અમેરિકાને મહાવિદેહ સમજવું? આ વિષયમાં ઘણી જ વિચારણા કર્યા બાદ સ્કેચલ માપની જંબૂદ્વીપની આકૃતિ બનાવીને મીણબત્તી દ્વારા પ્રયોગ કરવાથી માલુમ પડયું છે કે ભરતક્ષેત્રમાં સર્વત્ર એક સરખા રાત્રિ-દિવસ નથી. તેમજ એક સાથે સૂર્યોદય કે સૂર્યાસ્ત નથી જ. શાસ્ત્રીય વર્ણન પ્રમાણેનું ૧૮ મૂહૂર્ત દિવસ અને ૧૨ મૂહૂર્ત રાત્રિ તેમજ ૧૮ મૂહૂર્ત રાત્રિ અને ૧૨ મૂહૂર્ત દિવસનું વર્ણન તથા ભરતક્ષેત્રના દિવસ વખતે મહાવિદેહક્ષેત્રની રાત્રિનું વર્ણન વગેરે જે જે હકિકતોનું વર્ણન કરેલું છે. તે માત્ર મધ્યખંડના લગભગ મધ્ય વિભાગ (ઉત્તરથી દક્ષિણ દિશાની અપેક્ષાએ મધ્ય ભાગ) જે અયોધ્યાની પૂર્વ તથા પશ્ચિમ તરફ સમશ્રેણિએ આવેલો છે તે વિસ્તારને અનુરૂપ લાગે છે. જ્યારે સમગ્ર ભરતક્ષેત્રના રાત્રિ દિવસના સમયની પરિસ્થિતિ જુદી જુદી જણાઇ આવે છે. દક્ષિણ ભરતના જ ઉત્તર વિભાગનો દિવસકાળ બહુ જ નાનો અને દક્ષિણ વિભાગનો દિવસકાળ ઘણો મોટો જણાઇ આવે છે. વૈતાઢયની તળેટીમાંના કેટલાક ભાગમાં તો મોટામાં મોટા દિવસ પણ બે કલાકથી વધુ ના હોઇ શકે જ્યારે દક્ષિણ ભાગમાં લવણ સમુદ્રની જગતી પાસેનો કેટલોક વિસ્તાર ચોવીસે કલાકનું પ્રકાશક્ષેત્ર ઉપરોક્ત પ્રયોગ

કરતાં જણાઈ આવે છે. સૂર્યનો સૌથી પ્રથમ પ્રકાશ છેક દક્ષિણ છેડે આવેલા વિસ્તાર ઉપર પડે છે અને પછી જેમ જેમ સૂર્ય દક્ષિણ તરફ નજીક આવતો જાય તેમ તેમ ઉત્તર દિશા તરફ પ્રકાશ આગળ વધતો રહે છે. તેમજ સૂર્ય જગતીના દક્ષિણ દ્વારથી જેમ જેમ ઉત્તર તરફ જાય અને પશ્ચિમ દિશાએ વૈતાઢ્યની ઉત્તરમાં જાય ત્યારથી જ ઉત્તર દિશાના વિસ્તાર (વૈતાઢ્યની તળેટીનો કેટલોક વિસ્તાર)માં પ્રથમ સૂર્યાસ્ત થાય છે અને પછી જેમ જેમ સૂર્ય ઉત્તર તરફ આગળ વધે તેમ તેમ દક્ષિણ તરફ અંધકારનો પડછાયો (સૂર્યાસ્ત) આગળ વધતો જાય છે. આ રીતે સૌથી પ્રથમ ઉદય અને સૌથી છેલ્લો અસ્ત સૂર્યાસ્ત જંબુદ્વીપની જગતીથી કેટલાક યોજન ઉત્તર (મધ્યખંડના દક્ષિણ વિભાગના વિસ્તાર)માં થાય છે, આ રીતે સૌથી મોટો દિવસ દક્ષિણ ભાગમાં અને સૌથી નાનો દિવસ ઉત્તર ભાગમાં હોવાનો સંભવ છે. જ્યારે દક્ષિણ ભાગનો કેટલોક વિસ્તાર એવો પણ છે કે જ્યાં ૨૪ કલાક પ્રકાશનું અસ્તિત્વ રહી શકે છે. આ આખો વિષય પ્રયોગ દ્વારા બહુ સારી રીતે સમજી શકાય તેમ છે. તેમજ ઉત્તર ધ્રુવ પ્રદેશના છ માસના રાત્રિ-દિવસના કારણનો પણ એક આખો વિષય જુદો છે અને તે લંબાણના ભયથી અમો અત્યારે રજૂ કરી શકતા નથી. પરંતુ ભવિષ્યમાં એ વિષય ઉપર લંબાણથી વિચારણા રજૂ કરવાની અમારી ઇચ્છા છે. પરંતુ જે કોઇ અભ્યાસી ભાઈ અમારો સંપર્ક સાધશે તેઓને સૂર્ય પ્રકાશનો વિષય અમારાથી બની શકતા પ્રયત્ને સમજાવવાનો પ્રયત્ન કરીશું.

(૪) **નગરીઓના વિસ્તાર**—આપણે શાસ્ત્રોમાં અયોધ્યા-કાશી-રાજગૃહી કાકંદી-ચંપા-કૌશાંબી-શ્રાવસ્તી-પોતનપુર-કુંડગ્રામ-વૈશાલિ વગેરે સંખ્યાબંધ નગરીઓની સમૃદ્ધિના વર્ણનો આવે છે. તે ગણત્રીએ જોતાં તેની વિશાળતા પણ ખ્યાલમાં આવી જાય છે. જેમાં રાજગૃહી માટે તો સ્પષ્ટ ઉલ્લેખ પણ મળે છે કે તે નગરી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હતી. તે કાળનો આત્માંગુલનો યોજન લગભગ ૧૪ થી ૧૬ માઇલનો થાય છે. તે હિસાબે તે નગરી લગભગ ૧૬૮ માઇલથી પણ વધુ લાંબી અને ૧૨૬ માઇલથી પણ વધુ મોટી જણાઇ આવે છે. તેમજ તેમાં ૧૨॥ ક્રોડ ઘરોનો પણ આવડી મોટી નગરી હોય તો જ સુખપૂર્વક સમાવેશ થઇ શકે છે. હવે જો આ એક જ નગરી આવડી મોટી હોય તો ઉપર જણાવેલ બીજી નગરીઓનો સમાવેશ કઇ જગાએ કરવો? આજના બિહાર-બંગાળ તથા અયોધ્યા વિસ્તારમાં પણ આ બધી નગરીઓ સમાઈ શકે નહિ. તદુપરાંત હાલના પૂર્વ તથા પૂર્વોત્તર ભારતમાં જ આર્યાવર્તના ૨પા દેશો પૈકી લગભગ ૧૫-૧૬ દેશોનો સમાવેશ કરવામાં આવે છે. આ બધા પૈકી કેટલાક દેશો વિશાળ વસ્તીવાળા તથા સંખ્યાબંધ ગામોની સંખ્યાવાળા છે, આ બધા દેશોની રાજધાનીઓનો જ સમાવેશ ઉપરોક્ત પૂર્વ તથા પૂર્વોત્તર ભારતમાં થઇ શકે તેમ નથી જ. તો તે દેશોના સંખ્યાબંધ (હજારો અને લાખોની સંખ્યાવાળા) ગામોનો સમાવેશ કયાંથી જ થઇ શકે, વળી અમારી પાસે એવા વર્તમાનકાલીન સંશોધનીય પુરાવા પણ છે કે એક કાળે બિહારનો મોટો વિસ્તાર દરિયા નીચે ડૂબેલો હતો. તથા ઈ. સ.ના ચોથા સૈકા પહેલા અર્ધો બંગાળ પણ સમુદ્ર નીચે હતો, અને બાકીના અર્ધ બંગાળનો મોટો વિસ્તાર પાર્વતિક પ્રદેશ સ્વરૂપ હતો. વળી શ્રી નેમિનાથ પ્રભુના સમયની વાત કરીએ તો તે સમયની દ્વારિકા ૧૨ યોજન=૭૬૮ માઇલ લાંબી અને ૯ યોજન=૫૭૬ માઇલ પહોળી હતી. અને તેથી જ તેમાં ૫૬ ક્રોડ યાદવો સહિત કોટની અંદરના વિસ્તારમાં કુલ ૭૨ ક્રોડની વસ્તીનો સમાવેશ થઇ શકતો હતો. આ બધી હકીકતનો વિચાર કરતાં સમજી શકાય તેમ છે કે વર્તમાન દૃશ્ય જગતમાં જ આર્યાવર્તના ૨પા દેશોનું સંપૂર્ણ અસ્તિત્વ માનવું ઉચિત જણાતું નથી.

○

એ કરૂણ ઘટના!

પૂ. મુ. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ

ચંપા પૂર્વકૃત દુષ્કર્મના ઉદયથી વિષમ પરિસ્થિતિમાં મૂકાય છે; ત્રણ-ત્રણ કુમળા બાળકોને શું ખવડાવવું તેની ચિંતા તેને ભરખી જાય છે. મૂંઝાતી-અકળાતી ચંપાએ શો રાહ લીધો? શાસ્ત્રીય દૃષ્ટિએ અનુચિત તે આ કથા તમને કહી જશે. જોકે, એ રાહ છે; પોતાના પૂર્વકૃત દુષ્કૃત્યોના વિપાકને સમતા ભાવે સહન કરવા જોઇએ, પણ શાણી સમજુ ચંપા આ જાણવા છતાં પરિસ્થિતિને વશ થઇ અકળાઈ ગઈ; અને એને એ માર્ગ લેવો પડ્યો. સંસારની વિષમતાને દર્શાવતી આ કરૂણ કથા વાંચી, વિચારી તમારી આજુબાજુ આવું કોઈ હોય તો જાણી સમજી ઉદાર-દિલે જરૂર કાંઇક કરી છૂટજો!

એ ગામમાં ચંપા નામની એક સુશીલ સ્ત્રી રહેતી હતી. બે માસ પહેલાં જ એ વિધવા બની હતી. ૩ બચ્ચાની જવાબદારી ચંપા ઉપર નાંખીને પતિ પરલોક ચાલી ગયો હતો, આમ તો એના ધણી પાસે ઠીકઠીક ધન હતું, પણ છેલ્લે છેલ્લે એના બધા દાવ અવળા પડતા ગયા અને બધુંય ધન આડું અવળું ઘલાઇ ગયું.

એ મર્યો ત્યારે પાંચ સાત રૂપિયા અને અમૂલ્ય ૩ રતનો (૩ બાળકો) ચંપાને સોંપતો ગયો!

બિચારી ચંપા! પરિસ્થિતિ એકાએક આવો પલટો ખાશે એની એને સ્વપ્ને ય કલ્પના ન હતી. ગઇ કાલ સુધી એના પતિએ એને કશુંય જણાવા દીધું ન હતું.

એના ઘરમાં ગઈ કાલે સ્વર્ગ હતું પણ હવે એને લાગ્યું કે ઘર આજથી દોજખના દુઃખથી ભરાઇ જશે.

અને ખરેખર એમજ બન્યું. ચંપાની કળી સમી આ ચંપાએ કાળી મજૂરી શરૂ કરી. સાંજ પડે ચાર-આઠ આના મળી જાય તો છોકરાંને શાન્તિથી સુવડાવી શકે, નહિ તો રોતા કકળતા રોટલો માંગતા છતાં રોટલાની કટકીય મેળવ્યા વિના થાકી ને સૂઇ જતા.

આ સ્થિતિમાં ચંપાને ઊંઘ આવે જ શાની? આઠ દહાડામાં ચાર દહાડા જરાક ઠીક જતાં તો ચાર દાડા દેકારો બોલાવી દેતા.

આમ ને આમ ત્રણ માસ વીતી ગયા. બાનદાન ચંપાએ કોઈને હાથ ન ધર્યો.

એની ગરીબી કોઇનેય જણાવા ન દીધી. એ માનતી હતી કે ગરીબાઇના ભડકામાં બળવું પડે તો જાતે જ બળીને ખાખ થઈ જવું. એ ભડકા બીજાને બતાવીને શો ફાયદો! નકામાં એમના અંતર પણ રડી ઊઠે!

ઘણા પાપે આ ઘર ભડકે વીંટળાઇ વળ્યું છે. હવે કોઇના કરૂણાં હૈયાને મારે રોવડાવવા નથી.

પણ આમ તો કયાં સુધી ચાલે! ચંપા ગમે તેમ તોય અબળા હતી. ગઈ કાલની કોમળ કળી હતી. ભયંકર ઉનાળાની લૂ એ કયાં સુધી ખમે!

છોકરા માંદા પડ્યા ! ચંપા પણ ઘણી જ અશક્ત થઇ. કામ કરવા જવા પગ ઉપાડવા જેટલી પણ શક્તિ ન રહી.

હજુ પણ કોઇને હાથ ધરવા એ લાચાર હતી. જો વિમલશેઠ પાસે જઈને જરાક દુઃખનો અણસાર પણ કરી દેત તો ચંપાના દુ ખ કયાંય નાસી જાત ! પણ આ બધાય દુઃખ કરતાં હાથ ધરવાનું દુઃખ એને મન અસહ્ય હતું.

અંતે અબળાએ હિંમત બોઈ. ત્રણ ત્રણ દિવસના કકડાકા બોલ્યા. બાળકો બેભાન જેવા થઇને પડ્યા છે. ચંપા પણ એક બાજુ સૂનમૂન બેઠી છે. શું કરવું ? કશું સમજાતું નથી.

કારમી ગરીબીનું જીવન મૃત્યુથીય ભયંકર બન્યું છે. એણે વિચાર્યું કે આવા જીવનની કડવાશ કરતા મૃત્યું ઓછું કડવું હશે. કદાચ આટલી બધી કડવાશ ચાખ્યા પછી ઓછી કડવાશવાળું મોત કાંઈક મીઠું પણ લાગે ! બસ ત્યારે, એ મીઠાશ તો મારા હાથમાં છે. એ માટે બે પૈસાની ય જરૂર નથી.

> ઉદારતા અને ઔચિત્ય એ ગૃહસ્થ જીવનની શોભા છે.

પણ બાળકોનું કોણ !

અંતરમાંથી અવાજ આવ્યો એમનું ભાગ્ય. મા જેવી મા એ બાળકોની બની નથી શકી તો હવે એમના ભાગ્ય સિવાય એમનું કોણ બનશે ? કદાચ મારા જ પાપ એમના ભાગ્ય આડે આવતા હોય એવું ય કેમ ન બને ?

તો આજે જ રાતે એ પાપના પુંજસમી હું અહીંથી ખસી જાઉં. બાળકોને એમના ભાગ્ય સાથે રમી લેવા મૂકતી જઉં.

ચંપાએ સંકલ્પ કરી લીધો કે આજે રાતે ગામ બહાર આવેલો કૂવો પૂરવો.

સાંજ પડી. ત્રણે ય બાળકોને જગાડ્યા. 'મા' 'મા' ખાવાનું દે! ખૂબ ભૂખ લાગી છે. પેટ બળે છે. નથી રહેવાતું. કાંઇક દે' માએ પાણી પાયું. બળતા પેટને ઠારવા માટે એની પાસે પાણી સિવાય કશું ય ન હતું !

'બેટા, રડો નહિ પૂર્વ જન્મના પાપ પોકારતા હોય ત્યારે આપણે રોવું નહિ.'

પણ આ વાતને ધૂળીયા બાળકો શું સમજે ? 'બા, બા, તું ય કેવી છે ? બાપા તો અમને રોજ કેવું કેવું ખવડાવતા હતા ? બા, બાપા કયાં ગયા છે ? હજુ ય કેમ આવતા નથી ? કયારે આવશે ? તું ત્યાં જઈને એમને બોલાવી ન લાવે ?'

બાળકોની વાતો સાંભળતા ચંપાનું હૈયું ભરાઇ ગયું. કાબૂ રાખવા ઘણો યત્ન કર્યો પણ આજે તો હદ થઇ ગઇ હતી ! એની આંખોમાંથી દડ-દડ આંસુ જવા લાગ્યા !

બાળકો તો—માને રોતી જોઇને ડુસકે ડુસકે રડવા લાગ્યા ! 'મા તું કેમ રડે છે ?'

'તારે બાપાને બોલાવવા ન જવું હોય તો ના જતી. એ તો એમની મેળે જ આવશે. પણ હવે રો નહીં.' બાળકો માના આંસુ લૂછે છે. પણ આંસુની એ ધાર આજે રોકાય તેમ હતી જ નહિ.

ડૂસકા ખાતાં ખાતાં ચંપાએ કહ્યું, 'બેટા

આજે જરૂર જઈશ હો તમારા બાપા ગયા છે ત્યાં. તમે શાન્તિથી એકલા રહેશો ને ?'

'ના ના, અમારે બાપાનું કાંઇ કામ નથી અમે તને એ વાત કરી એટલે જ તું રોવા લાગી. મા, બાપા તો આવશે ને આવશે જ પણ તું હવે રો નહિ.'

અંધારૂં થવા આવ્યું હતું, માએ બાળકોની સામે જોયા જ કર્યું ખૂબ ઘરાઇ ઘરાઇને જોયું.

અંતર જોરથી બોલવા લાગ્યું, ઓ પાપણી આ માસુમ બાળકોને રઝળતા મૂકીને મરવા તૈયાર થઇ છો ?

જા, જા, વિમલશેઠ પાસે, તારો ખોળો ભરાઇ જાય એટલા પૈસા આપશે. પણ એ અવાજને અનુસરવા ચંપા લાચાર બની હતી.

બાળકોને એક પછી એક છાતી સરસા ચાંપ્યા. ખૂબ ચૂમિઓ ભરી, અને પછી એમની સામે જોતી જોતી બારણા સુધી ગઇ. પગ ઉપડતાં નથી.

વાત્સલ્યની દોરડી એના પગે વીંટાંતી જાય છે. એક આંટો....બીજો આંટો....ત્રીજો આંટો

ચંપાએ વિચાર કર્યો આમ હૃદયને પીગળી ગયે કામ નહિ ચાલે કઠોર બન્યે જ છૂટકો છે.

માને જતી જોઇને બાળકો રોઈ રહ્યા છે. જ્યાં ઊઠીને મા પાસે આવવા પગ ઉપાડે છે ત્યાં જ

હૃદયમાં ઉભા થયેલા કઠોરતાના ધારીઆએ વાત્સલ્યના ત્રણેય આંટા એક જ ઝાટકે કાપી નાંખ્યા અને ચંપા ચાલી ગઇ.

બારણે આવીને બૂમો પાડતા, રોતા કકળતા છોકરા કુદરતના ખોળે સોંપાઇ ગયા !

ચંપા કૂવે ગઇ ઈષ્ટ દેવનું સ્મરણ કર્યું કૂવો કલંકિત બન્યો ! !

ત્યારથી લોકોએ એને ગોઝારો કૂવો કહેવા માંડ્યો.

લોકો કહેવા લાગ્યા, ચંપાના પાડોશીએ કશુંય ભાન ન રાખ્યું ! છેવટની ઘડી સુધી આંખ આડા કાન કર્યા ! ધિક્કાર, હો એ નિષ્ઠુર હૈયાને ! એ કલંકિત બનેલા કુટુંબને ! ઘરડી ડોશીઓ કહેવા લાગી, આખો જન્મારો અહીં કાઢ્યો. કોઇ દિ' આવું બન્યું નથી આજે આ સુવર્ણગઢને કાળા કલંકનો બટ્ટો લાગ્યો !

જુવાનીઆઓ કહેવા લાગ્યા. 'ના ના, બટ્ટો તો ધનવાનોની અભિમાની દુનિયાને લાગ્યો કે જેમણે પેટ ભરીને પટારાઓ ભર્યા તો ય સંતોષ ન વાળ્યો. આ ભૂખી અબળાનું પેટ ન ભર્યું ?

ધિક્કાર હો એ ધનવાનોની આલમને ! એકલ પેટાઓને ? સ્વાર્થાન્ધોને ? આ ગરીબોની હાય એક દિ' એમની મહેલાતોને ઊભી સળગાવી નાંખશે. એની ભસ્મ પણ હાથ નહિ લાગે. કલાક બે કલાકમાં તો તરેહ તરેહની હવા ફેલાઇ ગઇ.

ચંપાના બાળકોની કરૂણ કથાએ એના મૃત્યુનો રહસ્ય પડદો ઊંચકી લીધો.

મહામંગલ શ્રી નવકાર

દ્વારા સંપાદક : રમણલાલ ભોગીલાલ પરીખ

'કલ્યાણ'માં નવકાર મહામંત્રને અંગેનું સાહિત્ય અવાર-નવાર આ વિભાગમાં રજૂ થતું રહે છે. શ્રી નવકાર મંત્ર પ્રત્યે સર્વ કોઇના હૃદયમાં શ્રદ્ધાભાવ જાગ્રત કરવા તથા તેને સ્થિર કરવા નવકાર મંત્રની ઓળખાણ તથા તેનો મહિમા આ વિભાગમાં પ્રસિદ્ધ થશે. આને અંગે જે કાંઇ જાણવા–સમજવા જેવું લાગે કે લેખો અનુભવ વગેરે મોકલવા જેવું જણાય તો સંપાદકને ઠે. અલ્લીંગ, ખંભાત (વા. આણંદ) એ સીરનામે પત્ર વ્યવહાર કરવો. જવાબ મેળવવા માટે રીપ્લાઇ કાર્ડ તથા કવર બીડવાથી જવાબ મલશે.

⊙

૧ : શ્રી નમસ્કાર મહામંત્રનું આંતરિક સ્વરૂપ

શ્રી રમણલાલ પારેખ.

આંતરિક સ્વરૂપ એટલે મંત્રનો અર્થદેહ.

(૧) સામાન્ય અર્થ
(૨) વિશેષ અર્થ
(૩) રહસ્ય અર્થ

(૧) સામાન્ય અર્થ

નમો અરિહંતાણું :– અરિહંતોને નમસ્કાર થાઓ.
નમો સિદ્ધાણું :– સિધ્ધોને ,, ,,
નમો આયરિયાણું :– આચાર્યોને ,, ,,
નમો ઉવજ્ઝાયાણું :– ઉપાધ્યાયોને ,, ,,
નમો લોએ સવ્વસાહૂણું :– લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ
એસો પંચ નમુક્કારો :– એ પંચ નમસ્કાર
સવ્વપાવપ્પણાસણો :– સર્વ પાપનો નાશ કરનાર છે.
મંગલાણું ચ સવ્વેસિં :– સર્વ મંગલિકોમાં
પઢમં હવઈ મંગલં :– પ્રથમ મંગલ છે.

(૨) વિશેષ અર્થ

'નમો' પદમાં નમસ્કારની ભાવના છે. તે નમસ્કાર દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. દ્રવ્ય નમસ્કાર એટલે હાથ જોડવા, મસ્તક નમાવવું, ઘુંટણે પડવું વગેરે. ભાવ નમસ્કાર એટલે જેમને નમસ્કાર કરતા હોઇએ તેમના પ્રત્યે, વિનય રાખવો, ભક્તિ રાખવી, ઉત્કટ આદર રાખવો. 'એ મોટો, હું નાનો' એવી ભાવના પ્રગટાવવી. નમસ્કારની ભાવના એ ધર્મનું બીજ છે ધર્મ પ્રત્યે લઇ જનારી મૂળભૂત વસ્તુ વંદના છે.

'નમો' પદમાં 'ઓમ્' છુપાયેલો છે.

નમો પદમાં ન્+અ+મ્+ઓ એ ચાર વર્ણો છે હવે તે વર્ણોને ઉલટાવો એટલે ઓ+મ્+અ+ન્ એવો ક્રમ થશે. પહેલા બે વર્ણથી ઓમ્ બને છે.

અરિહંત એટલે અર્હત્

અર્હત્ એટલે સુરાસુરેન્દ્ર નરેન્દ્રની પૂજાને યોગ્ય અથવા

નમસ્કાર–વંદન–ને યોગ્ય પૂજા સત્કારને યોગ્ય, અને સિદ્ધિગમનને યોગ્ય

વળી

અરિહંત એટલે કર્મરૂપી શત્રુઓનો નાશ કરનાર
અરૂહંત એટલે ફરી ન ઉગનાર અર્થાત્ સંસારમાં ફરી ન આવનાર

નમો અરિહંતાણું સાથે 'લોએ' અને 'સવ્વ' શબ્દ જોડતાં 'સકલ લોકમાં રહેલા સર્વ કાલના અરિહંતોને નમસ્કાર થાઓ' અર્થાત્ અનંતાનંત અરિહંતોને નમસ્કાર થાઓ.

તીર્થંકર :- ધર્મ તીર્થના સ્થાપક હોવાથી
જિન :- રાગ દ્વેષના જિતનારા ,,
પુરૂષોત્તમ :- પુરૂષોમાં ઉત્તમ ,,
આદિ નામોથી પણ અરિહંત પરમાત્મા ઓળખાય છે. અરિહંત સુદેવ છે, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ છે. અઢાર દૂષણોથી રહિત છે. બાર ગુણોથી સહિત છે.

અરિહંતો, કેવલજ્ઞાન અને કેવલદર્શન યુકત હોય છે પાંત્રીસ ગુણયુકત વાણીથી દેશના દે છે. સર્વ સંકટોનો નાશ કરે છે, ચોત્રીશ અતિશયોથી શોભિત હોય છે. સાત પ્રકારની ઈતિ-દુઃખ-ભયનો નાશ કરે છે.

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ચોવીસ ચોવીસ તીર્થંકરો પાંચ ભરત અને પાંચ ઐરવતમાં થાય છે. પાંચ મહાવિદેહમાં હંમેશા તીર્થંકરો હોય છે હાલમાં ત્યાં વીશ તીર્થંકરો છે.

આવા અનંતા તીર્થંકરો થઈ ગયા અને અનંતા થશે.

સિદ્ધ :- એટલે સકલ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થયેલો શુદ્ધ આત્મા. જન્મ, જરા, મરણ, રોગ, શોક, આદિથી મુકત આત્મા લોકાગ્રે સિદ્ધશિલા પર બિરાજમાન; અનંત શાશ્વત અને અવ્યાબાધ સુખના ભોકતા,

ભૂતકાળમાં આવા અનંત આત્માઓ સિદ્ધ થયા છે. ભવિષ્યકાળમાં અનંત આત્માઓ સિદ્ધ થશે. વર્તમાનમાં સિદ્ધ થાય છે.

આઠ ગુણોવાળા, અનંત શકિતના ધણી એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ.

આચાર્ય :- પાંચ આચારોનું પાલન કરનારા અને બીજા પાસે પાલન કરાવનારા, ગચ્છના નાયક, હોય છે સારણા, વારણા, ચોયણા, પડિચોયણા વડે શિષ્યોની સાર સંભાળ રાખે છે.

આચાર્ય ભગવંતોના છત્રીસ ગુણો હોય છે. તેનું વર્ણન પંચિંદિય સૂત્રમાં કરવામાં આવ્યું છે.

ઉપાધ્યાય :- પોતે શાસ્ત્ર ભણે છે અને શિષ્યોને ભણાવે છે. મૂર્ખ શિષ્યને પંડિત બનાવે છે. જેની સમીપે વસવાથી શ્રુતનો લાભ થાય તે ઉપાધ્યાય તેઓના ૨૫ ગુણો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે.

સાધુ :- મોક્ષ માર્ગની સાધના કરે તે સાધુ સ્વહિત, પરહિત, ઉભયહિતને સાધે તે સાધુ.

શ્રમણ :- મોક્ષ માર્ગમાં શ્રમ કરે તે શ્રમણ. રાગદ્વેષના નિમિત્તોમાં સમ રહે તે શ્રમણ. ૨૭ ગુણો વાળા ૧૨+૮+૩૬+૨૫+૨૭ = ૧૦૮ ગુણો પંચ પરમેષ્ઠિ ભગવંતોના થાય છે.

પરમ એટલે ઉચ્ચ અને ષ્ઠિન્ એટલે રહેલા. સર્વ કરતાં ઉચ્ચ સ્થાને રહેલા. આ ૧૦૮ ગુણોનું વારંવાર ચિંતન કરવું. નવકારવાળીમાં ૧૦૮ દાણા છે. તેનું કારણ આ ૧૦૮ ગુણો છે.

પાંચ પદોથી આ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર થાય છે. તેથી તેનું નામ પરમેષ્ઠિ નમસ્કાર, પરમેષ્ઠિ મંત્ર, પંચ પરમેષ્ઠિ નમસ્કાર, પંચ પરમેષ્ઠિ મંત્ર પણ છે.

સર્વ દુઃખોનું મૂળ પાપ છે. આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપને જડમૂળથી ઉખેડી નાંખે છે પરિણામે સર્વ દુઃખો નાશ પામે છે

જીવ માત્ર મંગલને (કલ્યાણને-સુખને) ઈચ્છે છે. આ પરમેષ્ઠિ નમસ્કાર ઉત્કૃષ્ટ-પ્રથમ મંગળ છે. મંગળ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. દ્રવ્ય મંગળ દહિં, ચોખા, ગોળ, કંસાર વગેરે છે. ભાવ મંગલ. આ પરમેષ્ઠિ નમસ્કાર તેમજ અહિંસા, સંયમ, અને તપ રૂપ ધર્મ છે. પરમેષ્ઠિ નમસ્કાર સર્વ મંગલિકોમાં પહેલું મંગલ છે. આ મંત્રનો જાપ કરવાથી પ્રાણીઓનું દ્રવ્ય અને ભાવ મંગળ બંન્ને પ્રકારનું હિત થાય છે. પરંપરાએ મોક્ષ પામે છે.

(૩) રહસ્ય અર્થ

શ્રી નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વનો સાર છે. નમો અરિહંતાણં એ નવકાર મંત્રનો સાર છે. શ્રી

અરિહંત એ શ્રી નવકાર મંત્રનુ મૂળ બીજ છે એટલે અરિહંતના સમગ્ર નવકારનો વિચાર-સાર આવી જાય છે. માટે અહિં આપણે મુખ્યત્વે અરિહંત પ્રભુનો વિચાર કરીશું.

શ્રી અરિહંત ભગવંતોની સ્વભાવ સિદ્ધ યોગ્યતા હોય છે, જેને સહજ તથા ભવ્યત્વ કહેવાય છે. શ્રી અરિહંત ભગવંતોનું દિલ બીજા કરતાં વિશાળ હોય છે. તેમનો પ્રધાન ગુણ એ કે, હું પામું એટલું જ નહિ. પણ સૌને પમાડી દઉં. મોક્ષ માર્ગને પામ્યા પહેલાં પણ એ આત્માઓ પરોપકાર કરવાના રસવાળા હોય છે. જેણે કદી પણ પોતા ઉપર ઉપકાર કર્યો નથી અને જેના તરફથી કોઈ ઉપકારની સંભાવના નથી, એવા ઉપર પણ ઉપકાર કરનાર હોય છે. 'જો મારામાં શક્તિ આવે, તો હું સૌને આ શાસન પમાડી દઉં' એવી ભાવના એમને મૌલિક હોય છે.

શ્રી અરહિંતપણાનું બીજ પરહિત ચિંતા છે. મૈત્રી ભાવના એટલે પરહિત ચિંતા. તેઓશ્રી જગતના જીવ માત્રની ચિંતાવાળા હોય છે અને તેથી જ તેઓ પરહિતની સાચી ચિંતા કરી શકે છે, તેમની હિત ચિંતા નાનામાં નાના જગતના જીવ સુધી પહોંચે છે. તેમની હિંત ચિંતામાંથી જગતનો કોઇપણ જીવ બકાત રહેતો નથી. તે ધર્મની પ્રાપ્તિનું બીજ છે. તેઓને ભૌતિક સ્વાર્થ ગૌણ હોય છે. અને પરાર્થ મુખ્ય હોય છે તેઓ. અદીન હોય છે. ગુરુ પ્રત્યે બહુમાનવાળા હોય છે, અને અક્ષુદ્ર હોય છે. બીજાનું કરી દેવામાં એ રાજી છે. પેલો પોતાનું ન કરતો હોય તો પણ.

નમો અરિહંતાણં બોલવું એ અરિહંતની પૂજા છે. નવકાર ગણવો એ અરિહંતની પૂજા છે જિનમંદિરે જવું એ અરિહંતની પૂજા છે. સંસારનું બધું મૂકીને સાધુપણું લેવું અને પાળવું એ અરિહંતની પૂજા છે.

સાધુઓ અને શ્રાવકો બન્નેય અરિહંતની પૂજા કરે છે. સાધુઓ નિર્ગ્રંથ બન્યા છે. એટલે તિલકાદિ કરવા પૂર્વક દ્રવ્ય પૂજા કરતા નથી, પણ શ્રાવકો ધનાદિકના સંગને તજી શકતા નથી માટે તિલકાદિ કરવા પૂર્વક દ્રવ્ય પૂજા કરે છે.

સાધુઓને ભાવ પૂજા એટલે પ્રભુની આજ્ઞાનું પાલનનો અધિકાર છે. શ્રાવકને પ્રભુની આજ્ઞાના પાલનરૂપ ભાવ પૂજા અને જલ, ચંદન, આદિ દ્રવ્ય પૂજા કરવાની છે આજ્ઞાનું પાલન ન કરે તો પૂજા શા કામની ? આજ્ઞા પાલન એ મોટી પૂજા છે.

ગુણના અર્થી જીવને નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં બોલતાં એમ થાય કે 'હું પણ અરિહંત પદ પામીને શ્રી સિદ્ધિ પદને ઝટ પામું.'

અરિહંતની સેવા વાસ્તવિક રીતિએ તો પોતાના આત્માની જ સેવા છે. કેમ કે, એ સેવાનું સઘળું ફળ પોતાને જ મળવાનું છે.

ગ્રામ : "WESTCO" ટેલીફોન નં. ૬૫૪

મે. વેસ્ટર્ન કન્સ્ટ્રકશન કું.

ક્રુવ મેનશન : રણજીત રોડ, જામનગર.

★

ગવર્નમેન્ટ કોન્ટ્રાકટર્સ : ઓન એપ્રુવ્ડ લીસ્ટસ ઓફ ગવર્નમેન્ટ ડીપાર્ટમેન્ટ.

આસ્ફાલ્ટ કામના સ્પેશ્યાલીસ્ટ

પ્રકૃતિની સાધના

શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ

આપણે આજે જે રીતે વિકૃતિમાં ખોવાઇ ગયા છીએ. બાહ્ય જડ પદાર્થોના સંયોગમાં જ સુખ માની બેઠા છીએ આ એક ભ્રમણા છે; સંયોગ જ દુઃખ છે; ને વિયોગ એ સુખ છે; વિભાવ એ દુઃખનું કારણ ને સ્વભાવ એ સુખનું કારણ આ પરમસત્ય પોતાની લાક્ષણિક ભાષામાં ભારત તથા આંતરરાષ્ટ્રીય ચિંતક તથા સુપ્રસિદ્ધ લેખક અહિ પોતાની શૈલીમાં સારગ્રાહી પદ્ધતિયે જણાવે છે.

અનાદિકાળથી આ જીવ સ્થૂલ સંબંધો પર ટકી રહ્યો છે. સંબંધો તો થોડા ઘણા ખસતા જ રહે છે અને પરિણામે જીવ અપંગ અને અશક્ત બની જાય છે. સ્થૂલ સંબંધોની બહુલતામાં જ જીવ પોતાની સુખ સગવડ અને સલામતી શોધે છે.

પણ ધર્મે કહ્યું કે, 'સર્વ દુઃખનુ મૂળ સ્થૂલ સંબંધો છે, સંયોગ છે. 'બાહ્ય'માં આપણે સ્થૂલ સંબંધોની હૂંફ શોધીએ છીએ. પણ આપણે ભૂલી જઈએ છીએ કે સ્થૂલ સંબંધો જ આપણા પતન અને નામોશીનું કારણ છે. શ્રી આચારંગ સુત્રમાં કહ્યું છે, કે 'સર્વ દુઃખનુ મૂળ સંસાર છે. સંસારનું મૂળ કર્મ છે. કર્મનું મૂળ કષાય છે. ને કષાયનું મૂળ સંયોગો છે–સ્થૂલ સંબંધો છે.' સંયોગનો વિયોગ કરો. સ્થૂલ સંબંધો ઘટાડો ને કષાયક્ષીણ થશે, કષાય ક્ષીણ થતા ને ક્ષય પામતા સંસારનો ઉચ્છેદ થશે, ને સંસારનો છેદ ઉડતા નિર્વાણ થશે, નિર્વાણ એટલે બુઝાઇ જવું. સર્વ સ્થૂલ સુક્ષ્મ દુઃખ બુઝાઇ જશે. જરૂર છે તે સંયોગોનો વિયોગ કરવાની–એકાકી બનવાની. અનગાર એટલે ઘર-આગાર વગરનો. સાધુનું તે બીજુ નામ છે. ઘર તે સ્થૂલ સંબંધોનું પ્રતિક છે, કારણ ઘરની અંદર જ સ્ત્રી, પુત્ર–પરિવાર, સ્વજન–પરિજન, તેમનાં ભરણપોષણની માલ – મિલકતાદિની ઘટમાળ રેંટની જેમ ફર્યા કરે છે. સાધુપણું અનગારપણું સ્થૂલ સંબંધોથી દૂર રહેવામાં નથી પણ દૂર થવામાં છે. દૂર રહેવું મહત્ત્વનું છે અને નથી પણ. દૂર થવું તો અનિવાર્ય છે, દૂર થવું તેમાં પણ દૂર થવાનો ભાવ મહત્ત્વનો છે, સ્થળાંતર એટલું મહત્ત્વનું નથી. ઘર અને જંગલમાં કશો ફેર નથી, જો ભાવાની લંગોટીમાં સંસાર ઉભરાયા કરતો હોય તો. વિભાવમાંથી સ્વભાવમાં જવું મહત્ત્વનું છે 'પર'માંથી 'સ્વ'માં જવું મહત્ત્વનું છે.

એકાકીપણાની મસ્તી એ જાણશે જે ઘરની ચાર દિવાલો તોડી શકે છે. જે બાહ્ય સંબંધોના ભારને ફગાવી દે છે. જો આપણે આંતરિક વિકાશ કરવો હશે તો કુંટુંબ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વને ચાહતા મટયા વિના તેઓનો સંબંધોનો ભાર બસેડવો પડશે. એકાંતનો આત્માનંદ લૂંટયા વિના કુટુંબ, સમાજ કે રાષ્ટ્રને સેવા આપવાનો અધિકાર આપણને નથી. પહેલા સ્વત્વ પૂર્ણ ખીલે પછી દુનિયા

તમને નાની પડશે. દુનિયાને તમે બાથમાં લઈને પ્રેમથી ચુમી શકશો.

સાધનાનો અર્થ છે એકાંત અને મૌન. આપણી આ નાની દુનિયા છે. રોજના પરિચિત પદાર્થનું નાનકડું કુંડાળું છે. જેમાં યાંત્રિક જડતાથી આપણે ઘૂમ્યા કરીએ છીએ. રોજ એના એ ગાય, ભેંસ, કે લોકોના ટોળાં જોઈએ છીએ. એવું એ આકાશ અને એનો એ ચાંદો ને સૂરજ જોઇએ છીએ. જીવન આખું યાંત્રિક થઈ ગયું છે. સાધના જીવનમાં સજાગતા લાવે છે. નવી ક્ષિતિજ ખોલે છે. કુંવારી ભૂમિ પર નવા પગલાં પડાવે છે. નવું ઉંડાણ લાવે છે. સાધના આ બધું કરે છે. કારણ સાધના એકાંતમાં લઇ જાય છે ને મૌનની રૂપેરી ચાદરમાં આપણને લપેટી લે છે. એકાંત મુક્તવિહારી ગરૂડ જેવું છે. પેટે ઘસતા કીડા મટીને અનંત વ્યોમમાં કુદી પડવાની તાકાત એકાંત અને મૌનભરી સાધના આપે છે.

આપણો એ ભ્રમ છે કે આપણે એમ દૃઢપણે માની બેઠા છીએ કે આપણું સુખ અને સલામતી બાહ્ય જગતના જડ સંબંધો ટકાવવામાં છે. એ સ્થૂલ સંબંધો વિના આપણે નિરાધાર અને નિર્બળ થઈ રહીશું તેમ લાગે છે. કલબમાં રમી રમવા એકાદ દિવસ.ન જવાયું કે એરકંડીશન્ડ લ્યુક ગાડીમાં પંકચર પડયું તો આપણે બે હાથ ઉંચા કરી ધૂમા ધૂમ કરીએ છીએ.

ધર્મની મહાસત્તા આપણને આ કરૂણ ભ્રમમાંથી ઢંઢોળે છે. ને કહે છે 'બાહ્ય દુનિયાનો એકપણ સંબંધ વાસ્તવિક નથી. તારો નથી. એ સંબંધ કર્મકૃત છે. પરપદાર્થો તારામાં ઉપજાવી કાઢયો છે. દરિયામાં લાશ પડી હોય તો મોજાઓ તેને ઉથલાવી ઉથલાવી કિનારે ફગાવી દે છે. કારણ કે લાશ પરપદાર્થ (Foreign Matter) છે. સર્વ પ્રકારના સંયોગ સંબંધો પર પદાર્થ છે. આંખમાં આવેલ મરચાંના કણ છે. બને તેટલા જલ્દી બહાર તેને ફગાવી દેવા જોઇએ. શરીર પરનું લોહી પરૂવાળું ગુમડું ટકી રહે તેમ કોઇ સજ્જન ઇચ્છતું નથી. સ્થૂલ સંબંધો તે ગુમડું છે. વિકૃતિ છે પ્રત્યેક વિકૃતિએ જવું જ જોઇએ અને પ્રકૃતિનો માર્ગ કરી દેવો જોઇએ. આ ક્રિયા જ સંસ્કૃતિ છે. ગડગુમડ જવા જોઇશે. અને તારૂણ્યની લાલી પ્રગટવી જોઇશે. સંયોગ સંબંધો જવા જોઇશે. અને એકાંત અને મૌનની તારૂણ્ય લાલી પ્રગટવી જોઇશે.

છેલ્લો અવસર

પૂજ્ય પંન્યાસજી મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવરના શિષ્યરત્ન મુનિરાજ **શ્રી રાજેન્દ્રવિજયજી** મહારાજનાં અમદાવાદની ચૈત્ય પરિપાટીમાં થયેલાં પ્રભાવક પંદર પ્રવચનોનો સંગ્રહ.

'સાધનાનાં સોપાન'

ની બિલકુલ થોડીજ નકલો બાકી છે, પાને પાને સરકાર પૂતવાંચન મળશે. 'અરિહંતદેવની ઓળખ' સાધર્મિકભક્તિ, સંઘનું સ્વરુપ વગેરે અનેકાનેક વિષયોથી ભરપૂર આ પ્રવચનનું પુસ્તક આપ વાંચો અને મિત્રવર્ગમાં ફેલાવો કરો. શુભ પ્રસંગે પ્રભાવના માટે પણ અત્યંત ઉપયોગી આ પુસ્તક છે. ૩૦૦ પાનાનું વાંચન છતાં પોસ્ટેજ સહિત કિં. રૂા. ૧–૫૦

દિવાળી પહેલાં પુસ્તક લેનારને 'સાત ક્ષેત્ર વ્યવસ્થા' તથા 'ચૈતન્યવંતો ચમત્કાર' બે પુસ્તિકા ભેટ મળશે ભેટ પુસ્તક સ્ટોકમાં હશે ત્યાંસુધીજ મળશે. આજે જ લખો :—

બાબુલાલ કે. શાહ
C/o. ગગલદાસ સરૂપચંદ
રતન પોળ, ગોલવાડ–**અમદાવાદ.**



પૂર્વ પરિચય : 'રામાયણની રત્નપ્રભા'ના ત્રીજા ખંડમાં રામચંદ્રજીના પૂર્વજોનું ઐતિહાસિક વર્ણન અને યશોજ્જ્વલ સુવર્ણ ઇતિહાસ રજૂ થાય છે. અયોધ્યામાં રાજા વિજયનો મોટો પુત્ર વજ્રબાહુ નાગપુરની રાજકન્યા મનોરમાને પરણવા જાન સાથે નીકળે છે. પાછા વળતાં રસ્તામાં મુનિરાજનાં દર્શન કરવાની વાતમાં ચર્ચા થતાં વજ્રબાહુ દીક્ષા લેવાને ઉજમાળ બને છે. સાથે ઉદયસુંદર, મનોરમા તથા વજ્રબાહુની જોડે આવેલા ૨૫ રાજકુમારો પણ દીક્ષા અંગીકાર કરે છે. સંસારનો મહોત્સવ દીક્ષાનો મહોત્સવ આ રીતે બની જાય છે તે સમાચાર અયોધ્યામાં મહારાજા વિજયને મળે છે, તેમને એ વાતનું દુઃખ થાય છે કે, પુત્ર યુવાવયમાં સંસારનો મોહ ત્યજીને નીકળી પડે છે, ને અમે રહી ગયા. પોતાના પુત્રને રાજ્ય સોંપી રાજા વિજય ને રાણી હિમચૂલા ભાગવતી દીક્ષા અંગીકાર કરે છે. **હવે વાંચો આગળ.**

[૨] રાજર્ષિ કીર્તિધર

કેવો એ અધ્યાત્મનાં અજવાળાંનો કાળ!

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ન એવી ગાઢ આસક્તિ...વિષયોનો ઉપભોગ કરતાં પણ એના ત્યાગની જ છૂપી છૂપી ભાવના!

દૃષ્ટિ પરલોક તરફ અને સૃષ્ટિ પર દેવ-ગુરુ અને ધર્મનું સામ્રાજ્ય!

અને જ્યાં દૃષ્ટિ પરલોક પર મંડાઈ, કે આ લોકનાં સુખોની ન એવી કારમી કામના! કે એ સુખો મેળવવાનો ધર્મવિમુખ પુરુષાર્થ!

ધર્મને સાચવીને જ અર્થાર્જનનો પુરુષાર્થ.... અને એમાં જેટલું મળે તેમાં જ સંતોષ! પોતાના કરતાં બીજાને વધુ મળે તો ન ઇર્ષ્યા કે સ્પૃહા! પાપ અને પુણ્યના સિદ્ધાન્તોને સ્મૃતિમાં રાખીને સુખ અને શાન્તિનો અનુભવ કરવાનો!

વિજય રાજાએ પણ રાજ્યસુખનો ત્યાગ કરીને સાધુજીવનને સ્વીકાર્યું એટલે રાજ્યની ધુરા પુરંદર કુમારના પર આવી પડી. પુરંદર પણ સાધુપિતાનો પુત્ર હતો. તેના ચિત્તમાં રાગ અને ત્યાગનું ઘર્ષણ જામી પડયું.

ખાન-પાન અને સન્માનના સુખ તેના આત્માને ઠારી ન શકયાં. વૈભવ અને રાજ્યસત્તા તેના ચિત્ત પર સત્તા ન જમાવી શકયાં. પુરંદર એ બધાં સુખોને ક્ષણિક માનતો હતો. એ સુખોના ઉપભોગની પાછળ ભયંકર દુઃખોની આગો તેને દેખાતી હતી. એ પણ પિતા અને મોટાભાઇના પંથે જ જવા માટે તલસી રહ્યો હતો. પરંતુ એક વિચાર તેની તીવ્ર ઉત્કંઠાની સિદ્ધિમાં આડે આવતો હતો.

પુરંદરનું લગ્ન 'પૃથ્વી' નામની સુશીલ રાજકન્યા સાથે થયું હતું, લગ્ન થયે બે-ત્રણ વર્ષ વીતી ગયા હતાં પરંતુ પૃથ્વી પુત્રવતી નહોતી બની. અયોધ્યાના રાજ્યનો ભાવિ ભૂપતિ જ્યાં સુધી ન જન્મે ત્યાં સુધી પુરંદર સાધુજીવનને કેવી રીતે સ્વીકારે? ભગવાન ઋષભદેવથી ઇક્ષ્વાકુવંશના રાજાઓ અયોધ્યાના રાજ્યસિંહાસન પર આવીને પ્રજાને સુખ અને શાન્તિ આપી રહ્યા હતા. એટલું જ નહિ પરંતુ 'ત્યાગમાં જ પરમસુખ અને પરમશાંતિ છે.' એનો ભવ્ય આદર્શ પુરો પાડતા હતા. જ્યાં રાજાઓ જ ત્યાગમાર્ગે સંચરતા હોય, તે રાજ્યની પ્રજા ભોગમાં રાચે ખરી? ભોગ સુખો

માટે અનીતિ, અન્યાય, દુરાચાર...વગેરે પાપો આચરે ?

જો પુરંદર પુત્રને રાજ્યસિંહાસન પર આરૂઢ કર્યા વિના ત્યાગના માર્ગે ચાલ્યો જાય...તો કેવો મહાન અનર્થ સર્જાઈ જાય ? રાજ્ય પર કોઈ બીજું લોહી આવે...અને ભોગમાર્ગને જ મુખ્ય બનાવે....આ લોકનાં સુખો માટે જ પ્રજાને પુરૂષાર્થ કરવા પ્રેરે....પ્રજા ભોગમાં આસક્ત બને...ભોગની આસક્તિ પ્રજા પાસે કયું પાપ ન કરાવે ? પરિણામે સારીય પ્રજામાં અરાજકતા અને પાપોનું સામ્રાજ્ય ફેલાઈ જાય.

પુરંદર રાજાનું તન સંસારમાં હતું અને મન મોક્ષમાં હતું. રહેતા હતા રાજમહેલમાં પણ મન રહેતું હતું વનવાસમાં ! એની વાણીમાં વૈરાગ્ય નીતરતો હતો. એની આંખોમાં કરૂણા વસતી હતી.

રાજરાણી પૃથ્વી પુરંદર રાજાના સહવાસમાં પોતાની જાતને મહાન ધન્ય માનતી હતી. એ જાણતી હતી કે પુરંદર રાજા રાગી નથી પરંતુ વૈરાગી છે. પતિના વૈરાગ્યમય જીવનને પૃથ્વીરાણી ખૂબ અનુકૂળ બનીને જીવતી હતી. પરમાત્મા જિનેશ્વરદેવના ત્યાગમાર્ગને પૃથ્વીરાણી સારી રીતે સમજતી હતી સાથે સાથે એ પણ જાણતી હતી કે અયોધ્યાના રાજાઓનું અંતીમ લક્ષ સંસારનો ત્યાગ કરીને સાધુતા સ્વીકારવાનું હોય છે.

વર્ષો વીતતાં ગયાં. એક દિવસ પૃથ્વીરાણી સગર્ભા બન્યાં. અને નવમાસ પૂર્ણ થતાં રાણીએ પુત્રનો જન્મ આપ્યો. સારાય નગરમાં હર્ષ હીલોળે ચઢયો. જોષીઓ રાજપુત્રની જન્મકુંડલી કાઢી... ફલાદેશ વિચાર્યો....કુંડલી 'રાજર્ષિ'ની હતી ! અયોધ્યાપતિના પારણીયે અલ્પકર્મા...અલ્પભવી જીવો જ જાણે આવતા હતા !

રાજપુત્રનું નામ 'કીર્તિધર' પાડવામાં આવ્યું.

રાજા પુરંદરે એક પ્રશાન્ત રાત્રીએ રાણી પૃથ્વીની સમક્ષ પોતાના હૃદયની વાત વ્યક્ત કરી:

'દેવી ! હવે મને મુક્ત કરો...સંસારનો ત્યાગ કરી હું પરમાત્માના માર્ગે જવા ચાહું છું...'

'નાથ, હું જાણું છું, આપના ચિત્તમાં તીવ્ર વૈરાગ્ય છે. આપ સંસારમાં રહેલા યોગી જ છો... પણ શું આપ મને સંસારમાં રાખીને જવા માગો છો ?'

'બહુ સરસ, દેવી ! તમે પણ સર્વત્યાગના માર્ગે ચાલો...'

'જો આપને મારૂં પણ કલ્યાણ કરવું હોય, તો કૃપા કરીને થોડોક વિલંબ કરો.'

'શા માટે ?'

'જ્યાં સુધી કીર્તિધર યોગ્ય સમજમાં ન આવે અને તેના સુસંસ્કારો દૃઢ ન થાય, એના હૈયામાં પણ સર્વત્યાગનું લક્ષ જ્યાં સુધી ન જાગે, ત્યાં સુધી આપણે એનો ત્યાગ ન કરવો જોઈએ; એમ મને લાગે છે. પછી તો આપ કહો તે મને પ્રમાણ છે. હું તો એક સ્ત્રી છું....સ્ત્રીની બુદ્ધિ...'

'ના ના, દેવી. તમે કહો છો તે યોગ્ય છે. આપણે કીર્તિધરને રાજ્યારૂઢ કરીને પછી સાધુવેશને ધારણ કરીશું.'

પૃથ્વીરાણીને આનંદ થયો. બીજીબાજુ પુરંદર રાજાએ કીર્તિધરકુમારના સુયોગ્ય ઘડતર માટે સુંદર યોજના વિચારી લીધી....અને સ્વયં રાજ્ય ચિંતામાંથી ધીરે ધીરે મુક્ત થવા લાગ્યા. વફાદાર અને બાહોશ મંત્રીવર્ગ રાજ્યનું સફળ સંચાલન કરવા લાગ્યા.

વર્ષો વીતવા લાગ્યા. કુમાર કીર્તિધર ચન્દ્રની કલાની જેમ વધવા લાગ્યો. રાજા-રાણીએ કુમારના સર્વાંગીણ વિકાસ માટે પૂર્ણ કાળજીપૂર્વક પ્રયત્નો કર્યા. પ્રજામાં કુમારની મુક્તકંઠે પ્રશંસા થવા લાગી. એમ કરતાં કુમાર યુવાવસ્થામાં આવી પહોંચ્યો.

એક દિવસે વનપાલકે આવીને મહારાજા પુરંદરને વધામણી આપી.

'મહારાજા, ઉદ્યાનમાં ક્ષેમંકર નામના મહાન તેજસ્વી મુનિભગવંત પધાર્યા છે.'

મહાત્માપુરૂષના આગમનના સમાચાર સાંભળી પુરંદર રાજાનું હૈયું આનંદથી ભરાઈ ગયું. વનપાલકને પ્રીતિદાન આપી, પરિવાર સાથે પોતે મુનિવરના દર્શન માટે નિકળ્યા.

જ્યાં રથમાં પગ મૂકયા, મહારાજાના અંગે-અંગમાં હર્ષનો રોમાંચ થયો. કોઇ ઉંડી રસાનુભૂતિ થઈ. જમણું નેત્ર સ્ફુરાયમાન થવા લાગ્યું. રથ ઉદ્યાનના દ્વારે આવીને ઉભો. મહારાણી અને પરિવારની સાથે રાજા ઉદ્યાનમાં પ્રવેશ્યા.

દૂરથી જ જ્યાં મહામુનિને જોયા...મહારાજાનાં નયનો ઠરી ગયાં.

અદ્‌ભુત રૂપ!

અપૂર્વ સૌમ્યતા!

અનુપમ દેહાકૃતિ!

મહારાજાએ અંજલિ જોડી ભાવપૂર્ણ હૃદયથી વંદના કરી. અને નજીક આવીને પુનઃ વંદના કરી, સુખશાતા પૂછી વિનયપૂર્વક યોગ્ય આસને બેઠા.

મહામુનિએ ધર્મલાભની આશીષ આપી અને મીઠી વાણીમાં આત્મહિતકર ઉપદેશ આપ્યો. દેહ અને આત્માનું ભેદજ્ઞાન કરાવ્યું. આત્માનું મૂળ-સ્વરૂપ સમજાવ્યું. મૂળસ્વરૂપને પામવાની સાધના સમજાવી. મહારાજાનો વૈરાગ્ય નવપલ્લવિત બનીને દીપી ઉઠયો. તેમની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાયાં.

'દેવ! આપે કહ્યું તે યોગ્ય જ છે. તદ્દન સાચું છે. આપનાં વચનોને મેં મારા હૃદયપાત્રમાં ઝીલી લીધાં છે. મારા હૃદયના ભાવો ઉલ્લસિત બન્યા છે...'

'રાજન્! આ જીવનમાં જે ખરેખર કરવા જેવો પુરુષાર્થ છે, તેને વિના વિલંબે કરવો જોઇએ. કારણ કે જીવન ચંચળ છે, અને શરીરની શક્તિઓ અસ્થિર છે.'

'પ્રભો! આપ અમને ચારિત્ર આપી આ ભવસાગરથી તારવા કૃપા કરો.'

બસ. કુમાર કીર્તિધરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. મહારાજા પુરંદર અને પૃથ્વીરાણીએ ક્ષેમંકર મહામુનિ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. એ બંનેનું અનુકરણ અનેક નગરવાસીઓએ કર્યું.

મુક્તિમાર્ગની કેવી એ અજબ જાહોજલાલી! મોક્ષદૃષ્ટિનું એ સૃષ્ટિમાં કેવું અપૂર્વ ઉદ્‌ઘાટન! ધન્ય એ કાળ! ધન્ય એ પવિત્રપુરુષો.

* * *

અયોધ્યાનું રાજ્ય કીર્તિધરકુમાર સુંદર રીતે સંભાળી રહ્યો હતો. પરંતુ તેના ચિત્તમાંથી માતા-પિતાનો સંસારત્યાગનો પ્રસંગ ખસતો ન ન હતો. કયારેક રાજ્યસભામાં પણ બેઠાં બેઠાં તે વિચારમાં ચઢી જતો અને માતા-પિતાના માર્ગે દોડી જઇ, તેમની પાસે પહોંચી જવા તલસી ઉઠતો. બહારની દુનિયામાં રહેવા છતાં તેની આંતર દુનિયા જુદી હતી.

કીર્તિધરનું લગ્ન 'સહદેવી' રાજકન્યાની જોડે થયું. જો કે કીર્તિધરની આંતરિક ઇચ્છા સંબંધથી જોડાવાની ન હતી. પરંતુ તેને સંજોગોને અનુસરવાની ફરજ પડી. છતાં ય ભોગલંપટતા તેને જરા ય સ્પર્શી શકી નહિ.

કીર્તિધર પોતાના શયનગૃહમાં નિદ્રાધીન હતો. રાત્રીનો બીજો પ્રહર ચાલી રહ્યો હતો. ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું:

પોતે જાણે રાજ્યસિંહાસન પર બેઠો છે...ત્યાં પુરંદરરાજર્ષિ અચાનક પધાર્યા. પોતે સંભ્રમપૂર્વક સિંહાસન પરથી નીચે ઉતરી દોડી જઇને રાજર્ષિનાં ચરણોમાં મસ્તક મૂકી આંસુઓના નીરથી ચરણ-પ્રક્ષાલન કર્યું...રાજર્ષિએ કુમારના મસ્તક પર હાથ મૂકી ધર્માશીષ આપી.

'પિતાજી...આપ મને મૂકીને ચાલ્યા ગયા... હું ઘણો દુઃખી છું...મને આપની સાથે લઇ જાઓ...' કુમારે ગદ્‌ગદ કંઠે આંસુનિતરતી આંખે પ્રાર્થના કરી.

'કુમાર! તારે શાનું દુઃખ? આ રાજ્ય છે... સંપત્તિ છે...પરિવાર છે...' રાજર્ષિએ કહ્યું.

'પિતાજી, સંસાર એ જ દુઃખરૂપ છે...રાજ્ય પણ સંસાર છે...ને સંપત્તિ પણ સંસાર છે... એમાંથી મને મુક્ત કરવાની કૃપા કરો...'

રાજર્ષિની આંખોમાંથી કરુણાની ધારા છૂટી... કુમાર તેમાં અપાર સુખનો અનુભવ કરી રહ્યો....

તેની આંખો બંધ થઈ ગઈ...થોડી વાર વીતી.... આંખો ખોલી તો શયનગૃહમાં મંદમંદ દીપકો દેખાયા અને બાજુના પલંગ પર ભરનિદ્રામાં સુતેલી સહદેવી દેખાઇ! સ્વપ્નસૃષ્ટિમાંથી તે વાસ્તવિક સૃષ્ટિમાં આવ્યો....પરંતુ તેને મન તો એ જ સ્વપ્નની દુનિયા વાસ્તવિક હતી...આ સૃષ્ટિ તો તેને કલ્પિત અને મિથ્યા ભાસતી હતી.

તેની નિદ્રા ભાગી ગઇ. તે પલંગની નીચે ઉતરી, એક સ્વચ્છ આસન પર બેસી જઇ પરમાત્મા જિનેશ્વરદેવના ધ્યાનમાં પરોવાઈ ગયો. અંતીમ પ્રહર શરૂ થતાં જ સહદેવી જાગી ગઈ. તેણે રાજાને આમ નીચે ધ્યાનસ્થદશામાં જોયો... તે પલંગમાથી સફાળી બેઠી થઈ ગઇ...અને નીચે ઉતરી સ્વામીની સામે બેસી ગઇ...પરંતુ તે કેટલી ધીરજ રાખી શકે? તેણે થોડીક ધીરજ ધરી પરંતુ પછી તેણે કીર્તિધરના હાથ પર પોતાનો હાથ મૂકો કીર્તિધરને ધ્યાન પૂર્ણ કરવા સૂચવ્યું.

કીર્તિધરે ધ્યાન પૂર્ણ કર્યું, અને સહદેવીની સામે દૃષ્ટિ કરી.

'કેમ આજે આમ...?' સહદેવીએ ચિંતાતુર ચહેરે પ્રશ્ન કર્યો.

'આજની રાત અપૂર્વ વીતી!'

'શું થયું?'

'એક અપૂર્વ...સુંદર સ્વપ્ન જોયું!'

'મને કહેવા...કૃપા કરશો?'

'મેં સ્વપ્નમાં પિતાજીને જોયા...!'

'એમાં આખી રાત જાગતા રહ્યા?'

'અરે, પુરું સાંભળો. પિતાજીને જોઇને મેં વંદના કરી...પછી પ્રાર્થના કરી...પ્રાર્થનામાં કેવો ભાવનો ઉલ્લાસ....પિતાજીએ પ્રત્યુત્તર આપ્યો... તેમના આંખોમાંથી કરુણાની ધારા વરસતી હતી... ખરેખર...સ્વપ્ન જો સાચું બની જાય તો...

'આપે શાની પ્રાર્થના કરી?' સહદેવીએ પૂછ્યું.

'આ સંસારવાસમાંથી મુક્ત કરવાની!'

'મને ન ગમ્યું નાથ...'

'દેવી, આ જીવનનું બીજું કયું ઉચ્ચ કર્તવ્ય છે? સંસારવાસમાંથી મુક્ત થયા વિના શાશ્વત સુખ-શાન્તિ મળી શકે એમ નથી.'

'શું સંસારમાં રહીને ધર્મ ન કરી શકાય?'

'દેવી, તમે જ કહો; સંસારમાં આપણે કેટલો અને કેવો ધર્મ કરી રહ્યા છીએ? શું આપણે આપણા વિશુદ્ધ આત્માનું ધ્યાન ધરી શકીએ છીએ? શું વિષયો અને કષાયોની નાગચૂડમાંથી મુક્ત થઇ શકીએ છીએ?'

'આપ ગમે તે કહો, આપ દીક્ષાની વાત કરો છો ને મારા હૈયામાં ફાળ પડે છે...'

પ્રભાત થઈ ગયું હતું. કીર્તિધરે સહદેવીને આશ્વાસન આપ્યું. પરંતુ સહદેવીના ચિત્તમાં પાકો નિશ્ચય થઈ ગયો કે જરૂર રાજા વહેલામોડા સંસારનો ત્યાગ કરી જશે. કીર્તિધર પણ દિન-પ્રતિદિન સંસારથી વિરક્ત થતા જતા હતા. તેમના ચિત્તમાં ચારિત્રજીવનનું આકર્ષણ વધતું જ જતું હતું, એક દિવસ તો તેમણે મહામંત્રીને બોલાવીને કહી પણ દીધું :

'મહામંત્રીજી, આપ મારા વિચારોથી પરિચિત છો. રાજ્યની ચિંતામાંથી હું મુક્ત થવા માગું છું અને પરમાત્મા જિનેશ્વરદેવના ચારિત્રમાર્ગને આરાધવા માગું છું. તમે બુદ્ધિવૈભવથી અને વફાદારીથી પરિપૂર્ણ છો. રાજ્યના માટે કોઇ યોગ્ય આત્માને શોધી...'

'સ્વામી; હું સમજું છું કે આ અયોધ્યાના રાજ્યસિંહાસન પર આજદિન સુધી હજુ કોઇ એવો આત્મા નથી આવ્યો કે જેણે ચારિત્ર સ્વીકારીને મહાન આત્મહિત ન સાધ્યું હોય. ભગવાન ઋષભદેવના ઈક્ષ્વાકુવંશની આ બલિહારી છે. પરંતુ કૃપાનાથ! મારી આપને પ્રાર્થના છે....કે જ્યાં સુધી મહાદેવીની કુક્ષીએ પુત્રરત્નનો જન્મ ન થાય ત્યાં સુધી આપ સંસાર ત્યાગ ન કરો. અસંખ્યકાળથી ચાલી આવતી ઉત્તમ વંશપરંપરાનો અંત ન આવી જવો જોઇએ. કારણ કે આ વંશપરંપરા સારા ય વિશ્વને ઉપકારક છે. આ

વંશના રાજવીઓના આલંબને અસંખ્ય આત્માઓ ભવસાગરને તરી ગયા છે...વિશેષ આપને શું કહું?'

મહારાજા મહામંત્રીની ગંભીર વાતનો મર્મ સમજી ગયા.

થોડાક વર્ષ વીત્યાં ને અયોધ્યાના રાજમહેલમાં પારણીયું બંધાયું.

પરંતુ જ્યાં પુત્રનો જન્મ થયો જાણ્યો કે તુરત સહદેવીએ પૂર્વયોજનાનુસાર તેને છૂપાવી દેવા માટે દાસીને ઈશારો કર્યો. દાસીએ તુરત પુત્રને લઈને મહેલના છૂપા ભોંયરામાં સારી રીતે મૂકી દીધો; અને પોતે પણ ત્યાં જ રહી.

આ બાજુ સહદેવીએ મહારાજાને કહેવરાવી દીધું કે પુત્ર જન્મતાં જ મૃત્યુ પામ્યો છે. કીર્તિધરને સમાચાર મળતાં તે તુરત અંતેપુરમાં આવ્યા. સહદેવીના મુખ પરના ભાવોને જોતાં કીર્તિધરના ચિત્તમાં શંકા જાગી. તેમણે પૂછયું :

'દેવી કયાં છે એ મૃતપુત્ર?'

'એને તો દાસી લઈ ગઈ...'

'કઈ દાસી?'

'સુનંદા.'

મહારાજા સહદેવીના ખંડમાંથી બહાર નીકળીને મહેલના દરવાજે ઉભેલા દ્વારરક્ષકોની પાસે આવ્યા :

'અહીંથી સુનંદા કયારે બહાર ગઈ?'

'કૃપાનાથ! આજ આખી રાત અને સવારથી અત્યાર સુધી સુનંદા બહાર ગઇ જ નથી.'

'બીજું કોઈ હાથમાં નાના બાળકને લઈને બહાર ગયું છે ખરૂં?'

'ના જી.'

ક્ષણભર કંઈક વિચારી લઇ મહારાજા પુનઃ મહેલમાં આવ્યા અને અંતેપુરની બીજી દાસીઓને બોલાવી :

'સુનંદા કેમ નથી દેખાતી?' મહારાજાએ પૂછયું.

એ મહારાણીના કોઇ કામે કયાંક ગઈ છે. કયાં ગઈ છે, તે અમને કહ્યું નથી.'

'એને જતાં કોઇએ જોઈ છે?'

ત્યાં એક દાસી બોલવાની ઇચ્છા કરતી હતી પરંતુ બોલી શકતી ન હતી. મહારાજાએ એના મુખ પરના હાવભાવ પરથી કળી જઈને કહ્યું :

'તું ગભરાઇશ નહિ. મારા તરફથી તને અભય છે. જે હોય તે કહે.'

'કૃપાનાથ! મેં સુનંદાને જતી તો જોઇ નથી. પરંતુ મહાદેવી તેને પુત્રરત્ન આપતાં હતાં. રાજકુમાર રોતા હતા. સુનંદા તેમને લઇને મહેલમાં જ કયાંક અદૃષ્ય થઈ ગઈ છે!'

બસ, મહારાજાને પરિસ્થિતિ સમજાઇ ગઇ. દાસીઓને વિદાય કરી તેઓ સહદેવીના ખંડમાં ગયા. પુનઃ મહારાજાને આવેલા જોઈ સહદેવીના મુખ પર સહેજ ભયની રેખાઓ ઉપસી આવી.

'દેવી, શા માટે તમે સાચું નથી કહેતાં? પુત્ર જીવંત છે; એ મેં જાણી લીધું છે...'

'ખોટી વાત...ખોટી વાત...જીવંત ન...થા...'

'બચાવ ન કરો. વારંવાર જૂઠું ન બોલો. એ બતાવો કે પુત્રને કયાં સંતાડયો છે?'

'પણ...'

'જરાય નહિ ચાલે. સૂર્યાસ્ત ઉદયને છૂપો રાખી શકાય નહિ. તમે નહિ બતાવો તો હું શોધી લઈશ....'

સહદેવીની આંખમાં આંસુ આવી ગયાં.

'આવા પ્રસંગે તમારે શોક કરવાનો હોય કે આનંદ પામવાનો હોય?'

'પુત્રજન્મનો આનંદ છે, પરંતુ આપ...'

'હું ચારિત્ર લઈ લઉં એનું દુઃખ છે... એમ ને?'

'હા, સ્વામીનાથ....'

'અત્યારે એ વિચાર ન કરો. તુરત પુત્ર કયાં છે તે બતાવો....કે જેથી રાજ્યમાં સમાચાર આપી શકાય. રાજ્યમાં મહોત્સવ ઉજવી શકાય...'

સહદેવીએ હકિકત કહી બતાવી. તુરત મહારાજા પોતે જ ભોંયરામાં પહોંચી ગયા. સુનંદા રાજકુંવરને જોઈ જોઇ નાચી રહી હતી. રાજકુંવરના મુખ પર તેજસ્વિતા ઝળકી રહી હતી. મહારાજાને જોતાં જ સુનંદા ચોંકી ઉઠી...ભયથી થરથર ધ્રૂજી ઉઠી અને દૂર જઇને હાથ જોડીને

નતમસ્તકે ઉભી રહી.

સુનંદા, તું ગભરાઇશ મા, તું ગુનેગાર નથી...' મહારાજાએ પુત્રને પોતાના બે હાથમાં લીધો... કુમારનું મુખ હાસ્યથી મલકી ઉઠયું ! તે ટગરટગર પિતાની સામે જોઈ રહ્યો ! પિતા એકીટસે પુત્રને નિહાળી રહ્યા !

રાજ્યમાં પુત્રજન્મના મંગળ સમાચાર આપવામાં આવ્યા. રાજ્યમાંથી શ્રીમંતો અને શ્રીમંતોની હારમાળા રાજસભામાં ભેટણાં લઇને આવવા લાગી. શ્રી જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવો મંડાયા. નગરવાસીઓએ ઘેરઘેર અને શેરીએ શેરીએ આનંદોત્સવ ઉજવવા માંડયા.

સહુના હૈયામાં આનંદ ઉભરાતો હતો. માત્ર સહદેવીનું હૈયું શોકમાં ડુબેલું હતું. તેને પાકો નિર્ણય હતો કે હવે મહારાજા સહુને છોડીને ચારિત્ર સ્વીકારશે.

પતિવિરહની કલ્પના તેના ચિત્તને વિહ્વળ બનાવી રહી હતી. પરંતુ મહારાજાએ તત્કાલ કોઈજ પગલું ન ભર્યું.

રાજકુમારનું નામ સુકોશલ પાડવામાં આવ્યું. જેમ જેમ સુકોશલ મોટો થતો ગયો તેમ તેમ સહદેવીને તેના પર ખૂબ રાગ વધવા માંડયો. બીજી બાજુ કીર્તિધર પરથી રાગ ઓસરવા માંડયો.

એ અરસામાં ત્યાં 'વિજયસેન' નામના આચાર્ય-ભગવંત વિશાળ શિષ્યપરિવાર સાથે પધાર્યા. રાજા કીર્તિધર સહપરિવાર વંદનાર્થે ગયા. આચાર્ય-ભગવંતે ધર્મની દેશના આપી. મહારાજાએ દેશનાના અંતે ઉભા થઇને, અંજલિ જોડીને પ્રાર્થના કરી:

'પ્રભો ! મને ચારિત્ર આપીને ભવસાગરથી તારવા કૃપા કરો.'

રાજકુમાર સુકોશલનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને મહારાજા કીર્તિધરે સંસારનો ત્યાગ કર્યો.

\+ \+ \+

પતિએ દીક્ષા લીધા પછી સહદેવીની સામે બે કર્તવ્યો આવી ઉભાં. સુકોશલના શિક્ષણ અને સંસ્કારના ઘડતરનું તથા રાજ્યના સંચાલનનું. સહદેવી બંને કર્તવ્યોને ખૂબ કુનેહથી બજાવતી રહી.

બીજી બાજુ મહામુનિ કીર્તિધર ચારિત્ર લઇને ગુરુકુલવાસમાં રહી સંયમની સુંદર આરાધના કરી રહ્યા હતા. તેઓ બ્રાહ્મમુહૂર્તે જાગીને શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતનું ધ્યાન ધરતા. શ્રુતજ્ઞાનનું એકાગ્રપણે પારાયણ કરતા...અપ્રમત્તપણે અને ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ-પ્રતિલેખના કરતા...ગુરુ મહારાજની સેવા-ભક્તિ કરતા અને વળી શ્રુતાભ્યાસના દોરામાં મનને પરોવી દેતા ! ભિક્ષાનો સમય થતાં ભિક્ષા માટે ભમતા. નિર્મમ ભાવે કેવળ દેહના ટકાવ માટે ભિક્ષા લઇ આવતા અને અન્ય ભિક્ષુકોને પોતાની ભિક્ષા માટે પ્રાર્થના કરતા...પછી ગુરુ મહારાજની આજ્ઞા લઇ રાગ-દ્વેષ કર્યા વિના આહાર કરતાં...વળી નિહાર...વિહારાદિ પછી જ્ઞાનાર્જન માટે બેસી જતા !

આ બધું કરતાં સેવા-ભક્તિ-વિનય-વૈયાવૃત્ય ..વગેરે કરવામાં તેઓ જરા ય પાછા ન પડતા. ગુરુમહારાજના અભિપ્રાયને ઓળખીને તે મુજબ અનુસરવાનું તો તેમનું ચોક્કસ લક્ષ બની ગયેલું.

બીજીબાજુ તેમના હૈયામાં ઉત્તરોત્તર ઘોર અને કઠોર આરાધના કરવાના અભિલાષ ઉગ્ર બનવા લાગ્યા. કેટલીક વાર કડકડતી ઠંડીમાં તેઓ વસ્ત્રો ઉતારી નાખીને ધ્યાન ધરતા ઉભા રહેતા.... તો કેટલીકવાર ઉપાશ્રયની બહાર કોઇ વૃક્ષ નીચે શીતપરિસહને સહતા. ભયસંજ્ઞાને જીતી લેવા માટે કયારેક તેઓ ગુરુદેવની અનુજ્ઞા લઇ ગામ બહાર પ્રાસુક જગાએ આખી રાત્રી ધ્યાન ધરતા. ઝેરી જીવજંતુઓ તેમના પગે, હાથે અને બીજા અંગો પર ડંખ દેતા છતાં ય તેઓ ધ્યાનદશામાં લીન રહેતા. કયારેક તેઓ સ્મશાનમાં જઇને કાળી રાત્રીઓ ધ્યાનમાં જ પસાર કરતા. કોઇ ભૂત-પિસાચ કે વ્યંતર તેમના નિર્ભય આત્માને ભયાક્રાન્ત બનાવી શકતા નહિ.

ગુરુમહારાજ કીર્તિધર મુનિની આવી ભવ્ય અને કઠોર સાધનાથી ખૂબ પ્રસન્ન બન્યા. તેમણે

મહામુનિને એકાકી વિચરીને ઉત્તમોત્તમ આરાધના કરવાની આજ્ઞા કરી.

મહામુનિ ભગવંત જિનેશ્વરદેવે બતાવેલા ઉગ્ર સાધનામય જીવનની કેડીએ ચાલવા માંડ્યા, ક્રોધ.... અભિમાન....માયા....લોભ....ભય....મદ...મોહ વગેરે આંતરશત્રુઓને તેમણે વશ કરી લીધા. દેહ પરના મમત્વને તો તેમણે સાવ ઉતારી નાંખ્યું. તેમને બળબળતો ઉનાળો ડરાવી શકતો નહિ. હાડને પણ ઓગાળી નાંખે તેવી હીમવર્ષા તેમને ચલિત કરી શકતી નહિ.

ગામ-નગરમાં વિચરતા વિચરતા તેઓ અયોધ્યાના ઉદ્યાનમાં પધાર્યા. પરંતુ કોઈ એમને ઓળખી ન શક્યું કે 'આ તો અયોધ્યાના પનોતા મહર્ષિ છે!' એમને ઓળખી શકે એવું એમનામાં રહ્યું 'તું પણ શું? હા, ચર્મચક્ષુવાળા તેમને ભલે ઓળખી નહોતા શકતા પરંતુ દિવ્યદૃષ્ટિવાળા અનંત આત્માઓ તેમના અનંત ઐશ્વર્યવાળા આત્માને પ્રતિસમય જોઈ રહ્યા હતા.

મધ્યાહ્નનો સમય થયો.

મહામુનિ અયોધ્યાના રાજમાર્ગો પર ભિક્ષાર્થે ભમવા લાગ્યા.

સામ્રાજ્ઞી સહદેવી મહેલની અટ્ટાલિકામાં બેઠી હતી અને પોતાના વૈભવભર્યા નગરને અને નગરવાસીઓને જોઈ પ્રમુદિત થઈ રહી હતી.

તેની દૃષ્ટિ રાજર્ષિ કીર્તિધર પર પડી.

પહેલી દૃષ્ટિ તેમને ઓળખી ન શકી.

બીજી દૃષ્ટિ શંકાશીલ બની.

ત્રીજી દૃષ્ટિએ નિર્ણયાત્મક જ્ઞાન કરાવ્યું :

'આ...હ..., આ તો સ્વામીનાથ!' સામ્રાજ્ઞી અનિમેષ નયને પોતાના સ્વામીનાથને જોઈ રહી... એક વખતના મહારાજા...આજે તેમને અયોધ્યાના રાજમાર્ગો પર દુર્બલ દેહે....મલિન વસ્ત્રે... ફરતા જોઈ સહદેવીની આંખો આંસુથી ભીંજાઈ ગઈ. તે સિંહાસન પરથી ઉભી થઈ ગઈ...પાછળ હાથમાં વિંઝણો લઈને ઉભેલી દાસી, અચાનક સામ્રાજ્ઞીને ઉભી થયેલી જોતાં ચોંકી.

'કેમ મહાદેવી?'

'ના ના, કંઈ નહિ.' તે પુનઃ બેસી ગઈ. ક્ષણભર તેને વિચાર આવી ગયો કે નીચે જઈને મહર્ષિને ભિક્ષા માટે નિમંત્રણ કરું. પરંતુ બીજી જ ક્ષણે એક ભય...એક ક્રૂર વિચાર તેના માનસમાં ભૂતાવળની જેમ જાગી ઉઠ્યો.

'જો પુત્ર સુકોશલ એના પિતાને જોશે... જરૂર એ એમની સાથે ચાલ્યો જશે... હું પુત્રવિહોણી બની જઈશ...વળી આ રાજા મને તો રઝળાવી ચાલ્યા ગયા...એ પુત્રને પણ લઈ જશે... માટે એમને પુત્ર સુકોશલ ઓળખી ન જાય....કોઈ રાજપુરુષ ઓળખી ન જાય....તે પૂર્વે તેમને નગરની બહાર રવાના કરાવી દઉં! મારા નંદનવન જેવા સંસારને વેરાન ઉજ્જડ બનાવી દેવા તે અહિ આવ્યાં છે....પરંતુ હું હવે ખોટા રાગમાં એમને પરવશ નહિ બનું....એમનું ધાર્યું નહિ થવા દઉં...ભલે વ્રતધારી હોય...ભલે તે નિરપરાધી હો... રાજ્યની ખાતર...પુત્રની ખાતર, એમને નગર બહાર કાઢી મુકે જ છુટકો....'

સ્વાર્થની છીણીએ સહદેવીના શુભ ભાવોને છીણી નાંખ્યા.

વર્ષો સુધી જેની ગોદમાં રંગરાગ ખેલ્યા છે....વર્ષો સુધી જેણે પ્રેમવારિનું સિંચન કરીને માનવસહજ વૃત્તિઓને સંતોષી છે...જેને સેંકડો વાર 'પ્રાણનાથ! હૃદયેશ્વર! સ્વામીનાથ...કહીને સ્નેહસુધાનું પાન કર્યું છે...એ આજે નિર્ગ્રંથ બનીને પુનઃ અયોધ્યાના રાજમાર્ગો પર ફરી રહ્યો છે...એક મહિનાના ઉપવાસનું એને આજે પારણું છે....એવા પરમ યોગીને આ અભાગી સ્ત્રી નગરમાંથી હાંકી કાઢવાનો ક્રૂર વિચાર કરી રહી છે!

આ છે સંસાર!

આ છે કેવળ વાસનાજન્ય સંબંધોનું પરિણામ!

સહદેવીએ દ્વારરક્ષકને બૂમ પાડી. તુરત જ દ્વારરક્ષક આવીને નમન કરીને ઉભો રહ્યો :

'કોટવાલને બોલાવી લાવ.'

'જેવી મહાદેવીની આજ્ઞા....' દ્વારરક્ષક થોડી-

વારમાં જ કોટવાલને બોલાવી લાવ્યો.

'કોટવાલજી, તમે નગરનું શું ધ્યાન રાખો છો? મેં આજે નગરનું અહીં બેઠાં નિરીક્ષણ કર્યું....'

'પણ કંઈ અજુગતું દેખાયું?' કોટવાલ સહેજ ભય પામ્યો.

'આ નગરમાં આટલા બધા ભિખારીઓ ક્યાંથી ઉતરી પડ્યા? અયોધ્યામાં શું દુકાળ પડી ગયો છે? નગરનું મૂલ્ય આવા ભિખારીઓ ઘટાડતા હોય છે. જાઓ, જે કોઈ બાવા....ભિખારી રસ્તા પર રખડતા દેખાય તે બધાને નગર બહાર કાઢો, અને પછી એમને જે જોઈએ તે આપીને વિદાય કરો....'

'જેવી મહાદેવીની આજ્ઞા.' કોટવાલ નતમસ્તકે પ્રણામ કરીને ચાલ્યો ગયો.

સહદેવીના હૈયાને ધરપત વળી.

પરંતુ....ભવિતવ્યતા કંઈ જુદુ કામ કરી રહી હતી.

રાજા સુકોશલનો મહેલ પણ રાજમાર્ગો પર જ હતો. મહેલના ઝરૂખામાં સુકોશલની ધાવમાતા શિવા બેઠેલી હતી. તેણે પણ મહર્ષિ કીર્તિધરને જોયા અને ભાવપૂર્વક ત્યાંથી જ વંદના કરી....મનોમન મહર્ષિના ભવ્ય ત્યાગમય જીવનની અનુમોદના કરતી હતી. ત્યાં નીચે અચાનક કોલાહલ સંભળાયો. કોટવાલ ગ્રામરક્ષક સૈનિકોને આજ્ઞા કરી રહ્યો હતો :

'જુઓ, મહાદેવીની આજ્ઞા છે, અયોધ્યાની કોઈ ગલીમાં કે માર્ગ પર કોઈ પણ ભિખારી.... બાવા....ભિક્ષુકો રહેવા ન જોઈએ. તેમને નગર બહાર લઈ જાઓ. હું ત્યાં આવું છું.'

ટપોટપ સૈનિકો નિકળી પડ્યા. સૌ પ્રથમ રાજર્ષિ કીર્તિધર જ ઘરઘર ફરીને ભિક્ષા લેતા દેખાયા, સૈનિકો ઓળખી ન શકયા. તેમણે તો તુરત જ મહામુનિને ઉભા રાખ્યા.

'અરે, ભિખારી, અહીં કેમ ભટકે છે. નિકળ બહાર....'

મહામુનિને કયાં ઓળખાણ આપવાની હતી! સૈનિકોનાં ધિક્કાર ભરેલાં વચનો પર મહામુનિને જરાય રોષ ન થયો. એમનું હૈયું જરાય ન દુભાયું....તેઓ તો સીધા નગરની બહાર ચાલ્યા ગયા....

પરંતુ આ હૃદયદ્રાવક દૃશ્યને જોઈ ધાવમાતા મૂંઝવાઈ ઉઠી. તે એકદમ નીચે દોડી આવી. મહેલના દ્વારે કોટવાલ ઉભેલો હતો.

'અરે, કોટવાલજી, આ તમે શું કરી રહ્યા છો? અયોધ્યાની પુણ્યભૂમિ પર ઋષિ-મહર્ષિઓની અવગણનાનું ઘોર કૃત્ય કરીને તમે રાજ્યનો ઘોર અન્યાય કર્યો છે....' ધાવમાતાનું મુખ રોષથી લાલ બની ગયું.

'માતા! આપની વાત સાચી હશે પરંતુ અમે તો રાજમાતાની આજ્ઞાને અનુસરી રહ્યા છીએ....પછી અમે અન્યાયી કેવી રીતે?'

ધાવમાતાએ રાજમાતાની અટ્ટાલિકા તરફ અંગાર ઝરતી દૃષ્ટિ નાંખી. રાજમાતાના મુખ પર જરાય શોક કે અફસોસ ન હતો બલ્કે સંતોષ અને આનંદ તરવરી રહ્યો હતો.

પીઢ અને અનુભવી ધાવમાતા થોડીક ક્ષણોમાં સમગ્ર પરિસ્થિતિને કળી ગઈ. તેની આંખમાંથી આંસુ-વાટે રોષ નીતરી ગયો. તે શોકાતુર મુખે અને આંસુ ઝરતી આંખે પોતાના મહેલમાં પ્રવેશી.

સામે જ મહારાજા સુકોશલ ભેટી ગયા.

'અરે. આ શું માતા?' મહારાજાના સુકોમળ મુખ પર ચિંતા ઉપસી આવી.

'બેટા, તારા રાજ્યમાં ઘોર અન્યાય થઈ રહ્યો છે....' ધાવમાતાએ કહી દીધું.

'એવું તે શું બન્યું?'

'તું શું કરી શકીશ?'

'પરંતુ....'

'કંઈ નહિ કરી શકે. ખૂદ રાજમાતા અન્યાય કરી રહ્યાં છે....'

'મને કાંઈ નથી સમજાતું....તમે સ્પષ્ટ વાત કરો'

'રાજર્ષિ કીર્તિધર અયોધ્યામાં પધાર્યા હતા...'

'હેં? કયારે? કયાં છે?'

'અધીર ન થા. રાજમાતાએ તેમને જોયા.'

'પછી?'

'કોટવાલને બોલાવી તેમને નગર બહાર હંકાવી દીધા....'

'હેં?' સુકોશલના મુખ પર વિષાદ અને રોષ.... ચિંતા અને ઉત્સુકતા અનેક ભાવો આવી ગયા.

'પણ સાથી આમ કયું?'

'તું એમનાં દર્શન કરે તો તું પણ ચારિત્ર લઈ લે, એ ભય લાગ્યો.' ધાવમાતા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

મહારાજા સુકોશલ દોડતા મહેલની બહાર આવ્યા. બહાર અશ્વ તૈયાર ઉભેલો હતો. તુરત જ અશ્વારૂઢ બની મહારાજાએ અશ્વને નગર બહાર હંકારી મૂકયો. (ચાલુ)

નવજીવનનો પંથ

પૂ. મુનિરાજ શ્રી સદ્‌ગુણવિજયજી મહારાજ.

આત્માને પરમાત્માના પંથ ભણી વાળી તેને પરમાત્મપદની પ્રાપ્તિ કરાવવી તેજ સાચો નવજીવનનો પંથ છે જડવાદ તરફ દૃષ્ટિ હઠાવી ચૈતન્યતા તરફ આત્માને પ્રગટ કરાવવી તેજ સાચો પ્રગતિનો પંથ છે, એ હકીકત નવી શૈલીયે વાર્તારૂપે સંવાદાત્મક પધ્ધતિયે અહિં રજૂ થાય છે. પર્વાધિરાજની આરાધના કરનાર આત્માઓને જરૂર આ લેખ પ્રેરણાદાયી બનશે!

પ્રભાતનો બાલરવિ પોતાના શ્વેત કિરણોથી વસુધા પર પથરાઈ ચૂક્યો હતો. દરરોજ આવતા થોડા યુવાનો ગુરુમહારાજ પાસે બેઠેલા તે સ્વાધ્યાયમાં મગ્ન હતા. વાતાવરણમાં અપૂર્વ શાંતિ હતી...માત્ર ગુરુ મ.નો મધુર અવાજ ગાજતો હતો. તેઓ તે યુવાનોને શ્રી ભક્તામર સ્તોત્રના એક શ્લોકનું રહસ્ય સમજાવી રહ્યા હતા...' ભગવાનનું રૂપ કેવું છે?'

'यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत।
तावन्त एवखलु तेप्यणवः पृथिव्यां
यत्ते समानमपरं नहि रुपमस्ति॥

'ત્રણે જગતમાં કાન્તિથી શોભાયમાન એવા હે પ્રભો! જે શાન્ત પ્રભાના પરમાણુ વડે આપની પુણ્યકાયા બનાવી છે તે પરમાણુઓ ખરેખર પૃથ્વિ પર એટલા જ હતા. જેથી આપના સમાન અપૂર્વ સૌંદર્ય બીજા કોઈને મલ્યું નથી. વસ્તુતઃ દેવોના હૃદયને પણ આહ્લાદિત કરે એવું જિનેશ્વરનું રૂપ હોય છે...' ગુરુ મ. વિશિષ્ટરીતે આનો અર્થ કહેતા હતા અને યુવાનોને ઘણો આનંદ આવતો હતો. તેમના મુખ પરની પ્રસન્નતા જાણે ચાતકને વર્ષાબિન્દુ મળે તેવી જણાતી હતી...

એવામાં બાજુના કોઈ લગ્નમંડપમાંથી રેડીઓના કર્ણકટુ સૂર આવ્યા...'તેરી પ્યારી પ્યારી સુરત કો....'

બધા યુવાનોના સ્વાધ્યાયમાં ખલેલ પડી. બે ત્રણના મુખપર અણગમાની રેખા પથરાઈ. એક ચપળ યુવાને કહ્યું: 'સાહેબ! આ વિજ્ઞાનની શોધો અને સિનેમાએ ખરેખર લોકોનાં માનસ ગંદા કરી નાખ્યા છે....આવા તોફાન નિવારવાનો કોઈ ઉપાય નથી?' એણે સીધો પ્રશ્ન કર્યો.

બીજાએ કહ્યું: 'અહિં બાજુમાં કોઈના લગ્ન છે. એમને સુખ એમાં લાગે છે. એઓ માને છે કે આ તો નવજીવનનો પંથ છે એમાં પોતાની જેટલી શ્રીમંતાઈ તેટલા ભૌતિક સાધનોથી આ પ્રસંગને દીપાવીએ એમાં જ મહત્તા છે. એમાં જ સુખ છે. એ જ જીવનનું અમૃત છે. એવું માને તેમાં શી નવાઈ!'

રેડીઓ ધોંધાટ કરી રહ્યો હતો. જ્ઞાન-સ્વાધ્યાય આગળ ચાલે તેમ ન હતું.

ગુરુ મ. એ ગંભીરતાથી કહ્યું: 'મહાનુભાવ! લગ્ન એ નવજીવનનો પંથ નથી-પણ સોનાની બેડી છે. એ સંસારવર્ધક ક્રિયા છે. એમાં આત્માની સમૃદ્ધિનો આખરે વિનાશ જ થાય છે, અને આ વૈજ્ઞાનિક શોધખોળો...રેડીઓ...હવાઈ જહાજ... ઍટમ કે અણુબોંબ...કે સિનેમા...કોઈ પણ સાધનોમાં છેવટે આત્માને સુખશાંતિ આપવાની તાકાત નથી. ભૌતિક સાધનોમાં ક્ષણિક સુખ દેખાય પણ અંતે એ પરમદુઃખના જ સાધનો છે.'

'ત્યારે સુખનો માર્ગ કયો?' એકે પ્રશ્ન કર્યો.

ગુરુ મ. એ કહ્યું: 'પ્રશ્નનો પ્રશ્ન તો એક જ

છે. તમારે ઝેર કે અમૃત, સુખ કે દુઃખ શું જોઇએ છે? દરેકની ઇચ્છા સુખની–અમૃતની છે. એમાં બે મત નથી. પણ સુખની–અમૃતની વ્યાખ્યા દરેકની ભિન્ન છે. એ માટે જ સાચું સુખ અને તેના સાધનો સમજવા જોઇએ.

ઘણા આજે લગ્ન આદિમાં ભૌક્તિક સુખ માને છે. નવી વૈજ્ઞાનિક શોધોના લાભ જોઇ તેમાં મત્ત બન્યા છે પણ એ દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

આ બધા સંસારના સુખ એ શું છે? મધમાં ડુબાડેલું ઝેર છે. થોડા સિક્કા મળ્યા, એકાદ સિનેમા જોઈ, લગ્નમાં પડ્યા. સ્ત્રી અને તેના શણગારમાં ભાન ભૂલ્યા...આ બધી મોહની એક માત્ર રમત માત્ર છે, છેવટે એ હાથતાલી આપી જવાના જ છે.

પુરાણો ઇતિહાસ તપાસો. કોણે એમાંથી સુખ મેળવ્યું? એક સિકંદર....એક રાવણ એક નાદિરશાહ...જેમણે જગતની સમૃદ્ધિ પોતાના ખજાનામાં નીચોવી દીધી અનેક વિજયો મેળવી સત્તા પણ મેળવી લીધી.

છેવટે દરેકને એની માયા મરિચિકાનું ભાન થયું જ. સિકંદર સમજ્યો...'પોતાની કાયાના રોગના શમન માટે આટઆટલો વૈભવ કે સત્તા કે પરિવાર કોઈ સમર્થ નથી. નાદિરશાહને લપડાક પડી કે આટલા વિજયો છતાં હિન્દુઓના હૃદય ન જીતી શક્યો. છેવટે સત્તા પણ મોતથી ન બચાવી શકી.

લંકાપતિ રાવણ! એ છેવટે સમજ્યો કે દોમ દોમ સાહ્યબી પણ એક સતી નારીને રીઝાવી ન શકી. માત્ર વીતરાગ પ્રભુ પાસે કરેલી એક આર્દ્ર પ્રાર્થના જ જીવનને શાંતિ આપી શકી.

આ છે ભૌક્તિક સાધનોનો કરૂણ રકાસ... એવું જ વૈજ્ઞાનિક સાધનો માટે સમજવું.' ગુરુ મ. એ પૂર્ણ કર્યું.

સૂર્યના કિરણો (સામાયિકમાં) સ્વાધ્યાયમાં બેઠેલા યુવાનોના ચહેરા પર પડતા હતા...અને એમના મુખ પરની રેખાઓ પરથી જણાતું હતું કે 'વાત સાચી છે...આપણે એ સાધનો પાછળ પડ્યા છીએ....એ આપણી પાછળ નથી...' ત્યાં એક યુવાને પૂછ્યું.

'ગુરુદેવ! આજે એ વૈજ્ઞાનિક સાધનોએ કેટલી પ્રગતિ કરી છે! આજે રશિયા અને અમેરિકાના હવાઇ રોકેટો થોડી જ ક્ષણમાં પૃથ્વીની પ્રદક્ષિણા દઇને આવે છે. હવામાં ઉડવાની એ મઝા ઓછી છે?'

ગુરુ મ. શાંતિથી વદ્યા....'ભાઈ! ખલિલ જીબ્રાન નામના એક તત્ત્વચિંતકે એક ઠેકાણે કહ્યું છે કે...'

'માનવી આજે વિજ્ઞાનથી આકાશને માપે છે. એનો તાગ લેવા મથે છે, એને મોટામાં મોટું પરાક્રમ માને છે. પણ એક દિવસ એવો આવશે કે જ્યારે તે માટે તેને વ્યાજ સહિત એ મહેચ્છાનો પશ્ચાતાપ કરવો પડશે.'

'માનવ નહિ હોય....અને કેવળ આકાશનું અનિયંત્રિત ઉડ્યન જ હશે. એ યુગમાં માણસ જાત પ્રત્યે માણસ ગમે ત્યારે વિનાશ વર્ષાવશે. ગમે તે ધરતીના છેડા નેઅરણ્ય કરી મુકશે. કેવળ વિશ્વાસ વિનાનું જ વાતાવરણ એ કાળે માણસ માટે અસહ્ય બની જશે.'

'આજે જે ઉલ્લાસથી આપણે આકાશના ઉડ્યનો સિદ્ધ કરી રહ્યા છીએ એ જ રીતે આપણે આજથી એનો વિનાશ માગતા હોઇશું કારણ કે...આપણે પહેલાં 'માણસ' જોઇએ પછી 'વિજ્ઞાન'...'

'વિજ્ઞાનની ભયંકરતા માટે આથી વધુ દલિલ કઇ હોઇ શકે?'....યુવાનો શાંત થયા.

મેં મનમાં વિચાર્યું...ગાડી આડા પાટા પર જઇ રહી છે...કારણ કે નવજીવનનો પંથ કયો એ તો ગુરુ મહારાજે બાકી રાખ્યું છે. પણ શિસ્તને લઇ હું મૌન બેઠો ત્યાં પેલા ચપળ યુવાને પુછ્યું...'આવી સુંદર વાત આપણા રાજદ્વારી નેતાઓને કેમ સૂઝતી નહિ હોય?' ગુરુ મ. હસીને બોલ્યા...

'યુવાન! દરેક અમૃતને પચાવી શકે એવું

ભાગ્ય પામતા નથી...એ માટે હોંજરી મજબૂત જોઇએ. પાત્ર જોઇએ. ભાગ્ય જોઇએ. ભાગ્ય હોય તો સમજાય કે આ તમારી ભૌક્તિક સ્વતંત્રતા એ પણ સાચી સ્વતંત્રતા નથી, એક જાતની સ્વચ્છંદતા છે. આત્માનું સ્વાતંત્ર્ય એ જ શુદ્ધ મુક્તિ છે. સ્વતંત્રતા છે. આત્માના સ્વાતંત્ર્ય માટે વીર વચનનાં મૂલ્યવાન ઔષધ ગ્રહણ કર્યા વિના આ ભૌતિક વાસનાઓ...વૈજ્ઞાનિક વિનાશના રોગ જશે નહિ.

ભગવાનનાં વચન જ એક માત્ર જગતને પ્રકાશ આપવા સમર્થ છે. કલ્યાણકારી છે. પરમ-સુખના સાથી છે. બાકી આજે રાજદ્વારી નેતાઓમાં આપણા પ્રાચીન પૂર્વજો પ્રભુ મહાવીર અને તેમના સાધુસંતોનો વચન વારસો ઉતર્યો નથી એ જ ખામી ખટકે છે. જો તેઓએ વચન વારસો ગ્રહણ કરી એવી ઉંચી દૃષ્ટિથી બોલે, લખે કે યોજનાઓ કરે તો માત્ર ભારતને નહિ સમગ્ર વિશ્વને દોરવાની તાકાત મેળવી શકે, નહિ તો એ દિવ્ય વાણીના સ્પર્શ વિના જો તેઓ પોતાના વામણા સ્વપ્નાં-સત્તાભૂખ અને ઠગારી વાણીના સાથિયામાં જ રાચશે અને મિથ્યા અહં ને પોષશે તો એક દિવસ વિના કાર્તિએ વીલીન બની જશે...અને ભારત પર વિનાશ નોતરશે એ નિશ્ચિત સમજવું.

એ જ વાત રાજદ્વારી નેતાઓએ સમજવી જોઇએ. માત્ર આંગળી ઉંચી કરાવવી તે તો ઘેટાંઓની જમાત સરજવા જેવુ છે. જ્યારે દરેક હૈયામાં નિર્મળ સ્વાતંત્ર્યની હવા ઉભી કરવી એ શક્તિશાળી સિંહ ઘડવા જેવું છે અને આપણા શાસ્ત્રોએ પણ એ જ કહ્યું છે, કે દરેકનો આત્મા અનંત શક્તિનો સ્વામી છે. જો તે તેને કેળવે તો આત્માના સંપૂર્ણ સ્વાતંત્ર્યના શિખર પર પહોંચી શકે 'ઓહ! ગુરૂદેવ! આપણે તો કંઈ મૂળવાતથી દૂર જ દોડયા...મૂળ વિષયનો અર્થ તો સમજાવો. સાચો નવજીવનનો પંથ કયો?'

એક યુવાન બોલી ઉઠ

હું રાજી થયો. ગાડી છેવટે પાટા પર આવી ખરી. ગુરુ મ. હસ્યા. મીઠું હસ્યા. હસીને કહ્યું:

> પ્રાર્થના કે યાચના કરવી હોય તો જેની તેની પાસે દીન બનીને પ્રાર્થના ન કરો! અનંત કરૂણાસાગર પરમાત્માની સાચા દિલથી નિષ્કામભાવે પ્રાર્થના કરો! તમારા દુઃખ, દારીદ્રય તથા સંતાપ તે જ ટાળશે એ શ્રધ્ધા રાખો!
>
> o
>
> માનવના રૂપ, રંગ કરતાં તેથી મૃદુ, મધુર તથા ગંભીર વાણી જ મોટું આકર્ષણ છે. કાગડો કોઈનું પડાવી લેતો નથી, ને કોયલ કોઇને કશું આપતી નથી, છતાં કાગડો તિરસ્કાર પામે છે, ને કોયલ સત્કાર પામે છે! કારણ કે તેની વાણી મધુર છે, ને કાગડાની વાણી કઠોર છે માટે તમારી વાણી મધુર રાખો!

'અરે ભાઈ! એ જ માથાફોડ તો આ કરી જ્યાં જ્યાં જેનામાં ખોટા વિચાર અને આચાર ઘૂસી ગયા છે ત્યાં ત્યાં તેનામાં ભગવાને જે દિવ્યદૃષ્ટિ આપી છે, તે પ્રમાણે ચાલવા પ્રયાસ કરવો તે નવજીવનનો પંથ છે, બાકી લગ્ન એ કંઇ નવજીવનનો પંથ નથી જ. માટે આત્માનું સ્વાતંત્ર્ય એ જ પરમ સુખનો માર્ગ, અને આધ્યાત્મિક ઉત્થાન, આત્મિક મુક્તિ એ જ ભગવાને આપેલો મહામંત્ર છે. એ કાર્ય સિવાય બીજા બધા કાર્યમાં ઉપેક્ષા કરવી. હવે તમને આ અવાજ (રેડીઓનો) ઉપદ્રવ નહિ કરે....એમ માનું છું.'

ગુરુ મહારાજે વક્તવ્ય પૂર્ણ કર્યું.

આટલું સાંભળતાં યુવાનો ફરી સ્વાધ્યાયમાં મગ્ન બન્યા. મને થયું...પ્રશ્નનો ઉત્તર અને તેમાંથી વિચાર અને વિચાર સમૃદ્ધિમાંથી આચારની ભવ્ય ઈમારતમાં જોવાયા પછી જે નવજીવન, જે આત્માની વિશિષ્ટ તાજગી ઉદ્ભવે છે, તેને નિર્જીવ શબ્દ કયાંથી વર્ણવી શકશે?

આજના યુવાનો આ નવજીવનના પંથે કયારે અડગ બનશે!



બોજનો અંત

આજકાલ વધુ પડતું પરચુરણ ભેગું થતું હોવાથી તે ગણવાનું બોજારૂપ બને છે, પણ લંડનમાં સોધાયેલા એક નવા મશીનથી આ બોજનો અંત આવશે. આ મશીનમાં એક સાથે સાત પ્રકારના કુલે આઠસો સિક્કા નાખી શકાય છે ત્યારબાદ મશીન ચાલુ કરવાથી મીનીટના છસો સિક્કાને તપાસીને અલગ પાડી તેની કુલ કિંમત કેટલી થઈ તે નોંધે છે.

કલાકનાં ૪૦૦ ઢાંકણા

છ ઇંચ ઉંચા અને અઠી ઇંચ ડાયામીટરનાં ધાતુના ડબ્બાઓ પર કલાકનાં ચારસોના હિસાબે ઢાંકણા બેસાડી શકાય તેવા યંત્રની શોધ થઈ છે.

પ્લાસ્ટીકનાં મધપુડા

જાપાનમાં કેન્જી ટાડા નામના એક માણસે પ્લાસ્ટીકના મધપુડા તૈયાર કર્યા છે. આ મધપુડા ઝાડ ઉપર ચૂકી દેવામાં આવે છે, જેમાં મધ-માખીઓ આવીને મધ ભેગું કરે છે.

વ્યાપારી જહાજ

જગતભરમાં સૌથી મોટું વ્યાપારી જહાજ અને તેલવાહક ટાંકી હાલમાં રોટરડેમ નજીકનાં જહાજ વાડામાં બાંધવામાં આવેલ છે. આ જહાજ ૯૦૦ ફુટથી લાંબુ છે. તેના એન્જીનની શક્તિ ૨૬૫૦૦ હોર્સ પાવરની છે.

મજબૂત કાચ

સોવીયેટ સંઘના એક સંશોધક 'એ. શામાનોવે 'એ એવા કાચની શોધ કરી છે કે તે કાચમાં ખીલો ઠોકીને બેસાડી શકાય છે છતાં એ તૂટતો નથી તેમજ તેમાં તીરાડ પડતી નથી એટલી તેની મજબૂતાઇ છે.

ભાષાન્તરનો પ્રશ્ન

કલાકના ૬૦ હજાર શબ્દોનું એકમાંથી બીજી ભાષામાં ભાષાન્તર કરી શકે તેવું યંત્ર અમેરીકાની એક પેઢીએ લંડનના પત્રકારો-વેપારીઓ અને સરકારી અમલદારોને બતાવ્યું હતું. આ શોધથી ઝડપી ભાષાન્તરનો પ્રશ્ન ઉકેલાયો છે.

અખતરો

પત્રોના સરનામાં આપમેળે વાંચી શકે, નાના-માંથી મોટા પત્રો તારવી કાઢે,. ટિકિટો ઉપર છાપ મારી રદ કરે તેવા અદ્‌ભૂત ઇલેકટ્રોનિક યંત્રનો અખતરો બ્રિટનની એક ટપાલ કચેરીમાં કરવામાં આવ્યો હતો.

ઉડતી રજ

સિમેન્ટના કારખાનામાં ઉડતી રજનો ઉપયોગ શાકભાજી ઉગાડવાનાં ખાતર તરિકે થઈ શકે છે, એ સોવિયેટ વૈજ્ઞાનિકોએ પ્રયોગથી સિદ્ધ કર્યું છે. આ રજમાં ૩૫ ટકા 'આલ્કની' છે; અને અડધોઅડધ પાણીમાં ઓગળી જાય તેવા પોટે-શિયમ ક્ષાર છે.

જેટ વિમાન કરતાં ઝડપી

આમસ્ટર્ડામની એક કંપનીએ એક નવા પ્રકારનું વિમાન બાંધવાની શરૂઆત કરી દીધી છે. આ વિમાનનું નામ A. 27 Friendship રાખવામાં આવશે, આ વિમાન જેટ વિમાન કરતાં પણ વધુ ઝડપી ને વધુ ઉતારૂઓ લઇ જશે.

ટિકિટ આપતું યંત્ર

ન્યુયોર્કમાં આર. વી. એન્ડરસન નામના એક વૈજ્ઞાનિક શોધકે સ્ટેશન પર ટિકિટ આપનાર માણસ બેસાડવો પડે છે તેના બદલે પ્રવાસીઓને આપોઆપ ટિકિટ મળી જાય એવું યંત્ર તૈયાર કર્યું છે.

જીવન અને મૃત્યુ

[ચિંતન કણિકાઓ]

શ્રી મલુકચંદ આર. શાહ–સાબરમતી.

જીવન વિષે તથા મૃત્યુ વિષે બહુ જ થોડા જણાએ જે વિચારવાનું છે, તે વિચાર્યું હશે? જો જીવન તથા મૃત્યુ વિષે વાસ્તવિક વિચાર કરવામાં આવે તો વૈરાગ્યભાવ જાગ્રત થયા વિના ન રહે! આવું આગવી શૈલીનું ચિંતન અહિં વિચારકણિકાઓ દ્વારા ચિંતક ને લેખક અત્રે રજૂ કરે છે : જે જરૂર મનનીય તથા નવી દૃષ્ટિનું ઉદ્‌બોધન 'કલ્યાણ'ના વાંચકો માટે બનશે એ નિઃશંક છે.

આપણો વર્તમાન અનંત ભૂતકાળની જ એક-માત્ર ઘટના બની રહેવાની છે. એ સત્ય લક્ષ્યમાં રહે તો !!!

ઉગતી ઉષા અને આથમતી સંધ્યાનું ચિત્ર–બન્નેને એકી સાથે જ યોગી જુએ છે.

'આપણે બધા એક દિવસ મરી જવાના છીએ'–એટલે શું?

ગમે તેવું મસ્તીભર્યું યૌવન ચટકા ભરી રહ્યું હોય, છતાંય પ્રત્યેક પળે તને તે વૃદ્ધત્વની કાય તરફ દોરી રહ્યું છે–એ તને યૌવનની મોહક નિદ્રા વખતે યાદ રહેશે ખરૂ???

એ તો નક્કી છે કે તમારા મૃત્યુના સમાચાર તમે સાંભળી શકવાના નથી, એ સંબંધક જગત પરની અસરો તમે જોઈ શકવાના નથી–તો પછી એ બનાવને તમારે અગાઉથી જ મનમાં ચિત્ર લાવીને જ સમજવો રહ્યો. (કલ્પી લેવો રહ્યો) 'તમારૂ મૃત્યુ થયું'–જરા વિચારી તો જુઓ.

આવતી કાલ દિવસ ઉગશે. આપણો મૃત્યુનો દિવસ એ કોયડો પણ 'આવતી કાલ'માં જ છુપાયો હશે ને! આવતી કાલ! આવતી કાલ!...અને અંતે?....મૃત્યુની જ તે આજ...

એક પછી એક વહેતી સંધ્યા આપણને બીજા દિવસની ઉષા સમીપ જ નહીં...પરંતુ જીવનની કેવળ સંધ્યા તરફ પણ પગલી ભરાવી રહી છે. એ યાદ રાખજો.

વીતેલી રાત્રી ગયેલા કાળનું વિસ્મરણ કરાવે છે.

ઉદય અને અસ્તનું આ કેવું કારમુ સ્વપ્ન છે!

વર્તમાનકાળ=" ભુતકાળ' બનાવવાનો મસાલો.

– જીવન=વર્તમાનકાળને 'ભૂતકાળ' બનાવી આપતું સતત ચાલતુ કારખાનું.

મૃત્યુ એટલે ઉંઘતું જીવન, મૃત્યુ એટલે અકારણ પ્રમાદ, મૃત્યુ એટલે 'હું'નું જીવન, મૃત્યુ એટલે અજ્ઞાન. એ અજ્ઞાન જો એક વાર મરી જાય તો પછી કોઈ જન્મતું યે નથી અને મરતું યે નથી.

પશુ ઉંઘમાં જીવે છે. માટે પશુ છે. માનવ જરા જાગીને જીવે છે, માટે માનવ છે. યોગી સંપૂર્ણ જાગીને જીવે છે માટે તે દેવ છે. તેમાં *તમે કયા વર્ગમાં છો?*

મૃત્યુનું વિસ્મરણ એટલે વિકારોનું સ્મરણ.

જાણે કદી યે કોઇનું મૃત્યુ ન થયું હોય અને કદી યે થવાનું ન હોય તેમ વર્તો, લગ્નમાં મહાલતાં આ માનવગણ તો જુઓ!!! લગ્ન-મંડપમાંનું એ ડાહ્યા લોકોનું સાજન (ટોળું), વાસ્તવમાં તો મુખ્યશિરોમણિ હોવાથી, યમદૂત તેમના તરફ કેવા (તો) કટાક્ષથી હસતો હશે!

મૃત્યુના સ્મરણ દ્વારા જ્યાં મૃત્યુ નથી, ત્યાં પહોંચવાનું છે. એ ધ્યાનમાં રાખજો.

જેણે મૃત્યુનું–(જીવનની) ક્ષણભંગુરતાનું–સતત ભાન કર્યું છે એવાઓ જ 'મૃત્યુ મરી ગયું રે લોલ'–એમ સિદ્ધિનાદ ગાવાને સમર્થ બન્યા છે.

આથમતો સૂર્ય–આથમતા જીવનની એંધાણી આપી રહ્યો છે.

જીવનજળરૂપી તલાવડીનું પાણી પ્રતિપળે યમદેવરૂપી સૂર્ય શોષી રહ્યો છે. તલાવડી સુકાઇ જશે. જીવન અસ્ત થશે.

શાશ્વત વસ્તુનું લક્ષ્ય રહ્યા કરે અને મૃત્યુનું સતત ભાન રહે તો તમારી મગદૂર નથી કે તમે હર્ષપૂર્વક સંસાર ભોગો ભોગવી શકો.

'જે પછી નથી તે આ ક્ષણે પણ નથી જ'– એમ નિશ્ચયમાં રાખો તો–એ ધ્યાનમાં આવે તો– જગતમાં પ્રભુ સિવાય બીજુ કાંઇ નહિ જણાય.

સંસાર સ્વરૂપનું આખું ચિત્ર એકી સાથે જ જોઈ શકાતુ હોત તો આ દુનિયામાં વૈરાગ્યવાળા બધુ હોત.

આજનો દિન અને આજની રાત રડી રહી છે. ગઈ કાલના દિન અને ગઇ કાલની રાત્રિના અવસાન માટે હંમેશાં 'આજ' છે જ અને સાથે જ 'ગઇ કાલ'નું અવસાન પણ છે જ–તેથી તો તમારા અસ્તિત્વની પ્રત્યેક પળ રડી જ રહી છે...પછી ભલેને તમે બેન્ડવાજા, રેડીઓ, રમાની રમુજો વગેરેમાં રાચીને એ રૂદન સાંભળો કે નહિ. પણ ફરીને કહું છું કે 'પ્રત્યેક પળ રડી રહી છે... રડી રહી છે' અને તમે હસો છો?

'એક હતો રાજા અને એક હતી રાણી'– આવી કોઇ બીના–વાર્તા સાંભળતા તમે ચોંકી કેમ જતા નથી! 'હતો' શબ્દ કેટલો ભયંકર છે? 'હતો' કહેતા જ–તેનો અર્થ વિચારતાં જ– દુનિયા સૂન્યમાં સમાઈ જાય છે–વૈરાગ્યપૂર ઉમટે... કારણ કે 'હતો' એટલે હાલમાં નથી, જો કે પહેલા હતું–તેવી જ રીતે આપણે પણ 'હતા' એમ ભાવિની પેઢી તેના સમયે કહેશે. અને હાલમાં નથી તેમ તે પેઢી બોલશે, તો પછી હમણાં છીએ એ સ્વપ્નસૃષ્ટિ જ ને? શોધી કાઢો...સમજો કે જે 'છે' અને 'હતુ' થાય છે તે ખરેખર 'છેય નહી' (નથી) અને 'હતું પણ નહીં' અને આ બધુ સમજનારો છે તે સદાય છે, છે અને છે જ. અને તેને 'હતુ' છે નહિ. 'હતુ' કદી હતુ નહિ અને 'હતુ' કદી હશે પણ નહિ...એટલે કે તે છે, છે અને છે જ.



જિનપ્રતિમાજીને લેપ–ઓપ

પ્રતિમાજીને લેપ તથા ઓપ અને ચક્ષુટીકા, નેણ–તંબોળ તથા નાના–મોટા દાગીના ચોડવાનું સુંદર અને મજબૂત કામ કરી આપનાર. ચક્ષુ–ટીકા ચોડવાનો તૈયાર મશાલો દરેક કલરનો અમારે ત્યાંથી મળશે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં કાયમી કામ કરનાર. ભરોસાપાત્ર ગેરેન્ટીવાળા કામ માટે મળો.

વશરામ જયસીંગ લકુમ

ડે૦ દરજીના ઢોરે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

સરલતા પૂર્વક કોઇના પણ ગુણને ગુણાનુરાગી બનીને ગ્રહણ કરતાં શીખો! ને પારકા દોષોને ભૂલેચૂકે જોશો નહિ!

o

કોઇના સુખને જોઇને બળો નહિ પણ ઠરો! ને કોઇનાં દુઃખને જોઇ ઠરો નહિ પણ બળો! જો સુખી થવું હોય તો આટલું યાદ રાખો!

દેવ, ગુરુ તથા ધર્મ પ્રત્યેની નિષ્ઠાને કદિયે ભૂલશો નહિ.

આજે પ્રામાણિકતા વકરી ગઈ છે !

વર્તમાનકાલે સમસ્ત દેશપર દૃષ્ટિ નાંખતાં ચોમેર પ્રામાણિકતા, ખેલદિલી, સચ્ચાઇ તથા સાચો સ્વાર્થત્યાગ, સંયમ અને સહનશીલતા ઇત્યાદિ સદ્‌ગુણોનો હ્રાસ થઈ રહ્યો છે. રાજકારણ જે આજનાં વાતાવરણમાં સર્વોપરિ બન્યું છે, તેમાં અપ્રમાણિકતાનો ચેપ હદ ઉપરાંત ઘૂસ્યો છે, પ્રજાએ પણ વ્યાપારીક્ષેત્રે કે રાજકારણના ક્ષેત્રે અપ્રામાણિકતાને જોઇને કોઇની યે ટીકા કરવા કરતાં જાતગવેષણા કરવાની જરૂર છે. આ હકીકતને પોતાની સચોટ તથા મર્મસ્પર્શી શૈલીમાં મહાગૂજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી મહેતા રાજકારણના તાજેતરમાં બની ગયેલા બનાવોની સમીક્ષા કરતાં બોધપાઠરૂપે અહિં રજૂ કરે છે. તેઓ કહે છે કે, ખરેખર આજે માનવતાનો હ્રાસ થઇ રહ્યો છે, ને અપ્રામાણિકતા વકરી ગઇ છે, ને કલિયુગ મધ્યાહ્નમાં તપી રહ્યો છે.

શ્રી યશોધર ન. મહેતા. અમદાવાદ

આજે કળિયુગ વ્યાપી ગયો છે. આજે એનો મધ્યાહ્ન હશે એવું દેખાય છે.

ભીમસેનની ગદા

ભીમસેને દુર્યોધનને કમરની નીચે ગદા મારી ત્યારે બળરામ ખૂબ ગુસ્સે થઈ ગયા હતા કૃષ્ણે દલીલબાજી કરી કે "દુષ્ટને આવી રીતે પૂરા કરવામાં પાપ નથી." પણ એ દલીલ બળરામને ગળે નહિ ઉતરી અને હું ધારૂ છું કે મહર્ષિ વ્યાસને પણ એ દલીલ ગમી નહિ હોય. એમણે એક વાકય એમના પાત્રના મોંમા મૂકયું "પ્રાપ્તે કલિયુગે સતિ" એનો અર્થ કે, ખરેખર હવે કળિયુગ આવી પહોંચ્યો છે!

સત્ય આજે કળિયુગના પંજામાં છે

આજે આવા ગદા પ્રહારો જીવનના દરેક ક્ષેત્રમાં ચાલ્યા કરે છે, રાજકારણ તો આજે કળિયુગનો કિંકર બની ગયું છે. વેપાર ધંધા આજે કળિયુગના પંજામાં છે. આજે કળિયુગની સામે થવાનું કોઇને સૂઝતું નથી. બધા એમ કહેતા સંભળાય છે, કે "કળિયુગમાં તો એમ જ હોય, ચાલે છે તેમ ચાલવા દો." ટુંકમાં સત્ય શું છે તેની આપણને જાણ છે પણ તેનો આગ્રહ રાખવાની શક્તિ દહાડે દહાડે ક્ષીણ થતી જાય છે. એક વખત એવો પણ આવશે કે સત્ય શું તેની જાણ પણ આપણને રહેશે નહિ.

બધા પક્ષો કળિયુગના કિંકરો છે

કળિયુગનો સામનો અવનવા પક્ષો સ્થાપવાથી આપણે કરી શકવાના નથી. આપણે જે રાજકીય પક્ષો ઉભા કરીએ છીએ તે બધા "વિરોધ" અર્થે હોય છે. સત્યના પ્રસાર અર્થે હોતા નથી. પક્ષમાંથી સત્ય જન્મશે એવી ભ્રમણા આપણે સેવવા જેવી નથી. દરેક પક્ષમાં આજે હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે. આ હકીકતનો સ્વીકાર કર્યા વગર જેટલાં ફાંફાં મારવાં હોય તેટલાં મારીએ.

લોભે માઝા મુકી છે

હાલમીયા જૈન કંપનીએ વેપાર ધંધામાં કેટલુંક એવું કર્યું છે કે જેને આપણે કળિયુગનો પ્રભાવ કહી શકીએ. સામાન્ય માણસોના સાથે કેવી કેવી રમતો ખેલીને પૈસા-

દાર થવાય છે એનો પુરાવો આ પેઢીએ આપ્યો છે. લોભ જ્યારે માઝા મુકે ત્યારે જાણવું કે કળિયુગ ઘૂસવા માંડ્યો છે. વેપાર ધંધામાં જ લોભ હોય છે એવું નથી. રાજકીય સત્તાનો લોભ પણ મનુષ્યને અંધ કરે છે. ખુરશી ટકાવવા માટે જે કાર્યો કરવામાં આવે છે તે પણ કળિયુગનો જ પ્રભાવ છે. અગાઉ સ્વેચ્છાથી રાજગાદીઓ છોડવામાં આવતી ત્યારે કોઇ એવું ન હોતું માનતું કે "અરર હું જઇશ તો શું થશે !" મનુષ્યના દિલમાં વસેલો લોભ એને મોહમાં નાખે છે અને એનો દોરાયો એ પોતે કળિયુગની વિકરાળ દાઢમાં આવી જાય છે.

સત્તાના મોહમાં બધા જ પડી ગયા છે

શા માટે આત્મવંચના કરી રહ્યા છીએ ? શા માટે મિથ્યા પ્રલાપો કરીએ છીએ ? આજે જવાહરલાલજીથી માંડીને નાનામાં નાના કાર્યકર સુધી સહુ સત્તાના મોહમાં સરી પડયા છીએ. બીજાને જે ઇચ્છા થાય તે લોભ અને મોહ અને હું તો પોતે એમાં રચોપચ્યો રહું તેનું નામ સેવા એવી જાતની માન્યતાથી આજે આપણો સહુનો વહેવાર ચાલે છે.

જીસસે મારેલો ચાબખો

દાલમીયા કંપનીએ જે કાંઇ કર્યું તે વકરી ગએલા લોભ અને મોહનું જ દ્રષ્ટાંત છે. પૈસાનો લોભ માણસનું પતન કરે છે તો સત્તાનો લોભ શું તેવું પતન નથી કરતો ? દ્રષ્ટાંતની પાછળ સત્ય તો એક જ છે. દાલમીયાનો દોષ આપણે જોઇ શકીએ છીએ. અને આપણો જોઇ શકતા નથી. વળી જે વસ્તુ દાલમીયા કંપનીએ આજે કરી તે વસ્તુ આવતી કાલે આપણે નથી કરવાના એવી ખાતરી છે ? આ પ્રસંગે જીસસ ઇસુ-ખ્રીસ્તનો એક ચાબખો મને યાદ આવે છે. એક સ્ત્રીએ વ્યભિચાર કર્યો હતો તેને બધાએ પથરા મારવા માંડ્યા. કરૂણાના સાગર ઇસુ ખ્રિસ્તે બધાને બોલાવી કહ્યું. "તમારામાંથી જે નિર્દોષ હોય તે આગળ આવે અને આ સ્ત્રીને પથ્થર મારે, હ્યો, આ પથ્થર મારા હાથમાં છે." જીસસના શબ્દની અસર એટલે પૂછવું જ શું ! કોઇ આગળ આવ્યું નહિં.

માલવીયાને છુટા કેમ કરતા નથી ?

માલવીયા ભારત સરકારમાં પ્રધાન છે. એમણે પોતાની ખુરસીનો દુરૂપયોગ કર્યો છે એવો આક્ષેપ છે. એક વેપારીની પેઢીમાં તેમણે પોતાના કોઇ સ્નેહીને ચૂંટણી લઢવા માટે રૂપીઆ દસ હજાર અપાવ્યાની વાત બહાર આવી છે. માલવીયાએ આવું કર્યું તે જાહેર જીવનની દૃષ્ટિએ અનૈતિક છે એ વસ્તુ પંડિત જવાહરલાલ જાણે છે. રાજા રામે તો જાનકી જેવી જાનકીનો પણ પ્રજાના અંતઃકરણની શાંતિ વાસ્તે ત્યાગ કર્યો હતો પણ જવાહરલાલમાં એવી પ્રબળ ત્યાગ વૃત્તિ દેખાતી નથી. મેનન અને માલવીયા બંને અગ્નિશુદ્ધ સીતાઓ છે. એવું માનીએ તો પણ જાહેર જીવનની અગ્નિશુદ્ધિ ખાતર જવાહરલાલે એમનો સ્વેચ્છાથી ત્યાગ કરવો યોગ્ય હતો.

અયોગ્ય વ્યવહાર નભાવી ન લેવાય

માલવીયા પ્રકરણ આપણા જાહેર જીવનની દુ:ખદ પરિસ્થિતિ ઉપર પ્રકાશ નાખે

છે. આપણે કોંગ્રેસમાં હોઇએ તેથી "શિસ્ત" ની ખાતર "અયોગ્ય" ને નભાવી લેવું એ મનોદશા અધઃપતન કરનારી નીવડશે એમાં શંકા જ નથી. આંખે પાટા બાંધીને મુશ્કેલીના પહાડો ઓળંગી શકાશે નહિ. કોંગ્રેસ અનૈતિક બને તેના કરતાં તેની હસ્તી ન રહે એ બહેતર છે. "શિસ્ત" અને "સંગઠ્ઠન" કોનું? કયા હેતુ વાસ્તે? અનૈતિક અને અયોગ્ય વ્યવહારને નભાવી લઇને કોંગ્રેસે જીવવાનો મોહ જ શા માટે?

આત્મશુદ્ધિનો માર્ગ વીસર્યા છીએ

દલબીયાઓ, સિરાજ્જુદ્દીનો, મેનનો, માલવીયાઓ એ બધાઓ પ્રત્યે રોષ ધરાવવાનો કશો અર્થ નથી. આપણે આજે આત્મશુદ્ધનો માર્ગ વીસરી ગયા છીએ. એટલું જ નગદ સત્ય નીતરે છે. જવાહરલાલજી કોંગ્રેસને શુદ્ધ અને સાત્વિક કરવા ઇચ્છે છે પણ ઇચ્છાનો અમલ કરી તથા કરાવી શકવાની એમનામાં જો તાકાત નથી તો એ બોલ્યું શા કામનું? લોકપ્રિયતાનો મોહ છોડયા વગર કડવું ઓસડ પીવડાવી નહિ શકાય.

કળીયુગને જાહેર ક્ષેત્ર તથા ખાનગી ક્ષેત્ર બધા સરખા

આજે ખાનગી ક્ષેત્રમાં ચાલતા વેપાર ધંધાઓમાં જો અનીતિ છે તો જાહેર ક્ષેત્રમાં શું ચાલે છે તેનો વિચાર સાથે સાથે કરવો જોઇએ. વેપારી વર્ગ જો અપ્રમાણિક છે તો સરકારી તંત્ર શું અપ્રમાણિક નથી? આજે વકરી ગએલી અપ્રમાણિકતાનો કોઈ અંત દેખાતો નથી. કળિયુગને જાહેર અને ખાનગી બધું સરખું છે. કળિયુગને શેઠો તથા સરકારી અમલદારો બધા જ પ્રિય છે. કળિયુગનું ઘર મુકરર નથી.

કળીયુગને હાંકી કાઢવાનો રામબાણ ઇલાજ

જો આપણે દેશનું નવનિર્માણ કરવું હશે તો ઋષિજનોએ વેદોમાં કહેલા ઋત અને સત્યને ધોરી રસ્તે જ થઇ શકશે. ઋત અને સત્યનો જન્મ તપમાંથી જ થાય છે. એવું વેદો તો શંખનાદ સાથે કહે છે. કળિયુગને મારી કાઢવાનો બીજો કોઇ રામબાણ ઇલાજ નથી. તપ એ અંતર શુદ્ધિ છે. એના વગર સત્ય જ કેવું? આ બધી યોજનાઓ પત્તાંના કીલ્લા જેવી છે. સત્ય વગર પડી જશે. પાયો નાખ્યા વગર ચણતર ન કરાય. આ બધા કળિયુગના અનુચરો જેવા રાજકીય પક્ષો આપણો શો ઉધ્ધાર કરવાના હતા? ભારતની શાણી પ્રજા એ મોહમાંથી હઠીજાય તે જ ઇષ્ટ છે. આ ચૂંટણીઓમાં શું ચૂંટવાનું છે તે જ સમજાતું નથી. આપણાં મગજ જો અવ્યવસ્થિત હશે, રાગદ્વેષમાં આપણે જો ડૂબેલા હોઇશું, વેરઝેરથી જો તપેલા હોઇશું, તો આપણે શું ચૂંટાવાના હતા અને કોને ચૂંટવાના હતા? જો આપણે સત્યમાંથી ચળેલા હોઇશું તો આ સ્થૂલ મત પેટીમાંથી કયું સત્ય બહાર નીકળવાનું હતું? મત પેટીના મોહવાળા લોકોને હું પૂછું કે મત પેટીઓમાં કયું સત્ય છે તેની તમને જાણ છે? તમારો મત અસત્ય નથી તેની તમને ખાતરી છે? એ મત રાગદ્વેષનું પ્રતિબિંબ નથી તેની તમને ખાતરી છે? એ મત

(અનુસંધાન પાન ૪૬૯ ઉપર)

કહેવાય નહિ, સહેવાય નહિ, રહેવાય નહિ

પૂ. મુનિરાજ શ્રી હિરણ્યપ્રભવિજયજી મ.

સંસારમાં વિષયોની આધીનતા ગુલામી તથા ભયંકર પરાધીનતા આણે છે, એનો સંસાર કેવલ ભુંગળ વિનાની ભવાઈ જેવો બને છે, આવા વિષયાધીન જીવની ગુલામી મનોદશા તથા તેના સંસારની ભવાઇ અહિં રજૂ થઇ છે.

આજે શ્રીમંતાઇમાં વિકૃતિ આવતી ગઈ છે, અને એમાં વૈભવ વિલાસના વાયરાના વંટોળીયા તોફાનો મચાવી રહ્યા છે. વિષય અને વિકારના શીકારની જાળમાં શ્રીમંતાઈ ફસાતી જાય છે, જે શ્રીમંતાઇમાં સદાચાર, ઉદારતા અને સંતોષનું સજીવન હતું એ શ્રીમંતાઇમાં આજે દુરાચારીપણું, ઉડાઉપણું, અસંતોષપણું અને દેહની વાસનાનું અતૃપ્તિપણું મૂર્તિવંત થતું જાય છે. વૈભવ વિલાસ, વિષય અને વિકારની ચીનગારી, શ્રીમંતાઇના આદર્શો અને સંસ્કૃતિને બાળીને ખાખ કરી રહી છે.

ધનના સંગ્રહમાં શ્રીમંતાઇની બડાઇ છે આવું માનનારાના હૈયામાં લાલસાની લડાઇ જાગે છે. પાપપ્રવૃત્તિની ચઢાઇ આવે છે. શાંતિમય નિવૃત્તિ અશાંતિમાં દટાઇ જાય છે અને તૃપ્તિ પટકાઇ જાય છે અને વાસનાનો પડકાર જાગે છે. ધનના મદની મસ્તી સદાચારની સુસ્તી, સુપ્તદશામાં વૈભવ વિલાસની અતૃપ્તિની ખાઇમાં લપસે છે. અપકીર્તિની યાતનામાં ફસે છે. એ કેવી રીતે ફસે છે એ નીચેનું દૃષ્ટાંત પુરૂ પાડે છે.

મોહમયીની સ્વર્ગપુરી સાદૃશ મુંબઇમાં આધુનીક ઢબે શણગારેલા પ્લેટફોર્મમાં યુવાનીની શક્તિની લાલી ગૈભવવિલાસની ચીનગારીમાં હોમી, બાળીને ખાખ કરી નાખી છે. દાંત પડી ગયા શરીર પર કરચલી વળી છે. લાકડીના ટેકે ડગ ભરે છે કમર વાકી વળી ગઈ છે. એવી જરા અવસ્થામાં પ્રવેશ કરેલો શ્રીમંત વસે છે.

એની યુવાની ચાલી ગઇ છે. પણ વાસના સજીવન રહી છે. શ્રીમંતાઇના બળે, યુવાનીમાં પ્રવેશ માંડ માંડ થયો હશે એવી યુવતી સાથે લગ્ન કરે છે. ઘરડે ઘડપણમાં વિકાર વૃદ્ધિ પામે એવો શોખ ગયો નથી. સીનેમા, નાટક, હોટલ, ચોપાટીની ભેળપૂરીનો ચટકો ગયો નથી એટલે નવી પરણેલી યુવતીને સાથે હરવા ફરવા ચોપાટી પર લઇ જાય છે અર્થાત્ એના જેટલા વિકાર વૃદ્ધિના શોખ હતા એ બધા શોખનો ચટકો ચખાડે છે.

જેમ જેમ યુવતી ચટકો ચાખે છે તેમ તેમ એનો લટકો વધે છે. અને જેમ જેમ લટકો વધે છે તેમ તેમ રોફ અને પાવરનો પારો ચઢે છે.

એ પારો એટલો ચઢે છે. પતિ અને પત્નીની મર્યાદાનું ઉલ્લંઘન કરી જાય છે.

આ શ્રીમંત એના નોકરો ઉપર, કારીગરો ઉપર અથવા એના સર્કલમાં વસતા વહેપારી આગળ પોતાની સત્તાનો દાબ ભલે બેસાડતો હોય પણ એની

શેઠાણી આગળ રાંક અને ગરીબ ગાય જેવો રહે છે.

એના શબ્દે શબ્દે એને નમવું પડે છે. એની હુકમત નીચે જીવન વિતાવવું પડે છે. હડધુત અને અપમાનભેર રહેવું પડે છે. શું થાય? વાસનામાં મશગુલ રહેનારાઓ પર નારીઓનું રાજ ચાલે છે.

આ શ્રીમંતથી યુવતીને દેહની વાસનાની તૃપ્તિ થતી નથી, તેથી ઘરમાં કામકાજ માટે ઘાટી રાખેલો છે. ઘાટી સાથે મીઠું મીઠું બોલે છે. સારૂં સારૂં ખાવાનું આપે છે. સારૂં પહેરવાનું આપે છે.

ઘાટીને પોતાના વશમાં લેવા માટે મોટી મોટી લાલચો બતાવે છે. વિકાર વૃદ્ધિ થાય એવું સ્મિત કરે છે. આંગોપાંગનો દેખાવ કરે છે. આંખના મટકારા મારે છે શેઠ શેઠાણીને મર્યાદા મૂકતાં જોઇ માર્મિક શબ્દોમાં ઠપકો આપે છે.

ત્યારે શેઠાણી શેઠને રોફ અને પાવરપૂર્વક ચોકખું પરખાવે છે; 'આ ડહાપણ આજે કયાંથી આવ્યું? તમને શરમ ન આવી હું ઘડપણમાં યુવાન યુવતી સાથે પરણું છું. બેસો ગરબડ કરતા નહિ એમજ ચાલશે. ખબરદાર?'

શું કરે શેઠ એમનેમ અંદર સમસમી ગયા. કોઇને કહેવાય નહિ, સહેવાય, નહિ, રહેવાય નહિ. ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂવે એવી દશા શેઠની થઈ.

આના ઉપરથી એ ધડો લેવાનો છે કે શ્રીમંતોને શ્રીમંતાઇ મલી છે. એ શ્રીમંતાઇ વૈભવ વિલાસના પૂરમાં તણાઇ ન જાય. દુનિયામાં હડધુત ન થવાય એવી કાળજી રાખો. સૌ કોઇ યથાશક્તિ બ્રહ્મચર્યનું પાલન કરીને, સંયમના પંથમાં નિકટ આવીને અનંત સુખના ભોક્તા બનો એવી અભિલાષા.

(અનુસંધાન પાન ૪૬૭નુ ચાલુ)

વેરઝેરનો પડછાયો નથી તેની તમને ખાતરી છે? એ મત પાંચ દસ રૂપીયાની નોટથી ખરીદાયો નથી તેની તમને ખાતરી છે? ટુંકમાં આ મત પેટીમાં કળિયુગ નથી પેઠો એની તમને ખાતરી છે?

આપણું કાર્ય

આપણું કામ દાલમીયા, માલવીયા, મેનનાદિનું ચિંતન કરવાનું નથી. આપણું કામ આત્મશુદ્ધિનું છે. આત્મ શુધ્ધિના માર્ગે આપણે જે સંગઠન કરીશું તેજ સંગઠન કળિયુગનો સામનો કરવામાં કામયાબ બનશે. સત્તા આપણી અંદર છે, કોઇ પક્ષમાં નથી. આ બધું અર્થતંત્ર અને રાજતંત્ર આપણા આધારે છે, એને આધારે આપણે નથી. રાજકીય પક્ષો અને આર્થિક મંડળો તો બધાં સ્થૂલ ખોખાં છે. આપણે એમનો બપ નથી, એમને આપણો બપ છે. અનાચારની સામે અસહકાર કરવો એ આપણો જન્મસિધ્ધ ધર્મ છે. આપણે આપણી અસહકારની શક્તિ સાબૂત રાખવાની છે. અસહકાર વ્યકિત સામે ન હોય, અસહકાર અનીતિ સામે જ હોય. અનીતિની સામે જો અસહકાર નહિ કરીએ તો ભયાનક કળિયુગ આપણાં મુડદાં કરી નાખશે. રાજકીય પક્ષો આજે વકરી તથા વંઠી ગયા છે અને આપણા બભે ચઢી બેઠા છે. તેઓ સેવા નથી કરતા પણ આપણી સેવા લઈ રહ્યા છે. બભે ચઢેલાને નીચે ઉતારીને આપણે ચલાવવાના છે. આ કાર્ય આપણે આત્મ શુદ્ધિના રસ્તે જ પાર પાડી શકીશું. [ગુ. સ.]

સહ શિક્ષણથી દૂર રહેા!

શ્રી. મ. મુંબઈ.

વર્તમાનના જડવાદી વાતાવરણમાં ડગલે ને પગલે અસંયમ તથા સ્વચ્છંદાચાર વધી રહ્યો છે. તેમાં યે આજનું શિક્ષણ લગભગ મોટા ભાગે ઉગતી પેઢીનાં સ્વૈરવિહાર, ઉદ્ધતાઈ તથા આચાર-વિચારની ભ્રષ્ટતાનો ચેપ જ આપે છે. તેમાંય કૉલેજનુ વાતાવરણ કેવલ રંગરાગ એશ-આરામ તથા વિલાસ ને મેાજશેાખમાં જ હેાય છે. તદુપરાંત કૉલેજમાં જે રીતે સહ શિક્ષણ દ્વારા યુવક-યુવતીઓ સાથે ભણે, ફરે, હરે તે તેા પતનની પરાકાષ્ટા આવી જાય છે ઇંદ્રિયેાની ઉચ્છૃંખલતા ઉદ્ધતાઇ, વડિલેાની મર્યાદાનેા લેાપ, કુલ, શીલ કે ખાનદાની જેવું કાંઇ રહેતું નથી. આ હકીકતના અનુસંધાનમાં નીચેનેા લેખ વાંચી-વિચારી જવા અમારેા સહુ કેાઈ શિક્ષણપ્રેમી સંસ્કારી વાચકવર્ગને આગ્રહ છે. પેાતાની પુત્રીના જીવનની સંસ્કારિતા માટે બાપ ૨૫-૨૫ વર્ષથી કૉલેજના વાતાવરણમાં પ્રેાફેસર તરીકે રહેલી વ્યકિત પાસે સહ શિક્ષણ માટે અભિપ્રાય માંગે છે, ને પ્રેાફેસર શું જણાવે છે તે તમને આ લેખ કહી દેશે.

ઉનાળાની લાંબી રજાઓ પછી હવે કૉલેજની નવી ટર્મ શરૂ થશે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ વખતે એસ. એસ. સી. ની પરિક્ષામાં ઘણી બહેનેા ઉત્તીર્ણ થઈ છે, અને તે પૈકીનેા મેાટેા ભાગ આગળ અભ્યાસ અર્થે કૉલેજોમાં પણ દાખલ થશે.

માર્ચ ૧૯૫૪ માં મારી નાની પુત્રી જે એ વખતે માત્ર પંદર વરસની હતી, તે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થઈ મુંબઇની 'સિદ્ધાર્થ કૉલેજ'માં દાખલ થઈ પણ એ વખતે મને એક વિચિત્ર મૂંઝવણ ઉભી થઇ.

કૉલેજોમાં સહશિક્ષણના કારણે યુવાન વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ પરસ્પર છૂટથી હળે મળે, સાથે હરવા ફરવા જાય, અભ્યાસના નિમિત્તે એકાંતમાં બેસે-અને આમ છતાં તેઓ નિર્વિકારી રહે અને નાજુક પરિસ્થિતિમાં ન મૂકાઇ જાય. એ વાત એ વખતે મને મુશ્કેલ લાગતી, અને હવે આજના નાટક-સિનેમાનાં યુગમાં એ વાત લગભગ અશકય લાગે છે.

જૈનદર્શન નિમિત્ત કારણેાને પણ ઉપાદાનમાં ઉત્તેજક માને છે, અને તેથી જ વ્યક્તિ માત્રે-પુરૂષ તેમજ સ્ત્રી બંનેને માટે નિમિત્ત કારણેાથી સાવધ રહેવા શાસ્ત્રોમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કપિલ અને **બ્રહ્મદત્તની** બે જુદી જુદી કથાઓનેા ઉલ્લેખ છે. કપિલને વિદ્યાર્થી અવસ્થામાં તેના પિતાજીના મિત્રે કેાઇ બાઇને ત્યાં જમવા માટેની સગવડતા કરાવી આપી અને પરિણામે તે બાઈ સાથેના સહવાસના કારણે તે લપસી પડ્યો. બ્રહ્મદત્તના પૂર્વ જીવનમાં જ્યારે તે સાધુ હતા ત્યારે સુનંદા રાણી તેને વંદન કરવા ગયેલા, અને તે વખતે શરતચૂકથી તેના માથાના વાળની એક લટ સરી સાધુ પાસે જઇ પડી, અને તે નિમિત્તના કારણે સાધુએ એવી અનેક સ્ત્રીઓની સાથે ભેાગેા ભેાગવવાનું

નિયાણુ બાંધ્યું. આના પરિણામે બ્રહ્મદત્તના જીવને અધમમાં અધમ યોનિ–એટલે સાતમી નારકીમાં જવું પડયું. આવી રીતે નિમિત્તો બહુ બળવાન છે, અને જીવની ઉર્ધ્વગતિ તેમજ અધોગતિમાં તેનું સ્થાન મહત્ત્વનું છે.

સ્ત્રી–પુરૂષ વચ્ચેના સંબંધ બાબતમાં લખતાં સદ્‌ગત **શ્રી કિશોરલાલ મશરૂવાળા**એ કહ્યું છે કે, 'આધુનિક જીવનમાં બીજાંયે ઘણાં ભયસ્થાનો વધી ગયાં છે. એ ભયસ્થાનો એકાંતવાસી ઊલટા પ્રકારનાં એટલે અતિ સહવાસનાં હોય છે. અનેક પ્રવૃત્તિઓ અને શહેરી જીવનને અંગે સ્ત્રી પુરૂષને એક બીજાનાં અંગોનો સ્પર્શ કોઇવાર અજાણતાં કોઇવાર અનિવાર્યપણે, અને કોઇવાર જોત–જોતામાં થઇ જાય છે. ગાડીઓમાં, મોટરોમાં, સભાઓમાં, રસ્તાઓમાં એક બીજા જોડે ભીંસાઈને બેસવું પડે છે, વાર્તાલાપ કરવો પડે છે. શિક્ષકોને છોકરીઓ કે બાળાઓને શીખવવું પડે છે–અને એ સર્વે બન્નેને માટે ભયસ્થાનો છે. આ બધી પરિસ્થિતિમાં જે પોતાની પવિત્રતા માટે વધારે પડતું ગુમાન રાખે છે તે પડે જ છે; જે જાગ્રત રહે છે તે એ પ્રસંગોને સુખરૂપ નહીં, પણ આપત્તિ-રૂપ સમજે છે, એમાંથી જેમ બને તેમ તસુ-ભર પણ દૂર રહેવું પણ નજીક ન આવવું એવી મનોવૃત્તિથી રહે છે. તે જ ઈશ્વરની કૃપાથી બચી શકે છે.'

હું પોતે પણ આવા વિચારોમાં માનું છું એટલે મારી પુત્રી સિદ્ધાર્થ કોલેજમાં દાખલ થઇ તે ન ગમ્યું. આ પુત્રીની માતા તેમ જ પિતાની બંને જવાબદારી મારા શિર પર હતી પણ તેમ છતાં હક્ક, સત્તા અધિ-કારનો ઉપયોગ કરી સિદ્ધાર્થ કોલેજના બદલે એસ. એન. ડી. ટી. (માત્ર સ્ત્રીઓના માટેની કોલેજ)માં દાખલ કરાવવાનું મને ઉચિત ન લાગ્યું. તેમ છતાં મારા દિલમાં એક પ્રકારનો ઉચાટ અને ઉકળાટ ચાલુ જ રહ્યો. મારૂં વલણ ગેરવાજબી અગર ખોટું હોય એમ પણ બની શકે, એટલે આ સંબંધમાં મારા નિક-ટના સંબંધી અને હિતેચ્છુ પંડિત બેચરદાસ દોશી જેઓ છેલ્લા ૨૫ વરસથી અમદાવાદની એલ. ડી. આર્ટસ કોલેજના અધ્યાપક છે તેઓને મારી મુંઝવણ જણાવી મને માર્ગ–દર્શન આપવા વિનંતી કરી.

એ પછી, પંડિતજીએ મારી પુત્રીને પત્ર લખી માર્ગદર્શન આપ્યું અને પરિણામે સિદ્ધાર્થ કોલેજ છોડી તે પોતે રાજીખુશીથી એસ. એન. ડી. ટી. કોલેજમાં દાખલ થઈ અને એમ એ. સુધીનો અભ્યાસ કર્યો ઘણા માણસો પોતાની છોકરીઓને આગળ અભ્યાસ કરાવવામાં મારી જેમ મુંઝવણ અનુભવતાં હશે એમ માની, પંડિતજીના પત્રમાં લખેલી સૂચનાઓ તેઓને ઉપયોગી થઇ પડશે એ દૃષ્ટિએ આ પત્ર અક્ષરશઃ નીચે આપવામાં આવ્યો છે.

૧૨, બ–ભારતીનિવાસ સોસાયટી એલીસબ્રીજ
અમદાવાદ નં. ૬ તા. ૨–૬–૫૪.

ચી. અરૂણા,

શુભ આશીર્વાદ.

તારા બાપુજીના પત્રથી જાણ્યું કે તું ઘણા સારા ગુણ મેળવીને મેટ્રીકની પરીક્ષામાં પાસ થઇ છે. આ જાણીને અમે બંને બહુ જ રાજી થયા છીએ, અને હવે પછી દિનપ્રતિદિન તારો અભ્યુદય વધતો રહે એમ પરમેશ્વર પાસે પ્રાર્થના કરીએ છીએ. જો કે મેં તારા પર કદી પત્ર નથી લખ્યો, હા, તને અવાર-

નવાર આશીર્વાદ મોકલવાનું ચાલુ રહ્યું છે. પરંતુ આ ટાંકણે તારા ઉપર પત્ર લખવાનું મને વિશેષ મન થઇ આવે છે, તેને રોકી શકતો નથી. મેટ્રીકમાં પહેલી જ વારને પ્રયાસે પાસ થઈ જવું અને તે પણ સારા ગુણ મેળવીને તે આ જમાનામાં ઘણુ વિરલ બને છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસમાં દત્તચિત્ત હોય, ખંતીલા હોય તેઓ જ પહેલીવાર જીતી જાય છે. તું પહેલી જ વારે જીતી ગઈ તે માટે તને અમારા સેંકડો શુભ આશીર્વાદો છે.

જીવનમાં આ એક વિકાસનું પ્રથમ પગથિયું છે. હવે બીજું પગથિયું કયું હોવું જોઇએ ? તે વિષે તને થોડું સૂચન કરવાની મારી ફરજ સમજીને આ લખવા બેઠો છું. અહીંની એલ. ડી. આર્ટસ કોલેજમાં હું ૧૫-૧૬ વરસથી ભણાવું છું, તેથી કોલેજ વિષે મારો જે પ્રત્યક્ષ અનુભવ છે તે જ તને જણાવું છું, તું દીકરો હોત અને મારા જ શાસનમાં હોત તો તને તરતજ કહી દેત કે બાપુ ! ધંધામાં ગોઠવાઇ જાઓ, કોલેજમાં જવાનું આપણું કામ નથી. જ્યારથી કોલેજમાં હું દાખલ થયો છું ત્યારથી દિવસે દિવસે તમામ કોલેજો એટલે મુંબઈ પ્રાંતની કે બીજા પ્રાંતની તમામ કોલેજોનું વાતાવરણ હીન, હીનતર, હીનતમ થતું હું પ્રત્યક્ષ નજરે જોયા કરૂં છું અને કલાસમાં વિદ્યાર્થીઓને કહું છું પણ ખરો કે 'ભાઇઓ ! શા માટે વખત બગાડો છો અને પૈસાનો પણ શા માટે અપવ્યય કરો છો ? ધંધા ઉદ્યોગમાં લાગી જાઓ તો તમને અને તમારા કુટુંબને જરૂર ફાયદો થશે.' આ ઉપરથી તને કોલેજના હીનતમ વાતાવરણનો ખ્યાલ આવશે. દુર્ગુણો વ્યસનો અને ઉચ્છતાઇના સંસ્કારો વિદ્યાર્થીઓ પૈસા અને વખત બગાડીને મોટે ભાગે કોલેજોમાંથી ખરીદે છે, અને પરિણામ બેકાર બનીને જીવનની નિષ્ફળતા અનુભવે છે. તેમ છતાં તારું જો આગળ અભ્યાસ કરવાનું મનજ હોય અને તારા વડીલોની સંમતિ હોય તો તું ત્યાં કેવળ છોકરીઓની કોલેજમાં જા તો ઉચિત કહેવાય. કર્વે કોલેજ ત્યાં છે જ, તેમાં જે અભ્યાસક્રમ છે તે છોકરીઓને ભવિષ્યમાં વિશેષ ઉપયોગી નિવડે એ રીતે ગોઠવેલ છે. ગૃહવિજ્ઞાન, શીવણ, રાંધણ, બાળઉછેર વગેરે વિદ્યાઓ છોકરીઓના જીવનમાં વિશેષ લાભકારક નિવડે છે અને તે સાથે ભાષા, ઇતિહાસ, ભૂગોળ અને ગણિત વગેરે ઉપયોગી વિષયો પણ હોય છે. વળી માનું છું કે તારા ઘરથી તે કોલેજ દૂર પણ નથી. જો તારે કોલેજમાં જવું જ હોય તો મારી આ નમ્ર સૂચના-ભલામણ છે. આ સિવાય બીજી કોલેજો આપણા જીવન માટે ભારે ખતરનાક અને જીવનના મંડપને વધુસી નાખે એવી મને મારા પ્રત્યક્ષ અનુભવથી દેખાય છે. એકવાર પાલીતાણાવાળા નગરશેઠે તેમના પૌત્ર માટે કોલેજમાં દાખલ થવા વિષે પૂછેલું તેનો મેં જવાબ આપેલો કે 'ઘરનો ધંધો હોય તો તેને તેમાં જ ગોઠવી દો, અને પૈસા વધારાના હોય તો છોકરાને બગાડવા કોલેજમાં મૂકવો હોય તો ભલે.' અભ્યાસ વિષે મારા તરફથી કોઇ સહાયતાની જરૂર હોય તો જરૂર તું મને લખજે. હું તો ઇચ્છું કે તું સારૂં સંસ્કૃત, ગુજરાતી અને અર્ધમાગધી તથા અંગ્રેજી શીખીને એક સારી લેખિકા અથવા સંપાદિકા બની જા; પણ આ જોગ તને કર્વે કોલેજ સિવાય બીજે થવાનો સંભવ નથી. આ પત્ર નિરાંતે વાંચજે અને ગંભીરપણે વિચારજે.

બેચરદાસ

(જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા)

મૂત્રાશયના રોગો અને ઉપચારો

વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ-ઝીંઝુવાડા.

'કલ્યાણ' ના લોકપ્રિય લેખક વૈદ્યરાજ 'આરોગ્ય અને ઉપચાર' વિષેની લેખમાળા ઘણા સમયથી લખી રહ્યા છે, જેમાં તેઓએ શરીરના અનેક દર્દો તથા ઉપચારો તેમજ શરીરના પ્રત્યેક અંગ ઉપાંગોનો પરિચય આ લેખમાળામાં કરાવેલ છે. આરોગ્ય વિષેની આ લેખમાળાએ 'કલ્યાણ' ના વાચક વર્ગમાં સારો રસ જાગ્રત કર્યો છે. લેખમાળાના ૧૯ માં આ લેખમાં મૂત્રાશયના રોગો તેના પ્રકારો વિષે લેખક વૈદ્યરાજે ખૂબ સુંદર ચર્ચા કરી છે. અને વર્તમાનકાલે જે વિકૃત રહેણી-કહેણી થઇ રહી છે, તેનાં ભયસ્થાનો તેમણે દર્શાવ્યાં છે. 'કલ્યાણ' ના આ વિભાગમાં હવેથી 'પ્રશ્નોત્તરી' વિભાગ તથા 'અજમાવી જુઓ' વિભાગ પણ શરૂ કરેલ છે. જેઓને પોતાના શારીરિક વ્યાધિ માટે પૂછવા જેવું લાગે તેઓ 'કલ્યાણ' ના સીરનામે 'આરોગ્ય અને ઉપચાર' વિભાગના નામે જરૂર અમારા પર જણાવે! સહુ કોઇ રસપૂર્વક આ વિભાગને ધ્યાનથી વાંચે! એવો અમારો આગ્રહ છે.

⊙

લેખાંક-૧૯

પાણીનું પ્રવાહી પ્રમાણ માનવ શરીરમાં એંસી ટકા જેટલું છે. લોહી અને માંસમાં પાણીનો ભાગ સમાએલો હોવાથી જીવન જીવી શકાય છે. પાચન અને પોષણ પણ પાણીના યોગથી જ રહેલાઇથી થઇ શકે છે. દાંત અને હાડકા જેવા નક્કર મજબુત પદાર્થોનું કર્તવ્ય પણ પાણીના સંયોગથી જ સચવાયેલું છે. દાંત જેવા નક્કર અવયવોમાં પણ ચાર ટકા જેટલું પાણી સમાયેલું છે.

શરીરમાં ચાલતી દહન ક્રિયા દ્વારા એકઠા થએલા અશુદ્ધ પદાર્થો, ઝેરી તત્ત્વો, ક્ષાર, ખટાસ વગેરેને બહાર કાઢવાનું કામ પરસેવા રૂપે ત્વચા મારફત, વરાળ રૂપે ફેફસા મારફત, મળ રૂપે આંતરડા મારફત, અને મૂત્ર રૂપે મૂત્રાશય મારફત, બહાર નીકળે છે. સૌથી વધારે અશુદ્ધ પદાર્થોનો મૂત્ર દ્વારા નિકાલ થાય છે. જેટલું પાણી પીવાણું હોય તેનો અડધા ઉપરાંત ભાગ મૂત્ર રૂપે નીકળે છે. એટલે મૂત્રાશય એ અતિ મહત્વનું અવયવ છે.

આહારના પાચન પછી પણ અવશેષ રૂપે રહેતા ક્ષારો-અમ્લક તત્ત્વો, પાણીમાં ઓગળી શકે તેવા કચરાઓ, કુદરતી રીતે જ મૂત્ર દ્વારા બહાર નીકળે છે. ક્ષાર (કફ અને વાયુની વિકૃતિ) ખટાસ (પિત્તની વિકૃતિ) એને પણ પાણી અમુક હદ સુધી જ સ્વશક્તિથી ઓગાળી શકે છે. આ શક્તિ કરતાં વિકૃતિઓ વધારે વધે તો મૂત્રાશય રોગથી ઘેરાય છે. ગાંઠ રૂપે, સોજા રૂપે, ચાંદા રૂપે અને એમ વિધવિધ પ્રકારે રોગોત્પાદક બને છે.

પેટના અવયવો પેડુમાં આવેલા વીર્યાશય, ગર્ભાશય અને મૂત્રાશયના રક્ષણ માટે કટિ પ્રદેશ, થાપાના મજબુત હાડકા, સાથળના ત્રાંસીયા, ગુદાના હાડકા ભરાવદાર આસન (કુલાનો પ્રદેશ) અને ડુંટી સાથે જોડાએલ ઉદરની નીચેનો બસ્તિ પ્રદેશ આવી રીતે બનેલા પોલાણમાં અતિ અગત્યનું અવયવ મૂત્રાશય આદિનું રક્ષણ રક્ષાએલું છે.

મૂત્રપિંડ બે છે. તેને ગુરદા કહેવાય છે. કરોડની બાજુએ પેટની પાછળ કેડના ભાગમાં આવેલા છે. લંબાઇ ચાર તસુ, પહોળાઇ બે તસુ જેટલી છે. ચરબીથી રક્ષાએલું છે. જમણી તરફનો ગુરદો ડાબા કરતાં યકૃતના દબાણથી ઢળકતો નીચે મુખે રહે છે. ઉપર ઉર્ધ્વ ભાગ, યકૃત અને આંતર છે. ડાબી બાજુના ગુરદા ઉપર બરોળ, આગળ હોજરી

અને આંતરડું છે. ગુરદ્વાનું આગળનું પૃષ્ટ અને કોર બાહ્યગોળ છે. પાછળનું, પૃષ્ટ ચપટું અને અંતરગોળ છે. વચ્ચે ઉંડાઈ છે. ધમની અંદર પ્રવેશ કરે છે. શીરા અને મૂત્ર નળી બહાર નીકળે છે.

મૂત્રનળનું મુખ ગુરદ્વા સાથેના જોડાણમાં પહોળું છે. મૂત્રપિંડની આસપાસ શ્વેત તંતુઓની જાળી છે. શુક્ષ્મ મૂત્ર વાહિની નળીઓથી મૂત્રાશયનો પિંડ બનેલો છે. આ નળીઓ ગુંચળાકારે, પહોળી, આચ્છાદન યુક્ત છે બહાર કેશવાહિની નળીઓની જાળ ગુંથણી છે મધ્ય ભાગની નળીઓ સીધી છે આ રચના એકત્ર જુથ રૂપે જોડાઇ આંચળના આકારનું મુખ બનાવે છે, તે વાટે મૂત્ર ટપકે છે. આવા જુથ અને આંચળ પાંચથી સાત સુધી હોય છે.

મૂત્રનળી : મૂત્રપિંડમાંથી મૂત્રાશયમાં મૂત્રવહન કરનારી નળી અઢાર તસુ જેટલી લાંબી, ગુરદ્વામાંથી નીકળી, પેડુમાં થઇ મૂત્રાશયમાં જોડાય છે. (૧) તંતુમય પડ (૨) સ્નાયુમય પડ (૩) અને શ્લેષ્મ પડ એમ ત્રણ પડવાળી છે. આ નળી આંતરડાની પાછળ હોય છે. આંતરપૃચ્છ જ્યાંથી મળ ગુદામાં આવે છે તે પૃચ્છ પાસે તર્જની દ્વારા દબાવાથી આ નળીની ગાંઠ, ચાંદુ, સોજો ઇત્યાદિ જાણી શકાય છે.

મૂત્રાશય પેડુના આગળના ભાગમાં છે. તે ખાલી હોય ત્યારે સંકોચાય છે અર્થાત્ નાનુ બને છે, અને ભરાય છે ત્યારે મોટુ બની વિસ્તરે છે, ત્રિકોણાકારે છે. બહુ મૂત્ર ભરાય ત્યારે ઠેઠ નાભીના ઉપરના ભાગ સુધી વિસ્તરી શકે છે, મૂત્રાશયના ત્રણ ભાગ છે.

(૧) ઉર્ધ્વભાગ (૨) મધ્યભાગ (૩) અને ગ્રીવા. ગ્રીવાની આસપાસ ગ્રંથીઓ છે. નીચેના તળીએ વીર્ય સ્થાન છે. રસપડ–સ્નાયુપડ–અને શ્લેશ્મા, વરણ છે. ચારે તરફ સ્નાયુઓથી વિંટાએલું છે. આથી સકંચાઇ પેસાબ બહાર આવે છે, મૂત્રવહન કરનારી ક્રિયામાં આજુબાજુનો પ્રદેશ, અંડકોસ અને ઇન્દ્રિયને ગણવામાં આવ્યા છે. મૂત્રાશયના ઉપરના ભાગમાં આંતરડા છે: તેમાંથી દ્રવ ભાગ ઝરીને બરતીમાં આવે છે. દાખલા તરીકે : માટીનો કોરો ઘડો કાંઠા બહાર રહે તેવી રીતે પાણીથી ભરેલા મોટા વાસણમાં રાખવામાં આવે અને મોટા વાસણમાં રહેલું પાણી ઝમીને ખાલી કોરા ઘડામાં દાખલ થાય છે. તેમ શરીરમાંથી ફરતો ફરતો એકઠો થયેલો અને આંતરડાના મળ યુક્ત રગડામાંથી જલીય પદાર્થ ઝમીને મૂત્રાશયમાં એકઠો થાય છે. લિંગની મધ્યમ તુંબડી જેવા આકારનું પાતળી ચામડીથી મઢાએલું સ્નાયુ અને નાડીથી રક્ષાએલું અધોમુખે મૂત્રાશય રહેલું છે. મૂત્રને વહન કરનારી નાડીઓ બગડેલા વાત–પિત્ત ને કફને મૂત્રાશયમાં દાખલ કરે છે. ત્રિધાતુ સમાન ચાલતી હોય તો મૂત્ર પ્રવાહ સાનુકૂળ રીતે વહન થાય છે. પણ કોપ યુક્ત ચાલતો હોય તો અનેક વિકારો વિકૃરે છે, અને મૂત્રકચ્છ, મૂત્રઘાત, (અસ્મરી) પથરી જામવી ઉંધમાં પેસાબનું વહી જવું ઇત્યાદિ અનેક રોગો જન્મે છે **મુત્રિતોદકમક્ષ્યસ્ત્રીસેવનાત્ મૂત્રનિગ્રહાત્ મૂત્રવાહિનિદુષ્યન્તિ ક્ષિણસ્યાતિકૃશકયચ મૂત્રાવિટ સ્વેદવાહિનાં ચિકિત્સા મૌત્રકૃચ્છ્રિકી–** મૂત્રનો વેગ રોકવાથી, મૂત્ર વહન કરનારી ક્રિયા દુષિત થાય છે. ઉપરાંત મૂત્રની હાજત થઈ હોય

પથરી ઓગળી ગઇ.

વિઠલપુરના વયોવૃદ્ધ વૈદ્યરાજ લાલજીભાઇને વૃદ્ધ ઉમરે પથરીની ગાંઠ બંધાણી. મૂત્રની પારાવાર તકલીફ ઉભી થઇ. દેશી વનસ્પતિજન્ય ઔષધિઓ ઉપર અતુટ શ્રદ્ધા હતી એટલે આયુર્વેદની અણમોલ ઔષધિ "વરણા" નો પ્રયોગ શરૂ કર્યો. આર્ય ઔષધ ગ્રંથમાં આયુર્વેદના મહર્ષિઓએ જણાવ્યું છે કે, "અસ્મરી (પથરી) ની મૂત્રપીડા અચુક વરૂણાદિ કવાથથી શાંત થાય છે.

વરૂણાદિ કવાથ–વરણાની છાલ–ગોખરૂ–સુંઠ ત્રણે સમભાગે લઈ કવાથ કરવો. આ કવાથનો પ્રયોગ બત્રીસ દિવસ કર્યો. પથરી ઓગળી ગઈ. વેદના શાંત થઇ ગઈ.

ત્યારે આહાર આરોગાય, પીણા પિવાય, સ્ત્રી સેવન કરાય તો અન્નની, પાનની, અને સુક્ર (વીર્ય) ની ગતિમાં અવરોધ થાય, અને આવરણ-જન્ય વ્યાધિઓ ઉત્પન્ન થાય છે.

શ્રમ અને સમય બચાવનારી યાંત્રિક હિંસક ઝડપી શોધોથી ઝડપી પ્રગતિ પ્રગટી છે. પણ અહિંસક નૈસર્ગિક જીવન સાથેનું અંતર વધવા લાગ્યું છે. માનવીનું જીવન બોજ અને ખેંચથી ખેંચાઇ રહ્યું છે, યાંત્રિકકરણ થતાં વ્યાયામનું પ્રમાણ ઘટવા માંડયું છે. પશુ પાલન બંધ થયું છે. ચિકાસ યુક્ત ઘી, દૂધ, તેલ વગરના રૂક્ષ ભોજનો, તીખા તમતમતાં ભોજનો, કાચા-કોરા ભોજનો, અતિ ઉષ્ણ અતિ ઠંડા દુઃષિત પીણાઓનાં પાન વધી રહ્યા છે. પેડુના અવયવોને કસરત અપૂર્તા ઘરકામો, દળવું, ખાંડવું, ગાય-ભેંસનું દોહવું, દોહવાનું કાર્ય એવું સરસ હતું કે ઉભડક પગે બેસી બે ઢીંચણ વચ્ચે વાસણ રાખી આચળ-માંથી નીકળતી સેર વાસણમાં ઝીલાતી. આ આસનથી પેડ પ્રદેશના દરેક અવયવને ભરપુર કસરત મળતી. ત્યારે નહોતા પેસાબના દરદો, વીર્યના દરદો, ગર્ભાશયના દરદો કે વૃષણના દરદો, આટલા વિપુલ પ્રમાણમાં ઘરે ઘરમાં આનંદ હતો. કલ્લોલ હતો. દેહ નીરોગી હતો.

આઠ પ્રકારના મૂત્ર કૃચ્છ્રના રોગ : મૂત્ર કૃચ્છ્ર એટલે વાત, પિત્ત અને કફ કોપેલી દુઃષિત સ્થિતિમાં મૂત્રાશયમાં પ્રવેસ કરી પેસાબના માર્ગને વિકૃત કરી, ઘણી પિડાઓ ઉત્પન્ન કરી, કષ્ટદાયક પેસાબ થાય.

(૧) વાત કૃચ્છ્રમાં અંડકોષના જોડાણમાં, લિંગમાં, અને બસ્તિમાં પીડા સાથે અલ્પ પેસાબ વારંવાર થાય (૨) પિત્ત કૃચ્છમાં તણખા-બળતરા, દાહ સાથે લાલરંગનો પેસાબ થોડો થોડો થાય (૩) કફ કૃચ્છમાં બસ્તીપ્રદેશ ભારે થાય, સોજા સાથે તેલ જેવો પેસાબ આવે (૪) ત્રિદોષના કોપમાં ત્રણે લક્ષણો જણાય. દરદ અસાધ્ય બને (૫) શુક્ર કૃચ્છમાં વીર્યધાતુને ત્રણે દોષો વિકૃત કરે, પેસાબનો

ગાયના ઘીનો ચમત્કાર

દસાડા તાલુકાના મામલતદાર સાહેબની બેબીને હાથના બન્ને આંગળામાં, હથેળીમાં પોંચા ઉપર ગડગુંબડ થએલા. ભાવનગર, રાજકોટ તેમજ સ્થાનિકમાં ઘણી ઘણી દવાઓ કરેલી. મારે તા. ૧-૨-૬૩ ના રોજ કોરટના કામે દસાડા જવાનો પ્રસંગ બન્યો. બેબીના ગડગુંબડ જોયા. ઘણાં મહિનાથી આ ચેપી દરદ લાગુ પડેલું. પટાવાળા પાસે ચોકખું ગાયનું ઘી સોવાર પાણીમાં ફેણાવી તૈયાર કરાવ્યું. તેમાં મંજીષ્ટનુ ચુર્ણ મેળવી સવાર સાંજ ચોપડવા માંડયું. સોળ દિવસે આ ચેપી દરદ તદ્દન નિર્મુળ થઈ ગયું.

માર્ગ બંધ થાય, શુળાદિક વેદના વીર્યમિશ્રિત પેસાબ કષ્ટદાયક થાય. (૬) વિટ કૃચ્છ મળ ને મૂત્રના વહનનો અટકાવ કરે. (૭) ધાત કૃચ્છ્ર મૂત્રવાહિ નસોમાં, શસ્ત્રાદિની કરચો ભેગી થાય, પથરના રજકણોનો જમાવ થાય, જેથી ચાંદાં, ધારા જખમ થઈ પેસાબ અટકે (૮) અશ્મરી કૃચ્છ્ર પેસાબની જગામાં પથરી બંધાઈ પેસાબનો અટકાવ થાય.

પથરી બંધવાના પ્રકાર ચાર છે. (૧) વાતાશ્મરી, વાયુથી પથરી બંધાય. તો પીડા ઘણી, દાંત કડકડાવે, ધ્રુજારી આવે, પેસાબ કરતાં કષ્ટ થાય. આ પથરી કાળા વર્ણે, તેજહિણ, માંસના અંકુરા સહિત હોય છે. (૨) પિતાશ્મરી, પિત્તથી પથરી બંધાય પેડુ પ્રદેશ, ઝાડા પેસાબના સ્થાનો અગ્નિ જેવાં ઉષ્ણ થાય, પાકતા ગુંબડા જેવા લપકારા થાય, અતિ દુઃખે પેસાબ થાય, આ પથરી ભીલામાના મગજ જેવી લાલ કે પીળા વર્ણની થાય. (૩) કફાશ્મરી. કફથી પથરી બંધાય તે, બાળકોને પણ બંધાય છે; બસ્તિમાં પીડા, શીતળ વજનમાં ભારે, કદમાં મોટી મધના રંગ જેવી કે સફેદ વર્ણની થાય છે. (૪) શુક્રાશ્મરી, વીર્યની પથરી બંધાય. આ પથરી પુરૂષને થાય છે કામેચ્છા ભરપુર વ્યાપેલી હોય ત્યારે સ્ત્રી સંગ ન થવાથી શુક્ર ધાતુ સ્વસ્થાનથી ભ્રષ્ટ થઈ લિંગ અને વૃષણ વચ્ચે શુક્ર ધાતુને શોષવી ગાંઠ બંધાય છે. વૃદ્ધિ પામે

છે. વૃષણનો સોજો થઇ મહા દુઃખદાયક બને છે.

સારંગધર સંહિતામાં મૂત્રાઘાત રોગ તેર પ્રકારે બતાવ્યા છે. તેમાં મૂત્રાસાદ, ઉષ્ણુવાત, અને બસ્તિ કુંડલિક આ ત્રણ પ્રકારના મૂત્રરોગ અતિ દુઃખદાયક, અતિ ભયંકર, પ્રાણહર બને છે. (૧) વાત કુંડલિકા, વેદના સાથે મૂત્રનો અટકાવ, કુંડલાકારે થાય, અને મંડલાકારે બસ્તિમાં ફરીને, થોડું થોડું મૂત્ર તણખાની પીડા સાથે બહાર આવે. (૨) વાતાષ્ઠીલા, કોપેલો વાયુ બસ્તિ અને મળાશયને ફુગાવી બસ્તિની જગ્યાએ પત્થર જેવી મજબુત ગાંઠ બંધાય, અને મળમૂત્રના માર્ગને અટકાવે. (૩) મૂત્રાઘાત, મુર્ખાઈથી મળમૂત્રના વેગને અટકાવે, વાયુકોપે, બસ્તિનું મુખ બંધ થાય, બસ્તિમાં, પડખામાં, અતિશય પીડા ઉદ્‌ભવે. (૪) મૂત્રાતીત, થએલી મૂત્રની હાજતને લાંબો સમય અટકાવે. (૫) મૂત્રજઠર, મૂત્રનો અટકાવ કરે, જેથી વાયુ પેટને ફુલાવે, અને મૂત્ર માર્ગમાં ભરાઈ તિવ્ર વેદના ઉત્પન્ન કરે. (૬) મૂત્રક્ષય, દુર્બળ અને તેજહીન માનવીની બસ્તિમાં પિત્ત અને વાયુનો કોપ થઈ શુળ અને દાહ ઉત્પન્ન થઇ મૂત્રનો ક્ષય કરે. (૭) મૂત્રોત્સંગ, બસ્તિ, લિંગ અને લિંગનો છેડો ત્રણ જગ્યાએ તણખા ઉત્પન્ન કરી લોહિ મિશ્રિત થોડો થોડો પેસાબ ગળે. (૮) મૂત્રગ્રંથી બસ્તિના મુખમાં ગોળાકાર અને સ્થિર ગાંઠ ઉત્પન્ન થાય. (૯) મૂત્રશુક્ર, પેસાબની હાજત હોવા છતાં સ્ત્રી સંગ કરે. જેથી વાયુ કુપિત થઇ ધાતુને ભ્રષ્ટ કરી પાડી નાંખે, સંગ પછી પેસાબ કરવાથી વીર્ય સહિત પેસાબ રાખોડી રંગે થાય. (૧૦) વિડઘાત, દુર્બળ માનવીના મળ–મૂત્ર, વાયુની વિકૃતિથી મૂત્રાશયની વચ્ચે ભરાઇ ઘણાં કષ્ટે મળ ગંધ સહિત પેસાબ થાય. (૧૧) મૂત્રાસાદ, પિત્ત અને કફ સાથે કે જુદા કોપે તો કષ્ટે પેસાબ થાય, પિત્ત કોપે પેસાબ લાલ કે પીળા રંગે, કફ કોપે સફેદ રંગે, ત્રિદોષે ત્રિરંગી–પિત્ત કોપનો પેસાબ સુકવેથી ગોરૂચંદન જેવો, કફ કોપનો પેસાબ સુકવેથી શંખના જેવો, અને ત્રિદોષે ત્રિરંગી જેવો થાય છે. (૧૨) ઉષ્ણુવાત, અતિ ચાલવાથી, અતિ શોકથી, વિદાહી પદાર્થોના સેવનથી પિત્ત કોપી, વાયુ સાથે મળી મૂત્રાશયમાં ભરાય, મૂત્રાશય, લિંગ અને ગુદામાં દાહ ઉત્પન્ન કરે, પેસાબ પીળો હળદર જેવો વારંવાર થોડો થોડો પીડા સહિત થાય. (૧૩) કુંડલિકા, અતિ ઉતાવળે ચાલવાથી, ફલાંગો મારવાથી લાંઘણ કરવાથી, માર વાગવાથી, કોપ કર્તા આહાર વિહારથી, એકબીજા રોગોના સંયોગથી, મૂત્રાશય ચડે કે ઉતરે. ગર્ભના જેવી મોટી ગાંઠ બંધાય, દહિક પીડા સાથે બસે અને અત્યંત પીડા ઉત્પન્ન કરે, પેસાબ ટીપે ટીપે ટપકે, બસ્તિ અને નાભી વચ્ચે પેસાબનો જમાવ થઇ અત્યંત દારૂણ વેદના સાથે મૂત્ર ઉપર ચડે, આવા લક્ષણો થાય તેને કુંડલિકા કહેવાય છે.

મૂત્રાશયના મુખનો સ્નાયુ ઢીલો થવાથી અનિચ્છાએ પેસાબ વહે છે. આ દરદ બાળ ઉંમરમાં હોય છે. કુટેવથી, બરાબ સંગતથી, અતિકામેચ્છાથી, વૃદ્ધ અવસ્થાથી, મૂત્ર માર્ગના અવયવો નિર્બળ બનવાથી પેસાબ ટપકયા જ કરે છે. મૂત્રને લગતાં રોગો, દારૂના અતિ સેવનથી, આઘાતથી, કોલેરા, વા, જેવા ભયાવહ દરદોથી, સ્નાયુ સંકોચાવાથી, ઘણી કસરત, કુસ્તિ, મસ્તિ, ખેદ, નાચકુદ, સ્વારી, કુપથ્યથી, માંસ ભક્ષણથી વિવિધ પ્રકારના દરદો ઉત્પન્ન થાય છે. માનવી દરદથી પરેસાન બને છે. ચિંતાથી વ્યાપ્ત બને છે.

સાદા અને સરલ ઉપચારો.

(૧) વાયુનું મૂત્ર કૃચ્છ્ર તેલ મર્દનથી, પિત્તનું મૂત્ર કૃચ્છ્ર આમળા અને શેલડીના રસના સેવનથી, કફનું મૂત્ર કૃચ્છ્ર કેળના રસમાં એલચીનું ચૂર્ણ નાંખી પીવાથી, મળ મૂત્રના વેગ રોકવાથી થએલ મૂત્ર કૃચ્છ્ર કાળી દ્રાક્ષ અને સાકરની ચટણી કરી દહિનાં ધોળવા સાથે લેવાથી શાંત થાય છે, વીર્ય રોકવાથી થએલ મૂત્ર કૃચ્છ્ર સિલાજીતના સેવનથી મટે છે.

(૨) ઉપકાદિગણ, બીડખાર, શુદ્ધ ગુગળ, સેકેલી હિંગ, શોધેલી હિરાકસી, સિંધાલુણ અને સિલાજીત સમભાગે લઇ ચૂર્ણ કરી સવાર સાંજ લેવાથી સર્વ પ્રકારનાં મૂત્રકૃચ્છ્રના રોગ મટે છે.

(૩) જવખાર તોલો અડધો છાસમાં પાવાથી પેસાબ બહુ છુટે છે.

(૪) ગોક્ષુરાદિ કવાથ, મોળવી ગોખરૂ, ગરમાળાનો ગોર, ડાભના મુળ, કંસડાના મુળ, જવાસો, આમળા, પાષાણભેદ, અને હરડેદળ, સમાન ભાગે લઇ કવાથ કરી દિવસમાં ત્રણ વખત પીવાથી મૂત્ર કૃચ્છ્ર–મૂત્રાઘાત–પથરીના અસાધ્ય રોગો સાધ્ય બને છે.

(૫) કેસુડાના રસમાં સુરોખાર નાંખી પીવાથી તુરત પેસાબ છુટે છે.

(૬) સીલાજીત, પાષાણભેદ, પીંપર અને ઇલાયચી એ ચારેનું ચૂર્ણ ચોખાના ઓસામણ સાથે લેવાથી મૂત્રને લગતા દરદો સારા થાય છે.

(૭) ત્રીફળાના સમાન ગોળ મેળવી કવાથ કરી પીવાથી મૂત્રઘાત મટે છે.

(૮) પાડલ, જવખાર, લીંબડો, તલ, તજ, એલચી અને મરીનું ચૂર્ણ સારો ફાયદો કરે છે.

(૯ સુંઠ, જવખાર, હરડે, મલયાગિરિ ચંદન, કવાથ કરી હિંગ મીલાવી સેવન કરવાથી કે ચૂર્ણ કરી દહિં સાથે લેવાથી પથરી, ગ્રંથી, સોજો ઓગળી જાય છે.

(૧૦) આઠ તોલા ફળથીનો કવાથ કરી, તેમાં સિંધાલુણ અને સરપંખાનો રસ મેળવી પીવાથી પથરી પિગળી જાય છે.

(૧૧) જુની સંસ્કૃતિ અને સંસ્કારો, રીત, રિવાજો, રહેણી–કરણી, આચાર–વિચાર, આહાર–વિહાર, પાન અને પરિધાન. એવી સુંદર રીતે ગોઠવાએલા હતા કે આપોઆપ આરોગ્યના અર્પતા. ઉભડક પગે બેસી પેસાબ કરવાની જુની રીત, નવિન પ્રકારની મુતરડીઓ થતાં, જુના વસ્ત્ર પરિધાનને સ્થાને કોટ પાટલુનના સુટ થતાં, ઉભા ઉભા પેસાબ કરવાની પ્રવૃત્તિથી વિકૃતિ વધી રહી છે. ઉભડક પગે બેસીને પેસાબ કરવાથી બસ્તિ પ્રદેશ, પેડુ ઉપર સાથળનું દબાણ થતું, કટિ પ્રદેશ ઉંચો થવાથી પેડુનો ભાગ દબાતો, ઉભાં થતાં પેડુ પ્રદેશ ફુલાતો, પેસાબની આ ક્રિયાથી સંકોચ અને વિકાસ, વ્યાયામ અને આરામ, સહેલાઇથી મળી જતાં જેથી મૂત્ર માર્ગ નીરોગી હતો. મૂત્રને લગતા રોગો અલ્પ હતાં.

પ્રશ્નોત્તરી.

(૧) ૦ ૦ શ્રીમાન વિજયરાયભાઈ–મદ્રાસ. આપને શરીરની લંબાઈ વધારવી છે ?

શરીરનું સુપ્રમાણ અને તેમાંએ ઉંચાઇનો ખરો આધાર કરોડરજ્જુ ઉપર છે. યોગાસનો નીચે પ્રમાણે કરો.

(૧) બન્ને પગ લાંબા ટટ્ટાર રાખો, કેડમાંથી ટટ્ટાર બેસી બન્ને હાથથી પગના અંગુઠા પકડવા કોસિસ કરો. કરોડરજ્જુને બહુ જ ઓછા પ્રમાણથી નમાવી અંગુઠા પકડો.

(૨) ત્યાર બાદ બન્ને ખભા વારાફરતી ઉંચા–નીચા કરો.

(૩) શરીરમાં ચુનો (કેલ્સીયમ) ની ઉણપ પુરી કરે તેવા આયુર્વેદિક ઔષધો વાપરો.

(૨) ૦ ૦ ભાઇશ્રી મગનલાલ જગજીવનદાસ–સુરત.

આપને સાંધામાં વાયુની વિકૃતિ છે. મહા રાસ્નાદિ કવાથ બત્રીસ દિવસ પીવો. તલના ચોકખા તેલનું મર્દન કરો.

(૩) ૦ ૦ ભાઇશ્રી છોટાલાલ બેચરદાસ–લીંબડી.

આપને પિત્તનો પ્રકોપ છે. મગજ તપેલું રહે છે. હાથ પગના તળીયા બળે છે, પેસાબે ગરમી જણાય છે. મળાવરોધ છે.

લીંબડા ઉપર ચડાવેલી તાજી નાડી ગળો લાવી ખૂબ વાટી તેનો સ્વરસ તોલો તોલો સવાર સાંજ પીવો. ખોરાકમાં દૂધ સાથે હલકો આહાર લો, જવ નાંખી ઉકાળેલું પાણી પીવો.

અજમાવી જો જો !

(૧) તુલસીના પાન તોલો એક, મરીદાણા દસ, બલમલ તોલો પા લસોટી પીવાથી પાચન તંત્ર સુધરી ભુખ લાગે છે.

(૨) શેકેલો ટંકણખાર વાલ એક, બબે કલાકે ગરમ પાણી સાથે આપવાથી આંચકી મટે છે.

(૩) વરિયાળી બકરીના દૂધમાં ખૂબ ઝીણી વાટી આંખ ઉપર લેપ કરવાથી નિંદ્રા આવે છે.

(૪) બકરીના મૂત્રમાં સીંધાલુણ નાંખી ગરમ કરી કાનમાં ટીપા નાંખવાથી કર્ણશુળની કારમી વેદના શાંત થાય છે.

પ્ર૦ ૬૮ : અધ્યાત્મ યોગનું ફલ શું ?

ઉ૦ : અધ્યાત્મ યોગથી નીચે જણાવેલા ફળો આત્માને પ્રાપ્ત થાય છે.

(૧) જ્ઞાનાવરણીય આદિ ક્લિષ્ટ કર્મોનો ક્ષય થાય છે,

(૨) આત્મવીર્યનો વિકાસગામી ઉત્કર્ષ થાય છે,

(૩) ચિત્તસમાધિરૂપ શીલની પ્રાપ્તિ થાય છે, અને

(૪) વસ્તુના યથાર્થ બોધરૂપ જ્ઞાનનો લાભ થાય છે, જે જ્ઞાન ક્રમશઃ વધતા વધતા શુદ્ધ રત્નના ઝળકતા તેજની જેમ શાશ્વત અપ્રતિપાતિ અને નિરાવરણ હોય છે. આથી જ આ અધ્યાત્મયોગ ભાવ અમૃતરૂપ છે. કારણ કે તે અતિ દારુણ-મોહરૂપ વિષના વિકારનો નાશ કરે છે.

પ્ર૦ ૬૯ : ભાવના યોગનું સ્વરૂપ શું ?

ઉ૦ : ક્લિષ્ટ ચિત્તના નિરોધરૂપ મનઃસમાધિ-પૂર્વક પ્રતિદિન ઉત્કર્ષ પામતો અધ્યાત્મ યોગનો જ વારંવાર અભ્યાસ એ ભાવના યોગ છે.

પ્ર૦ ૭૦ : ભાવના યોગ કેટલા પ્રકારનો છે ?

ઉ૦ : જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યના ભેદથી ભાવના યોગ પાંચ પ્રકારનો છે. જે દૃઢ સંસ્કારનું કારણ છે. આ ભાવના જ પુનઃ પટુ-પટુતર ભાવના ઉત્પન્ન કરે છે.

પ્ર૦ ૭૧ : ભાવના યોગનું ફળ શું ?

ઉ૦ : ભાવના યોગથી,

(૧) કામ ક્રોધાદિ અશુભ અભ્યાસ ટળે છે,

(૨) જ્ઞાનાદિવિષયક શુભ અભ્યાસની અનુ-કૂળતા પ્રાપ્ત થાય છે અને

(૩) ઉત્તમચિત્તનો ઉત્કર્ષ થવાથી ચિત્તમાં પવિત્ર આશયની વૃદ્ધિ થાય છે.

પ્ર૦ ૭૨ : ધ્યાન યોગનું સ્વરૂપ શું ?

ઉ૦ : જ્યારે ચિત્ત, સ્થિર દીપકની જેમ ધારાબદ્ધ જ્ઞાનના ઉપયોગવાળું હોય, પ્રશસ્ત એક વિષયને અવલંબીને રહેલું હોય અને ઉત્પાદાદિ વિષયક સૂક્ષ્મ બોધવાળું હોય ત્યારે તે ધ્યાન કહેવાય છે.

આ ધ્યાન ખેદ-ઉદ્વેગ આદિ ચિત્તના આઠ દોષોના પરિહારપૂર્વક હોય તો અનુબંધિ બને છે. અર્થાત્ ઉત્તરોત્તર વૃદ્ધિવાળુ બને છે.

પ્ર૦ ૭૩ : ધ્યાનનું ફળ શું ?

ઉ૦ : ધ્યાનથી (૧) સર્વ કાર્યમાં ચિત્ત આત્માયત્ત બને છે અર્થાત્ ચિત્ત આત્માને આધીન બને છે,

(૨) અન્તઃકરણના પરિણામની નિશ્ચલતા પ્રાપ્ત થાય છે અને

(૩) ભવપરંપરા ચાલુ રહે તેવા કર્મોનો તથા બીજા પણ તેવા ક્લિષ્ટ કર્મોનો બન્ધ અટકી જાય છે અને ક્ષય પણ થાય છે.

પ્ર૦ ૭૪ : સમતા યોગનું સ્વરૂપ શું ?

ઉ૦ : અનાદિ મિથ્યાવાસનાથી ઇન્દ્રિય તથા મનને અનુકૂલ અને પ્રતિકૂલ વિષયોમાં ઇષ્ટ તથા અનિષ્ટની કલ્પના થાય છે અને એથી અનુકૂળ વિષયોમાં રાગ અને પ્રતિકૂલ વિષયોમાં દ્વેષ થાય છે. એ રાગ-દ્વેષનો વિવેકજ્ઞાનથી નાશ કરવો એનું નામ સમતા યોગ છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિષયોમાં સ્વતંત્રપણે સુખ કે દુઃખ આપવાની તાકાત નથી તેથી તેમાં અનુ-કૂલતા કે પ્રતિકૂલતાની બુદ્ધિ કરી રાગદ્વેષ કરવા જેવો નથી એમ નક્કી કરી તે વિષયોના ત્યાગ-પૂર્વક તેમાં સમાન બુદ્ધિ રાખવી તે સમતા યોગ છે.

અહીં એટલું સમજવું કે-સમતા વિના ધ્યા-

નાની પ્રાપ્તિ થતી નથી અને ધ્યાન વિના સમતાની પ્રાપ્તિ થતી નથી. એટલે સમતા માટે ધ્યાનની જરૂર છે અને ધ્યાન માટે સમતાની આવશ્યકતા છે. આથી એ બે પરસ્પર કારણ બને છે. આમ છતાં એમાં અન્યોન્યાશ્રય દોષ આવતો નથી. કારણ કે અપકૃષ્ટ સમતા એ ઉત્કૃષ્ટ ધ્યાનનું કારણ બને છે અને અપકૃષ્ટ ધ્યાન એ ઉત્કૃષ્ટ સમતાનું કારણ બને છે. અન્યોન્યાશ્રય દોષ ત્યાં જ આવે છે કે જ્યાં બન્ને કારણમાં સમાનબલતા હોય છે.

પ્ર૦ ૭૫ : સમતાયોગનું ફલ શું ?

ઉ૦ : સમતા યોગથી નીચેના ફળો પ્રાપ્ત થાય છે.

(૧) પ્રાપ્ત થયેલ આમર્ષૌષધિ આદિ ઋદ્ધિઓના અપ્રવૃત્તિ,

(૨) જગતના સઘળાય પદાર્થોની અપેક્ષાનો નાશ અને

(૩) ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક દર્શન અને ક્ષાયિક ચારિત્રને રોકનારા કર્મોનો ક્ષય.

પ્ર૦ ૭૬ : વૃત્તિ સંક્ષય યોગનું સ્વરૂપ શું ?

ઉ૦ : આત્મા સ્વભાવથી નિસ્તરંગ સમુદ્ર જેવો છે. તેને પોતાથી અન્ય (સમુદ્રને પવન જેમ અન્ય છે તેમ) મન અને શરીરના સંયોગથી જનિત વિકલ્પરૂપ અને ચેષ્ટારૂપ માનસિક અને કાયિક વૃત્તિઓ થાય છે. તેમાં નિમિત્ત કર્મસંયોગ જ છે. મનથી ઉત્પન્ન થતી તે વૃત્તિઓ વિકલ્પરૂપ હોય છે, અને શરીરના યોગે થતી તે વૃત્તિઓ ચેષ્ટારૂપ હોય છે. આવી અન્ય સંયોગ દ્વારા થતી જે વિકલ્પરૂપ અને ચેષ્ટારૂપ વૃત્તિઓનો પુનઃ ઉત્પત્તિની યોગ્યતા જ ન રહે તેવો નિરોધ તેનું નામ વૃત્તિસંક્ષય યોગ છે.

પ્ર૦ ૭૭ : વૃત્તિ સંક્ષય યોગનું ફલ શું ?

ઉ૦ : માનસિક વિકલ્પરૂપ વૃત્તિના ક્ષયથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને હલન-ચલન આદિ શારીરિક ચેષ્ટારૂપ વૃત્તિના ક્ષયથી સર્વ-સંવરરૂપ શૈલેશીકરણની પ્રાપ્તિ થાય છે ત્યારબાદ સર્વ પ્રકારની શારીરિક તથા માનસિક પીડા રહિત અને સદાકાલ પરમ આનંદમય સ્થિતિવાળી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

પ્ર૦ ૭૮ : અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય આ પાંચ પ્રકારનો યોગ કોને કોને હોય ?


ઉ૦ : (૧) અધ્યાત્મ અને ભાવના આ બે યોગ અપુનર્બન્ધક અને સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર નયથી (કારણમાં કાર્યના ઉપચારરૂપે) તાત્ત્વિક હોય. જ્યારે ઉપચાર નહિ માનનાર નિશ્ચય નયથી આ બે યોગ (અધ્યાત્મ અને ભાવના) તાત્ત્વિકરૂપે ચારિત્રીને જ હોય.

(૨) સકૃદ્બન્ધક અને દ્વિર્બન્ધક આદિમાં વ્યવહાર અને નિશ્ચય ઉભય નયથી આ બે યોગ અતાત્ત્વિક જ હોય.

સકૃદ્બન્ધક એટલે એક વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર અને દ્વિર્બન્ધક એટલે બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર.

તાત્ત્વિક એટલે કોઇ પણ નયની અપેક્ષાએ મોક્ષયોજનફલજનક હોય અને અતાત્ત્વિક એટલે યોગાભાસરૂપ હોય.

ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ ત્રણ યોગો તાત્ત્વિકરૂપે ઉત્તરોત્તર શુદ્ધિમાં વર્તતા ચારિત્રીને જ હોય અર્થાત્ આ છેલ્લા ત્રણ યોગો તો નિયમા ઉત્તરોત્તર શુદ્ધિ પામતા સાધુને જ હોય પણ બીજાને ન હોય.



શંકા અને સમાધાન

પૂ. પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજી ગણિવર.

'કલ્યાણ' માટે શાસ્ત્રીય શૈલીએ પ્રશ્નોત્તર વિભાગ પૂ. પંન્યાસજી મહારાજશ્રી સંભાળી રહ્યા છે. 'કલ્યાણ' પ્રત્યે તેઓશ્રીની એ કૃપા છે. ગંભીર માંદગીમાં અને અસ્વસ્થ શારીરિક પ્રકૃતિમાં પણ પરિશ્રમ લઇ તેઓશ્રી આ વિભાગને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહ્યા છે, સર્વકોઇ શુભેચ્છકો 'કલ્યાણ' પર પોતાની શંકાઓ મોકલીને સમાધાન મેળવવા જરૂર શકય કરે! અમારું એ માટે સાદર આમંત્રણ છે.

૧ : પ્રશ્નકાર-પ્રતાપરાય એન. સંઘવી.

શં૦ : કૃષ્ણ વાસુદેવે એકાદશી આરાધી છે તો શું તેઓને દેશવિરતિ-ગુણઠાણું સ્પર્શ્યું હશે?

સ૦ : વાસુદેવો નિયાણું કરીને વાસુદેવપણું પામ્યા હોઇ વિરતિ પામતા નથી.

શં૦ : હિંદુઓ, વેદો અને પુરાણો વગેરેના આધારે ધર્મને માને છે; તો આપણે કયા આધારે ધર્મને આરાધીએ છીએ.

સ૦ : જૈન શાસન સર્વજ્ઞથી-કેવલીભગવંતોથી શરૂ થયેલ છે. સર્વજ્ઞવીતરાગ તીર્થંકર દેવોએ "ઉપન્નેઇવા" "વિગમેઇવા" "ધુવેઇવા" ત્રિપદીની પ્રરૂપણા કરી, તેનો આધાર પામી મહા બુદ્ધિના નિધાન ગણધર દેવોએ શ્રી દ્વાદશાંગીની રચના કરી આચારાંગાદિ બાર સૂત્રો રચ્યા. જેમાં આખા જગતની કોઇપણ વસ્તુનું વર્ણન આવી જાય છે. છ દ્રવ્ય, નવ તત્ત્વ, ચાર ગતિ, છ કાય વગેરે દ્રવ્ય-ગુણ-પર્યાય-વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે. આવી બાબતો ખૂબ વિસ્તારથી બતાવી છે.

આ દ્વાદશાંગીની જ કેટલીક વાતો-ઉપાંગો વગેરે સૂત્રોમાં તેમના પછીના ચૌદપૂર્વી અને દશપૂર્વી આચાર્યોએ લખી છે.

તેની પણ વધારે સ્પષ્ટતા સમજાવવા માટે તે જ સૂત્રોના આધારે **નિર્યુક્તિ-ચુર્ણ-ભાષ્ય** અને **ટીકાઓ** ઉત્તરોત્તર બનવા પામ્યા છે. આ બધા રચનાકારો ઘણા બુદ્ધિશાલી ભવભીરૂ અનુભવ-જ્ઞાનના ભંડાર હતા. ઉત્સૂત્ર પ્રરૂપણાથી ડરનારા હતા ત્યાર પછી પણ પૂ. આ. શ્રી સિદ્ધસેનદિવાકર-સૂરિજી, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી, પૂ. શ્રી મલયગિરિસૂરિજી, પૂ. શ્રી અભયદેવસૂરિજી, કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરજી, પૂ. દેવચંદ્રસૂરિજી, પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજી, પૂ. મલધારી હેમચંદ્રસૂરિજી, પૂ. ઉપા. યશોવિજયજી ગણિવરાદિ અનેક વિદ્વાનો દ્વારા રચાએલ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ-કરણાનુયોગ, ધર્મકથાનુયોગમય હજારોની સંખ્યામાં ગ્રન્થરત્નો બન્યા છે, જેમાંથી ઘણા નાશ પામવા છતાં પણ હજી છે તે પણ ખપી શ્રદ્ધાળુ આત્મા વાંચીને ઘણી સારી આરાધના કરી શકે છે.

શં૦ : સંગમદેવ ભવ્ય છે કે અભવ્ય છે?

સ૦ : ભગવાન શ્રી મહાવીરદેવને ઘોર ઉપસર્ગ કરનાર સંગમનામા પહેલા દેવલોકના દેવ અભવ્ય છે.

શં૦ : અંગાર મર્દકાચાર્ય અભવ્ય કહેવાય છે. તો આવા આત્માને ગુરુઓએ આચાર્ય પદવી કેમ આપી હશે?

સ૦ : સર્વજ્ઞ કેવલિભગવંતો સિવાયના ચૌદ-પૂર્વધર પણ ભૂલે નહિ એવું ચોકસ નથી. સંપૂર્ણ ચૌદપૂર્વધર ભગવાન ગૌતમસ્વામી જેવા પણ ભૂલ્યાના વર્ણન છે.

ઉદ્રાયીરાજાને પૌષધમાં મારી નાખનાર વિનેયરત્ન પણ અભવ્ય હતો. બાર વર્ષ સુધી ઉપધિમાં છરી રાખી રહેલ. આ સમયમાં પૂર્વધર જરૂર હોવા સંભવ છે, છતાં વિનેયરત્નને ઓળખી શકયા નહી તેનું કારણ સંપૂર્ણ જ્ઞાનનો અભાવ સમજવો. વિશિષ્ટ જ્ઞાનીઓ જ્ઞાનના બળથી જાણી શકે તેવી બાબતો પણ ઉપયોગના અભાવે રહી જાય.

શં૦ : સામાયિક, પ્રતિક્રમણ, પૌષધમાં કોઇ પક્ષિ દ્વારા લીલું ઘાસ ઉપર પડે તો પ્રાયશ્ચિત લાગે?

સ૦ : કોઇ પણ સચિત્ત વસ્તુનો આપણા પોતાથી કે પરથી સંઘટ્ટો થાય તો આલોયણ જરૂર આવે છે. નાનું મોટું તાજું કે ઘણા દિવસનું ગુરુપુરુષને જણાવાથી આલોવણ પણ તે મુજબ આપે છે.

શં૦ : દેવ-દેવીઓને જન્મ-મરણાં ખરાં કે નહી? તેમને માતા-પિતા ખરા કે નહી? તેમના લગ્નાદિ સંબંધ ખરાં કે નહી? તેઓના આગળ પાછળ મરણ થાય તો તેમના સંબંધ કેવી રીતે? દેવોને આહાર-નિહાર ખરો કે નહી? તેઓના નામ કાયમી હોય કે નવાં પડે છે.

સ૦ : ચારેનિકાયના દેવોનાં આયુષ પૂર્ણ થાય એટલે મરણ થાય છે તે દેવોના મરણને ચ્યવન અને જન્મને ઉપપાત કહેવાય છે. તેઓના જન્મ માતા પિતાના સંયોગ વિના ઉપપાત શય્યા-પુલની શય્યામાં થાય છે, તેમના ચ્યવન થવાથી પુદ્ગલો વિખરાઇ જાય છે.

તેઓ જે વિમાનમાં ઉત્પન્ન થાય છે, તે દેવોના કાયમી નામો હોય છે અને નવા નામો પણ સાથે જોડાય છે જેમ કે અચ્યુતેન્દ્રને સીતેન્દ્ર પણ કહેવાય છે. દુર્દુશંક તે તેનું નવું નામ છે- સૌધર્મેન્દ્ર, ચમરેન્દ્ર, ધરણેન્દ્ર તે બધા સ્થાનનાં દેવલોકનાં નામથી નામો કહેવાય છે.

આંહી પણ જામસાહેબ, ગાયકવાડ સરકાર વગેરેની માફક જાણવું પરંતુ મનુષ્યોના જાતિવાચક નામો અમુક ટાઇમ પછી અદૃશ્ય થાય છે જ્યારે ઇન્દ્રાદિ નામો નિત્ય જાણવાં.

દેવ કે દેવી વેલા મોડા ચ્યવે તો તે તેના વિદ્યમાન દેવ દેવી નવા ઉપજેલા દેવદેવીના પતિ પત્નિનો વહેવાર ચાલે છે. દેવલોકમાં બધે આવો કલ્પ સમજવો.

દેવદેવીને મનુષ્યની માફક કવલાહાર હોય નહીં, એટલે નિહાર પણ ન હોય. અમુક વખત આહાર ઇચ્છા થાય છે, તત્કાળ તૃપ્તિ પણ સ્વભાવિક થઈ જાય છે.

બીજા પ્રશ્નોના ઉત્તરો પ્રાયઃ આગળ આંકોમાં આવી ગયા છે.

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ (સૌરાષ્ટ્ર) જાહેર કરે છે.

★ જો જો પસ્તાવું ના પડે! ★

(૧) પૂર્ણાહુતિ અને (૨) આરંભ

સર્વશ્રેષ્ઠ બોધક, અજોડ પ્રકાશન

નારકી ચિત્રાવલી

(હિન્દી સંસ્કરણ)

તાજેતરમાં પ્રસિધ્ધ થઇ ચૂકેલ છે

સુંદર કાગળ, સુંદર છપાઇ,
૨૧૫ રંગીન ત્રિરંગી ચિત્રો.

મૂલ્ય રૂા. ૬ ફક્ત

ગુજરાતી સંસ્કરણની ૨૨૫૦ નકલો પ્રસિદ્ધ થતાંની સાથે ઉપડી ગઇ હતી માટે વિલંબ ન કરશો.

પાપના ફલ દર્શક **નારકી ચિત્રાવલી** પ્રસિધ્ધ થતાંની સાથે પુણ્ય, ધર્મના ફલ દર્શક ચિત્રાવલીની માંગણી ઉઠી છે. એ માંગણી સંતોષવા માટે શરૂ થઇ ચૂકેલ છે

સત્કર્મ ચિત્રાવલી

ત્રિરંગી ચિત્રો, સુંદર આર્ટ પેપરમાં છપાઇ ત્રિરંગી મુખપૃષ્ઠ, અનેક વિશેષતાઓથી ભરપુર છે.

—: **અગાઉથી ગ્રાહક બનો** :—

એક નકલ રૂા. ૫ ૫૦ ૧૦ નકલ રૂા. ૪૫

સંપર્ક સાધો : મહેતા મગનલાલ ચત્રભુજ શાક માર્કીટ સામે, **જામનગર.**

શાહ કાનજી હીરજી-નવાગામ, શા. વેલજી હીરજી ગુઢકા ૫૨, B, રિપન રોડ રંગવાલા ચાલ, **મુંબઇ-૧૧.** **જૈન બુકસેલરો પાસેથી આપ આ પુસ્તક માંગો**



નમ્ર નિવેદન

બાળકોમાં વિચાર શક્તિ ખીલે, વાંચન વિશાલ બને, બુદ્ધિને કામ મળે, દિન-પ્રતિદિન સારૂં અને સાત્વિક લખતા શીખે તેમજ ધર્મશ્રદ્ધા અને સંસ્કારિતામાં ઔર અભિવૃદ્ધિ થાય એ જ એક માત્ર શુભ ઉદ્દેશને નજર સમક્ષ રાખી મેં 'બાલ જગત' નું સંપાદન કાર્ય સંભાળ્યું તેને આજ એક વર્ષ પુરૂં થાય છે મારે મન આજનો દિવસ અતિ આનંદનો છે.

મનનીય નાના બોધપ્રદ લેખ, બે ઘડી મોજ, ગણિત ગમ્મત, સૌરભ, બેની ખુબી, ત્રણની ખુબી, ચારની ખુબી, જુની અને નવી કહેવત, નથી....નથી નકામી, કહો જોઇએ? વેરાયેલાં પુલ, જાણવા જેવું, બોધબિન્દુ, સચિત્ર જુઓ અને જાણો ઇત્યાદિ જ્ઞાન સાથે ગમ્મત આપતું અવનવું ઘણું બધું સાહિત્ય 'બાલ જગતે' પ્રસિધ્ધ કરી ઠીક ઠીક પ્રગતિ સાધી છે અને બાલ લેખકોને એણે લખવામાં ઉત્સાહિત કર્યા છે.

તાજેતરમાં શરૂ થયેલ 'દોસ્ત મંડળ' અને 'વિના પ્રવેશ ફી શબ્દ હરિફાઇ' એ તો 'બાલ જગત' પ્રત્યે બાળકોની ચાહના, પ્રેમ અને આત્મીયતા એટલી વધારી દીધેલ છે કે જે વર્ણવવા મારી પાસે શબ્દો જ નથી એમ કહું તો કદાચ અતિશયોક્તિ નહિં ગણાય.

આ બધી સિદ્ધિઓ કેવલ અમારા (શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ, સંપાદક, સહસંપાદક, વ્યવસ્થાપક) મહત્વની ખાતર જણાવી રહ્યો છું એમ કોઈ રખે માને!!

* પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વના સુઅવસરે ખૂબ ખૂબ આરાધના તપ, જપ, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ પૌષધ કરીને કરશો, ને તે દ્વારા જીવનને સફલ જરૂર બનાવશો!

અમે જે કંઇ કરી રહ્યા છીએ, તેમાં તમારા બધાયનો સહકાર, મમતા અને હૂંફ અમારે માટે પ્રેરણારૂપ છે એમ અમે ચોક્કસપણે માનીએ છીએ.

હજુ ઘણું ઘણું કરવાની હોંશ છે. 'દોસ્તમંડળ' અને 'વિના પ્રવેશ ફી શબ્દ હરિફાઇ' ની જેમ દર મહિને "**સવાલ-જવાબ**"-"**નિબંધ હરિફાઇ**"-"**અંક હરિફાઇ**"-"**સચિત્ર રમુજી કાર્ટુન ચિત્ર**" ઇત્યાદિ આગામી વર્ષે 'બાલ જગત' માં રજૂ કરવા ભાવના છે. ધીરે ધીરે એમાં સફલતા મળશે તેવી મને આશા અને પૂર્ણ શ્રદ્ધા છે.

અંતમાં 'બાલ જગત' ની પ્રગતિમાં જેઓ સતત રસ ધરાવી રહ્યા છે એ સૌ કોઇ શુભેચ્છકોને એ અપૂર્વ આત્મીયભાવ માટે પુનઃ પુનઃ અભિવાદન.

શાસનદેવ! 'બાલ જગત' ના સંપાદન કાર્યમાં મને દરેક રીતે સહાય કરો! એજ અભિલાષા.

'નવિન'

સંપાદક 'બાલ જગત'

બુદ્ધિ કસો.....અને .....ઈનામ મેળવો.

* આગામી અંકે "વિના પ્રવેશ ફી અંક હરિફાઇ" રજુ થશે *

દોસ્ત મંડળ

(૧૮) **શ્રી શશીકાન્ત ચોપટલાલ શાહ,** ઠે. એમ. એમ. જૈન સોસાયટી, સાબરમતી (અમદાવાદ ૫) ૨૧ વર્ષ. Diploma Pharmasy શોખ : સાહિત્યનો.

(૧૯) **શ્રી અશ્વિનકુમાર શાંતિલાલ,** ઠે. મઢિયરપુરા, સુરત. વર્ષ ૧૪. અભ્યાસ: શ્રેણી ૮. શોખ: બાલ માસિક અને વાર્તા વાંચવાનો.

(૨૦) **શ્રી સુરેશકુમાર કે. શાહ** "સુધાકર" ઠે. વોરા શેરી, ભીખુભાઇની સામે, ભાવનગર. ૨૦ વર્ષ, S. S. c. શોખ: સાહિત્ય, સંગીત, પત્રમૈત્રી, કાન્યો, ફોટોગ્રાફી, ચિત્રકામ, પ્રવાસ અને રમતગમત.

(૨૧) **શ્રી કીર્તિકુમાર મોહનલાલ,** જરીવાલા ઠે. છાપરીયા શેરી, સુરત. ૧૪ વર્ષ. શ્રેણી આઠમાં. શોખ: ધર્મની મહત્વતા સમજવાનો.

(૨૨) **શ્રી બિહારીલાલ વિશનજી,** ખત્રી ચકલા, દલાલ સ્ટ્રીટ, ભુજ (કચ્છ) ૧૮ વર્ષ ધોરણ ૧૦મું. શોખ: વાંચન.

(૨૩) **શ્રી જયંતિલાલ લખમશી હરીયા,** ઠે. પુષ્પકુંજ, ૧૯૨/૧૨ સ્ટેશન રોડ, વડાલા, મુંબઇ ૩૧. ૧૫ વર્ષ. ધોરણ ૨૦ મું. શોખ: પત્રમૈત્રી, ફોટોગ્રાફી, ક્રિકેટનાં ફોટા ભેગા કરવાનો અને ટિકિટ સંગ્રહ.

(**નોંધ** :-જયંતિભાઈ પાસે ૩૦૦૦ ટિકિટોનો સંગ્રહ છે. અરસપરસ બદલી કરવી હોય તે તેઓનો સંપર્ક સાધે.)

V૪ કરીને વાંચ૧૦૦G
Cનેમા એક શોખની શોધ છે.
BD PV જોઇએ નહિ.
Tકિટ લEને જ GાDમાં બેસવું.
તમે Vમાનમાં બેઠા છો?
Uરોપિયન ગોરા હોય છે.
Xરેમાં હાડકું દેખાય છે.
Gવનમાં આનંદ મેળવો.
BPન! Oપરેશન સફળ થયું?

શ્રી ચંદ્રકાન્ત R. અંધારિયા-ભાવનગર.

આવકાર

ઘરનાં સર્વે સભ્યો 'કલ્યાણ' આવે એટલે પ્રથમ 'બાલજગત' વાંચીએ છીએ. ઘણું જ ગમે છે, હવે તો પ્રતિક્ષા કરવી પડે છે.

—શ્રી મુક્તિલાલ મણિલાલ-કંબોઇ.

'કલ્યાણ' નો બાલ જગત વિભાગ સુંદર અને રસપ્રદ બને છે. હવે તો 'કલ્યાણ' આવતા તેની રાહ જોવાય છે. અહીંનાં બાળકોને તો આ વિભાગ પ્રિય થઇ પડયો છે. આશા છે કે 'બાલ જગત' સૌને લાભદાયી બનશે-'કલ્યાણ' નો સર્વાંગ વિકાસ થશે.

—શ્રીકેતુ-ચાણસ્મા.

'કલ્યાણ' ના દર અંકે બાળકોના માનિતા 'બાલ જગત' વિભાગમાં રજુ થતું અવનવું સાહિત્ય વાંચી મન એટલું પ્રપુલ્લિત થઇ જાય કે તે વર્ણવા મારી પાસે શબ્દો નથી એમ કહું તો અતિશયોક્તિ નહિ ગણાય.

—શ્રી પનાલાલ. કકલદાસ-ભાભર.

'કલ્યાણ' માં 'બાલ જગત' વિભાગ ચાલુ કર્યો છે તે મને બહુજ ગમે છે. તેમાં આવતું લખાણ હું પ્રેમપૂર્વક વાંચું છું.

—શ્રી નરેન્દ્રકુમાર મોહનલાલ-મુંબઇ.

ઉત્તરોત્તર 'બાલ જગત' સુંદર અને આકર્ષક બનતું જાય છે એ ખરેખર આનંદની વાત છે.

—શ્રી દીનેશકુમાર હીરાલાલ-નવાડીસા.

જ્યારથી 'કલ્યાણ'માં 'બાલ જગત' શરૂ થયું ત્યારથી નિયમિત વાંચું છું. એમાં આવતું સાહિત્ય મને ખુબ ગમે છે. 'બાલ જગત'ની પ્રગતિ ચાહું છું.

—શ્રી ઇશ્વરલાલ હરગોવનદાસ-ભાભર.

જ્ઞાન સાથે ગમ્મત આપતા બધાય સુંદર વિષયોનો શંભુમેળો એટલે 'કલ્યાણ'નો બાલપ્રિય વિભાગ "બાલ જગત" ખૂબ ખૂબ પ્રગતિ કરે એવી હાર્દિક શુભેચ્છા.

—શ્રી દિનેશકુમાર દેવચંદ-કંબોઈ.

★ બ્યુહ નં. ૧ નો સાચો ઉકેલ ★

૧ અ	બા	ત્રી	૨ જ		૬ અ	શા	૭ ક
			ગ		મ		લ્યા
			ડ		૨		ણ
૩ દ્રે	૪ વ	જ	શા		કુ		મા
	૨				મા		સિ
	૫ ખ	મા	મિ		૮ ૨	પૂ	ક

ઈનામની જાહેરાત અને વિજેતાઓની નામાવલી આવતા અંકમાં પ્રસિદ્ધ થશે.

મમતા

એક કંજુસ રૂપિયો લઇ ઘઉં લેવા બજારમાં નીકળ્યો. કંજુસે રૂપિયો હાથની મુઠ્ઠીમાં જોરથી દબાવી રાખેલો તેથી તે પરસેવાવાળો થયો. મુઠ્ઠી ખોલતાં રૂપિયાને ભીનો થયેલો જોઇને કંજુસે વિચાર્યું કે, 'જરૂર રૂપિયો રડે છે, તેને બહાર જવું ગમતુ નથી.' આમ વિચારી તે રૂપિયાને સંબોધીને બોલ્યો, 'તું શા માટે રડે છે? બહાર જવું ન ગમતું હોય તો ચાલ! તને પાછો તિજોરીમાં મૂકી દઉં, ભલે ભૂખ્યા ટીચાવું પડે પણ તને તો નહિં જ વટાવું!'

આજે દુનિયામાં, આવી મમતાવાળા માણસો પણ વીણ્યા વીણાય નહિ એટલા બધા પડ્યા છે.

—શ્રી પનાલાલ કકલદાસ-ભાભર.

મહોત્સવ

૨૫ વરસે આવે તે રૌપ્ય મહોત્સવ.
૫૦ વરસે તે સુવર્ણ મહોત્સવ.
૭૫ વરસે આવે તે હીરક મહોત્સવ.
૧૦૦ વરસે આવે તે શતાબ્દિ મહોત્સવ.

—સારથિ.

પ્રેરણાનું ભાથું

ચિંતા ઉધઈ છે, ચિત્તને કોરી ખાય છે.
રાગ આગ છે, ત્યાગ બાગ.
જાત જીતી એણે જગ જીત્યુ !
સાધના બંસરી છે, સિદ્ધિ રાધા !
અતૃપ્તિ આપત્તિની જન્મદાત્રી છે.
નમ્રતા ભૂષણ છે, દીનતા દૂષણ.
આસક્તિ અધોગતિ લાવે છે.
સમાનતા વગર મૈત્રી નહિ.
જીભને નહિ, કામને બોલવા દો !

—સ્વ. નાથાલાલ દત્તાણી.

⊙

વાહ ! સરિતા ! સુરભિ ?
જીવનમાં પલટો આણી દીધો ખરું ને ?

—શ્રી સુધાવર્ષી.

સ્નેહ સંબંધની 'લિન્ક'

હિંદી ભાષાના લેખક શ્રી રામનારાયણ ઉપાધ્યાય એકવાર લખવામાં તલ્લીન થઇ ગયા હતા. ત્યારે ગામડાનો એક ખેડૂત એમને મળવા આવ્યો. ખેડૂતને જોતાં એમણે લેખ લખવાનું એક કોર મૂકયું ને તેને તેના આવવાનું કારણ પૂછયું; ખેડૂત કેટલીક જરૂરી વાતો પૂછવા આવ્યો હતો. શ્રી ઉપાધ્યાયે એની વાતોના જવાબ આપ્યા અને આગળ ચલાવ્યું. આ સમયે એમના એક નિકટના મિત્ર એમની પાસે બેઠા હતા. પેલો ખેડૂત ચાલ્યો ગયો એટલે એ મિત્રે કહ્યું : 'ઉપાધ્યાયજી ! તમે સાવ ભોળા રહ્યા. એ ગામડિયો આવ્યો તેમાં લેખ લખવાનું બંધ કરીને એને કોઠું આપવાની શી જરૂર હતી ? એ તો થોડીવાર બેસત આમ વચ્ચે લખવાનું છોડી દેવાથી 'લિન્ક' ન તૂટી જાય ?' સહૃદયી ઉપાધ્યાયજીએ જવાબ આપ્યો : 'ભાઇ ! લખાણની 'લિન્ક' તૂટે તો પાછી જોડી યે શકાય, પણ માનવ માનવ વચ્ચે જે સ્નેહસંબંધ છે તેની 'લિન્ક' તૂટે તો એ જોડવી ખુબ મુશ્કેલ બની જાય.'

—શ્રી હિંમતલાલ પટેલ.

શોભા

તનની ,, સંયમ
મનની ,, સમતા
ધનની ,, દાન
વનની ,, વૃક્ષ
જીવનની ,, પરોપકાર

—'નિર્દોષ' ધોરાજી.

માનવ સ્વભાવ

જો તમે કોઇને કહેશો કે આકાશમાં, ચાર, પાંચ લાખ તારા છે. તો એ વાત કદાચ સાચી માની પણ લેશે, પરંતુ 'રંગતાળે છે-લીલો છે" એવી સુચનાવાળું બોર્ડ તે સગી આંખે વાંચશે તો યે આંગળી લગાડી એની ખાતરી કર્યા વિના રહી શકશે નહિં. ચ.



દેશ	વડાપ્રધાન
ભારત	પંડિત નેહરૂ
રશિયા	નિકિતા કુશ્ચોવ
ચીન	ચાઉ એન-લાઇ
ઇટાલી	ગોન્ચી
સિલોન	શ્રીમતી ભંડારનાયક

—શ્રી દિનેશ સંઘવી-ડીસા.

સમતાનું હવામાન

પાણીમાં એક કાંકરી પડે તો યે કુંડાળું ઉભું થાય છે, કારણ કે પાણી પ્રવાહી છે; પણ ઠંડીથી જ્યારે એ જામી (થીજી) જાય છે ત્યારે પથ્થર નાખો તોયે એને કાંઇ થતું નથી. આપણા મનનું પણ આવું જ છે. મનની આવી ચંચળ પ્રવાહિતાને ટાળવા અને તેને ઠારવા સમતાનું હવામાન ઉભું કરો અને પછી અનુભવો કે સમતા કેવો અનાસક્તિભાવ સર્જે છે !!

—વિશ્વમંગલ.



શ્રી અશ્વિનકુમાર અને **શ્રી કિર્તિકુમાર, સુરત**–'જ્ઞાન કસોટી'–'શોધી કાઢો' 'શબ્દ ચોરસા' પ્રગટ નહિ થાય. સ્વયં લખવાની ટેવ પાડો, **પુણ્યબાલ** અને **ભુવનશિશુ** મલકાપુર–'જરા હસો' માં કઇ વિવિધતા નથી. બાળકોને જ્ઞાન મળે અને સંસ્કારિતામાં અભિવૃદ્ધિ કરે તેવું સાહિત્ય મોકલો.

શ્રી ઇશ્વરલાલ રોલિયા, ભાભર–તમારી વાર્તા 'કોણ નસીબદાર' જુની છે. નહિ લેવાય. 'ટા ની પંચાત' સુધારા વધારા માગે છે. ફરીને મોકલો.

શ્રી મુક્તિલાલ મણીલાલ,–કંબોઇ –'ત્રણની ખુબી' અને 'ઉખાણા' તદ્દન અર્થ વગરનાં છે. કંઇ નૂતન ઢબે લખાણ તૈયાર કરો. ભલી લાગણી બદલ આભાર.

શ્રી રમેશ વી. આશર, કાલાવડ–'ટરની કરામત.' અને 'શબ્દ ચોરસા' પ્રસિદ્ધ નહિ થાય. 'બેઘડી મોજ' આવતા અંકે લેવાશે.

શ્રી કાંતિ એમ. કરણાવટ,–**ઝાલોદ** –'જરા હસો' આગામી અંકે જોશો. 'ક ની ગમ્મત' નહિ છપાય.

શ્રી હસમુખ ઉપાધ્યાય, દાવડ–'હું નાપાસ થયો' 'સરળ ગણિત' અને 'વર્તુળની ગમ્મત' પ્રગટ નહિ થાય. ફરી પ્રયત્ન કરજો. ધીરે ધીરે જરૂર તમારી લેખન પ્રવૃત્તિ વિકસશે.

શ્રી નાનાલાલ કે. શા. મુંદરા–'ઇચ્છતો હોય છે' આવતા અંકે લેવાશે. નાની વાર્તા 'વર્ષા અને ઉદય' નહિ. લેવાય. મજામાં હશો.



આત્મસંતોષની દિકરી બે છે :
પ્રસન્નતા અને ઉદારતા.
મુશ્કેલીઓને વિખેરનાર બે છે :
ધીરજ અને ખંતીલાપણું.
ભક્તિ બે નો સુભગ સમન્વય છે :
શ્રધ્ધા અને સમર્પણ.
સંકટ સમયે બે સહાય કરે છે :
સદ્‌બુધ્ધિ અને સંયમ.
આત્માને દુર્દશા આપનાર બે છે :
આપબડાઈ અને પરનિંદા
—**શ્રી સારથિ**

૧ થી ૧૦ ની કરામત.

૧ સમયે સરિતા અને સુરભિ ૨ સખીઓ બની ઠનીને અપટુડેટ થઇ ફરવા નીકળી પડી. ૩ વાગી ગયા. રસ્તામાં ૪ લુંટારાઓ મલ્યા. ખૂબ ગભરાવા લાગી. નવકારમંત્રનું સ્મરણ હૈયે ચડયું. સમય વીતતા આ બાજુથી ૫ માણસો શોધવા નીકલ્યા. ૬ વાર આંટા માર્યા. ૭ મે આંટે બન્ને મલી. વિતકવાત કહી સંભળાવી પુન્યપ્રભાવે બચી ગયા. ત્યારપછી ૮ દિવસ સુધી ફરવા રખડવા ન નીકળી ને ઘરમાં બેસીને એકાંતમાં ૯ કારમંત્રનો પ્રભાવ વિચારવા લાગી. ૧૦ મા દિવસથી નક્કી કર્યું કે કોઇ દિવસ ફરવા નહિ જવું....જ્ઞાનચક્ષુ ઉઘડતાં હંમેશા જિનાલયે તથા ઉપાશ્રયે જવા લાગી.

શોધી કાઢો એક ચમત્કારી ભગવંતનું નામ

શ્રી માં છે, પણ લક્ષ્મીમાં નથી.
શંકરમાં છે, પણ કિંકરમાં નથી.
બેડામાં છે, પણ માતરમાં નથી.
શ્વસૂમાં છે, પણ અઘમાં નથી.

રગમાં છે, પણ પગમાં નથી.
પારસમાં છે, પણ પત્થરમાં નથી.
રવિમાં છે, પણ ચંદ્રમાં નથી.
સમતામાં છે, પણ મમતામાં નથી.
નામાં છે, પણ હામાં નથી.
ઝાડમાં છે, પણ મૂળમાં નથી.

(ઢાળ-ચાલ્યો ચાલ્યો જાઉં છું) (૧૯૮૯)
—શ્રી દર્શનશિશુ.

કહેવત ઉકેલો

૧ જેતિગ વીવી તેતિમ.
૨ જેવું પાક રેતે.
૩ પીસોળે નેકશી એડા.
૪ સ્વીજેષ્ટિ દતેવીષ્ટિ

'હુષ્ટિ ૫૬ હુઃ ૫૯ ૫૭૨ ૬૭૯ ૬ ૫૭૯ ૬૬
૪ ૬

'૬૭૫ ૬૬ ૬૬ ૬૭૨ ૬૭૫ ૫૬૯) (૧૯૮૯)
૬ ૬ —શ્રી યાત્રી

બેઘડી મોજ

૩૦ મી તારીખ

અતુલ : ઉદય! ખ્યાલ રાખજે, ચાલતી ટ્રેને માથું બહાર ન કાઢવું, કારણ કે, થાંભલા સાથે અથડાઈ જવાથી મહિનામાં બે ત્રણ અકસ્માતના કિસ્સા દર વખતે થાય છે.

ઉદય : પણ આજે ૩૦ મી તારીખે ભય શા માટે રાખવો? અત્યાર સુધીમાં તો બે ત્રણ અકસ્માત થઈ જ ગયા હશે!!
—શ્રી દિનેશ સંઘવી-ડીસા.

મફતિયા!

એક માણસ હજામની દુકાનમાં વાળ કપાવવા ગયો. અંદર ખૂબ ગિરદી જોઈને તે દુકાનમાંથી નીકળીને બહાર જવા લાગ્યો ત્યારે હજામે બહાર આવીને ધીમેથી કહ્યું: 'સાહેબ, અંદર બેઠા છે તે બધા ગ્રાહકો નથી. એ બધા છાપાં વાંચવાવાળા મફતીયા છે!'
—શ્રી 'ધુની'-મુંદરા

ચિંતા

શિક્ષક : (તોફાની હરેશને) રાત-દિવસ તોફાન કર્યા કરે છે તે ભણવાની કંઈ ચિન્તા છે કે નહિ?

હરેશ : મારા બાપુજીએ કહ્યું છે કે, બેટા! ચિન્તા કયારેય કરવી નહિ. ચિન્તા ~~ચિતા સમાન છે~~ —ચિત્રલેખા.

અનુમાન

રસ્તે ચાલતા માણસે એક છોકરાને પૂછયું, 'રાજુ! અહીંથી બજાર કેટલે દૂર છે?'

છોકરો : તમે મારૂં 'નામ કેવી રીતે જાણ્યું'?

માણસ : અનુમાન કરીને.

છોકરો : તો પછી બજાર કેટલે દૂર છે તે પણ અનુમાન કરીને જાણી લ્યો ને!!

'બાલજગત' ના સંપાદક શ્રી
નવીનચંદ્ર મગનલાલ શાહ




જેઓ નીચેની સંસ્થાઓમાં માનદ ટ્રસ્ટી ઇત્યાદિ અધિકારપદે નિયુક્ત થયેલ છે.


—: ટ્રસ્ટી :—
શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ,—વઢવાણ
શ્રી વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ,—ભદ્રેશ્વર
શ્રી વર્ધમાન જૈન ભોજનાલય,—ભદ્રેશ્વર

—: પ્રમુખ :—
શ્રી શ્વે. મૂ. પૂ. જૈન તપગચ્છ સંઘ મુંદરા

—: કો. સભ્ય :—
શ્રી મુંદ્રા પાંજરાપોળ અને ગૌશાળા-મુંદરા

—: સંપાદક :—
'કલ્યાણ' બાલજગત 'નવિન'







જુઓ અને જાણો

સૌથી મોટું ઈંડું શાહમૃગ મૂકે છે. એ ઈંડું ૬ થી ૭ ઈંચ લાંબું અને ૪ થી ૬ ઈંચ જાડું હોય છે. સૌથી નાનું ઈંડું જમૈકાનું વર્વેઇન પંખી મૂકે છે. તેનું ઈંડું અરધા ઈંચથી પણ નાનું અને મોતી જેવું હોય છે.

લોકશાહી રાજતંત્રવાળા દેશોમાં પ્રજાને પોતાની ઇચ્છા મુજબ ધર્મ પાળવાની છૂટ હોય છે. સરમુખત્યારશાહીવાળા દેશોમાં કદાચ એમ બનતું નથી. લોકતંત્રવાળા જગતનાં રાજ્યોમાં આજે જુદા જુદા ૫૦૦ ધર્મો અને સંપ્રદાયો છે.

દુનિયાના મોટામાં મોટા આહાર કરનારા લોકો ઉરુગ્વેના રહીશો છે. તેઓ માણસ દીઠ દર વર્ષે ૨૬૪ રતલ આહાર કરે છે. આઇસલેન્ડ સૌથી વધુ દૂધ પીએ છે : દર વર્ષે માણસ દીઠ ૧૦૦ ગેલન; અને ખોરાક સૌથી વધારે આયર્લેન્ડના લોકો ખાય છે.

વિનાપ્રવેશ ફ્રી અંક હરિદ્વાર

શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.

[અમદાવાદ-૭]

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો અથવા રૂબરૂ મળો.

વસ્તુઓનાં નામ: કેસર, સુખડ, સોના–ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી. કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ-૭.**

ગુણના અર્થી બનવું જરૂરી છે!

પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

અવતરણકાર : **પૂ. પંન્યાસજી મહારાજ શ્રી રવિવિજયજી ગણિવર**

ભોયણી મુકામે ગત ચૈત્રી ઓળીના મંગલ દિવસોમાં, ભ. શ્રી મહાવીરદેવનાં જન્મકલ્યાણક ચૈત્ર સુદિ ૧૩ ના પ્રસંગને અનુલક્ષીને પૂ. આચાર્ય મહારાજશ્રીએ ભગવાન શ્રી મહાવીરદેવના પ્રથમ નયસારના ભવમાં ભગવાનમાં જે અતિથિ સત્કારની ભાવના ઉત્કટપણે હતી, તે હકીકતનું નિરૂપણ કરતું જે મનનીય સચોટ પ્રવચન આપેલ તેનું સારભૂત અવતરણ પૂ. પંન્યાસજી મહારાજશ્રી દ્વારા અમને પ્રસિદ્ધિ અર્થે મળેલ છે. પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે જે ભગવાન શ્રી મહાવીરદેવનું જીવન કલ્પસૂત્રમાં સાંભળવામાં આવે છે, તેમની સ્વાભાવિક શ્રેષ્ઠતા વર્ણવતા આ પ્રવચનને વાંચવા-વિચારવા અમારો સહુને આગ્રહ છે. સારભૂત અવતરણ પ્રસિદ્ધ કરતાં પૂ. આચાર્ય મહારાજશ્રીના આશય વિરૂદ્ધ કાંઇ પ્રસિદ્ધ થયું હોય તેની ક્ષમાયાચના.

⊙

ભગવાન શ્રી તીર્થંકર દેવોને જગતના સર્વ જીવો દુઃખી દેખાય છે. હૈયારૂપી આંખથી જોનાર વિવેકીને જ બધા જીવો દુઃખી દેખાય. અપથ્યનો ટેસ્ટ કરનારને જોઇને વૈદ્યને ખબરી, આવે, ટેસ્ટ કરનારને કહે કે, 'તું દુઃખી થઇશ રોગી થઇશ.' ત્યારે ટેસ્ટ કરનાર કહે છે કે આમ કરીને તારે અમારી પાસેથી કાંઇ સ્વાર્થ સાધવો લાગે છે, વૈદ્ય જેમ ટેસ્ટ કરનારને દુઃખી જુવે છે તેમ અરિહંતો સકલ સંસારી જીવોને દુઃખી જૂવે છે.

ખાવાની ચીજો મેળવવાનો તૈયાર કરવાનો અને ખાવાનો વ્યવહાર બધા કરે છે. એમાં સમકિતમાં કાંઇ વિશેષતા હોય છે. ભગવાન શ્રી મહાવીર દેવના નયસારના ભવમાં આવી કાંઇ વિશેષતા હતી. તે જમાડવાનું પહેલાં કરે છે. ખવડાવ્યા વિના ખાવું ફાવે નહિ ને? જેની સાથે સ્વાર્થ ન હોય તેને ખવડાવ્યા વિના ન ફાવે ને? આ ગુણ નયસારમાં હતો, તેમાં નયસારને મુનિ મલી ગયા.

સભામાંથી : તીર્થંકર થવા માટે એ સર્જાયેલા હતા.'

જવાબ : તમે એ થવા માટે સર્જાયેલા નથી એવું નક્કી કયાંથી કર્યું?

સભા : એમનામાં યોગ્યતા હતી

જવાબ : આપણામાં એ નથી શા માટે? આ બધું બચી જાય એટલા માટે છે ને? બારણા બંધ કરીને ખાનારા અયોગ્ય છે કાગડા સારા છે. કાંઉ કાંઉ કરીને પોતાની જાતને ભેગા કરીને પછી ખાય છે.

નયસાર અતિથિસ્વરૂપ સાધુ સામે જાય છે, માણસોને સામે જવા માટે ઓર્ડર નથી કરતા. શું તેમની પાસે માણસો ન હતા?

જૈન બંગલામાં બેઠો હોય તોય પોતાને નિરાધાર માને, અશરણ માને.

સમકિતમાં કોઇને આપીને જમવાનો ગુણ સ્વાભાવિક હોય. જેથી જૈન કુલમાં જન્મેલા સમકિતિને જાડા વ્યવહારથી પણ આ હોવું જોઇએ. ખાવાનું મેળવવું પકાવવું ને ખાવા બેસવું એ વ્યવહાર બધાનો હોય, પણ વિશિષ્ટ વ્યવહાર આપીને પછી જમવું તે છે. આ ગુણ નયસારમાં ઉત્પન્ન થાય છે, તમોને

કોઈ અતિથિને દીધા વગર જમવું ફાવતું નથી ને? બાવામાં ગમ્મત્યા છો પણ ગુણ પામાડનાર જે વસ્તુ છે તેમાં સમજવુ નથી.

જેનો બેકાર છે તેમ જે બોલે છે તેને સ્ટેજ ઉપરથી ઉતારી પાડવાનું મન થાય. કારણ? તને ઘરના ૧૦-૧૫ માણસોને જમાડવામાં વાંધો નહિ અને સાધર્મિક એકનો વાંધો. જો સમકિતિ હોય તો સાધર્મિક દુઃખી શાના થાય? અમારી પાસે આવે છે. અમારા બોધામાં રોટલા છે? અમે કયાંથી આપીએ. સાધર્મિ ભક્તિ તમારે કરવી જોઇએ. આજે સાધુ પણ ફંડફાળા કરવા નીકળી પડયા છે. સાધુ માગતા થશે તો તમને ભારે પડી જશે અમને રોટલી માગવાની લજ્જા નથી, તે આ માગતા થશે પછી? ભારે પડશે ભારે. સાધુઓ ફંડના વહીવટ કરતા થઇ જશે. તમારી પાસેથી વ્યવસ્થા મૂકાવી અમારે કરવાની. તમને વાપરતાં નથી આવડતાં બેંકમાં મુકતાં આવડે છે જૈન જાતિનું ખમીર છે કે નહિ? બેર ખવડાવ્યા વગર બાવુ ગમે કોને? ખવડાવવાના ગુણમાંથી નયસારને લાભ થયો. તે રાજાનો માનીતો હતો. વિશ્વાસપાત્ર હતો. મહત્વના કામમાં રાજા તેને યાદ કરતો હતો. કાષ્ટ લેવા માટે મોકલ્યો હતો. પરિવાર સાથે હતો. માણસ પોતાના જ બૈરાં છોકરાં સાથે જમવા બેસે તે શોભે? આ જાત એવી કે એકલુ ખાવું ગમે, કાગડાની જાત એવી કે કાંઉ કાંઉ કરી અનેકને ભેગા કરી જમાડે ત્યારે ગમે. ભગવાન મહાવીરનું ઉત્થાન કયાંથી થયું? આર્યમાંથી આ સંસ્કાર કેમ ગયા? આજે આર્યજાતિ આદિ બધુ પુન્યથી મલ્યુ પણ સંસ્કારવિહોણું.

પાપ કરીને પૈસા કમાય. પુન્ય કરવા બીજાને સોંપે મને ટાઇમ નથી. કારણ? પાપ કરવામાંથી બચવાનો ટાઇમ નથી, પારકાના હાથે પુન્ય સારાં ન થાય. હાથે કરવાથી આત્મા આર્દ્ર થાય છે ભાવ જાગે છે. આનંદ આવે છે, મને ટાઇમ નથી, પૈસા લઇ જાવ કેમ? પાપમાં રચ્યો પચ્યો છે. આવાના પૈસા બાનારનું કલ્યાણ થાય? બુદ્ધિ ભ્રષ્ટ થાય મને પુછે તો હું ના કહું ગરીબો પણ માનતા નથી. આવાં કામ તો હૈયાથી થાય!

નયસાર પોતે જાતે જોવા બહાર જાય છે, નોકરોને મોકલતો નથી. જમતાં પહેલાં દસ દિશા જોવી. અજાણ્યાને લાવીએ અને હીરા-માણેક ઉપાડી જાય તો આવી બુદ્ધિ થઇ તેથી આજે તમારૂં સોનુ બળજબરીથી ઉપાડી જનારા થયા. આજના મહાચોરે તમને ચોર બનાવ્યા છે, હિંદુસ્તાનનું માનસ ચોર છે જ નહિ. જેની પાસેથી લેવું છે તેને ચોર કે હરામખોર માને છે. જે લેનાર ચોર છે તેને શાહુકાર માને છે. આજે તમારા પુન્યની બામી છે. જીંદગી સુધી શું કર્યું? અતિથિ યાદ આવે તેને લાગેલી ભૂખ મટી જાય.

ભૂખે પેટે સામે જાય છે રસોઇ ઠંડી થાય છે. એક અતિથિને જમાડવાના ગુણથી ઘણા ગુણ આવે છે. તમારે ત્યાં અતિથિ આવે અને જેવું નયસારને અતિથિ અંગે થયું તેવું થોય તો શું કરો? સામાન્ય આવ્યો હોય તો "ઝટ બેસી જાવ મોડું ન કરો" એમ કહેને? અને માલદાર આવ્યો હોય તો કેવું ન પડે. સામાન્ય માણસ અતિથિ તરીકે આવ્યો હોય તો વિનય વિવેક પણ ચાલ્યો જાય નહિ એમ કહેવાય?

આજે કહે છે કે ટાઇમની મારામારી છે. કોઇ રસ્તામાં મલી જાય કેટલાંય ગપ્પાં મારો

છો. કામની વાત કરનારા મોટે ભાગે જુઠ્ઠા છે. નોકરની વાત જુદી છે કેમકે તેને કોઈ-વાર તેમ કરતાં મુશ્કેલી આવી પડે. પૂર્વ-કાલમાં તો શેઠ નોકરને પૂછે 'કેમ મોડું થયું?' તે કહે 'અતિથિ આવ્યા હતા. ત્યારે શેઠ કહે બહુ સારૂં. આવું કાર્ય કર્યા વગર ન આવવું. પણ સુખીને શું? એને ટાઇમની મારામારી શેની?

નયસાર મુનિને પૂછે છે કે 'આવા ભર જંગલમાં કયાંથી?' મુનિ કહે છે કે 'સાર્થપતિને પુછીને ગામમાં ભિક્ષા લેવા ગયા હતા. ભિક્ષા ન મલી પાછા આવ્યા. સાર્થ ચાલ્યો ગયો. અમે એકલા રસ્તાના અજાણ તેથી ભૂલા પડયા.' નયસારને લાગે છે કે આવા સાર્થ-પતિને નરકમાં જવાની ઇચ્છા લાગે છે કે શું? સંઘવી પણ જોયા છે બીજાને જમાડીને જમે. તમે ૫-૨૫ ને સાથે રાખ્યા હોય તો તેની ખબર લઈને જમોને?

નયસારને સાધુ ગુણવાન લાગે છે હકીકત સિવાય એક પણ શબ્દ તેના અંગે બોલતા નથી. સાર્થપતિના જરાપણ દોષ જોયા નથી, આવા ગુણ રાગી ઉપર પ્રેમ કેમ ન થાય? હાલમાં આપણામાં દોષ નથી બીજામાં ઘણાં છે એવી દૃષ્ટિ છે પોતાના ગુણ દોષ જોવાનો અભ્યાસ પાડવા જેવો છે, પોતાના દોષ જોવાની મહેનત ચાલુ છે ને?

નોકરો છતાં પોતે વહોરાવી. પછી જમી પાછળ મુકવા જાય છે આ તેની ચર્યા જોઈ સાધુની આંખમાં વસી જાય છે. સામે આવે ગોચરી આપે સ્થાન આપે, પાછો છતે નોકરે રસ્તે ચઢાવે આ ગુણોથી સમકિતની પ્રાપ્તિ થાય.


નયસાર ઉપદેશ સાંભળવામાં અર્થિપણું દેખાડે છે પોતાને તેમના સાધુ જેવા ગણવાનું કહે છે, અર્થિપણા વગરનાને કહેનારમાં વાયડાપણું છે.

સમકિતવંત એટલે જાતિવંત ઘોડા, જાતિવંત ઘોડાને ઇસારો બસ છે, તેને ઘોદ્દા મારવા ન પડે ઘોદ્દા કોને મારવા પડે? જેને ઘોદ્દા મારવા પડે તે સારી જાતિના નહિ. ઉપદેશ આપ્યો, સમકિત ઉચ્ચર્યું, પાછા પધારવાનું કહે છે, 'આ બધું આપના ચરણે હ્યો! હું આપનો એટલે આ બધું આપનું. જે કાંઈ મારે યોગ્ય ક્રમ હોય તે ફરમાવો!' મરવાની છેલ્લી ઘડીએ યાદ કરે છે, મહેનત કરીએ તો સમકિત મળે માટે મહેનત કરો એજ ઇચ્છીએ. લાખો કમાવામાં જે પુરુષાર્થ જોઇએ તેનાથી વધુ પુરુષાર્થ સમ-કિતને પ્રગટ કરવામાં જોઇએ. જ્યાંસુધી ગુણનું અર્થિપણું પ્રગટતું નથી, દોષ ટાળવાની બુદ્ધિ થતી નથી ત્યાંસુધી ગુણવાનપણું આવતું નથી.

આસ્તિક જૈન ભાઇઓ માટે સોનેરી તક

પ્યોર સ્પેનનું કેસર વાપરો
તોલા એકના રૂા ૮-૦૦

પ્યોર સુખડનો વાસક્ષેપ
શેર એકના રૂા. ૬-૦૦



લખો :

વસાયા ટ્રેડર્સ

પાલીતાણા

('ક્ષમાથી જ શમે વૈર'નું અનુસંધાન પેજ ૩૪૮ નું ચાલુ)

મારી અનુમતિ વિના કદિ આવવું નહિ. તારા જેવી નીચ દાસીઓને માટે મારા આ ખંડમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી, એ તું યાદ રાખજે! તું મને શું રખડતી સમજે છે? જા, લઈ જા આ હાર, ને તારા મહારાજાને આ હાર પાછો આપી દેજે! ને કહેજે કે, તમે મોકલાવેલ તાંબૂલ, પુષ્પો, વસ્ત્રાલંકારો કે બીજું કાંઈ પણ મારે જોઇએ નહિ, મને એ કલ્પે પણ નહિ' રાજભવનમાં મારે કોઇ વસ્તુની ખામી નથી. અત્યારસુધી મહારાજાને મેં મારા માથા પરના શિરછત્ર પિતા તુલ્ય માનીને તેમની કૃપા પ્રસાદી તરીકે તેમણે મોકલેલી ભેટો મેં માનપૂર્વક સ્વીકારી હતી. પણ હવે મને સમજાયું કે, મહારાજાનાં મનમાં મારા પ્રત્યે નિર્દોષ, પવિત્ર વાત્સલ્યભાવ જેવું કશું નથી, પણ જરૂર તેમનાં અંતઃકરણમાં કોઇ જુદું જ ભેદું છે, જેનો વિચાર કરતાં મારો અંતરાત્મા ક્ષોભ અનુભવે છે. મને તેની કલ્પના આવતાં અપાર આઘાત થાય છે. ખરેખર એમના જેવા શિરછત્ર ને પિતૃસ્થાને બિરાજેલનાં હૈયામાં આ શું ? બોલતાં મારી જીભ ઉપડતી નથી.

ચિત્રા : દેવી! આપ મહારાજાના આપના પ્રત્યેના સદ્‌ભાવ વિષે વધારે પડતી કલ્પના કરો છો, મહારાજાનાં મનમાં એવું કાંઇ જ નથી. તેઓને તો આપના પ્રત્યે નિર્મલ વાત્સલ્યભાવ છે. આ મહામૂલ્યહાર આપે લેવો જ જોઇએ. આપ મહારાજાએ મોકલાવેલ હાર નહિ લો તો મહારાજાને ઊલટું ખોટું લાગશે. એમનાં લાગણીભર્યા હૈયાને ઘણો આઘાત લાગશે. સ્વામિની! દાસી પર ક્ષમા કરો! વિશેષ આથી હું બીજું શું કહું?

(એટલામાં મદનરેખાની પ્રિયસખી ઉર્વશી ત્યાં આવે છે. ચિત્રા વિદાય લે છે. મહારાજા મણિરથે મોકલાવેલો રત્નજડિત હાર ત્યાં તેમ જ પડી રહ્યો છે. મદનરેખા તે હારને હાથ પણ અડાડતા નથી.)

ઉર્વશી : (મદનરેખાને કાંઇક વ્યથિત તથા ગમગીન જોઇને) દેવી! આપ આમ ગમગીન તથા ઉદાસીન બનીને કેમ બેઠા છો? હમણાં શું કાંઇ અનિષ્ટ બની ગયું છે? મહારાજાના મહેલની અંગત દાસી ચિત્રા હમણાં કેમ અહિ આવી હતી? ને તે એકદમ માફી આવતાની સાથે કેમ ચાલી ગઇ? હું જોઇ રહી છું કે, આપનું ચિત્ત આજે કેટલાયે દિવસોથી ગંભીર તેમજ ચિંતાતુર જણાય છે. જે હોય તે દેવી! મને નિશંકપણે કહો! આપનાં ચિત્તની અસ્વસ્થતાનું કારણ મને જણાવો! મારાથી આપને કશું છૂપું ન હોઇ શકે. આપની પ્રિયસખીને આપ આપનાથી શું જુદી માનો છો?

મદનરેખા : ઉર્વશી! તું આમ ઉતાવળી ન થા! જરા ધીરજ ધર! મારું મન છેલ્લા કેટલાક દિવસોથી અશાંત બની રહ્યું છે, એ હું તારી આગળ છૂપાવવા ઇચ્છતી નથી. હું કેટલાયે દિવસોથી મારા મનમાં જે વસ્તુ માટે મૂંઝાતી હતી, તે વસ્તુ આજે મને કાંઇક સ્પષ્ટપણે સમજાઈ રહી છે. જરૂર મારાં મનમાં રમતી ને મને મૂંઝવતી એ હકીકત તને હું જણાવીશ. પણ તે વાત ઘણી ગંભીર છે. આપણા મહારાજાનાં વર્તનને સ્પર્શતી છે, તેઓ મારી સાથે જે રીતે હાલ વર્તી રહ્યા છે, તેમનાં તે વર્તનથી હું મૂંઝાઉં છું, મારું હૃદય અકળાય છે, ને મારો અંતરાત્મા ફફડી ઉઠે છે. ઉર્વશી! તને શું કહું? આપણે બન્ને અંદરના ખંડમાં એક દિવસે હા, હી કરતા વાતો કરી રહ્યા હતા, ને સામેની બારીમાંથી મહારાજાની દૃષ્ટિ મારાં દેહ પર પડી, તે દિવસથી મારી સાથેનું મહારાજાનું વર્તન મને ઠીક લાગતું નથી. એમની દૃષ્ટિમાં વિકાર પ્રવેશ્યો છે, ને તેમનું હૈયું મલિન બન્યું છે. એટલે જ હું અત્યારસુધી ગંભીરપણે મનમાં સમ-સમી રહી છું, મૌન રાખીને જોયા કરું છું પણ આનું પરિણામ શું? તે વિચાર આવતાં મારી મૂંઝવણનો કોઇ પાર રહેતો નથી.

ઉર્વશી : દેવી! હું સમજી ગઇ. આપની કલ્પના સરાસર છે; છેલ્લા થોડા દિવસોથી રાજભવનમાં જે હિલચાલ ચાલી રહી છે, તેથી આપનું

આ અનુમાન બરાબર છે. મહારાજાની અંગત પરિચારિકા ચિત્રા વારંવાર આપના આવાસમાં જે ભેટો, પુષ્પો, વસ્ત્રો, અલંકારો લાવી રહી છે, ને મહારાજાના સંદેશાઓ જે રીતે તે આપને અંગતરીતે આપી રહી છે, તે બધું ઠીક તો થતું નથી. એમ મને પણ ઘણા દિવસોથી લાગ્યા કરે છે, પિતૃતુલ્ય મહારાજાને આ બધું છાજતું નથી. આપની મૂંઝવણ હું સમજી શકું છું, આપ જેવા મહાપવિત્ર સ્ત્રીરત્નને જરૂર મહારાજાનું આવું વર્તન મૂંઝવે તે બરાબર છે. આ પ્રસંગ ગંભીર તથા જરૂર કટોકટી ઉત્પન્ન કરે તેવો છે. છતાં દેવી! આને અંગે આપ અન્ય કશી જ ચિંતા કરશો નહિ. મહારાજા ગમે તેમ તો સમજુ છે, જરૂર તેઓ પોતાની ભૂલ સમજીને આ અકાર્યથી પાછા હઠી જશે. માટે આપ કોઈ વાતે મૂંઝવણ અનુભવતા નહિ.

મદનરેખા : હા, મને પણ એમ જ લાગે છે, જરૂર વડિલસ્થાને રહેલા તેઓ સમજી જશે. પોતાની મર્યાદાને લક્ષ્યમાં રાખી તેઓ તેમનાં વિકારોને ડહાપણપૂર્વક શમાવી દેશે, અને આ અકાર્યથી અવશ્ય પાછા વળી જશે. મને એ વિષે શ્રદ્ધા છે. છતાં આજે મેં ચિત્રાને ખૂબ જ કડક બનીને બે શબ્દો કઠોર ભાષામાં સંભળાવેલ છે, ને મહારાજાએ મારા માટે મોકલેલા આ હારને પણ મેં ફેંકી દીધો છે. ચિત્રા દ્વારા મહારાજા મારી ભાવનાને જાણીને જરૂર માર્ગ પર આવી જશે. એટલે તારે આ વાત રાજભવનમાં કોઇને જણાવવાની જરૂર નથી. ખુદ મારા સ્વામીને-યુવરાજશ્રીને પણ નહિ, નિરર્થક બન્ને ભાઇઓમાં ક્લેશ તથા અપ્રીતિ આ નિમિત્તો જન્મે એવું આપણે શું કામ કરવું?

ઉર્વશી : મહાદેવી! આપની વાત બરાબર છે. મહારાજા અંગેની આ વાત હું કોઇને કરીશ નહિ. પણ આપ હૈયે ઉદાસીનતા તથા મૂંઝવણ મૂકી પ્રસન્ન ચિત્તે રહેજો.

⊙

પ્રસંગ : ૨ જો :

મહારાજા મણિરથ : યુવરાજ યુગબાહુની પત્ની મદનરેખા.

સ્થલ : મદનરેખાનો આવાસ; સમય : સંધ્યાકાલ.

(મદનરેખા અત્યારે પોતાના આવાસમાં એકલા છે. દાસીઓ, પરિચારિકાઓ કે ભવનનું કોઇપણ માણસ ત્યાં હાજર નથી. ઘણા દિવસથી જે તકની મણિરથ રાજા રાહ જોઇ રહેલ છે, તે તક હાથમાં આવતાં હર્ષઘેલા મહારાજા એકાંતમાં બેઠેલા મદનરેખાની નજીકમાં જવા આવાસમાં પગ મૂકે છે.)

મહારાજા મણિરથ : (સ્વગત) ઓ હો! સારૂં થયું હું સમયસર આવી પહોંચ્યો : ઠીક થયું અત્યારે અહિં અમારા બે સિવાય ત્રીજું કોઈ નથી. ચિત્રાએ બરાબર તપાસ કરીને મને સમય જણાવ્યો. અહો કેવી સુંદર એની કાયા છે? કેવું સુંદર એનું મુખ કમલ છે! જરૂર આજે હું એના પર મારો પ્રભાવ પાડીશ જ. ગમે તે રીતે તેને હું મારી કર્યા વિના નહિ રહું! સ્ત્રીની બુદ્ધિ કેટલી? એની તાકાત કેટલી? મારૂં ઐશ્વર્ય, મારી સમૃદ્ધિ, મારો વૈભવ એનાં ચરણે ધરીશ, જરૂર એ મને વશ થઇ જ જવાની. મારા સમગ્ર અંતઃપુરની મહારાણીના પદે એને હું સ્થાપીશ. એની તાકાત નથી કે એ મને ના પાડે.

(આ વિચાર તરંગોમાં અટવાતા મહારાજા મણિરથને આમ અચાનક એકાંતમાં પોતાના આવાસખંડમાં પગ મૂકતા જોઈ મદનરેખા પ્રારંભમાં કાંઇક સંક્ષોભ પામે છે. તરત જ જાતને સંભાળી સત્વશાલી મદનરેખા અડગતા તથા ધૈર્યપૂર્વક મહારાજાને કહે છે.)

મદનરેખા : (પ્રગટપણે) પધારો મહારાજા પધારો! આપ અત્યારે આવા એકાંતમાં અહિં મારા આવાસમાં કયાંથી? આ રીતે પુત્રીતુલ્ય મારા આવાસમાં આમ અચાનક આવવું આપને શોભે ખરૂં? આપ તો ન્યાયપરાયણ, સદાચારપ્રિય મર્યાદાશીલ મહારાજા છો : પ્રજાપાલક તથા પ્રજાના પિતા છો : આપ આમ મર્યાદા તથા મોભો ત્યજી દો તે આપના માટે કોઇ રીતે ઉચિત નથી.

મહારાજા મણિરથ : પ્રિયે! તમે આ શું બોલો છો? કેટ-કેટલાયે સમયથી તમને મળવા માટે દિલ તલપાપડ બન્યું હતું. જ્યારથી મેં ગવાક્ષમાંથી તમને જોયા છે, ત્યારથી હું શુદ્ધ બુદ્ધ બધું હારી બેઠો છું, તમારા વિયોગમાં હું ઝુરી રહ્યો છું. શું તમારું સૌંદર્ય! કેવું મોહક તમારું રૂપ! મને તમારા પ્રાણેશ્વર તરીકે સ્વીકારો. મારી પ્રાર્થનાને સાંભળો! આ મારું રાજ્ય, આ વૈભવ બધું તમારા ચરણોમાં છે. મારી ઇચ્છાને તમે વશ થઈ, મારા બનશો તો આ મારા વિશાળ સામ્રાજ્યનું મહારાણીપદ તમારાં ચરણોમાં હું મૂકીશ. હું પણ તમારો થઈને રહીશ.

(આવું નિર્લજ્જ સંભાષણ સાંભળીને)

મદનરેખા : (આક્રોશ પૂર્વક દૃષ્ટિને નીચી ઢાળવાં પૂર્વક) મહારાજા! શિરછત્ર, પિતૃતુલ્ય તથા પ્રજાપાલક ગણાતા આપ આજે આ શું બોલી રહ્યા છો, આપને કોઈ વિચાર આવે છે? આપના લઘુબંધુની પત્ની જે આપની પુત્રી તુલ્ય છે, તેની સમક્ષ આવું નિર્લજ્જ સંભાષણ કરતાં શું આપને શરમ નથી આવતી? મહારાજા! આપ કોણ છો! કયા રથાને છો? તેનો તો જરા વિચાર કરો! આપ પ્રજાના પિતા છો, શું આ રીતે બોલતાં આપને કાંઈજ સંકોચ નથી થતો? અમારાં શીલ, અમારી પવિત્રતા તેને આપ આમ એકાંતમાં લૂંટવા તૈયાર થયા છો? આપને શું આમ કરવાનો અધિકાર છે? અમારી સામે કુદૃષ્ટિ કરતાં પણ આપને લજ્જા આવવી જોઇએ. મહારાજ! સૌંદર્ય કે રૂપ એ તો ક્ષણિક છે. આ દેખાતું રૂપવાન શરીર કેવળ અશુચિનો પિંડ છે, આજે દેખાતું આ બહારનું સૌંદર્ય કે રૂપ આવતી કાલે વિનાશ પામી જશે, રાજન્! એમાં આટ-આટલા શું મૂંઝાઈ રહ્યા છો?

~~સ્ત્રીનુ~~ સાચું સૌંદર્ય તેના આત્મામાં રહેલા શીલ અને સંયમમાં છે. મહારાજા! તમે મને શું એટલી ક્ષુદ્ર મનની માની કે હું તમારી રાજ્યસંપત્તિ, તમારાં ઐશ્વર્ય તથા મહારાણીપદનાં પ્રલોભનોમાં બેંચાઇ મારાં શીલ, મારા સંયમ તથા મારી પવિત્રતાને ત્યજી દઉં? તમારા યુવરાજ ને તમારા લઘુબંધુ જેવાની ધર્મપત્ની-મારી પાસે રાજ્યસંપત્તિની શી બોટ છે? સતીત્વ, શીલ તથા મારા ધર્મની રક્ષા એ જ મારું મોટામાં મોટું ઐશ્વર્ય છે. મહારાજ! હવે ફરીથી મારા આવાસમાં કદિ પગ મૂકશો નહિ, ને મારી આશા કોઈ પ્રકારની રાખશો નહિ, તમને ખબર છે? રાવણ જેવા ત્રણ ખંડના માલિક પણ પરસ્ત્રીની અભિલાષાથી કેવી દારૂણ દશાને પામ્યા? માટે ફરી આવી વાત કદિ ઉચ્ચારશો નહિ! ન્યાય નીતિ તેમ જ સદાચારના માર્ગે ડગ માંડો, મનને નિર્મલ રાખો, વૃત્તિઓને પવિત્ર રાખો ને તમારાં સ્થાનની તેમ જ તમારા વ્યક્તિત્વની મર્યાદા જાળવતા શીખો!

(મહાસતી મદનરેખાનાં આ શબ્દો કાનમાં ખીલાની માફક મહારાજા મણિરથને ભોંકાયા. લજ્જાવનત બની તે છૂપી રીતે મદનરેખાના આવાસમાંથી કોઈ ન જાણે તેમ ચાલી નીકળે છે!)

મહારાજા મણિરથ: (જતાં જતાં મનમાં બબડે છે) આ સુંદરી એમ ને એમ રહેલાઈથી હાથ આવે તેમ નથી. ગમે તેમ તો એ સ્ત્રીની જાત છે, કેટકેટલું ધમંડ, ઉદ્ધતાઈ તથા આછકલાઇનો પાર નહિ ઠીક છે, હું જોઈ લઇશ, ક્યાં સુધી આ બધું રહે છે? ગમે તેમ કરીને એને તો હું મારી કર્યા સિવાય રહીશ નહિ. ભલે મારો ભાઈ યુગબાહુ એની વચ્ચે રહ્યો, એ જો આમાં મને વિક્ષેપ કરશે. તો એને પણ હું ઉખેડી નાંખીશ ગમે તે રીતે મદનરેખાને હું એક વખત તો મારી કરીશ જ.

(મદનરેખાના આવાસમાંથી નીકળીને મણિરથ બહાર જાય છે.)

મદનરેખા (મનમાં) અહો! આ કેવો મોહનો વિલાસ! કેવી આ કામની કદર્થના! મહારાજાના અંતઃપુરમાં અનેક સુંદર રૂપવતી પતિવ્રતા ખાનદાન ઘરની રાજરાણીઓ હોવા છતાં મહારાજાની દૃષ્ટિ તથા મન મારા પર બગડ્યાં છે. મારા રૂપ તથા સૌંદર્યમાં પાગલ બનેલા મહારાજા આજે આ રીતે કેવા મર્યાદાહીનપણે આવી ચઢ્યા! ને

કેવું નિર્લજ્જ સંભાષણ કરી ગયા. મેં તેમને યોગ્ય ને સમયોચિત ઉપાલંભ આપ્યો છે, જરૂર હવે તેઓ પોતાનું હિત સમજી ઠેકાણે આવી જશે. સ્વામીનાથ યુવરાજશ્રીને હવે આ બધી વાત કરવાનો કશો અર્થ નથી. નિરર્થક તેમને સંતાપ થાય. તેઓ ઉશ્કેરાય, ને મોટાભાઇને ન કહેવાનું કહી બેસે, કે તેઓ ન કરવાનું કરી બેસે તો રાજકુલમાં કલહનાં બીજ વવાય ! ભાઇ-ભાઇ વચ્ચે આજે જે સ્નેહ, પ્રેમ તથા અનુરાગ છે, તેમાં જરૂર મહાન વિરોધ જાગે. એવું મારે શું કામ કરવું ? મહારાજા પોતે શાણા છે, મોહનો ઉછાળો શમી જતાં, વાસનાનું તોફાન શાંત થતાં તેઓ જરૂર સન્માર્ગમાં આવી જશે. તેઓ અત્યારે એકાંતમાં મારા આવાસમાં પધાર્યા છે, તે હકીકત મારે કોઇને કહેવી નહિ, ને તે કોઇએ જોયું-જાણ્યું નથી તે ઠીક જ થયું છે. પ્રભુ ! મહારાજાને સન્મતિ પ્રાપ્ત થાઓ !

પ્રસંગ : ૩ જો

યુવરાજ યુગબાહુ, મહાસતી મદનરેખા મહારાજા મણિરથ, ચંદ્રયશ સુકેતુ યુવરાજનો પરિચારક, મદનરેખાની સખી ઉર્વશી.

સ્થલ : સુદર્શનપુરનગરની બહાર અશોક ઉદ્યાન.

સમય : સંધ્યાકાલનો અંતિમ પ્રહર.

(પરિચય : મહારાજા મણિરથે મહાસતી મદનરેખાને કોઇ રીતે પોતાની કરવા ગુપ્ત પ્રયત્નો શરૂ કરી દીધા છે. પોતાની તે મેલી મુરાદને પાર કરવામાં પોતાનો લઘુબંધુ યુવરાજ યુગબાહુ તેમને શલ્યની જેમ ખટકે છે. જો યુગબાહુ ન હોય તો મદનરેખા જરૂર પોતાની થાય તેમ મહારાજાને લાગે છે. કોઇપણ રીતે યુગબાહુનું કાસલ કાઢવાને મણિરથ યોજનાઓ વિચારે છે. આ બાજુ; મદનરેખા મહાસતી એક રાત્રે ત્રીજા પ્રહરમાં પોતાના મુખમાં ચંદ્રને પ્રવેશ કરતો સ્વપ્નમાં જૂવે છે. તેઓ ગર્ભને ધારણ કરે છે. ગર્ભના પ્રભાવે મદનરેખાને અભયદાન, દેવ-ગુરુભક્તિ ઇત્યાદિ કરવાના તેમજ ઉદ્યાનમાં ક્રીડા કરવા જવાના ઇત્યાદિ મનોરથો થાય છે. ગર્ભને મહિનાઓ વીતે છે. મનોરથો પ્રમાણે યુગબાહુ મદનરેખાને સંતોષે છે. આજે મદનરેખાને સાથે લઇને ઉદ્યાનમાં ક્રીડા કરવાને યુવરાજ યુગબાહુ નીકળ્યા છે. સંધ્યાકાળ સુધી ક્રીડા કરી ફરી-ફરીને થાકેલા તેઓ અશોકવાટિકાના રંભાવનમાં-કદલીવનમાં અત્યારે આરામ કરી રહ્યા છે.)

યુગબાહુ : (પરિશ્રમ તથા ગર્ભના ભારથી શ્રમિત મદનરેખાને) પ્રિયે ! ચાલો સમય ઘણો થઈ ગયો છે, હવે રાજમહેલમાં જઇને સૂઇ રહીએ. સૂર્ય કયારનો ખસી ગયો; ને ચોમેર ઉદ્યાનમાં અંધારું ફેલાઇ ગયું છે. અત્યારે રાત્રીના સમયે નગરમાં જવાનું નહિ બને. રથમાં બેસીને ઠેઠ નગરમાં અત્યારે જવામાં તમને પરિશ્રમ પડશે. માટે આપણે આ રાત્રી અહિં જ આરામ કરીએ. નગરમાં મહારાજાને તથા ચંદ્રયશ કુમારને સમાચાર પહોંચાડી દઇએ.

મદનરેખા; સ્વામિન્ ! જેવી આપની ઇચ્છા, પરિશ્રમ વધુ પડયો છે, શરીર થાકેલ છે, છતાં આપની ઇચ્છા નગરમાં જવાની હોય તો દાસી તેમ કરવાને તૈયાર છે. જેમ આપ કહો તેમ કરવાને હું તૈયાર છું.

યુગબાહુ : ના, ના, પ્રિયે ! એટલો બધો પરિશ્રમ લઇને શરીરને ખેદ આપવાની જરૂર નથી.

(યુગબાહુ સુકેતુને બોલાવે છે. સુકેતુ આવે છે.)

યુગબાહુ : (સુકેતુને) દેવાનુપ્રિય ! આજની રાત અહિં ઉદ્યાનના રાજમહેલમાં ગાળવાની ઇચ્છા છે. દેવીને અતિ પરિશ્રમ પડેલ છે. એટલે પ્રાતઃકાળે નગરમાં જવાનું થશે. તું આપણા અન્ય પરિચારકો, દાસ-દાસીઓને નગરમાં મોકલાવી દે ! તેમજ નગરમાં મહારાજાને સંદેશો મોકલાવી દે કે, યુવરાજ રાત્રી અહિં જ વ્યતીત કરશે. માટે કોઇ જાતની ચિંતા ન કરે, કુમાર ચંદ્રયશને પણ સમાચાર મોકલાવજો.'

(સુકેતુ વ્યવસ્થામાં રોકાય છે, દાસદાસીઓ નગરમાં વિદાય થાય છે. મહારાજા મણિરથને આ સમાચાર મળતાં, તે વિચારે છે કે, 'નગર બહાર ઉદ્યાનમાં યુગબાહુ અલ્પપરિવારની સાથે હશે ? માટે ઠીક લાગ છે : યુગબાહુને અત્યારે ઠેકાણે પાડી

દેવાશે. એટલે મદનરેખા છેવટે મને આધીન જરૂર થઇ જશે.' આમ નક્કી કરીને મણિરથ નગરમાંથી છૂપી રીતે નીકળી ઉદ્યાનમાં યુગબાહુ ને મદનરેખા જે કેલીગૃહમાં એકાંતમાં આરામ લઇ રહ્યા છે, તે તરફ આવે છે, મ્યાનમાં રહેલ તલવારને મહાર કાઢી કેડ પાછળ હાથમાં તેને છૂપાવીને બે આગળ વધે છે.)

યુગબાહુ : (મદનરેખાને) પ્રિયે! કેમ હવે મહેલમાં જઇશું ને? ઘણો સમય થઇ ગયો છે, આમ ઉદ્યાનમાં કયાં સુધી પડ્યા રહેવું? (સહામે નજર કરતાં કોઇક પુરૂષ આકૃતિ આવી રહી છે, એમ જણાતાં) જો, જો, આપણે અહિં એકાંતમાં બેઠા છીએ ને આ બાજુ કોણ આવી રહ્યું છે? (સંધ્યાકાળનાં ધૂંધળા પ્રકાશમાં નજીક આવતી આકૃતિ સ્પષ્ટ થતાં) ઓહો! મહારાજા સ્વયં અત્યારે અહિં કયાંથી?

(મણિરથને દૂરથી આવતાં જોઇને યુગબાહુ એકદમ ઉભા થઇ મહારાજા સામે જવા ડગ માંડે છે. મદનરેખા તે વેળા ક્ષોભ, શંકા તથા ભયથી દૂર ખસે છે.)

યુગબાહુ : પધારો મહારાજા! પધારો! આપ અત્યારે અહિં કયાંથી? શું આપને અમારા મોકલેલા સમાચાર નથી મલ્યા?

મણિરથ : હા, મને સમાચાર મલ્યા, માટે જ હું તમને બોલાવવા આવેલ છું, તું આવા નિર્જન ઉદ્યાનમાં રાતભર રહે, એ મને ઠીક ન લાગ્યું, માટે જ હું અહિ તારી ખબર કાઢવા ને તને લઇ જવા આવ્યો છું, ચાલ તૈયાર થા, અહિં રહેવાનું નથી. અત્યારે નગરમાં જવાનું છે.

(આમ બોલીને મણિરથ યુગબાહુની નજીક આવે છે. પાછળ ખૂલ્લી તલવાર સંતાડીને બરાબર મૂઠ હાથમાં પકડીને રાખી છે. યુગબાહુ પોતાના વડિલભાઇ મણિરથની આજ્ઞાને માન્ય કરી નગરમાં જવા નક્કી કરે છે, ને મદનરેખાને જલ્દી સજ્જ થવાનું કહેવા જેટલામાં પાછા વળે છે, તેટલામાં લાગ જોઇને પાછળ સંતાડેલી તરવારને ઉગામી યુગબાહુની પીઠ પાછળ મણિરથ ઘા કરે છે. ભયંકર ચિત્કાર પાડીને યુગબાહુ ત્યાં જ તરત ઢળી પડે છે. મદનરેખા એકદમ ત્યાં આવે છે. એક-બે અંગત પરિચારકો જે ત્યાં રાત્રીવાસ માટે રોકાયા હતા, તેઓ ત્યાં ભયભ્રાંત બનીને દોડી આવે છે.)

મણિરથ : (પોતાનું પાપ ઢાંકવા માટે) અરે! આ શું થયું? મારા હાથમાં રહેલ ખડગ એકદમ આમ પડી ગયું? અંધકારમાં મને ખ્યાલ ન રહ્યો. મારા ભાઇનો અજાણતા મારા હાથે વધ થઇ ગયો. (જમીન પર પડેલા યુગબાહુને ઉદ્દેશીને) મારા વ્હાલા ભાઇ! મને તું ક્ષમા આપ, મને ખ્યાલ ન રહ્યો કે મારા હાથમાંથી ખડગ પડી ગયું.

(મણિરથ કપટનું નાટક ભજવી રહ્યો છે, એમ યુગબાહુના પરિચારકોને જણાઇ ગયું, વખતે પડેલા યુગબાહુને મહારાજા બીજો ઘા ન કરે તેમ માનીને પરિચારકો મણિરથને ત્યાંથી ખસેડે છે. પતિની પીઠ પાછળ તલવારનો તીક્ષ્ણ ઘા ખૂબ ઉંડો લાગવાથી તે ધીરે ધીરે ચેતનહીન બનતા જાય છે, એ જાણીને મદનરેખા તેમની-યુગબાહુની પાસે જઈ પહોંચે છે.)

મદનરેખા : (મનમાં વિચારે છે) અરે! છેવટે મારા રૂપમાં ભાન ભૂલેલા વિષયાંધ મહારાજાએ આવું ઘોર કર્મ કર્યું, મને પોતાની કરવાની દુષ્ટ વાસનામાં એમણે આ શું કર્યું? પોતાના પર અપૂર્વ સ્નેહ રાખનાર પોતાના નાનાભાઇની આ રીતે મહારાજાએ હત્યા કરી, મહા ભયંકર પાપ ઉપાર્જ્યું છે, હવે મારૂં કોણ? મારૂં શીલ, મારો ધર્મ તથા મારી ટેક મારે હવે કઇ રીતે જાળવવા? મારા મોટાપુત્ર ચંદ્રયશનું શું? ગર્ભમાં રહેલ બાળકનું શું? મારૂં શું થશે? (થોડીવારમાં સમજણ આવતાં) અરે! મેં અત્યારે આ શું વિચાર્યું? પતિ મરણશય્યા પર પડ્યા છે, અંતિમ અવસ્થામાં તેઓ સંકલ્પ વિકલ્પો કરી પોતાની સમાધિને ન હારી જાય, તે જોવાનું કામ મારૂં છે. પોતાના ઉપર ઘાત કરનાર વડિલભાઇ પર તેમને જરૂર દ્વેષ જાગ્રત થયો હશે! વૈર ઝેરમાં જો તેઓ આ અવસ્થામાં મળતા રહેશે તો તેમની સદ્ગતિ નહિ થાય, ભલે મારૂં ગમે તે થાય. અત્યારે તો મારી

સૌ પ્રથમ ફરજ પતિને અંતિમ આરાધના કરાવવાની છે.

આમ મનમાં નિશ્ચય કરીને મદનરેખા મનને કઠણ કરી યુવરાજ યુગબાહુની તદ્દન નજીકમાં તેમના મુખ પાસે કાન નજીક બેસે છે. ગળા નજીક ઘા લાગેલો હોવાથી લોહીની ધારા ત્યાંથી છૂટી રહી છે. લોહીનું ખાબોચીયું ભરાયું છે. અને વૈદ્ય અને અન્ય સમસ્ત પરિવાર ત્યાં અનેક પ્રકારના ઉપચારો કરી રહ્યા છે, યુગબાહુનું સમગ્ર શરીર ધોળી પૂણી જેવું બનતું જાય છે. ક્રોધ, વૈર તથા પરાભવ એમ ત્રિવિધ તાપથી સંતપ્ત યુગબાહુનો આત્મા અત્યારે વૈર, વૈર ને વૈરના વારણને શોધવા મથી રહ્યો છે, ક્રોધથી શરીર તથા મુખાકૃતિ રૌદ્ર બની રહી છે. એ સમયે મદનરેખા ચંદન કરતાં શીતલ વાણીપ્રવાહથી એમને ઠારે છે.)

મદનરેખા : (યુગબાહુને) પ્રિય સ્વામીનાથ ! હું જાણું છું કે તમને અપાર વેદના થતી હશે ? પણ તેને સમતાભાવે સહન કરજો ! વેદના થવી એ શરીરનો સ્વભાવ છે ! શરીરની મમતા અત્યારે ભૂલી જજો ! ધૈર્યપૂર્વક દુઃખને વેઠજો ! કોઈના પ્રત્યે રહેજ પણ રોષને કરશો નહિ. મહારાજાએ વડિલ ભાઈ હોવા છતાં તમારા જેવા સ્નેહરક્ત લઘુ બંધુ પર જે કાંઇ અકાર્ય આચર્યું છે, તેને યાદ કરીને દુઃખી થશો નહિ. તેમના પર કશો જ રોષ કરશો નહિ, તેમાં તેમનો કોઈ દોષ નથી. આપણાં પૂર્વકૃત દુષ્કર્મના કારણે આમ બન્યું છે. માની સમતાભાવ રાખજો ! જૂઓ આર્યપુત્ર ! અત્યારે તમારા સત્વ, શૌર્ય તથા ધૈર્યની કસોટી થઈ રહી છે. જિંદગીની છેલ્લી ઘડીઓ ગણાઇ રહી છે. છેલ્લી ક્ષણો બગડી ન જાય તે માટે ખૂબ સાવધ રહેજો ! પ્રાણનાથ ! મારી ચિંતા નહિ કરતાં. ચંદ્રયશા કે અન્ય કોઈ પ્રત્યે મોહ નહિ રાખતા. અમારા પરના રાગને ત્યજી દેજો ! તમે અત્યારે તમારા આત્માનું સંભાળો ! ધર્મના પ્રભાવે અમારું બધું સારૂં થઈ જશે. તે વિષે નિશ્ચિંત રહેજો. કોઇના પ્રત્યે ક્રોધ નહિ રાખતા. વૈર વિદ્વેષને ભૂલી જજો ! મહારાજાએ જે કાંઈ અકાર્ય આચર્યું છે, તેમના પ્રત્યે ક્ષમા રાખજો ! વૈરનું વારણ વૈર નથી પણ ક્ષમા છે, એ ભૂલતા નહિ.

(પોતાના માથા પર આમ અચાનક દુઃખ તથા અણધારી આપત્તિનાં ડુંગરા તૂટી પડવા છતાં, હૃદય પર લાગેલા ભયંકર આઘાતો છતાં, મક્કમહૃદયે તે બધાયને હૈયામાં સમાવી દઇને મદનરેખા પતિ યુગબાહુને શાંત્વન આપે છે. યુગબાહુ ધ્યાનપૂર્વક મનની સ્વસ્થતાથી સાંભળી રહે છે. સાંભળતા-સાંભળતાં ઘાની અસહ્ય વેદનામાં પણ યુગબાહુને શાતા વળે છે હૃદય સ્વસ્થ બને છે.)

મદનરેખા : (ફરી શાંત્વન આપતાં) હવે છેલ્લી ઘડીઓ ગણાઇ રહી છે, મૂંઝાશો નહિ તીર્થંકર ચક્રવર્તી ઇંદ્ર કે ઉપેંદ્ર સર્વ કોઇને એક વખતે અવશ્ય મૃત્યુ પામવાનું છે, મરણ વેળાયે ધર્મની આરાધના કરી પરલોકનું ભાથું બાંધતા જાઓ ! અરિહંત ભગવંતનું શરણ સ્વીકારો, સર્વ જીવો સાથે વૈર-ઝેરને ભૂલીને ક્ષમાપના કરો ! સર્વ જીવોને મિત્ર માનજો ! દુષ્કૃતોની નિંદા-ગર્હા કરી સુકૃતોની અનુમોદના કરજો ! છેલ્લે ફરી વડિલભાઈ મહારાજા મણિરથને ક્ષમા આપજો ! છેલ્લે ચારે પ્રકારના આહારને ત્યજી દો ! (યુગબાહુ શાંતચિત્તે સાંભળે છે. પચ્ચક્ખાણ કરે છે. વેદના અતિશય વધતી જાય છે. મદનરેખા સાવધ બને છે.) જુઓ ! બરાબર ધ્યાન રાખો ! નવકારમંત્રનું સ્મરણ રાખો ! સર્વ કોઇને ખમાવી દો ! સંસારના સર્વ સંબંધોને મમતાના ત્યાગપૂર્વક વોસિરાવી દેજો ! અમારા પર કે કોઇ પર મમતા રાખશો નહિ, સંસારના સંબંધોને ત્રિવિધ-ત્રિવિધ યોગે હવે અત્યારે ત્યજી દેજો ! (યુગબાહુ ભાનમાં છે, વેદના વધતી જાય છે. મુશ્કેલીએ હાથ જોડે છે. એટલામાં માથું ઢાળી દે છે. આંખો મીંચાઇ જાય છે. છેલ્લો શ્વાસ નીકળી જાય છે. સમાધિભાવમાં રહેલો તેમનો આરાધક આત્મા મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં જાય છે. ચંદ્રયશા રાજકુમાર વગેરે વિશાલ પરિવાર શોકગ્રસ્ત છે. મદનરેખા વજ્રના ઘા જેવા પતિમૃત્યુથી વિહ્વલ તેમજ વ્યથિત બને છે. છતાં સ્વસ્થતાને ધારણ કરી પોતાનાં શીલની રક્ષાને માટે તેમજ દુષ્ટવૃત્તિના મહારાજા પોતાના રૂપમાં અંધ બનીને કુમાર ચંદ્રયશને સંકટમાં ન મૂકી દે તે કારણે ઉદરમાં ગર્ભ હોવા છતાં મક્કમતા ને છૂપી રીતે ત્યાંથી રાતોરાત નીકળી પડે છે. મહારાજા મણિરથ કેટ-કેટલીયે પાપવાસનાઓ તેમજ કલ્પનાના તરંગોમાં ભાનભૂલેલા બનીને ઉદ્યાનેથી નગર તરફ પાછા વળતાં ભયંકર સર્પ તેમના પગ નીચે આવતાં તે ડંખ મારે છે, સર્પ ડંખથી તત્કાલ મૂર્ચ્છિત થઇને તે પૃથ્વી પર ફસ્કડાઇ પડે છે, ને ઉગ્ર ઝેર શરીરમાં વ્યાપી જતાં દુષ્ટ વૃત્તિમાં રાચતાં તે અસમાધિભાવે મૃત્યુ પામી નરકમાં જાય છે.)

(અનુસંધાન પાન ૩૪૭ નું ચાલુ)

કરી જૈન શાસનની પ્રભાવના કરવા ઉજમાળ રહેવું, તે પર્વાધિરાજની આરાધના કરનાર ધર્મરસિક આત્માઓનું પરમપુનિત કર્તવ્ય છે.

બૌદ્ધરાજાએ જિનમંદિરોમાં પર્યુષણામાં પુલોને ચઢાવવાનો નિષેધ કર્યો, ત્યારે પૂ. શ્રી વજ્રસ્વામીજીએ પોતાની શક્તિથી શ્રી સંઘને પ્રભુભક્તિમાં આવેલા તે વિઘ્નોને ટાળવા ને શાસનની પ્રભાવના વિસ્તારવા સઘળું ઉચિત કરીને બૌદ્ધરાજાને પ્રતિબોધ પમાડી જૈન શાસનની યશોજ્વલ વિજય પતાકા ફરકાવી.

શ્રી જૈન શાસનના અનુરાગી ચતુર્વિધ સંઘે આ રીતે ચૈત્યપરિપાટીનાં કર્તવ્યની આરાધના કરવા યથાશક્તિ પ્રયત્નશીલ રહેવું. પર્યુષણપર્વની આરાધનાના આ પાંચે ય કર્તવ્યો પાંચે આચારની શુદ્ધિ-વૃદ્ધિ માટે તથા સ્થિરતા માટે પરમ આલંબન છે. ચારે પ્રકારના ધર્મની આરાધના માટે ઉપકારક છે. આથી કોઇ આરાધનાના ખપી જીવોએ પૂ. પાદ ગુરુમહારાજશ્રીના શ્રીમુખેથી કર્તવ્યોને જાણી-સમજી આચરવા ઉજમાળ રહેવું.

મહાન પુણ્યોદયે પ્રાપ્ત થતા આ પર્વાધિરાજ પર્વશિરોમણિ પર્યુષણાપર્વની આ પાંચ કર્તવ્યોની પાલના દ્વારા સહુ કોઇ આરાધનામાં ઉદ્યકત રહો, તેમજ ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી વિરચિત મહામંગલકારી શ્રી કલ્પસૂત્રનું શ્રી ગુરુમુખેથી વિધિપૂર્વક શ્રવણ કરવા સહુ કોઇ ઉજમાલ બનો!

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વ જયવંતા વર્તો!

સુતર
ડબ્લીન સુતર
સ્ટેપલ યાર્ન
ડબ્લીન સ્ટેપલ યાર્ન
સાઇઝિડ બીમ્સ
કોન્સ
વિગેરે માટે....

અશોકકુમાર એન્ડ બ્રધર્સ.

રાયપુર
પરબડીની પોળ,
અમદાવાદ.

ટેલીફોન :
૨૧૬૭
૫૨૪૨૨

॥ ૐ હ્રીં શ્રીં શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ॥

દેશ અને દુનિયા

દેશ તથા દુનિયાના પ્રશ્નોની તથા વર્તમાન પ્રવાહોની આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારણા કરવા પૂર્વક માર્ગદર્શન આપવાના તથા સાંસ્કૃતિક દૃષ્ટિકોણ દર્શાવવાના જ એક આશયથી આ વિભાગમાં તે તે હકીકતોને નિર્દેશ કરવામાં આવે છે, સચોટ શૈલીએ યથાર્થ રીતે વર્તમાન પ્રવાહોની અહિં સમીક્ષા પ્રસિદ્ધ થઇ રહી છે. સર્વ કોઇ વાચકો રસપૂર્વક વાંચે તથા વિચારે !

ભારતમાં આજે ચોમેર સત્તાની સાઠમારી ઉઘાડે-છોગે ચાલી રહી છે. કોંગ્રેસના પ્રધાન મંડળોવાલા એક એક પ્રાંતમાં આજે ગજગ્રાહ ચાલી રહ્યો છે. ઠેઠ કાશ્મીરથી કન્યાકુમારી સુધી કેવલ સત્તાની કારમી ભૂતાવલના ચાળા જ જણાઈ આવે છે. પરાણે ખુરશીપર ચીટકાઇ રહેવા માટે કેટ-કેટલા કાવાદાવા આજે પ્રાંતે-પ્રાંતે પ્રદેશે-પ્રદેશે થઇ રહ્યાના અહેવાલો બહાર પડી રહ્યા છે. આ કરતાં રાજા-રજવાડા સો દરજ્જે સારા હતા, જ્યારે દબાણ થયું, ને લાગ્યું કે હવે સત્તાપર ચીટકાઇ રહેવામાં કશો લાભ નથી, કે તરત જ ૭૦-૭૦ પેઢીથી તાંબાના પતરે લખાઇને આવેલા રાજપાટો ને ગાદી વિજળીની સ્વીચ દાબો ને લાઇટ બંધ થાય તેમ બધું એકી સાથે છોડી દીધું. આજે પંદર-પંદર વર્ષથી કે દશ-દશ વર્ષથી પ્રધાનપદાની ખુરશીપર રહેલાઓને ખુરશી કોઈ રીતે છોડવી નથી, એ કેટ-કેટલી વિષમતા ! ગૂજરાતના પ્રધાનમંડળ સામે ગૂજરાત કોંગ્રેસને ગજગ્રાહ ચાલી જ રહ્યો છે. કેરળ કોંગ્રેસને કેરળના પ્રધાનમંડળ વચ્ચે વિખવાદ ઉગ્ર કોટિમાં મૂકાઈ રહ્યો છે, ઉત્તરપ્રદેશમાં પણ ગુપ્તાના પ્રધાનમંડળમાં વિખવાદ ને વેર-ઝેર ફેલાઇ ચૂકયા છે. પંજાબ,મધ્યપ્રદેશ કે મધ્યભારત, કાશ્મીર ઓરિસા, બિહાર કે આસામ; કોઇ પ્રદેશ આજે સત્તાની સાઠમારીથી બકાત નથી. સત્તા એ એવી મોહક વસ્તુ છે કે, સારા-સારા માણસોને તે વિકૃત કરી મૂકે છે, મધ્યસ્થ સરકારના પ્રધાનોમાં પણ સત્તાની ભૂખ વધતી જ રહી છે. પં જવાહરલાલજીનું ધાર્યું કાંઇ થતું નથી. દેખીતા ગોટાળા, કાવાદાવા, લાગવગશાહી, ઇત્યાદિ, અનિષ્ટો આજે કેંદ્રસરકારથી માંડીને પ્રત્યેક પ્રદેશોમાં અને અધિકારીવર્ગમાં, કે પ્રધાનમંડળમાં ઘૂસી ગયા છે, તેની સામે કેમ આજે જોઇએ તેવો ઉહાપોહ કે ખળભળાટ થતો નથી. ખરીવાત એ છે કે, સ્વાર્થની પ્રધાનતા આજે રાજકારણમાં એટલી બધી ઘૂસી ગઈ છે, કે સૌને પોત-પોતાના સ્વાર્થ સિવાય કાંઇ પડી જ નથી.

માટે જ પરોપકાર, પરમાર્થભાવ કે સાચો સેવાભાવ આવ્યા વિના સત્તાપર રહેલાઓ કદિ કોઇનું પણ ભલુ કરી શકવાના નથી, એ હકીકત તદ્દન દિવા જેવી સ્પષ્ટ છે. લાખ્ખો-કોડોના આજે ખર્ચાઓ થાય છે, પ્રજાના પરસેવાની, પાઇ-પાઈ કરીને ભેગી કરેલ કમાણી દેશના કલ્યાણના નામે આજે તદ્દન બે પરવાઈથી ખરચાઈ રહી છે કે, જ્યાં ૪ રૂા. ની જરૂર હોય ત્યાં ૪૦. રૂા. ખર્ચાતા હોય છે. આજ કારણે ભારતમાં અધ્યાત્મવાદની સંસ્કૃતિને જાગ્રત કરવી પડશે. આત્મા તથા પરમાત્માની વાતોમાં લોકોને રસ લેતા કરવા પડશે. ઇહલોક તથા પરલોક પ્રત્યે શ્રધ્ધા વિકસે તેવું શિક્ષણ, તેવા સંસ્કારો ભારતમાં પ્રચારવા

પડશે, તો જ પ્રત્યેક ભારત વાસીનાં હૈયામાં પરોપકાર, પરમાર્થભાવ કે નિઃસ્વાર્થ સેવાની લાગણી જાગ્રત થાય, જેના પરિણામે વર્તમાન અરાજકતાના ભારતનાં કદરૂપા ચિત્રમાં જરૂર પલટો આવે ને ભારત નંદનવન જેવું બને!

૦ ૦ ૦

આજના વાતાવરણની બીજી કઠીનાઇ એ છે કે પ્રધાનથી માંડી પટ્ટાવાળા સુધીમાં જાણે પ્રમાણિકતા તથા બેલદિલી વિસરાઇ ગઇ છે. લાંચરૂશ્વત તેમજ લાગવગશાહી કૂદકે ને ભૂસકે વધતાં રહ્યાં છે! આજે કોંગ્રેસી તંત્રને દેશમાં સ્થાપી થયે પંદર-પંદર વર્ષોનાં વહાણાં વહી ગયા, છતાં આ બધા અનૈતિક દૂષણોમાં ઘટાડો થવાના બદલે વધારો જ થઈ રહ્યો છે. વારે-તહેવારે પ્રજાને પ્રમાણિક બનવાની શિખામણ આપનારા આ બધા ખુરશીધારી અધિકારીઓએ સ્વયં પ્રમાણિક બનવાની પહેલી જરૂર છે. એક પાઈ પણ વગર હકકે વગર અધિકારે ઘર ભેગી કરવાની કે ખોટી રીતે ખર્ચવાની સત્તાપર રહેલાને હોય જ નહિ. ઈરાનના ખલીફાની વાત આવે છે કે, રાજ્યની તિજોરી ઉઘાડીને જ્યારે તે નાણાં ગણવાનું કામ કરે છે. ત્યારે રાજ્યની મીણબત્તી સળગાવેલ છે. રાજ્યની તિજોરીના નાણાં ગણાઇ રહ્યા પછી રાજ્યની મીણબત્તી હોલવી નાંખી. એ ખલીફા બીજીમીણબત્તી સળગાવીને પોતાને મળવા આવેલા અંગત સ્નેહીઓની સાથે વર્તાલાપ કરે છે. જ્યારે તે ખલીફાને પૂછવામાં આવે છે કે, 'આપે એક મણબત્તી હોલવી, ને બીજી કેમ સળગાવી?' ખલીફા જવાબ આપતાં કહે છે કે, 'રાજ્યનું કામ હોય ત્યાં સુધી રાજ્યની મીણબત્તી, ને અંગત કામ હોય ત્યાં ઘરની મીણબત્તી વાપરવી જોઇએ' આ છે અધિકાર પર રહેલા વર્ગની પ્રમાણિકતાનો આદર્શ!

યૂરોપના બીજા યુદ્ધ વખતે તે યુદ્ધને જીતાડવામાં જેનો હિસ્સો હતો તે ચર્ચિલ, પક્ષની-લીબરલ પક્ષની હાર થતાં જ્યારે પ્રધાનપદની ખુરશી છોડે છે, ને સત્તા છોડે છે, કપરા કાળમાં જેણે તન,મન ધનના ભોગથી લડાઇ જીતાડીને બ્રિટનને ગૌરવ પૂર્વક વિજયી બનાવ્યું છે, તે ચર્ચીલને લંડનમાં રહેવા માટે મકાન ન હતું. આવી હોવી જોઈએ અધિકારીવર્ગની પ્રમાણિકતા, આજે તો ખુરશી પર ફકત ૧૫૦ રૂા. ના માસિક પગારથી બેઠેલા સત્તાધારીની બેંક બેલેંસ જુઓ, ઘરના રાચ-રચીલા જૂઓ, તેમજ તેનો બાદશાહી ઠાઠ-માઠ જૂઓ! ઘડિભર થઇ જાય કે આ બધું કયાંથી આવતું હશે? પાંચ વર્ષ સુધી પ્રધાન-પદ ભોગવીને વિદાય થનારને જાણે યાવચ્ચંદ્ર દિવાકરૌ સુધી ઠાઠમાઠ તથા વૈભવ ભોગવવાનો શું પરવાનો મલી જતો હશે! તાજેતરમાં અમદાવાદ ખાતે લોખંડ પોલાદ તથા પતરાના લાયસન્સ આપનારી ઓફીસનો બધો જ સ્ટાફ લાંચ-રૂશ્વતથી માલદાર થવાની હકીકત બહાર આવી છે, આ કઈ રીતે ચાલી શકે? કદાચ એકાદ-બે વર્ષનો વહિવટ હોય તો જુદી વાત છે; આજે ૧૫-૧૫ વર્ષ થવા છતાં ભારતનાં રાજ્યતંત્રમાં આવું બધું અનિચ્છનીય તેમજ અપ્રામાણિકતા ભરેલું વાતાવરણ હોય ત્યાં પ્રજાને કઇ રીતે કહી શકાય કે પ્રમાણિક બનો! પ્રામાણિકતાનો પ્રજાને ઉપદેશ આપનાર આ બધા પ્રધાનોએ તથા ખુરશીધારીઓએ નિર્મોહી તથા નિઃસ્વાર્થી બનવું પડશે. આસ્તિકતાને જીવનમાં તાણા-વાણાની જેમ વણી લેવી પડશે. સ્વરાજ્ય આવ્યા પછી ને કોંગ્રેસીતંત્રના હાથમાં સત્તાનો દોર આવ્યા પછી આસ્તિકતાનો દિન-પ્રતિદિન ભંયકર રીતે હ્રાસ થઇ રહ્યો છે. સરકયુલર સ્ટેટ-બીન સાંપ્રદાયિક રાજ્યના નામે આજે સમગ્ર રાજ્યતંત્ર અધાર્મિક બની રહ્યું છે. કુદ કે ને ભૂસકે વધી રહેલી હિંસાઓ, કલ્યાણ રાજ્યની પ્રગતિના નામે વાત-વાતમાં કેવલ હિંસાવાદનો પ્રચાર, રોજ, ભૂંડ, કૂતરા, વાંદરા. ઉંદર, માછલા, દેડકા, તીડ વગેરેનો સામુદાયિક રીતે

થઇ રહેલો ક્રૂર સંહાર, તેમજ શાળા, મહાશાળા–સ્કુલો–હાઇસ્કુલોમાં ધાર્મિક શિક્ષણ આપવાનો નિષેધ આ બધા એક પછી એક અધાર્મિક કાર્યક્રમોથી વર્તમાન રાજ્યતંત્રમાં કેવલ નાસ્તિકતાનું જ વાતાવરણ જામેલું છે. આ પરિસ્થિતિમાં; પાપભય, સંયમ, સહનશીલતા, સ્વાર્થત્યાગ, પ્રમાણિકતા, ખેલદિલી, સચ્ચાઇ, નીતિમત્તા ઇત્યાદિ મંગલતત્ત્વો જીવનમાં પ્રજા કે સત્તાસ્થાને રહેલા વર્ગમાં કયાંથી વિકસે? ને જો આ ઉમદા ગુણો જીવનમાં નહિ આવે તો વર્તમાન પરિસ્થિતિમાં ભારતનું ભાવિ હજુ વધુ અંધકારમય દેખાય ૧૯૪૪–૪૫ના ગાળામાં થયેલી ચૂંટણીમાં છે. ભલે આ ભવિષ્ય કથનને નિરાશાવાદીનું વિધાન કહીને હસી કાઢવામાં આવે પણ ઉત્તરોત્તર આજે ભારતમાં કઈ પરિસ્થિતિ સર્જાઈ રહી છે? તે તરફ બુદ્ધિશાલી વર્ગે દૃષ્ટિપાત કરી ને હૈયાની આંખે આ હકીકતને વિચારવી તે મારૂં નમ્ર સૂચન છે.

× × ×

ભારતની ઉત્તર સરહદપર જ્યારથી ચીનનું આક્રમણ થયું, ત્યારથી ભારત સરકારે સમગ્ર ભારતમાં કટોકટીની જાહેરાત કરી દીધી છે. લગભગ આજે ૧૦ મહિના થવા આવશે, એ કટોકટી દિન–પ્રતિદિન વધુ કટોકટી ઉભી કરતી રહી છે. ભારતની પ્રજાપર અન્નજોના વેરા, જીવનની નહાનામાં નહાની જરૂરીયાત પર પણ આકરા કરો, એકલ–દોકલ વિધવાબાઇને જીવન નિર્વાહ માટેનું એક વખતનું નક્કર સાધન ગણાતું હતું. તે સોનાપર સુવર્ણપર નિયંત્રણ, અનાજ. તેલ, મરચા, મશાલામાં વધતી જતી કારમી મોંઘવારી–આ બધી કટોકટીમાં કટોકટી પ્રજાના પ્રત્યેક વર્ગને જીવનમાં ડગલે–ને પગલે મૂઝવી રહી છે. આજે કોઇ સુખી નથી, કોઇનાં મુખ પર નૂર નથી. આઝાદીનો આનંદ તેમજ સ્વરાજ્યની સુરખી પ્રજાના પ્રત્યેક વર્ગના જીવનમાંથી ઉડી ગઇ છે. જેને ધર્મ સમજાયો છે, શુભાશુભકર્મની ફીલોસોફી પર જેને શ્રદ્ધા છે, તે કરેલા કર્મો સહુ કોઈને ભોગવવાના છે, એ આસ્થા છે, તેજ ભાગ્યશાલી જીવો શાંતિ કે સમતા આજના વિષમ કાલમાં જાળવી શકે છે. બાકી આ રાજ્યતંત્રે પ્રજાને આર્થિક સામાજિક કૌટુંબિ સાંસ્કૃતિક અને ધાર્મિક બધી દૃષ્ટિયે છિન્નભિન્ન કરી નાંખેલ છે. મૂંઝવણમાં ડગલે ને પગલે મૂકી દીધેલ છે, ને તે પણ પ્રજાના કલ્યાણના નામે; પંચવર્ષીય યોજનાઓના કેવલ કાગળોમાં કરાઈ રહેલ બડકલા નામે બહુ બહુ તો સડકો, તાર, ટપાલ તથા ટેલીફોન રેડીયા ને મોટર, ગાડીઓથી પ્રજાને ખુશ કરી દીધી છે. હોસ્પીટાલો ને દવાખાનાઓ તેમજ કોલેજો ને હાઇસ્કુલો, પૂલો ને બધો ઇત્યાદિથી ભારતની પ્રગતિનું માપ આજે આપણી સમક્ષ મૂકવામાં આવે છે.

પણ પ્રજાના પ્રત્યેક વર્ગપર બડકાતા અપાર કરવેરા, કમર તૂટી જાય તેવા ટેકસો. નિત નવા ને નવા કાયદાઓ આ બધાયથી પ્રજા હવે ત્રાસી ગઇ છે. તેમાંયે ધાર્મિક ક્ષેત્રોમાં પ્રજાપર જે હસ્તક્ષેપ થઇ રહ્યો છે. આધ્યાત્મિક સંસ્કૃતિકના પ્રતીકસમાં ભારતની પ્રજાના શ્વાસોશ્વાસ જેવાં પવિત્ર ધર્મસ્થાનો પર તેની ધાર્મિક મિલકત પર હવે જે ટેકસો આવી રહ્યા છે તે ખરેખર કલિયુગમાં કલ્કીયુગનું સ્મરણ કરાવે છે, ને કટોકટીની વારેવાર ભૂમો મારનારાઓને વર્તમાન પત્રોના અહેવાલો જોઈ જવા સૂચના છે. તાજેતરમાં દીલ્હીનો પત્ર અમદાવાદના કોંગ્રેસી પત્રમાં પ્રસિદ્ધ થયેલ છે. તે પત્રનો અહેવાલ સ્પષ્ટ રીતે જણાવે છે કે, 'દિલ્હી ખાતે કેંદ્રસરકારના કોઇપણ ખાતામાં કે નહાનાથી માંડી મોટા અધિકારી સુધીનો પ્રત્યેક જીવન વ્યવહારમાં કટોકટી જેવું કાંઇ જ દેખાતું નથી. એ જ પાર્ટીઓ, ને એ જ જલસાઓ, એ જ કાજુ, બદામ તથા દ્રાક્ષ તેમજ અખરોટના મેવાઓ ઉડી રહ્યા છે, ને એ જ સંભારભો તથા મેળાવડાઓમાં ખાણી–પીણી તથા આનંદ

પ્રમોદ થઈ રહ્યા છે, ક્યાંયે કોઈ સ્થલે ચીનની લડાઈ ભારતનાં આંગણે આવી પહોંચી છે, તેની કટોકટીનાં દર્શન ધોળે દિવસે થતા નથી. કેવલ સરકારી પરિપત્રોમાં કટોકટીનાં દર્શન થાય છે.' આ છે આજની કટોકટીની સરકારી પરિપત્રોમાં તથા વર્તમાન પત્રોમાં પ્રધાનોના ભાષણમાં જણાવાતી કટોકટી. બાકી સાચી હકીકત એ છે કે, કટોકટીના નામે પ્રજાનાં માનસપર કટોકટી કારમી તથા ઉગ્ર દિનપ્રતિદિન બનતી જાય છે.

⊙

યૂરોપમાં તથા એશીયાના પ્રત્યેક દેશોમાં આજે દિન-પ્રતિદિન વાતાવરણ તંગ બનતું જાય છે. સહુને પોત-પોતાના સ્વાર્થો સાધવા છે. પ્રદેશ ભૂખ તથા સત્તાભૂખ સહુને પોત-પોતાની મરજી મુજબ સંતોષવી છે, કોઇને તંગદિલી ટાળવાનો સચ્ચાઇપૂર્વકનો પ્રયત્ન કરવો નથી. ઇરાક, ઇરાન, સીરીયા એ બધા આરબ દેશોમાં છાશવારે ને છાશવારે બળવો, તોફાન તથા છમકલા થયા જ કરે છે, ત્યાં સત્તા પર રહેવા કોઇનું માથુ સલામત નથી. યૂરોપના તથા આફ્રિકાના દેશો માટે પણ આમ જ કહી શકાય. કૃશ્ચેવ કેનેડીથી ડરે છે, ને કેનેડી કૃશ્ચેવથી ડરે છે. છતાં પરસ્પર એકબીજાને ડારવા ફાંફા મારી રહ્યા છે. કોઇ દેશને કોઇ દેશપર વિશ્વાસ નથી. ખુદ મિત્ર રાજ્યો ગણાતા રાજ્યો પણ પરસ્પર એકબીજાથી સાવચેતી પૂર્વક છૂપી રમતો રમી રહ્યા હોય છે. ફ્રાંસ અમેરિકાથી સાવચેતી રાખતું રહે છે, ને અમેરિકા બ્રિટન સાથે સાવચેતીથી રમતો રમી રહેલ છે. આ બધું શું સૂચવે છે? યૂરોપનો કોઈ દેશ શાંતિના શ્વાસ લઇ શકતો નથી. સત્તાની ભૂખ સંસારમાં ક્યાંયે શાંતિ નહિ આપી શકે તે હકીકત છે. આફ્રિકાના દેશો આજે સ્વતંત્ર થઈ રહ્યા છે, પણ તેમાંયે જુદા-જુદા રાજકીય પક્ષો એક બીજાની સામે ધૂરકીયા કરી રહ્યા છે, પરિણામે કોઈ દેશ આઝાદીના પરિણામે આબાદિ ભોગવી શકે તેવું વાતાવરણ જણાતું નથી. એકંદરે યૂરોપ તથા એશીયાના આ બધા દેશોનું વાતાવરણ આપણને એ બોધપાઠ આપી રહ્યું છે કે, સત્તા તથા સંપત્તિનો મોહ છોડો, અંધાપો ટાળો! જે મળ્યું છે, તેને શાંતિથી ભોગવો ને બીજાને શાંતિથી ભોગવવા દો! જો શાંતિથી જીવવું હોય તો બીજાઓને શાંતિથી જીવવા દો! તો જ મરતી વખતે શાંતિ તથા સ્વસ્થતાથી મરી શકશો. બાકી મેળવવા માટે, કોઇનું ઝૂંટવી લેવા માટે ગમે તેટલી દોડધામ કરશો પણ એક વખતે છોડીને મૂકીને હસતા કે રોતાં જવાનું છે, માટે આ બધા ધમપછાડા રહેવા દો! શસ્ત્રો અને યંત્રોની આ બધી લાંબો તેમજ ખરચાળ વણજાર ખડકીને જ તેમજ અબજો રૂા. નું તેની પાછળ પાણી કરીને અંતે તો સાથે કશું જ લઇ જવાનું નથી જ તેમાં બે મત છે જ નહિ.

યૂરોપના માંધાતાઓ તથા એશીયાના દેશો આ બોધપાઠને ગળે ઉતારે તો કેવું સારૂં? આજે નિરર્થક ભારતની બાજુમાં શાખ પાડોશી તરીકે રહેલો ચીન જેવો વિરાટ દેશ પોતાની મહત્વાકાંક્ષાના પાપે વિરાટ મટીને વામણો બની રહ્યો છે, એની અસંતોષની આગ કોઇ રીતે ઠરતી નથી. યૂરોપના બીજા સામ્યવાદી દેશો સાથે હાલ તે સંઘર્ષણમાં આવી રહ્યું છે. રશિયામાં દિવસોના દિવસો સુધી લાંબી મંત્રણાઓ કરીને તે પોતાની મહત્વાકાંક્ષાને પંપાળવામાંથી હજુ પાછું વાળીને બીજાની સામે કે વાસ્તવિક હકીકતની સામે પણ ધીર હૃદયે જોતાં શીખ્યું નથી. તેમાંયે દુશ્મનનો દુશ્મન તે મિત્ર એ ન્યાયે તેને પાકીસ્તાનનો સાથ મળી ગયો છે. ખરેખર આજે વિશ્વની ચોમેર અસંતોષ, સત્તાભૂખ તથા તૃષ્ણાના તોફાનોએ માઝામૂકી છે. અત્યાચાર તથા અંધાધૂંધી સર્જી છે, ને તેમાંથી અરાજકતા દિન-પ્રતિદિન દુનિયાના દેશોમાં ફેલાતી જાય છે. તેમાંથી તરણોપાય કેવલ સંતોષ, સંયમ તથા સાચી સમજણ સિવાય અન્ય કોઇ નથી.

⊙

બ્રિટનના લંડન શહેરમાં હમણાં હમણાં ક્રિલર નામની સ્ત્રી સાથેના સબંધોમાં બ્રિટનના યુદ્ધપ્રધાન પ્રોફ્યુમો સંડોવાયેલ હોવાને કારણે

ઘણો ઉહાપોહ ચાલી રહ્યો છે. કામનો અંધાપો કેવો કારમો છે, તે આ પ્રોફેસુમો પ્રકરણ પરથી બોધપાઠ લેવા જેવો છે. સભ્ય તથા બહારની દૃષ્ટિયે સુસંસ્કૃત ગણાતી યૂરોપની પ્રજા કેટ-કેટલી અધઃપતનની ગર્તામાં ડૂબી રહી છે. તે આ કીલર તથા બીજી વેશ્યા જીવન ગુજરાતી યૂરોપની યુવતીઓનાં જીવનની વિતકો બહાર આવતાં જણાઈ આવે છે. બ્રિટન, અમેરિકા, ફ્રાંસ તથા બીજા દેશોની પ્રજા જેટલી બહારથી સુસંસ્કૃત પ્રજા તરીકે ઓળખાય છે, તેટલી જ ભ્રષ્ટાચારમાં આગળ વધેલી છે. સારા સારા લોર્ડ કુટુંબના માણસો પણ આ પાપમાં સંડોવાઇ રહ્યાના સમાચાર આપણને કહી જાય છે કે, મોહ તથા વિકારને જીતવા કઠીન કામ છે. કામનો અંધાપો ભલ-ભલાની આબરૂ પર પાણી ફેરવી વાળે છે. ૨૦ વર્ષની સુંદરી કિલરે પ્રોફેસુમો જેવા ડાહ્યા, શાણા તથા મુત્સદ્દી ગણાતા તેમજ ખુદ ઈંગ્લાંડની મહારાણીના જમણા હાથ જેવા યુદ્ધ પ્રધાનને દુનિયામાં બે-આબરૂ, મૂર્ખ તથા બેવકુફ તરીકે જાહેર કર્યો. તેની ૨૦ વર્ષની રાજકીય કારકીર્દીનો નાશ કર્યો. તેમાં કેવળ રૂપલાલસા તથા કામનો કારમો અંધાપો જ ગણી શકાય. ઈંદ્રિયો ચંચલ છે, મનને જીતવું તથા વિકારોને વશ કરવા એ કપરૂં કામ છે. આજે ચોમેર વિલાસ, એશ-આરામ તથા સ્વચ્છંદાચાર, નાચ-ગાન તથા તાન તેમજ ભડકે બળતા વિકારો માનવીને બેફામ બનાવે છે. ભારતમાં સીનેમા, નાચ-ગાનના જલસાઓ જે ફૂદકે ને ભૂસકે વધી રહ્યા છે, તે આ યૂરોપની વિલાસી સંસ્કૃતિના પ્રતીકો છે. માટે યુરોપ હવે આ વિલાસોથી ગળે આવી ગયુ છે. ત્યાંના ડાહ્યા ગણાતા માણસો ત્યાંની પ્રજાને ' રૂક જાવ ' નો સંદેશો આપી રહેલ છે.

બ્રિટનના માજી વડાપ્રધાન ચર્ચિલે પોતાની અનુભવ કથામાં એક સ્થળે લખ્યું છે કે, 'જે દેશની પ્રજાના આદર્શ તરીકે નટનટીઓ હશે, તે દેશનું સંસ્કારિક દૃષ્ટિયે અધઃપતન અનિવાર્ય છે' એ પરિસ્થિતિ આજે ભારતમાં પણ ઠેરઠેર દેખા દઈ રહી છે. કોઈ શહેરમાં સીને નટી આવવાના સમાચાર ફેલાય એટલે તેને જોવા માટે હજારો માણસોની મેદની જામે. અમદાવાદ ખાતે બે વર્ષ ઉપર વૈજયંતીમાલા આવેલ, તે પ્રસંગે સ્ટેશનથી માંડીને સારાયે શહેરના લતાઓમાં માનવમેદનીનો મહેરામણ ઉમટ્યો હતો, સ્ટેશન પરના કેટલાયે ફરનીચરનો તથા સામાનનો તે ઉત્સાહઘેલી માનવમેદનીએ ભાંગીને ભૂક્કો કરેલ. અમદાવાદના પ્રસિધ્ધ શહેરી ને આગેવાન નાગરિક શ્રી અમૃતલાલ હરગોવનદાસે તે વેળાયે એક નિવેદન બહાર પાડીને અમદાવાદની પ્રજાને આ અસંસ્કારી રીત રસમ સામે જાહેરમાં પોતાનું મનોદુઃખ વ્યક્ત કરેલ.

યૂરોપમાં જે હવે શરમરૂપ ગણાય છે, તેનાં પગરણ આપણે ત્યાં મંડાય છે. આજે સીનેમાના નટ-નટીઓને સન્માનવામાં આવે છે. ચિત્રોના શૂટીંગ તથા ઉદ્‌ઘાટનો પ્રધાનોના હાથે થાય છે હમણાં અમદાવાદમાં હરિજન આશ્રમમાં એક ફીલ્મનું શૂટીંગ તથા તેનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન શ્રી રસિકભાઇએ કરેલ. તે વેળા સીનેસ્ટારોને જોવા માટે હજારોની સંખ્યામાં માનવમેદની જમા થયેલ. કોઈ સાધુસંત ત્યાગી તપસ્વીનાં દર્શનને બદલે આ રીતે સીનેમા નટ-નટીઓને જોવા પ્રજા ઉમટે એનો અર્થ સંસ્કૃતિ કે સંસ્કારનો સર્વનાશ! રૂપ, રંગ તથા ચામડીની સુંદરતા, અને નાચ-નખરા પાછળ ભારતની ઋષિમુનિઓની પવિત્ર ભૂમિમાં આટ-આટલો મોહ તથા કારમો અંધાપો ફેલાતો જાય તે ખરેખર શરમરૂપ જ કહી શકાય.

⊙

આ સીનેસ્ટારો-ચિત્રતારકોના મોહ પાછળ પ્રજા પોતાનું નાણું કેવી રીતે હોંશે હોંશે ખરચી રહેલ છે, તેનું રમુજી દૃષ્ટાંત મુંબઇ ખાતે આજથી ૪ મહિના પર ઓર્મોન્ડ સ્ટેડીયમમાં સિનેસ્ટારોનો ક્રીકેટ જલસો ઉજવાયો તે પરથી જાણવા મલે છે. આમ ધર્માદામાં કે રાજ્યના સંરક્ષણ ફાળામાં એક પાઈ પણ નહિ ખરચનારા નબીરાઓએ સીનેમા સ્ટારોની ક્રીકેટ મેચની ટીકીટો લઇને ક્રોડોની કમાણી કરાવી

તથા મહારાષ્ટ્ર રાજ્યે આ પ્રસંગે એક સુવનીર સાહિત્ય અંક બહાર પાડેલ. તેમાં ૪૦ પાનાની જાહેર ખબર હતી, તેની કુલ આવક ૧ ક્રોડ ૧૪ લાખ ૬ હજારની થયેલી ને ક્રીકેટ મેચની ટીકીટોની કુલ આવક ૫ ક્રોડ ૨૦ લાખની થયેલી. એકંદરે કેવલ સીને સ્ટારના આકર્ષણ પાછળ મુંબઇની પ્રજાએ ૭ ક્રોડ રૂા. ખરચ્યા. જે દેશમાં દેશના રક્ષણ માટે પણ ફાળો કરવા પાછળ પ્રજાને સીનેસ્ટારના ક્રીકેટ જલસાઓ ગોઠવીને લલચાવવી પડે છે, તે જ કહી આપે છે કે, દેશની પ્રજાનું ચારિત્રધન, સંસ્કારધન, કેટલું વિનાશના કિનારે આવી રહ્યું છે. જે દેશના સત્તાધીશોને દેશના સંરક્ષણ ફાળામાં જોઇતા નાણાં બીજી રીતે ન મળતા પ્રજાના સીને સ્ટારોનાં પ્રદર્શનના નાદને પંપાળવા દ્વારા પેદા કરવાની સ્થિતિમાં મૂકાવું પડે છે, તે દેશની નીતિ તથા ચારિત્ર્યની કિંમતી મૂડી કેવાં જોખમમાં મૂકાઇ ગઇ છે? તે બોધ આ પરથી મલે છે. ગરીબ ને દીન-દુઃખીયાને ભૂખ્યાતરસ્યાને એક પાઇ પણ નહિ આપનારા અરે તેનો તિરસ્કાર કરનારા આ રીતે સીને સ્ટારોનાં આકર્ષણને વશ થઇ સીને સ્ટારોનાં દર્શન ખાતર તેમના હાથે રમાતી ક્રિકેટને જોવા ખાતર ક્રોડો રૂા. ખરચી નાંખે છે, આ દાન શું નૈતિક કહેવાય? ના, આ ધર્મદાન કે નૈતિક દાન નથી. પણ કેવલ મોજ-શોખ પાછળનું દાન છે.

આજે આ રીતે દાન ઉધરાવવાનો પવન દેશની ચોમરે ફેલાયો છે. કોઇ કેળવણી સંસ્થાને કે તબીબી સંસ્થાને પ્રજા પાસેથી પૈસો લેવો હોય તો પ્રજા સીધી રીતે તે તે સંસ્થાઓને પૈસો ન આપે, પણ જો કોઇ સીનેમાનો શો રાખવામાં આવે, નાટકનો શો ગોઠવવામાં આવે તો ટપોટપ હજારો રૂા. ની અરે! લાખ્ખો રૂા. ની ત્યાં આવક થાય છે! આને શું કહેવું? શું કેળવણી યા તબીબી સહાયનો પ્રેમ કે વિલાસનો શોખ? ખરેખર વિલાસ, નાચ, નખરા તથા મોજ-શોખ પ્રત્યે જનતાની અભિરૂચિ એટલી હદે બેફામ રીતે વધતી જ રહી છે, કે તેની પાસેથી પૈસો કઢાવવા માટે પણ તેને એ સાધનો આપો તો જ તે સામાજિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દાન દેવા તૈયાર થાય છે. પણ આ હકીકત ભારત જે તપ, ત્યાગ, સંયમ, અને ચારિત્ર તેમજ સંસ્કાર ધનની પવિત્રતામાં જ મહત્તા માનનાર દેશ છે, તેને માટે ભારે ચિંતાનો વિષય છે. પણ આજે આ કહેવું કોને? ખરેખર આભ ફાટે ત્યાં થીગડું કયાં દેવું? જેવી પરિસ્થિતિ આજે ચોમેર સર્જાઇ રહી છે. આમાંથી જેટલે અંશે ડહાપણપૂર્વક તથા સમજણપૂર્વક પાછા વળાય તેટલે અંશે લાભ છે, તેમાં જ દેશ તથા સમાજનું, ઘર તથા કુટુંબનું શ્રેય છે. બાકી સાધન શુધ્ધ ન હોય તો સાધ્યની શુદ્ધિ કઇ રીતે સંભવી શકે?

⊙

તાજેતરમાં શ્રી શંખેશ્વરજીતીર્થમાં યાત્રાવેરો લેવાનું ગ્રામ પંચાયતે ઠરાવેલ છે, તેમ સમાચાર આવ્યા છે. કોંગ્રેસ સરકાર સત્તા પર આવ્યા પછી લોકશાહીની વ્યાખ્યા જાણે બદલાઇ ગઇ છે. પ્રજાના મૂળભૂત અધિકારો પર તરાપ માંડવા દિન-પ્રતિદિન નવા ને નવા કાયદાઓ તે લોકશાહીના નામે તેમજ પ્રજાના કલ્યાણના નામે બહાર પાડી રહી છે. મુંડકા વેરા જેવા પ્રજાના ધાર્મિક સ્થલો પર નખાતા આવા વેરાઓનો સહુ કોઇએ તેમાં જૈન કે જૈનેતર ભારતીય સંસ્કૃતિમાં માનનાર પ્રત્યેક પ્રજાજને વિરોધ કરવોજ જોઇએ. ભારતના બંધારણમાં દર્શાવેલ ધાર્મિક સ્વાતંત્ર્ય તથા વ્યક્તિ સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારો પર તરાપ મારનાર આ વેરો કોઇ રીતે ચલાવી લેવાય નહિ. કેવલ ૧૦૦ ઘરના ગામમાં જ્યાં આવતા -જતાં યાત્રિક વર્ગની ઉદારતાથી તથા તેની સહાયથી ગામની શોભા તેમજ સમૃદ્ધિ છે. તેવું શંખેશ્વર ગામ; તેની પંચાયતના એડમીનીસ્ટ્રેટર તા. ૧૯-૬-૬૩ ના જાહેર નોટીસ દ્વારા તા. ૧૯-૮-૬૩ થી શંખેશ્વરજીમાં આવતા યાત્રાળુઓ પર યાત્રાવેરો લેવાનો નિર્ણય કરે તે ખરેખર સંસ્કૃતિ તથા ભારતીય પ્રજા પરનો અત્યાચાર જ કહી શકાય. ૧૨ વર્ષની ઉપરના

સ્ત્રી–પુરુષો પાસેથી ૩૭ ન. પૈ. તથા ૧૨ વર્ષની નીચેના યાત્રાળુઓ પાસેથી ૧૯ ન. પૈ. યાત્રા-વેરો લેવાનો આ ઠરાવ મોગલોના સમયમાં હિંદુઓ પર નંખાતા જીજીયાવેરા તથા મૂડ-કાવેરાની યાદ તાજી કરાવે છે. જૈનમાત્રે આ અન્યાયી ઠરાવની સામે શક્તિ મુજબ લડી લેવું જોઈએ તારક દેવાધિદેવ પ્રગટ પ્રભાવી મહામહિમાશાળી શ્રી શંખેશ્વરજી તીર્થ પ્રત્યે ભક્તિ ધરાવનાર જૈન માત્રે નહાના ૧૨ વર્ષના બાળકથી માંડીને ૯૨ વર્ષ સુધીના સહુએ આ સત્તાશાહી રીત રસમ સામે પોતાના તન, મન તથા ધનથી સખ્ત વિરોધ ઉઠાવવો જરૂરી છે.

કોંગ્રેસ રાજ્યમાં ધર્મમાં હસ્તક્ષેપ કરવો ધર્મના નાયકો તથા ધર્માનુષ્ઠાનો સામે યથેચ્છ-પ્રલાપો કરવા તે તો જાણે એક જાતનો શોખ થઇ ગયો છે. મુસ્લીમ જેવી લઘુમતિ કોમને ભારતમાં કેટલું મહત્ત્વ આપવામાં આવે છે, તેમનાં ધર્મસ્થાનો, તેમના ધર્મગ્રંથો તથા તેમની ધાર્મિક માન્યાતાઓનું સન્માન કરવામાં આવે, એક શબ્દ જો આડોઅવળો બોલાઈ જાય તો કેંન્દ્ર સરકારના પ્રધાનથી માંડી પટા-વાળા સુધીનાને લે–મૂક થઇ જાય. મુંબઇની ભારતીય વિદ્યાભવન સંસ્થાએ આજથી ૫–૬ વર્ષ પૂર્વે અમેરિકામાં જે પુસ્તકની ૫–૬ આવૃત્તિઓ થઇ ગઇ છે. તે 'આપણા ધાર્મિક આગેવાનો' નામના પુસ્તકની ઈંગ્લીશ આવૃત્તિ બહાર પાડેલ, તેમાં મહમદ પયંગબર માટે એક ફકરો વાંધાજનક હશે, તો તે માટે ભારતભરમાં ઉગ્રવિરોધ જાગ્યો. પાકીસ્તાનમાં પણ ખળભળાટ થયો. કેંદ્રસરકારે એ પુસ્તકને જપ્ત કરવાનો હુકમ બહાર પાડયો. એ પુસ્તકની હજારો નકલોની હોળી કરવામાં આવી. જ્યારે 'ભગ-વાન બુદ્ધ' પુસ્તક જે ધર્માનંદ કૌશાંબીનું લખેલ ને કેંદ્રસરકારના સાહિત્યવિભાગે પ્રસિધ્ધ કરેલું, જેમાં જૈન ધર્મ માટે તથા ભગવાન શ્રી મહાવીરદેવ માટે જૈનોની ધાર્મિક લાગણી દુઃખાય તથા તેવા આઘતજનક કેટ–કેટલાયે વિધાનો કરવામાં આવેલા, જૈનોના પરમ પૂજ્ય શ્રી તીર્થંકર દેવ શ્રી મહાવીર ભગવાન માટે માંસાહાર કર્યાનો આક્ષેપ કરેલ તે પુસ્તક માટે ખૂબ ખૂબ ઉહાપોહ થયો, પણ જૈનોની નિર્બળતા તથા જૈનોની ફાટફૂટના કારણે તેમાં કશું જ થયું નહિ.

ખરેખર જૈન સમાજે આમાંથી બોધ લેવા જેવો છે, જૈન શાસન, જૈન ધર્મ તથા જૈન સંસ્કૃતિ સામે જ્યારે જ્યારે આક્રમણ આવે ત્યારે ત્યારે એક દિલ થઇ સંગઠ્ઠિત બનીને ને તેનો શકય પ્રતિકાર કરવા દરેક રીતે સજ્જ રહેવું જરૂરી છે, ભલે આપણે અંદરના ગમે તેવા મતભેદોમાં વિખરાઇ ગયા હોઇએ, પણ જૈન સંસ્કૃતિ સામે જૈન શાસન સામે તથા આપણા પરમપવિત્ર તીર્થો સામે આક્રમણ આવે ત્યારે આપણે સહુએ સંગઠ્ઠિત થઇને અવાજ કાઢવો જ જોઇએ જોરદાર આંદોલનો ઉઠાવવા જોઇએ. અમારી સમગ્ર જૈન સંઘને આ પ્રસંગે અપીલ છે કે, શંખેશ્વરજી તીર્થ પરના આ યાત્રા વેરા સામે શહેરે–શહેર, ગામે–ગામ ઘરે-ઘર, સખ્ત વિરોધ કરો, ઠરાવો કરો, તારો કરો ને સખ્ત શબ્દોમાં વિરોધ નોંધાવો! બાર વર્ષથી માંડીને ૯૨ વર્ષના વૃદ્ધ સુધીના સહુ કોઇની ફરજ છે કે, આ અન્યાય સામે માથું ઉંચકે, ને લોકશાહી રીત–રસમમાં તેનો સખ્તમાં સખ્ત વિરોધ કરે!

શ્રી શંખેશ્વર ગ્રામપંચાયત જૂથ. (વા. હારીજ) મુ. શંખેશ્વર (ઉ. ગુ.) તેમજ મહેસાણા જીલ્લા કલેકટરને અને ગુજરાત રાજ્યના ગ્રામ્યપંચાત ખાતાના પ્રધાન શ્રી રતુભાઈ અદાણીને તારો કરી, વિરોધ કરે તે રીતે કરીને શ્રી શંખેશ્વરજી તીર્થ પ્રત્યેની ભક્તિને જૈનસંઘ બતાવે! તીર્થ પ્રત્યેની લાગણી ઠંડો ન રાખતા તેજ રાખીને પોતાની ફરજ બજાવે!

ચાતુર્માસિક શુભ સ્થળો

દર વર્ષની જેમ 'કલ્યાણ'ના પર્યુષણપર્વ વિશેષાંકમાં પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરોના નિયત થયેલ ચાતુર્માસિક શુભ સ્થલોની નોંધ અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ. અમારા પર આવેલ સમાચારો પરથી તારવીને આ નોંધ અમે તૈયાર કરીએ છીએ. પાલીતાણા, અમદાવાદ, મુંબઇ તથા દેશ-પ્રાંત પ્રમાણે ગત વર્ષની માફક આ વિભાગ અમે તૈયાર કરેલ છે. બની શકે ત્યાં ઠાણા અમે પ્રસિદ્ધ કરેલ છે, પણ જ્યાં અમને સંખ્યાની માહિતિ નથી, ત્યાં આદિ શબ્દ મૂકેલ છે. જ્યાં આદિ ન મૂકેલ હોય ત્યાં પણ આદિ સમજી લેવું. જૈન ઉપાશ્રય, જૈન દેરાસર પાસે, એ રીતે ઠેકાણું સમજી લેવું. નામો પ્રસિદ્ધ કરવામાં મોટા નાનાનો ક્રમ ન જળવાયો હોય તે સંભવિત છે, તે માટે સર્વ કોઈ ક્ષમા આપે! જ્યાં આ. હોય ત્યાં આચાર્યદેવ ઉ. હોય ત્યા ઉપાધ્યાયજી મ. તથા પં. હોય ત્યાં પંન્યાસજી મ. અને પૂ હોય ત્યાં પૂજ્યપાદ એ રીતે સર્વ કોઇએ સમજી લેવું. આ ચાલી પરિશ્રમ લઇને તૈયાર કરેલ છે, છતાં કાંઇપણ ફેરફાર હોય તેને અંગે અમારૂં ધ્યાન ખેંચવાનો અમારો સર્વ કોઇને આગ્રહ છે.

⊙

અમદાવાદ

પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. ઉ. શ્રી ચારિત્રવિજયજી મ. ઠા. ૩૨ જૈન જ્ઞાનમંદિર અમદાવાદ

પૂ. આ. મ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ. ઠા. ૧૨ વિદ્યાશાળા

પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. (ડેલાવાળા) ઠા. ૧૧ સાબરમતી, રામનગર

પૂ. આ. મ. શ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ. ઠા. ૩ જૈન મરચન્ટ સોસાયટી

પૂ. આ. મ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. ઠા. ૪ દશાપોરવાડ સોસાયટી

પૂ. આ. મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ ઠા. ૪ ખુશાલ ભુવન

પૂ. આ. મ. મુનિ શ્રી અમૃતવિજયજી મ. ઠા. ૨ ખુશાલ ભુવન

પૂ. આ. શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી ઠા. ૫ પાંજરાપોળ

પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરજી મ. જૈન સોસાયટી

પૂ. ઉ. શ્રી ઉદયરત્નવિજયજી મ. આત્મવલ્લભ જ્ઞાનમંદિર સાબરમતી

પૂ. પં. શ્રી માનવિજયજી મ. તથા પૂ. પં. શ્રી કાંતિવિજયજી મ. ઠા. ૧૦ શાહીબાગ ગીરધરનગર

પૂ. પં. શ્રી મંગળવિજયજી મ. લવારની પોળ

પૂ. પં. શ્રી સુબોધવિજયજી મ. ઠા. ૪ ભઠ્ઠીની બારી

પૂ. પં. શ્રી કીર્તિચન્દ્રવિજયજી મ. ઠા. ૩ પાંજરાપોળ

પૂ. પં. શ્રી સુબોધસાગરજી મ. ઠા ૮ આંબલી પોળ

પૂ. પં. શ્રી રૈવતસાગરજી મ. ઠા. ૨ શામળાની પોળ

પૂ. પં. શ્રી સંપતવિજયજી મ. ઠા. ૭ લવારની પોળ

પૂ. પં. શ્રી કંચનવિજયજી મ. ઠા. ૨ નવરંગપરા

પૂ. મુ. શ્રી નિરંજન વિજયજી મ. ઠા. ૩ પાંજરાપોળ

પૂ. મુ. શ્રી સુમતિપ્રભવિજયજી મ. ચાંપાનેર સોસાયટી પાસે આગમ મંદિર

પૂ. મુ. શ્રી ચંદ્રવિજયજી મ. ઠા. ૨ ખુશાલભુવન

પૂ. મુ. શ્રી વલ્લભવિજયજી મ. ઠા. ૨ દોશીવાડાની પોળ ડેલાનો ઉપાશ્રય

પૂ. મુ. શ્રી ભાનુવિજયજી મ. ઠા. ૩ શાહપુર

પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મ. ઠા. ૧૦ લુણસાવાડો

પૂ. મુ. શ્રી દક્ષપ્રભવિજયજી મ. દોશીવાડાની પોળ ડેલાનો ઉપાશ્રય

પૂ. મુ. શ્રી સુબોધવિજયજી ઠા. ૨ તળીયાની પોળ

પૂ. મુ. શ્રી ચન્દ્રોદયસાગરજી મ. ઠા. ૩ સાબરમતી

પૂ. મુ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. શામળાની પોળ

પૂ. મુ. શ્રી નિરંજનવિજયજી મ. વાસણ શેરી સરસપુર

પૂ. મુ. શ્રી જયંતિવિજયજી મ. ઠા. ૨ શાહપુર

પૂ. મુ. શ્રી રાજવિજયજી મ. શ્રીપાલનગર

પૂ. શ્રી ગણિ. ધર્મસાગરજી મ. તથા પૂ. મુ. શ્રી અભયસાગરજી મ. ઠા. ૯ નાગજી ભુદરની પોળ

પૂ. મુ. શ્રી વિનયસાગરજી મ. ઠા. ૨ આગમોદ્ધારક જ્ઞાનશાળા

પૂ. મુ. શ્રી મુક્તિવિજયજી મ. અમદાવાદ કેમ્પ

પૂ. મુ. શ્રી જયંતવિજયજી મ. ઠા. ૨ ,,

પાલીતાણા

પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. ઠા. ૭ જૈન સાહિત્ય મંદિર
પૂ. આ. મ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. ઠા. ૮ શાંતિભુવન
પૂ. આ. મ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી ચંદ્રોદયવિજયજી મ. ઠા. ૧૧ શંત્રુંજય વિહાર
પૂ. આ. શ્રી વિજયજિતેન્દ્રસૂરીશ્વરજી મ. ઠા, ૫ નેમિદર્શન જ્ઞાનશાળા
પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ. ઠા. ૪ ખુશાલ ભુવન
પૂ. ઉ. શ્રી સુખસાગરજી મ. ઠા. ૨ જૈન ભુવન
પૂ. પં. શ્રી ભક્તિવિજયજી મ. ઠા. ૪ આરીસા ભુવન
પૂ. પં. શ્રી હેમેન્દ્રસાગરજી મ. ઠા. ૨ સોનબાઇ બીલ્ડીંગ
પૂ. પં. શ્રી સુંદરમુનિ મહારાજ ઠા. ૩ ઘોઘાવાળી ધર્મશાળા
પૂ. પં. શ્રી પ્રભાવવિજયજી મ. ઠા. ૨ મોતી કડીયાની ધર્મશાળા
પૂ. મુ. શ્રી કંચનવિજયજી મ. અમરચંદ જશરાજ ધર્મશાળા
પૂ. મુ. શ્રી પુણ્યસાગરજી મ. ઠા. ૨ નરશી કેશવજી ધર્મશાળા
પૂ. મુ. શ્રી મુક્તિવિજયજી મ. શાંતિભુવન
પૂ. મુ. શ્રી નંદનવિજયજી મ. ઠા. ૨ કંકુબાઇની ધર્મશાળા
પૂ. મુ. શ્રી મુનિ શ્રી કનકવિજયજી મ. ઠા. ૨ સાહિત્ય મંદિર
પૂ. મુ. શ્રી મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મ. ઠા. ૨ ઘોઘાવાળી ધર્મશાળા
પૂ. મુ. શ્રી ગૌતમવિજયજી મ. ઠા. ૨ ઘોઘાવાળી ધર્મશાળા
પૂ. મુ. શ્રી મણિવિજયજી મ. અમરચંદ જસરાજ
પૂ. મુ. શ્રી ન્યાયવિજયજી મ. ઠા. ૨ ચંપા નિવાસ

મુંબઇ

પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. ઠા. ૫. દોલતનગર બોરીવલી
પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ભાસ્કરવિજયજી મ. ઠા. ૧૨ લાલબાગ જૈન ઉપાશ્રય ભૂલેશ્વર
પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી યશોવિજયજી મ. ઘાટકોપર
પૂ. આ. મ. શ્રી નેમસાગરસૂરીશ્વરજી મ. ઠા. ૩ મુલુંડ
પૂ. આ. મ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ. ગોડીજી જૈન ઉપાશ્રય
પૂ. પં. શ્રી ચરણવિજયજી મ. જૈન દેરાસર મલાડ
પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી મ. માટુંગા
પૂ. મુ. શ્રી કુશળવિજયજી મ. નમિનાથ જૈન ઉપાશ્રય
પૂ. મુ. શ્રી મૃગેન્દ્રમુનિજી મ. ઠા. ૨ મરીનડ્રાઇવ
પૂ. પં. શ્રી પ્રતાપવિજયજી મ. પૂ. પં. શ્રી કાંતિવિજયજી મ. ઠા. ૫ શાંતાક્રુઝ
પૂ. પં. શ્રી પ્રિયંકરવિજયજી મ. વિલેપાર્લા
પૂ. પં. શ્રી અશોકવિજયજી મ. ઠા. ૨ શીવ
પૂ પં. શ્રી ધુરંધરવિજયજી મ. ઠા. ૩ ભાયખલા
પૂ મુ. શ્રી ચિદાનંદમુનિજી મ. ઠા. ૨ કોટ
પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મ. સેનેટોરીયમ ભાંડુપ
પૂ. મુ. શ્રી વિબુધવિજયજી મ. ઠા. ૨ મુલુંડ
પૂ. મુ. શ્રી શશીપ્રભવિજયજી મ. ઠા. ૨ માહિમ
પૂ. મુ. શ્રી શુશીલવિજયજી મ. ઠા. ૨ કલ્યાણ
પૂ. મુ. શ્રી રંગવિજયજી મ. ઠા. ૨ અંધેરી
પૂ. મુ. શ્રી લલિતાંગવિજયજી મ. ઠા. ૨ અંધેરીગામ
પૂ. મુ. શ્રી પ્રીતિચન્દ્રવિજયજી મ. બોરીવલી
પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ. ઠા. ૨ સેન્ડહર્સ્ટ રોડ ચંદ્રપ્રભ દેરાસરજી
પૂ. મુ. શ્રી જયાનંદવિજયજી મ. ઠા. ૩ વાલકેશ્વર

પૂ. મુ. શ્રી મતિસાગરજી મ. વસઇ
પૂ. મુ. શ્રી મહાનંદવિજયજી મ. દાદર

ગુજરાત

પૂ. મુ. શ્રી આનંદઘનવિજયજી મ. ઇડર
પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. ઠા. ૨ ઇટાદરા
પૂ. આ. મ. વિજયયશોદેવસૂરીશ્વરજી મ. ઠા. ૬ ઉંઝા
પૂ. પં. શ્રી કેવલવિજયજી મ. ઠા. ૨ કિયોલ
પૂ. મુ. શ્રી કમળવિજયજી મ. કોઠ
પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. તથા પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ. ઠા. ૪ કડી
પૂ. પં. શ્રી શાંતિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ઇન્દ્રસાગરજી મ. કપડવંજ
પૂ. મુ. શ્રી હેમેંદ્રવિજયજી મ. કરચલીયા
પૂ. મુ શ્રી શાંતિસાગરજી મ. ખરસલીયા
પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી મ. ઠા. ૩ જૈનશાળા ખંભાત
પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ. લાડવાડો ખંભાત
પૂ. મુ શ્રી રામચંદ્રજી મ. ઠા. ૨ સંઘવીની પોળ ખંભાત
પૂ. મુ. શ્રી દયામુનિજી મ. ખુલાખીદાસ જૈન ઉપાશ્રય ખંભાત
પૂ. મુ. શ્રી હેમચંદ્રવિજયજી મ. ઠા. ૨ ઓસવાલનો ઉપાશ્રય ખંભાત
પૂ. પં. મ. શ્રી સુદર્શનવિજયજી મ. ઠા. ૩ ખેડા
પૂ. મુ. શ્રી સુપ્રભવિજયજી મ. ખેરાળુ
પૂ. મુ. શ્રી સંયમસાગરજી મ. ખુડાલા
પૂ. પં. શ્રી કીર્તિમુનિજી મ. ગોધાવી
પૂ. મુ. શ્રી સુધાંશુવિજયજી મ. ઠા. ૨ ગોધરા
પૂ. પં. શ્રી ચંદ્રવિજયજી મ. ઠા. ૪ ધાનેરા
પૂ. મુ. શ્રી જયવિજયજી મ. ઠા. ૩ ચાણસ્મા
પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. ઠા. ૨ ચંડીસર
પૂ. મુ. શ્રી ગુણાનંદ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. ઠા ૩ છાણી
પૂ. આ. મ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. મ. શ્રી ઓંકારસૂરીશ્વરજી મ. ઠા. ૬ જુના ડીસા
પૂ. મુ. શ્રી નિર્મલસાગરજી મ. ટીંટોઇ
પૂ. પં. શ્રી કનકવિજયજી મ. તથા પં. શ્રી વિનય-વિજયજી મ. ઠા. ૬ ડભોઇ
પૂ. મુ. શ્રી સંતોષવિજયજી મ. ડભોડા
પૂ. મુ. શ્રી કીર્તિસેનવિજયજી મ. ઠા. ૩ નવાડીસા
પૂ. મુ. શ્રી વસંતસાગરજી મ. તડકેશ્વર
પૂ. મુ. શ્રી ચારિત્રવિજયજી મ. થરાદ
પૂ. મુ. શ્રી જિનેન્દ્રસાગરજી મ. ઠા. ૨ દહેગામ
પૂ. મુ. શ્રી ખાંતિવિજયજી મ. ઠા. ૨ દાંતા
પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી મ. ઠા. ૨ ધોરાજી
પૂ. મુ. શ્રી ચારિત્રવિજયજી મ. ઠા. ૨ નવસારી
પૂ. મુ. શ્રી જયવર્ધનવિજયજી મ. નવા ડીસા
પૂ. મુ. શ્રી કુન્દકુન્દવિજયજી મ. પાલનપુર
પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. ઠા. ૩ નગીનદાસ હોલ પાટણ
પૂ. પં. શ્રી પરમપ્રભવિજયજી મ. ઠા. ૩ સાગરનો ઉપાશ્રય પાટણ
પૂ. પં. શ્રી કનકવિમલજી મ. ભાભાનો પાડો પાટણ
પૂ. મુ. શ્રી બુદ્ધિસાગરજી મ. ઠા. ૩ રાજકાવાડો જૈન ઉપાશ્રય પાટણ
પૂ. મુ. શ્રી મેરૂવિજયજી મ. ઠા. ૩ ખેતરવાસી જૈન ઉપાશ્રય પાટણ
પૂ. મુ. શ્રી શાંતિવિજયજી મ. કોટાવાળાની ધર્મશાળા પાટણ
પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. ખેતરવાસી પાટણ
પૂ. મુ. શ્રી નરોત્તમવિજયજી મ. પેટલાદ
પૂ. મુ. શ્રી માણેકવિજયજી મ. બોરસદ
પૂ. મુ. શ્રી મિત્રાનંદવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી તત્વાનંદ વિજયજી મ. કાશીપુરા બોરસદ
પૂ. મનોજ્ઞાસાગરજી મ. બારડોલી
પૂ. મુ. શ્રી મહાનંદસાગરજી મ. ભરૂચ
પૂ. પં. શ્રી મૃગાંકવિજયજી મ. ઠા. ૭ મહેસાણા
પૂ. મુ. શ્રી ભાનુવિજયજી મ. મહેસાણા
પૂ. મુ. શ્રી સુમિત્રવિજયજી મ. મહેસાણા
પૂ. મુ. શ્રી મેઘસાગરજી મ. મહેસાણા
પૂ. મુ. શ્રી મનોજ્ઞાસાગરજી મ. માણસા
પૂ. મુ. શ્રી માણેકવિજયજી મ. મુંજપર
પૂ. મુ. શ્રી શાંતિસાગરજી મ. ઠા. ૨ રામપુરા

પૂ. મુ. શ્રી હર્ષવિજયજી મ. રાધનપુર
પૂ. પં. શ્રી મેરૂવિજયજી મ. ઠા. ૨ રાજપુર ડીસા
પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. ડુંગરપુર
પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. ઠા. ૪
ઘડીયાળી પોળ વડોદરા
પૂ. પં. નેમવિજયજી મ. વડોદરા
પૂ. ઉ. શ્રી જયંતવિજયજી મ. તથા પૂ. પં. વિક્રમવિજયજી મ. વાપી
પૂ. આ. મ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી વર્ધમાનવિજયજી મ. તથા પૂ. પં. શ્રી રૈવતવિજયજી મ. ઠા. ૭ વાડાશીનોર
પૂ મુ. શ્રી નિત્યાનંદવિજયસૂરીશ્વરજી મ. ઠા. ૩ વડાવલી
પૂ. મુ. શ્રી ધનપાલવિજયજી મ. ઠા. ૨ વાવ
પૂ. મુ. શ્રી હિમાંશુસાગરજી મ. વલસાડ
પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસાગરજી સૂ. મ. ઠા. ૮ સુરત
પૂ. પં. શ્રી નિપૂણમુનિ મ.
મોહનલાલજી મ.નો ઉપાશ્રય સુરત
પૂ. મુ. શ્રી કીર્તિસાગરજી મ. ઠા. ૩ સુરત
પૂ. મુ. શ્રી નંદનસાગરજી મ. સુરત
પૂ. આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સાણંદ
પૂ. મુ શ્રી પદ્માકરવિજયજી મ. ઠા. ૨ સીનોર
પૂ. પં. શ્રી મહાનંદવિજયજી મ. ઠા. ૩ શંખલપુર
પૂ. પં. શ્રી સુંદરવિજયજી મહારાજ ઠા. ૨ સરીયદ

સૌરાષ્ટ્ર

પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મ. ઠા. ૨ આદરીયાણા
પૂ. આ. મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. પૂ. ઉ. શ્રી સુમિત્રવિજયજી મ. તથા પૂ. પં. કમળવિજયજી મ. ઠા. ૧૦ કદંબગીરી
પૂ. મુ. શ્રી રત્નાકરવિજયજી મ. ઠા. ૨ ખાખરેચી
પૂ. પં. શ્રી જયાનંદવિજયજી મ. ઠા. ૩ ચૂડા
પૂ. પં શ્રી રમણિકવિજયજી મ. ઠા. ૨ છત્રાસા
પૂ. મુ. શ્રી લલિતવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી મનકવિજયજી મ. જેસર
પૂ. મુ. શ્રી પ્રધાનવિજયજી મ. જુનાગઢ
પૂ. મુ. શ્રી વિકાસવિમલજી મ. જુનાગઢ
પૂ. મુ. શ્રી કેવલપ્રભવિજયજી મ. જામકંડોરણા
પૂ. મુ. શ્રી સુબોધવિજયજી મ. ઠા. ૨ જામભાણવડ
પૂ. આ. મ. શ્રી વિજયચન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ. પાઠશાળા જામનગર
પૂ શ્રી ધર્મરત્નવિજયજી મ. ઠા. ૩
શાંતિભુવન જામનગર
પૂ. મુ. શ્રી પ્રબોધનતવિજયજી મ. ઠા. ૩ દિગ્વિજય પ્લોટ જામનગર
પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ઝાંઝમેર
પૂ. પં. શ્રી માણેકવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વિનયપ્રભવિજયજી મ. તળાજા
પૂ. પં. શ્રી રવિવિજયજી મ. ઠા. ૩ ધ્રાંગધ્રા
પૂ. મુ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. ઠા. ૨ ધ્રાંગધ્રા
પૂ. મુ. શ્રી કસ્તૂરવિજયજી મ. ઠા. ૨ પોરબંદર
પૂ. પં. શ્રી પ્રભાકરવિજયજી મ. ઠા. ૫ પાળીયાદ
પૂ. આ. મ. શ્રી વિજયવિવેકચન્દ્રસૂરીશ્વરજી મ. ઠા. ૩ બોટાદ
પૂ. આ. મ. શ્રી વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મ. વડવા ભાવનગર
પૂ. ઉ. મ. શ્રી કૈલાસસાગરજી મ. સમવસરણનો વંડો ભાવનગર
પૂ. મુ. શ્રી મનહરવિજયજી મ. દાદાવાડી ભાવનગર
પૂ. મુ. શ્રી વિશાલવિજયજી મ. વોરાબન્દર ભાવનગર
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ઠા. ૪ મોટા માંઢા
પૂ. મુ. શ્રી રાજહંસવિજયજી મ. મહુવા
પૂ. મુ. શ્રી અશોકચંદ્રવિજયજી મ. ઠા. ૨ મહુવા
પૂ. ગણિવર શ્રી હંસસાગરજી મ. મોરબી
પૂ. પં. શ્રી ભુવનવિજયજી મ. તથા મુ. શ્રી મહિમાવિજયજી મ. ઠા. ૨ માલિયા (માંયાણા)
પૂ. પં. શ્રી માનતુંગવિજયજી મ. રાજકોટ
પૂ. મુ. શ્રી ક્ષમાનંદવિજયજી મ. ઠા. ૨ રાણપુર
પૂ. પં. શ્રી હિમાંશુવિજયજી મ. ઠા. ૪ લીંબડી
પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ તથા પૂ. મુ. શ્રી જિનેન્દ્રવિજયજી ઠા. ૩ વીંછીયા
પૂ. મુ. શ્રી માનતુંગવિજયજી મ. વગડીયા
પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. ઠા. ૨ વાંકાનેર
પૂ. મુ. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. ઠા. ૨ વઢવાણ શહેર
પૂ. મુ. શ્રી ભાસ્કરવિજયજી મ. વરલ
પૂ. પં. શ્રી કનકવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ. ઠા. ૪ સુરેન્દ્રનગર

પૂ. મુ. શ્રી ચન્દ્રયશવિજયજી મ. ઠા. ૨ સાવરકુંડલા
પૂ. મુ. શ્રી શશીપ્રભસાગરજી મ. શિહોર

કચ્છ

પૂ. મુ. શ્રી ત્રિલોકચન્દ્રજી ઠા. ૨ ગોધરા
પૂ. મુ. શ્રી કલાપૂર્ણવિજયજી મ. ઠા. ૩ ગાંધીધામ
પૂ. મુ. શ્રી રૂપચંદ્રજી મ. ત્રંબૌ
પૂ. મુ. શ્રી ચંદનસાગરજી મ. દોણું
પૂ. મુ. શ્રી બાલચંદ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વિનોદચંદ્રવિજયજી મ. નાના આસંબીયા
પૂ. મુ. શ્રી દીલિપચંદ્રજી મ. તથા ધરણેન્દ્રચંદ્રજી મ. બીદડા
પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ભચાઉ
પૂ. મુ. શ્રી મહિમાપ્રભવિજયજી મ. ઠા. ૪ ભુજ
પૂ. મુ. શ્રી ચારિત્રમુનિજી મ. મોટા રાતડીયા
પૂ. આ. મ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. મેરાઉ
પૂ. મુ. શ્રી વિનયેન્દ્રસાગરજી મ. વારાપધર
પૂ. પં. શ્રી દીપવિજયજી મ. ઠા. ૩ સામખીયાલી
પૂ. મુ. શ્રી વિદ્યાસાગરજી મ. ઠા. ૨ સાયરા

રાજસ્થાન

પૂ. મુ. શ્રી બલભદ્રવિજયજી મ. કુચેરા
પૂ. મુ. શ્રી વિશાલવિજયજી મ. કેકડી
પૂ. મુ. શ્રી પ્રેમસુંદરજી મ. કલાપુરા
પૂ. મુ. શ્રી સંયમસાગરજી મ. ખુડાલા
પૂ. પ્ર. શ્રી ગુમાનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ભવ્યાનંદવિજયજી મ. ગઢશીવાણા
પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ. ઠા. ૩ ચૂલી
મુ. શ્રી સુરેન્દ્રવિજયજી મ. ચૂલી
પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ. ઠા. ૬ ધાણેરાવ
પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી મંગલવિજયજી મ. પૂ. મુ. શ્રી મેરૂવિજયજી મ., પૂ. પં. શ્રી મલયવિજયજી મ., પૂ. પં. શ્રી હેમંતવિજયજી મ., પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. ઠા. ૫૨ જાવાલ
પૂ. આ. મ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ઠા. ૨ જાલોરી
પૂ. મુ. શ્રી જિનપ્રભવિજયજી ઠા. ૨ જયપુર
પૂ. મુ. શ્રી કાંતિસાગરજી મ. ઠા. ૩ જયપુર
પૂ. મુ. શ્રી પૂર્ણાનન્દવિજયજી મ. તખતગઢ
પૂ. મુ. શ્રી રૂપવિજયજી મ. ઠા. ૨ નાંદલાઈ
પૂ. મુ. શ્રી અશોકવિજયજી મ. ઠા. ૨ પીંડવાડા
પૂ. મુ. શ્રી સોમવિજયજી મ. ઠા. ૫ ફાલના
પૂ. પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ચન્દ્રપ્રભવિજયજી મ. બરલુટ
પૂ. મુ. શ્રી તીર્થસાગરજી મ. બિકાનેર
પૂ. મુ. શ્રી હીરાચંદ્રવિજયજી મ. ઠા. ૨ બાડમેર
પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ઠા. ૩ બ્યાવર
પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી સુબોધવિજયજી મ. ભારુન્દ
પૂ. મુ. શ્રી વિદ્યાવિજયજી મ. ઠા. ૧૦ ભીનમાલ
પૂ. મુ. શ્રી ભદ્રસાગરજી ઠા. ૨ ફલોધી
પૂ. મુ. શ્રી સોમવિજયજી ઠા. ૫ ફાલના
પૂ. પં શ્રી કલ્યાણવિજયજી મ. ઠા. ૨ માલવાડા
પૂ. મુ. શ્રી પ્રકાશચંદ્રવિજયજી મેડશી
પૂ. મુ. શ્રી પુણ્યમુનિ મ. મુડારા
પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. ઠા. ૯ (વાયા આબુ) મંડાર
પૂ. મુ. શ્રી ગુણભદ્રવિજયજી મ. ઠા. ૨ મંડવારીયા
પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. ઠા. ૨ રોહીડા
પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી મ. પૂ. મુ. શ્રી પુણ્યોદયવિજયજી મ. ઠા. ૪ લુણાવા
પૂ. મુ. શ્રી પ્રીતિવિજયજી મ. લાઠારા
પૂ. મુ. શ્રી ભદ્રસેનવિજયજી મ. ઠા. ૨ વિજાપુર
પૂ. પં. શ્રી મોતીવિજયજી મ. વિજોવા
પૂ. મુ. શ્રી ખાંતિવિજયજી મ. પૂ. મુ. શ્રી માનવિજયજી મ. વાલી
પૂ. આ. મ. શ્રી લાવણ્યસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. મ. શ્રી દક્ષસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી શુશીલવિજયજી ઠા. ૧૦ શીવગંજ
પૂ. આ. મ. શ્રી વિજયવિકાસચંદ્રસૂરીશ્વરજી મ. સાદડી
પૂ. મુ. શ્રી મણિપ્રભવિજયજી મ. ઠા. ૨ સાદડી
પૂ. મુ. શ્રી સુધાંશુવિજયજી મ. સ્ટેશન રાની
પૂ. મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ. ઠા. ૩ સેવાડી

પૂ. પં. શ્રી કંચનવિજયજી મ. ઠા. ૫ સાચોર
પૂ. પં. શ્રી ત્રિલોકવિજયજી મ. ઠા. ૨ સીલદર
પૂ. મુ. શ્રી દયાલચંદ્રવિજયજી મ. હરસોલાવ

મહારાષ્ટ્ર

પૂ. આ. મ. શ્રી વિજયમાણિકયસાગરસૂરીશ્વરજી મ. આકોલા
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ઠા. ૪ જલગામ
પૂ. મુ. શ્રી નેમવિજયજી મ. ઠા. ૨ તલેગામ ઢમઢેારા
પૂ. મુ. શ્રી જયેન્દ્રસાગરજી મ. ઠા. ૨ ધુલિયા
પૂ. મુ. શ્રી લલિતવિજયજી મ. ઠા.૨ નાશિક
પૂ. મુ. શ્રી ગુણસાગરજી મ. નાચણગામ (વા. વર્ધા)
પૂ. પં. શ્રી રંજનવિજયજી મ. બાર્શી
પૂ. આ. મ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. બાલાપુર
પૂ. મુ. શ્રી ચિદાનંદસાગરજી મ. માલેગામ
પૂ. પં. શ્રી નવિનવિજયજી મ. વિજાપુર
પૂ. મુ. શ્રી મનકસાગરજી મ. સીરપુર

પ્રકીર્ણ

પૂ. પં. શ્રી રામવિજયજી મ. ઠા. ૨ અલવર
પૂ. મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ. અરણોદ (મંદસોર)
પૂ. મુ. શ્રી બુદ્ધિસાગરજી મ. ઠા. ૬ ઈંદોર
પૂ. મુ. શ્રી અમૂલ્યસાગરજી મ. ઠા. ૩ ઉજ્જૈન
પૂ. ગણિવર્ય શ્રી દર્શનસાગરજી મ. ઠા. ૪ કલકત્તા
પૂ. મુ. શ્રી વિમલસાગરજી મ. ચોહટન
પૂ. મુ. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. નાળ
પૂ. ગણિવર શ્રી ઇન્દ્રવિજયજી મ. ઠા. ૪ દીલ્હી
પૂ. મુ. શ્રી ઉદયસાગરજી મ. ધમતરી
પૂ. આ. મ. શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ. બેંગ્લોર
પૂ. મુ. શ્રી તીર્થસાગરજી મ. બીકાનેર
પૂ. પં. શ્રી રૂપવિજયજી મ. બાગમહાર (રાયપુર)
પૂ. મુ. શ્રી કેવળવિજયજી મ. મીંટસ્ટ્રીટ મદ્રાસ
પૂ. મુ. શ્રી સુશીલસાગરજી મ. રાજગઢ
પૂ. મુ. શ્રી વિબુધવિજયજી મ. વલદરા
પૂ. આ. મ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ. ઠા. ૬ હોંશીયારપુર
પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી મ. હસ્તીનાપુર
પૂ. મુ. શ્રી ગૌતમસાગરજી મ. હસ્તીનાપુર
પૂ. મુ. શ્રી પ્રીતિવિજયજી મ. ઠા. ૨ હૈદ્રાબાદ

શુભ સંદેશ

મીનાકારી યંત્રો–સૂરિમંત્ર, વર્ધમાન વિદ્યા, સિદ્ધચક્ર મહાયંત્ર, ઋષીમંડલ-યંત્ર, મંત્ર તંત્ર યુક્ત પાર્શ્વનાથ વીગેરે દરેક જાતના યંત્રો તથા મીનાકારી ફોટાઓ

તેમજ

માંગલીક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ મહારાજોને તથા બાઇ બહેનોને પ્રવાસમા દર્શન કરવા માટે દરેક ધાર્મીક ફોટાઓ સુંદર ફ્રેન્સી બોક્ષમાં તેમજ પ્લાસ્ટીકની ડબ્બીઓમાં બનાવનાર:—

ભાઇચંદ બી. મહેતા જૈન
દીવાનપરા નં. ૧, પારેખ કુંજ
રાજકોટ.

મુંબઇમાં—
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, ફીકા સ્ટ્રીટ
મુંબઇ–૨.

સાઈડમાં રૂા. ૧૫૦)
ઘેર બેઠા કમાવો

લખો:—
વસાયા ટ્રેડર્સ
નાની બારકેટ,
પાલીતાણા



યાત્રાવેરાનો વિરોધ કરો : શ્રી શંખેશ્વરજી તીર્થમાં યાત્રિકો પાસેથી યાત્રાવેરો લેવાનું ગ્રામ પંચાયતે ઠરાવેલ છે. આ સામે સખ્ત વિરોધ નોંધાવવા માટે ને તે વિરોધના ઠરાવો ગામે-ગામના શ્રી સંઘોએ કરીને ગ્રામ્ય પંચાયત જુથ : શંખેશ્વર (વા. હારીજ) (ઉ. ગૂ.) એ સીરનામે રવાના કરવા. ગૂજરાત રાજ્ય ગ્રામ પંચાયતના પ્રધાન શ્રી રતુભાઇ અદાણી પર પણ તાર કરીને બારથી માંડીને ૯૨ વર્ષ સુધીના સહુ કોઇએ પોતાનો સક્રિય વિરોધ નોંધાવવો જરૂરી છે. આજે જ સહુ પોત-પોતાનો વિરોધ નોંધાવે !

વારાહી ; અત્રે શ્રાવણ સુદિ ૧ ના જીર્ણોદ્ધાર કરાવેલ ઉપાશ્રયના ઉદ્‌ઘાટન નિમિત્તો પૂજા, પ્રભાવના તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ. ગામમાં ઉત્સાહ સારો હતો. પૂજા, ભાવનામાં રાધનપુરની શ્રી આદિ જિન મંડળની ટોળીના વિદ્યાર્થીઓ આવેલ.

ધોરીવલી : પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં દોલતનગર જ્ઞાનમંદિરમાં મળેલી જૈન સંઘની જાહેર સભામાં તા. તા. ૨૯-૭-૬૩ ના રોજ શંખેશ્વરજી તીર્થના યાત્રાવેરાનો સખ્ત વિરોધ કરેલ.

નવું માસિક : નવાડીસાથી ભાઈ મફતલાલ સંઘવીના સંપાદન તળે શ્રદ્ધા, સંસ્કાર તથા તત્ત્વજ્ઞાનને સ્પર્શતું નવું માસિક 'અમીધારા' નીકળેલ છે. જેનું વાર્ષિક લવાજમ રૂા. ૫-૦૦ છે. સીરનામું. રીસાલા મન્દર, ડીસા:

સાવરકુંડલા : અત્રેના જૈન સંઘની જાહેર સભા તા. ૨૨-૭-૬૩ ના રોજ મળેલ, ને તેમાં સર્વાનુમતે શ્રી શંખેશ્વરજીના યાત્રાવેરા સામે સખ્ત વિરોધ દર્શાવેલ, ને યાત્રાવેરો પાછો ખેંચી લેવા આગ્રહપૂર્વક વિનંતિ કરેલ. ઠરાવ શંખેશ્વર ગ્રામપંચાયતના એડમીનીસ્ટ્રેટર પર મોકલ વેલ.

વઢવાણ શહેર : અત્રે પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. શ્રીની શુભનિશ્રામાં અસાડ વદિ ૬-૭-૮ ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમો થયેલ. સારી સંખ્યામાં ભાઇ-બહેનોએ લાભ લીધેલ. ત્રણ દિવસ બન્ને વખત વ્યાખ્યાન, જાપ, સ્તવનો, વગેરેનો ભરચક પ્રોગ્રામ રહેતો. પારણા શા વાડીલાલ પુલચંદભાઇ તરફથી થયેલ. પૂજા, પ્રભાવના થયેલ. દર રવિવારે સ્નાત્ર મહોત્સવ ઠાઠથી ઉજવાય છે. શ્રાવણ સુદિ ૧૪ ના આયંબિલો ૪૦૦ થયેલ, ને અરિહંતનો જાપ થયેલ. આયંબિલો શાહ ઓધડભાઇ હકમચંદ તરફથી થયેલ. સંઘમાં ઉત્સાહ સારો છે.

દુઃખદ કાળધર્મ : પૂ. સાધ્વીજી શ્રી સૂર્યકાંતાશ્રીજી અમદાવાદ મુકામે ટૂંકી માંદગી ભોગવી સમાધિ પૂર્વક શ્રાવણ સુદિ ૨ ના કાલધર્મ પામ્યા છે. તેમણે ૧૩ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરેલી. ૨૯ વર્ષનો નિરતિચાર સંયમપર્યાય પાળી ૪૨ વર્ષની વયે 'નમો અરિહંતાણં'નો ઠેઠ સુધી જાપ કરતા સમતાભાવે વેદનાને સહન કરતા તેઓ કાળધર્મ પામ્યા છે. સ્વ. સાધ્વીજી ગુણીયલ, શાંતસરલ તેમ જ વિદુષી હતા. તેમના માતા, બહેનો આદિએ પણ દીક્ષા લીધેલ છે. કપડવંજ મુકામે ૧૯૯૦ ની સાલમાં તેમણે દીક્ષા અંગીકાર કરેલી. તેમના દુઃખદ સ્વર્ગવાસથી તેમના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર પર તથા તેમના સમુદાય પર આવી પડેલી આપત્તિમાં અમે સમવેદના વ્યક્ત કરીએ છીએ ! સ્વ. નો પુણ્યવાન આત્મા જ્યાં હો ત્યાં આરાધના કરી ઉત્તરોત્તર સદ્‌ગતિને સાધો.

ઇડર : પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. શ્રીની બીજી સ્વર્ગારોહણ તિથિ શ્રા. સુદિ પાંચમની હોવાથી તે દિવસે નવકાર મંત્ર, પૂજા, આયંબિલનો તપ ઇત્યાદિ પૂ. મુનિરાજ શ્રી આનંદઘનવિજયજી મહારાજની શુભનિશ્રામાં ઉજવાયેલ.

પૂ. સાધ્વીજી શ્રી પ્રિયંકરાશ્રીજીની પ્રેરણાથી બ્હેનોમાં મોક્ષ તપની આરાધના થયેલ. યુવાનોએ શ્રા. સુદિ ૧-૨-૩ ના અઠ્ઠમ તપ કરેલ. દેરાસરની પાછળ ગુફામાં કેસરના છાંટણા થયેલ.

કતલખાનાનો વિરોધ : દેવનાર કતલખાના સામે પૂ. આ. મ. શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂ. ઉપા. મ. શ્રી કૈલાસસાગરજી મ. આદિની શુભનિશ્રામાં તા. ૨૮-૭-૬૩ ના રોજ અનેક ધાર્મિક, સામાજીક તથા સાંસ્કારિક સંસ્થાઓના આશ્રયે ટાઉન હોલમાં મળેલી. ભાવનગરની જાહેર સભાએ સખ્ત વિરોધ કરેલ. શ્રી રમણિકલાલ ભોગીલાલ શેઠે વિરોધ ઠરાવ રજૂ કરેલ ને તે સર્વાનુમતે પસાર થયેલ.

શિલાસ્થાપન : ચેંબુર (મુંબઈ) ખાતે શ્રી મુલજીભાઈ જગજીવનદાસ સવાઈની ઉદાર આર્થિક સહાયથી બંધાનાર ઉપાશ્રયનું શિલાસ્થાપન તા. ૨૯-૭-૬૩ ના દિવસે શ્રી તુલસીદાસ જગજીવનદાસ સવાઈનાં શુભ હસ્તે થયેલ. પૂજા, આંગી ઈત્યાદિ થયેલ. આ પ્રસંગે પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સપરિવાર પધાર્યા હતા.

વડાવલી : અત્રે પૂ મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ.ની શુભ નિશ્રામાં અસાડ વદિ ૧૧ થી થી નવકારમંત્રની આરાધના ભવ્ય રીતે ઉજવાઇ હતી. જુદા-જુદા ભાઇઓ તરફથી એકાસણા કરાવવામાં આવતા હતા. પૂજા. ભાવના, રાત્રીજગો તથા પ્રભાવના થયેલ. પૂ. મહારાજશ્રીને ૬૪ મી આયંબિલની ઓળી ચાલે છે. વ્યાખ્યાનાદિમાં લોકો સારો લાભ લઇ રહ્યા છે.

માણીયા : અત્રે પૂ. પં. મ. શ્રી ભુવનવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ.શ્રીની શુભ નિશ્રામાં શ્રા. સુદિ ૧-૨-૩ ના રોજ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ તપની આરાધના સુંદર રીતે થઇ હતી. ૧૧ લાખ જપ રાખવામાં આવેલ. તપસ્વીઓને પારણા શેઠ પ્રભાશંકરભાઇ તરફથી કરાવવામાં આવેલ. શ્રા. સુદિ ૮ થી અષ્ટમહાસિદ્ધિતપ શરૂ કરવામાં આવેલ છે. ભાવિકો સારી સંખ્યામાં જોડાયેલ છે. વ્યાખ્યાનમાં માણીયા ઠાકોર સાહેબ તથા મેજરસ્ટ્રેટ આદિ આમ જનતા સારા પ્રમાણમાં લાભ લે છે.

વલસાડ : પૂ મુનિરાજ શ્રી હિમાંશુસાગરજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી અભ્યુદય સાગરજી મ. ઠા. ૪ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. દરરોજ ધર્મબિંદુ તથા જૈન રામાયણ પર મનનીય પ્રવચનો અપાય છે. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી મોક્ષ તપની આરાધના થતાં ૨૫૦ આરાધકો જોડાયા હતા. અ. વદિ ૯ થી તપ શરૂ થયેલ. નવે દિવસે એકાસણાવાળાઓની ભક્તિ સંઘ તરફથી થયેલ. પૂજા, આંગી તથા શ્રી નવાણું અભિષેકની મહાપૂજા ઠાઠથી ભણાવાયેલ.

વાપી : પૂ. ઉપા. મ. શ્રી જયંતવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિવરાદિની શુભ નિશ્રામાં અત્રે અષ્ટ મહાસિદ્ધ તપની આરાધના કરાવવામાં આવેલ. ભાવિકો સારી સંખ્યામાં જોડાયેલ. આઠે દિવસ ટોળીઓ થઇ હતી. પૂજા તથા તપસ્વીઓને પ્રભાવના થયેલ.

ખંભાત : લાડવાના ઉપાશ્રયે પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ.શ્રીની શુભ નિશ્રામાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની આરાધના નિમિત્તે અઠ્ઠમ તપ કરાવવામાં આવતાં ૧૫૭ ભાવિકોએ આરાધના કરી હતી. પૂ. સાધુ-સાધ્વીજી મ. માં ૧૭ અઠ્ઠમો થયેલ. સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં પૂજા, આંગી રાખેલ. તે દિવસે અમીઝરણા થયેલ તપસ્વીઓના પારણા શેઠ મુલચંદ ખુલાખીદાસ તરફથી થયેલ. આંતર પારણા શ્રી મંગલદાસ શરૂપચંદ તથા સાકરચંદ ગાંડાભાઈ તરફથી થયેલ. (૨) જૈનશાળામાં પૂ. પં ચિદાનંદ વિજયજી મ. શ્રીની નિશ્રામાં ૧૧ ગણધરની આરાધનાના ૧૧ એકાસણા કરાવવામાં આવેલ. ભાવિકો ૩૦૦ની સંખ્યામાં જોડાયેલ. (૩) ઓશવાલ સંઘના ઉપાશ્રયમાં પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમો

થયેલ. ૨૦૦ ભાવિકો આરાધનામાં જોડાયેલ. ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવેલ. અરિહંતપદની આરાધના નિમિત્તો ક્ષીરાન્નના એકાસણા કરાવવામાં આવેલ. ભવ આલોચના નિમિત્તો આયંબિલ કરાવવામાં આવેલ. ૩૫૦ ભાવિકોએ લાભ લીધેલ.

ચવેલી (મહેસાણા) : અત્રે થયેલ નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન શ્રા. સુદિ ૫ ના મેઢેરાના શેઠ શાંતિલાલ ખેમચંદના શુભ હસ્તે થયેલ. પૂ મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજે મંગલ પ્રવચન કરેલ. પ્રતિક્રમણ–સામાયિકાદિ માટે અભિગ્રહો આપેલ. શેઠ શાંતિલાલભાઇએ ૬૦૧ રૂ. ઉપાશ્રયમાં આપેલ. પૂજા, ભાવના, તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ.

મુંબઈ : પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. શ્રી તથા પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી મ. શ્રી લાલબાગ–ભૂલેશ્વર ખાતે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં ઠાણાંગસૂત્ર તથા કુમારપાલ ચરિત્ર વંચાય છે. સૂત્રના વહોરાવવાના ચઢાવા સારા થયેલ. ૨૫૧ ની ઉછામણીથી શ્રી ચંદ્રકાંતભાઇએ ગુરુપૂજન કર્યું હતું. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.શ્રીની તૃતીય સ્વર્ગારોહણ તિથિની ઉજવણી નિમિત્તો શ્રા. સુદિ ૪ થી પંચ કલ્યાણક મહોત્સવ થયેલ. સુદિ ૫ ના દિવસે ૮૧ જાતની પુષ્પોની ભવ્ય આંગી થયેલ. વ્યાખ્યાનમાં પૂ. સ્વ. સૂરિદેવશ્રીના ગુણાનુવાદ થયેલ. પૂ. આચાર્યદેવે તથા પૂ. પ. મહારાજશ્રીએ મનનીય પ્રવચન કરેલ. રાત્રે ભાવના થયેલ. ડભોઇના પ્રખ્યાત કલાકાર શ્રી રમણિકલાલે પૂ. ગુરુદેવશ્રીની સમાધિનું ભવ્ય દૃશ્ય રજૂ કરતી રંગોળી કરેલ, જેનાં દર્શન કરી સહુ ડોલી ઉઠતા. રવિવારે અષ્ટાપદની પૂજા ઠાઠથી ભણાવાયેલ. પ્રભાવના થયેલ. દર રવિવારે બપોરે પૂ. પં. મ. શ્રીના વિવિધ વિષયો પર જાહેર વ્યાખ્યાનો થઇ રહ્યા છે, લોકો સારી સંખ્યામાં લાભ લે છે. પૂ. મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજે અઠ્ઠાઇ કરેલ. પૂ. મુનિરાજ શ્રી માણેકવિજયજીએ અઠ્ઠાઇ કરી છે. આગળ વધવા ભાવના છે.

સહાય માટે અરજી કરો! : જે ગામમાં કાયમનું આયંબીલ ખાતું હોય ને ખર્ચને પહોંચીવળાતું ન હોય તેમને સહાયની આવશ્યકતા હોય તો ખાતાના વ્યવસ્થાપકોએ આયંબિલ કરનારાઓની સંખ્યા તથા સંસ્થાનો અહેવાલ બીડી સહાય માટે નીચેના સીરનામે અરજી કરવી, જેથી ઉચિત વ્યવસ્થા થશે. શેઠ શ્રી પ્રેમજીભાઇ નાગરદાસ ઓ. સે. શ્રી પાલીતાણા આયંબીલ ખાતું. ઠે. ૮૪ બન્દરગેટ સ્ટ્રીટ, કોટ મુંબઇ ૧.

સાબરમતી ; અત્રે શ્રી સંઘના પ્રબલપુણ્યોદયે પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા) પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી આદિ ઠા. ૧૧ સહ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં સ્થાનાંગસૂત્ર તથા રામાયણ વંચાય છે. શ્રોતાઓ સારો લાભ લઈ રહ્યા છે. પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મ. ને સુયગડાંગસૂત્રના તથા પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી મ.ને મહાનિશીથ સૂત્ર પૂ. મુનિ મ. શ્રી મહાનંદવિજયજી મ.ને તેમ.જ ૬ ઠાણા સાધ્વીજીને આચારાંગસૂત્રના જોગ સુખશાતાપૂર્વક ચાલુ છે. તપશ્ચર્યા તથા ધર્મપ્રભાવના સુંદર રીતે થઈ રહી છે. વર્ધમાન તપની ૪૧ મી ઓલી પૂ. વયોવૃદ્ધ મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજને ચાલુ છે.

વાડાસીનોર : અત્રે પૂ. આ. મ. શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી રૈવતવિજયજી ગણિવર તથા પૂ, પં. શ્રી વર્ધમાનવિજયજી ગણિવર આદિ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. અ. વદિ ૨ થી ભગવતીસૂત્ર તથા શાંતિનાથ ચરિત્ર વંચાય છે. સૂત્રનો વરઘોડો ઠાઠથી ચઢેલ. સૂત્ર વહોરાવવાના તથા પાંચ જ્ઞાન પૂજન આદિના ચંઢાવા સારા થયેલ. તે દિવસે પ્રભાવના, પૂજા, આંગીઓ થયેલ. અ. વદિ ૬ થી શ્રી નવકારમંત્રનો તપ થયેલ. દરરોજ એકાસણાની ટોળી થતી. તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નિમિત્તો પૂજા, પ્રભાવના થયેલ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમો સુદી ૭ થી થયેલ સંઘમાં જાગૃતિ સારી આવેલ છે.

સ્વર્ગારોહણ તિથિની ઉજવણી : વાપી ખાતે પૂ. ઉપા. મ. શ્રી જયંતવિજયજી મ. શ્રીની શુભ નિશ્રામાં પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. શ્રીની તૃતીય સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી સંઘ તરફથી પંચ કલ્યાણક મહોત્સવ શ્રા. સુદિ ૫ થી શરૂ થયેલ. સુદિ ૫ નાં પૂ. સ્વ. સૂરિવરશ્રીના ગુણાનુવાદ વ્યાખ્યાનમાં થયેલ. આયંબિલ શ્રી મગનલાલ હરખચંદ શાહ તરફથી થયેલ. ૩૦૦ આયંબિલો થયેલ. તપસ્વીઓને પ્રભાવના થયેલ. પૂ.શ્રીની અંતિમ અવસ્થા કે જેમાં તેઓશ્રી ઉત્તરાધ્યયન સૂત્રના સ્વાધ્યાયમાં મગ્ન હતા, તેની આકર્ષક રંગોલી થયેલ. પ્રભુજીની આંગી તથા પૂજા વગેરે દરરોજ થતા હતા.

સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવ : શેઠ અમૃતલાલ જોધરાજજી ખીમેલવાળાના સ્વર્ગવાસ નિમિત્તે મુંબઈ-લાલબાગ ખાતે પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં તેમના ભાઇઓ તથા તેમના ધર્મપત્ની પાનીબાઈ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેલ. પૂજા, આંગી, તથા ભાવના દરરોજ રહેતી હતી. શ્રા. સુદિ પૂર્ણિમાનું શાંતિસ્તોત્ર ભણાવાયેલ. ઈસ્પોલના સ્વ. શ્રી મોહનલાલ લલ્લુભાઈની પુણ્ય તિથિ નિમિત્તે અત્રે પૂજા, ભવ્ય અંગરચના તથા ભાવના થયેલ. પૂજામાં શ્રીફળની પ્રભાવના થયેલ. પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીનું જાહેર વ્યાખ્યાન દર રવિવારે ચોપાટી જૈન દેરાસરજીની બાજુના હોલમાં રહે છે. પૂ. મુનિ શ્રી વિનયવિજયજી તથા પૂ. મુનિશ્રી રાજવિજયજી મ. દાદર જૈન જ્ઞાનમંદિરમાં પધાર્યા છે. પર્યુષણાપર્વમાં પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજ પધારશે.

કોડાય : (કચ્છ) પાયચંદગચ્છીય પૂ. સાધ્વીજી મ. શ્રી સુનંદાશ્રીજી મ. પોતાના પરિવાર સહિત અત્રે બિરાજમાન છે. લોકો ધાર્મિક પ્રવૃત્તિઓમાં સારી રીતે જોડાય છે.

ચુલી : (શિરોહી) પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ. આદિ ઠા. ૩ અત્રે બિરાજમાન છે. શ્રી અરિહંતપદની આરાધના નવ લાખ જાપ તથા એકાસણા થયેલ, એકાસણા જુદા-જુદા ગૃહસ્થો તરફથી થયેલ. સંઘમાં ધર્મજાગૃતિ સારી આવેલ છે.

સાવરકુંડલા : પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી જ્યોતિપ્રભાશ્રીજીની શુભ પ્રેરણાથી અત્રે અસાડ સુદિ ૧૪-૧૫ વદ ૧ ના શંખેશ્વરજીના તથા ચંદનબાળાના અઠ્ઠમો ૪૪ લગભગ થયેલ. નાની-નાની બાળાઓ પણ ઉત્સાહથી જોડાયેલ. તપના પારણાના આયંબિલ સામુદાયિક થયેલ ને પ્રભાવના પણ થયેલ. નવકારમંત્રનો તપ થયેલ. જાપ તથા ધૂન વગેરે કાર્યક્રમ રહેતો. પર ભાઈ-બહેનો જોડાયેલ, શ્રા. સુ. ૫ ના છેલ્લો દિવસ હતો. મહિલા મંડળનો વાર્ષિક ઉત્સવ હોવાથી પૂજા તથા છપ્પન દિક્કુમારીઓ સાથેનો સ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ. સંઘવી નરોત્તમદાસ ગોરધરની નવ વર્ષની પુત્રીએ તપ તથા આરાધના કરેલ, ને દિક્કુમારી તરીકે તે ઉભી રહેલ. અચાનક દીવાની જ્વાળ લાગવા છતાં તેના અંગમાં કશું જ બળ્યું નહિ, ને ધર્મના પ્રભાવે કશી આંચ આવી નહિ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રયશ વિજયજી મ.શ્રીને ૮૮-૮૯ મી ઓળી તથા પૂ શ્રી ચંદ્રાંશુવિજયજી મ.ને ૬૪ મી ઓળી ચાલે છે. સાધ્વીજી શ્રી રત્નકીર્તિશ્રીજીને સિદ્ધિ તપ ચાલે છે. તેમણે ૨૨ વર્ષની વયે દીક્ષા લીધી છે. ૪ વર્ષના દીક્ષા પર્યાયમાં તેમણે ૧ માસખમણ, ૧૬ ઉપ૦ ૯૦ આયંબિલ ઉપર ૨૫ ઉપવાસ, છઠ્ઠથી વર્ષીતપ, ૨૧૫ આયંબિલ વગેરે તપશ્ચર્યા કરેલ છે.

ખેડા : પૂ પં. શ્રી સુદર્શનવિજયજી મ. શ્રી આદિ અત્રે બિરાજમાન છે. અસાડ વદિ ૭ થી સૂત્ર વાંચના તથા ચરિત્ર વાંચન શરૂ થયેલ છે. લોકો સારી સંખ્યામાં લાભ લે છે. સૂત્રનો વરઘોડો ભવ્ય રીતે ચઢેલ. સંઘની વિનંતિથી પૂ. સાધ્વીજી શ્રી સુભદ્રાશ્રીજી આદિ ઠા. ૪ પણ અત્રે ચાતુમાસાર્થે પધાર્યા છે.

હૈદ્રાબાદ : અત્રે સુલતાન બજારના ઉપાશ્રયમાં પૂ મુનિરાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજ

તથા પૂ. મુનિરાજ શ્રી તત્ત્વવિજયજી મ. ચાતુર્માસાર્થે બિરાજમાન છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા રામાયણ વ્યાખ્યાનમાં વંચે છે. લોકો સારો લાભ લે છે. પૂ. મહારાજશ્રીની શુભ પ્રેરણાથી શ્રી સંઘમાં બહેનોએ ચંદનબાળાનો તપ કરેલ. જેમાં શેઠ કપૂરચંદની બે દોહિત્રીઓ લીલા વય-૧૪ તથા પુષ્પા વય-૧૨ બન્નેએ ચંદનબાળાના અઠ્ઠમ તપની આરાધના અપૂર્વ રીતે કરેલ, જે અનુમોદનીય છે.

ભાંડુપ : પૂ. મુનિરાજ જયપદ્મવિજયજી મહારાજ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. દરરોજ વ્યાખ્યાન ચાલુ છે. લોકો સારો લાભ લઈ રહ્યા છે.

નારણગામ : (જી. વર્ધા) અત્રે પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ આદિ ચાતુર્માસાર્થે પધાર્યા છે. અષ્ટ મહાસિદ્ધિતપ, સ્વસ્તિક તપ, નવ કારમંત્ર તપ તથા ચંદનબાળાનો અઠ્ઠમ આદિ તપો થયેલ છે. વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા ધન્ય ચરિત્ર વંચાય છે. લોકો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

જીવદયા મંડળ : ઘોડનદી (જી. પુના) ખાતે જીવદયા મંડળ જીવદયાની પ્રવૃત્તિઓ ચલાવે છે. જીવહિંસા દેવ-દેવી નિમિત્તો થતી હોય તેનો વિરોધ કરે છે. દેવનાર યાંત્રિક કતલખાનાના વિરોધ માટે તે આંદોલન કરે છે. આવી સંસ્થાને જીવદયાપ્રેમી ભાઇઓ જરૂર સહાય કરે તેમ તેના પ્રમુખ શ્રી પ્રેમરાજ ફોજમલ લાખીયા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

સંસ્કૃતિ પર આક્ષેપ : 'ભગવાન બુદ્ધ' નામના પુસ્તકમાં જૈનધર્મના મહાન તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવ પર નિંદનીય આક્ષેપ કરવામાં આવેલ છે, જેના માટે ખૂબ ખૂબ વિરોધ પ્રદર્શિત કરવામાં આવેલ છતાં ભારત સરકારે આ પુસ્તકની જુદી જુદી ભાષામાં ૮૦ હજાર નકલો છપાવી છે. ભારતના ગૃહમંત્રીને તારો કરવા છતાં કશું જ સંતોષકારક પરિણામ આવેલ નથી. શ્રી મહાવીર જૈન સભા-માંડવલાના માનદ મંત્રી શ્રી હીરાચંદજી જૈન સર્વ ભારતીય પ્રજાને અનુરોધ કરે છે, તેમાંથે જૈન સંઘોને આગ્રહપૂર્વક અપીલ કરે છે કે, ભારતની કેન્દ્ર સરકારને વિનંતિઓ તથા તારો, ઠરાવો કરીને આ પુસ્તક રદ્દ કરાવવા સહુ કોઇ પ્રયત્ન કરે!

રદ્દ કર્યો : પંજાબ સરકારે શાળાઓમાં બાળકોને ઇંડાઓ આપવાનો જે આદેશ પ્રસિદ્ધ કરેલ, તેનો ચોમેરથી વિરોધ થતાં તે આદેશ રદ્દ કરેલ છે. વિદ્યાર્થીઓને દુધ તથા સાત્વિક ખોરાક આપવાનું નક્કી કરેલ છે. આમાં પ્રજાના વિરોધની તાકાતે ભાગ ભજવેલ છે.

આઘાતજનક હુમલો : ભારત્ન (રાજસ્થાન) ખાતે બિરાજમાન પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. તથા પં. શ્રી સુબોધવિજયજી મણિવર આદિ પર જંગલી ભીલોએ વરસાદને મહારાજે રોકયો છે, એવી અજ્ઞાન માન્યતાથી ઉશ્કેરાઇ જઈને તા. ૨૬-૭-૬૩ ના રોજ ઉપાશ્રય પર હજારોની સંખ્યામાં ધસી જઈને હુમલો કરવાનો પ્રયત્ન કરેલ. વચ્ચે શ્રાવકો તથા બ્રાહ્મણો પડતાં તેમને ઈજા થયેલ. અમારી રાજસ્થાન સરકારને આગ્રહ પૂર્વક વિનંતિ છે કે, આ બનાવની પાછળ જેમનો હાથ હોય તેમને ઘટિત શિક્ષા કરી ફરી આવો પ્રસંગ ન બનવા પામે, ને જેના શ્વાસે-શ્વાસે વિશ્વનું મંગલ વસ્યું છે, તેવા જૈન સાધુ મહારાજાઓને હેરાન કરવાના આ કુમનસીબ બનાવથી ભારતના સમગ્ર સંસ્કૃતિપ્રેમીઓને આઘાત લાગેલ છે, માટે ખૂબ તકેદારી રાખે. સાથે જૈનસંઘના આગેવાનો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ આ બનાવને સખ્તમાં સખ્ત શબ્દોમાં વખોડી કાઢે ને રાજસ્થાન સરકાર તેમજ ભારત સરકારને પોતાનો અવાજ પહોંચાડે!

વલદરા : પૂ. પં. શ્રી વિબુધવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી રત્નવિજયજી મ. આદિ પાલી અને નલોર પરગણામાં વિચરતા-વિચરતા વલદરા (સ્ટે. ફાલના) પધાર્યા છે, દરરોજ વ્યાખ્યાન ચાલુ છે. લોકો સારી સંખ્યામાં લાભ લે છે. તપશ્ચર્યા સારી થાય છે. વ્યાખ્યાન પૂ. મુનિરાજ શ્રી રત્નવિજયજી મ. આપે છે.

જીવદયા મંડળી : મુંબઈની જીવદયા મંડળીની ગુજરાત રાજ્ય શાખા તરફથી નિબંધ હરીફાઇ યોજાઇ હતી. જેનો ઇનામ વહેંચણી સમારંભ તા. ૧૮-૭-૬૩ ના અમદાવાદ અખંડ આનંદ હોલમાં ગુજરાત રાજ્યના રાજપાલશ્રીનાં હસ્તે યોજવામાં આવેલ. ગુજરાત રાજ્યની ૬૨ કોલેજો અને ૮૮ હાઇસ્કુલોએ અને અમદાવાદની ૨૫ હાઇસ્કુલોના ૧૫૦૦ ભાઇ-બ્હેનોએ નિબંધ હરિફાઇમાં ભાગ લીધો હતો. જેમાં ૧૧૦ ભાઇ-બ્હેનોને રૂા. ૧૫૦૦ના ઇનામો આપવામાં આવેલ. આ પ્રસંગે રાજ્યપાલે પશુપક્ષી ઉપર પ્રેમ તથા કરૂણા રાખવા જણાવેલ.

સુરેન્દ્રનગર : અત્રે પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ.શ્રીની શુભ નિશ્રામાં શ્રાવણ શુદિ ૫ ના શંખેશ્વર તીર્થના યાત્રાવેરા સામે સખ્ત વિરોધ કરતો ઠરાવ જૈન સંઘની જાહેર સભાએ કર્યો હતો, ને તે ઘટતે સ્થળોયે રવાના કરેલ. પૂ. મહારાજશ્રીનાં પ્રવચનોથી શહેરની જૈન-જૈનેતર જાહેર જનતામાં સારી જાગૃતિ આવેલ છે. સ્થાનકવાસી જૈન ભોજનશાળામાં દર રવિવારે વિવિધ વિષયો પર પૂ. પંન્યાસજી મહારાજશ્રીનાં મનનીય સંસ્કારપ્રેરક સદ્બોધપ્રદ પ્રવચનો થાય છે. લોકો દિન-પ્રતિદિન સારી સંખ્યામાં લાભ લે છે.

માંડવી : (કચ્છ) અત્રે જૈનયુથ એસોશીએશન તરફથી જૈન સમાજના વિદ્યાર્થી ભાઇ-બ્હેનો માટે તા. ૧૪-૭-૬૩ થી એજ્યુકેશન ગાઇડિસ વર્ગોનું ઉદ્ઘાટન શ્રી હીરાલાલ સાકરચંદ ભુલાણીનાં હસ્તે થયેલ. જેમાં જુદા-જુદા વક્તાઓએ સમયોચિત વક્તવ્યો કરેલ ચુનીલાલ મલુકચંદ ભંડારી તરફથી આ પ્રસંગે સંસ્થાને બેંચ નં. ૨ ભેટ આપવામાં આવેલ.

જૈન શ્રાવિકાશ્રમ : જૈનસંઘની એક માત્ર સંસ્થા સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ ૪૧-૪૧ વર્ષથી જૈન સાધર્મિક બ્હેનોને શિક્ષણ, સંસ્કાર તથા સ્વાશ્રયની કેળવણી આપી રહેલ છે. ચાલુ વર્ષમાં ૧૧૦ જેટલી અરજીઓ સંસ્થામાં સ્થાન મેળવવા માટે આવેલ છે સંસ્થાનું વિશાળ મકાન તૈયાર થાય છે, કે જેમાં ૨૦૦/૨૫૦ બ્હેનો રહી શકે. તે માટે સંસ્થાએ વિશાળ પ્લોટ ખરીદેલ છે. જેનું શિલારોપણ પણ થઇ ગયેલ છે. આ મકાન પાછળ પા। લાખનું ખર્ચ થનાર છે. શ્રી સંઘને નમ્ર અપીલ છે કે, સાધર્મિક બ્હેનોની ભક્તિ માટેની આ સંસ્થાને સહુ કોઇ તન, મન તથા ધનથી લાગણીપૂર્વક સહકાર આપે! શ્રાવિકાશ્રમના માનદ મંત્રીઓની આ અપીલને સહુ કોઇ પ્રેમભાવે સત્કારે!

ધાર્મિક પરીક્ષા : મહેસાણા-જૈન ઓ. મંડળના ધાર્મિક પરીક્ષક શ્રી પ્રભુલાલ સોમચંદ મહેતાએ માંડલ, વીરમગામ, દસાડા, ઝીંઝુવાડા, પાટડી, ધામા, બજાણા, થાન, લખતર, આદરીયાણા ઇત્યાદિ ગામોની પાઠશાળા તથા કન્યાશાળાઓની પરીક્ષાઓ લીધેલ. પરીક્ષકની પ્રેરણાથી અભ્યાસકોને રોકડ રકમ, કાપડ, ઉપકરણો સ્ટેશનરીના ઇનામો વહેંચવામાં આવેલ. મોરબીમાં જૈન પાઠશાળા તથા કન્યાશાળાનો ઇનામો મેળાવડો ગણિવર શ્રી હંસસાગરજી મ.ની અધ્યક્ષતામાં થયેલ. શેઠ સુખલાલ રાયચંદ તરફથી અભ્યાસકોને કાપડ, ઉપકરણો, પૂજાની પેટી, પુસ્તકો સ્ટેશનરીનું ઇનામ વહેંચાયેલ. શિક્ષક તથા શિક્ષિકા બન્નેની લાગણીપ્રશંસનીય છે. ઝીંઝુવાડા ખાતે પણ ઇનામી સમારંભ શેઠ મનસુખલાલ જેઠાલાલની અધ્યક્ષતામાં થયેલ. અભ્યાસકોને રોકડ રકમ આદિ ઇનામો ૧૭૫ ના વહેંચાયેલ.

સ્વર્ગારોહણ તિથિ : માલીયા ખાતે પૂ. પં. મ. શ્રી ભુવનવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં અસાડ વદિ ૬ ના દાદા શ્રી જીતવિજયજી મ.ની ૩૮ મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ. તેઓશ્રીના જીવનપ્રસંગોનું મનનીય વિવેચન પૂ. મહારાજશ્રીએ કરેલ. આ દિવસે ૭૧ આંબિલો થયા હતા. બપોરે શ્રી સંઘ તરફથી પૂજા, પ્રભાવના આંગી ઇ. થયેલ. વાઘપરવાળા ટોલીયા ચીમનલાલ રૂપચંદભાઇ તરફથી ગામમાં ઘરદીઠ પીત્તળની ડીસ તથા શ્રીફળની પ્રભાવના થયેલ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી એ વ્યાખ્યાનમાં ધર્મરત્ન પ્રકરણ તથા મલયાસુંદરી ચરિત્ર અ. વદિ ૨ થી શરૂ કરેલ છે. લોકો સારો લાભ લે છે. અ. વદિ ૭ ના વિશ્વશાંતિ માટે ગામમાં વરઘોડો નીકળેલ, ને જીનમાં ઋષિમંડળ આદિ સ્તોત્રો પૂ. મહારાજશ્રીએ સંભળાવેલ.

મલાડ : (મુંબઇ) અત્રે પૂ. પંન્યાસજી મ. શ્રી ચરણવિજયજી ગણિવરશ્રી આદિ ઠા. ૩ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીની તબીયત હજુ અસ્વસ્થ રહે છે, છતાં તેઓશ્રી 'કલ્યાણ' ના શંકા-સમાધાન વિભાગ માટે લાગણીપૂર્વક પરિશ્રમ લઈ રહ્યા છે. હવેથી નિયમિતરીતે 'કલ્યાણ' માં 'શંકા-સમાધાન' વિભાગ પ્રસિદ્ધ થતો રહેશે. જિજ્ઞાસુ વર્ગને પ્રશ્નો મોકલવા વિનંતિ છે. પૂ. પં. મ. શ્રીનું મીરનામું આ મુજબ છે; સંઘવી દેવકરણ મુલજી જૈન દેરાસરની બાજુ; જૈન ઉપાશ્રય, આનંદ રોડ; મલાડ મુંબઇ-૬૪ (વેસ્ટર્ન રેલ્વે)

શંખેશ્વરજીના અઠ્ઠમો : પૂ. પં મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શુભ ઉપદેશથી સુરેન્દ્રનગર ખાતે શ્રાવણ સુદિ ૧૦-૧૧-૧૨ એ ત્રણે દિવસોમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ તપની આરાધના અપૂર્વરીતે થઈ હતી. તપસ્વીઓના અંતરવાયણા શ્રી જયંતિલાલ લવજીભાઈ તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી થયેલ. ૨૩૦ ભાઈ-બ્હેનો તથા સાધુ-સાધ્વીજી એમ ચતુર્વિધ સંઘમાં અઠ્ઠમો થયેલ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ફોટાના ધૂપ-દીપ તથા વાસક્ષેપ પૂજન વ. નું ઘી ૬૫ મણ લગભગ થયેલ. દરરોજ સવારના વ્યાખ્યાન બાદ બપોરના બીજા વ્યાખ્યાનમાં પાર્શ્વનાથ ભગવાનના જાપો, શંખેશ્વર તીર્થનો ઇતિહાસ, સ્તવનો, ધૂનો, જાપ ધ્યાદિનો કાર્યક્રમ રહેતો. ત્રણેય દિવસ મેઘરાજા અનુકૂલ હોવાથી ઠંડકમાં તપસ્વીઓને રાહત રહી હતી. ૯ વર્ષથી માંડી ૮૪ વર્ષ સુધીનાએ આ તપશ્ચર્યામાં ભાગ લીધેલ. પારણા મહેતા ચુનીલાલ ઠાકરશીભાઈ તથા વોરા ધારશીભાઇ માણેકચંદ તરફથી થયેલ. તેમના તરફથી તેમજ બીજા ભાઇઓ તરફથી પ્રભાવનાઓ થયેલ, તપશ્ચર્યાના પ્રભાવથી સંઘમાં વાતાવરણ ઉલ્લાસમય બનેલ પૂ. પં. મ. શ્રીએ પણ અઠ્ઠમતપની આરાધના કરેલ.

સાચોર : અત્રે પૂ. પં. મ. શ્રી કંચનવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્રવિજયજી મ. આદિ ઠા. ૫ ચાતુર્માસાર્થે બિરાજે છે. વ્યાખ્યાનમાં

દેશના કલ્યાણ માટે અને પોતાના ભવિષ્ય માટે

બચત કરો !

નેશનલ ડીફેન્સ સર્ટીફીકેટમાં

રૂા. ૧૦૦ ના ૧૭૫ રૂા. બાર વરસે થાય છે તેમજ વ્યાજ રોકડું જોઇતું હોય તો ૪½ ટકા ઘેર બેઠા આવે છે, અને પૈસા (મુડી) જોઇતા હોય તો એક વરસ બાદ મળે છે.

સર્ટીફીકેટ ખરીદવા તથા સંપૂર્ણ માહિતિ માટે

લખો અગર મલો

ललितकुमार विठ्ठलदास शाह

ઓથોરાઇઝડ એજન્ટ

વસાવાડો, પાટણ (ગુજરાત)

સંસ્કાર, શિક્ષણ તથા સાહિત્યનાં

ત્રિવેણી સંગમસમાં પ્રકાશનો:

કથારત્ન મંજૂષા ભા. ૨ : મનનીય સુબોધક કથા: દ્વિરંગી જેકેટ; પાકું પુઠું; પેજ ૩૫૨; કિં. રૂા. ૩

પવિત્રતાના પથપર : બાળાઓ ભજવી શકે તેવા મનનીય સંવાદો; પેજ ૮૪; કિં. ૭૫ ન. પૈસા

નવપદ વિધિ : નવપદજીની આરાધના માટે ઉપયોગી સાહિત્ય; પેજ ૧૯૪; કિં. ૧-૨૫ ન. પૈ.

ભારતનાં જૈન તીર્થો : ભારતભરનાં પ્રસિદ્ધ તીર્થોનો પરિચય; પેજ ૨૧૬; દ્વિરંગી જેકેટ; પાકું પૂઠું; કિં. રૂા. ૨

સ્વાધ્યાય સૌરભ : નવસ્મરણ આદિ સ્વાધ્યાય યોગ્ય સ્તોત્રો; ૩૨ પેજી પેજ ૧૬૪; કિં. ૫૦ ન. પૈ.

આજેજ મંગાવો : જૂજ નકલો સીલકમાં છે. પોસ્ટેજ જુદું.

પ્રાપ્તિસ્થાનો ;- **શ્રી રાજેભાઇ એમ. પી.** ઠે. નવાગઢ, **પાલીતાણા.** (સૌરાષ્ટ્ર)

શ્રી રસિકલાલ રામચંદ્ર

૮૦૬/૨ ટંકશાળ, કાલુપુર રોડ

અમદાવાદ-૧

ઉપદેશપ્રાસાદ તથા પાંડવચરિત્ર પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ. વાંચે છે. લોકો સારો લાભ લે છે.

ખંભાત : ભટ્ટીભાઇ સ્થા. સં. પાઠશાળાના ૪૦૦ અભ્યાસકોએ શકરપર જઇ ઠાઠપૂર્વક સ્નાત્ર-મહોત્સવ ઉજવ્યો હતો. પ્રીતિ ભોજન રાખવામાં આવેલ. આનો લાભ શ્રી લલિતાબેન કેશવલાલ બુલાખીદાસે લીધેલ.

વાનેરા : પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજશ્રી આદિ ચાતુર્માસાર્થે અત્રે બિરાજે છે. ચાર માસ માટે વર્ધમાન તપ આયંબિલ ખાતું ચાલે છે. વ્યાખ્યાનમાં ઉપદેશ કલ્પવલ્લી તથા ભાવનાધિકારે મહાબલ મલયાસુંદરી ચરિત્ર વંચાય છે. અ. વદિ ૬ ના દાદા શ્રી જીતવિજયજી મ. ની સ્વર્ગારોહણ તિથિ ઉજવાઈ હતી. શેઠ કાંતિલાલ રાજાભાઈ તથા શ્રી જશરાજ લક્ષ્મીચંદ આદિ તરફથી રૂા.૨૦૦૦નું ઘાસ ઢોરોને નાંખવામાં આવેલ.

સ્વર્ગારોહણ મહોત્સવ : પાલીતાણા ખાતે પૂ. પં. મ. શ્રી હીરમુનિજી ગણિવર્યના સ્વર્ગવાસ નિમિત્તે ઉજમફઇની મેડીના ઉપાશ્રયમાં જેઠ વદિ ૧૩ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયેલ. સુદિ ૫ ના વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર ભણાવાયેલ. મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. પૂ. સ્વ. પં. મ. શ્રી ના શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી સુંદરમુનિજી મ. ના શુભ ઉપદેશથી આ મહોત્સવ ઉજવાયેલ. તદુપરાંત : સ્વર્ગારોહણ નિમિત્તે સુરત પૂ. પં. શ્રી નિપુણમુનિજી મ. ની અધ્યક્ષતામાં શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. અને શિહોર, બરલુટ, તખતગઢ, મદ્રાસ, ભવાનીમંડી, દેશોરી, દાદાઈ આઉઆ આદિ શહેરોમાં અઠ્ઠાઈ મહોત્સવો વગેરે મહોત્સવો ઉજવાયેલ. વળી અન્ય સ્થળોમાં મહોત્સવો ઉજવવામાં આવનાર છે.

પાટણ : પૂ. પં. મ. શ્રી જયંતવિજયજી ગણિવર આદિ નગીનદાસ હોલમાં ચાતુર્માસાર્થે બિરાજે છે, અ. સુ. ૯ થી વ્યાખ્યાનમાં વિપાકસૂત્ર અને ભાવનાધિકારે મહાબલ મલયાસુંદરી ચરિત્ર તેઓશ્રી વાંચે છે. લોકો સારો લાભ લઈ રહ્યા છે.

કોઠારી જૈન યાત્રા ટુરીસ્ટસ યોજીત

શ્રી સમેતશિખરજી

દિવાળી : પાવાપુરી – કાર્તકી : કલકત્તા

આસો વદ ૩ અમદાવાદ અને મુંબઈથી ઉપડી એક મહિને પાછા ફરશે.

ફકત ૪૦ યાત્રાળુ માટે સંપૂર્ણ સગવડતાવાળા **ટુરીસ્ટકાર** ડબામાં તમારી ટિકીટ તુરતમાં રીજર્વ કરાવી લ્યો.

–: **કોઠારી જૈન યાત્રા ટુરીસ્ટસ** :–
૨૦૮, પાયધુની, શાંતીનાથજી ચાલી,
મુંબઈ – નં. ૩

ઠેકાણું :– **શ્રી ચંદ્રકાંત સી. મશરૂવાલા**
૨૨૨૨ ધના સુતારની પોળ, લાવરાની પોળ,
અમદાવાદ.

કટપીસ

- ૨ x ૨ ફુલ વોયલ
- કટવેર અને ચીકન
- મફતલાલ લીનો
- રૂબીઆં બ્લાઉઝ પીસીસ
- ટેરેલીન અને ટવીન્કલ
- મફતલાલ કોટીંગ શર્ટીંગના ફેન્સી કટપીસ ટાવેલ્સ

તેમજ

અન્ય કાપડ કટપીશમાં ખરીદી પૈસાની બચત કરો.

નયનરમ્ય બ્લાઉઝ પીસીસનું કેન્દ્ર

નીતીન કટપીસ કલોથ સેન્ટર

મહાવીર બિલ્ડીંગ કમ્પાઉન્ડ,
ભંડારકર રોડ, માટુંગા,
(C. R.) **મુંબઇ-૧૯**

ચુડા : પૂ. પં. મ. જયાનંદવિજયજી આદિ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયનસૂત્ર વંચાય છે. સકળસંઘ સારો લાભ લે છે. ૧૦૧ મણ ઘી બોલીને સૂત્રવહોરાવવાનો લાભ શ્રી શાંતિલાલ ચુનીલાલ કપાસીએ લીધેલ. પાંચજ્ઞાનપૂજનનું ઘી ૭૫ મણ થયેલ. અત્રે ઘીનો ભાવ રૂ. પાંચ મણ છે. ધર્મપ્રભાવના સારી રીતે થઈ રહી છે.

સીરપુર : પૂ. મુનિરાજ શ્રી મનકસાગરજી મ. ની શુભપ્રેરણાથી પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે સિદ્ધચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. પૂ. સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી તથા પૂ. સાધ્વીજી શ્રી મયણાશ્રીજીની શુભ પ્રેરણાથી મહિલા મંડળનો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો હતો. બહેનોમાં ઉત્સાહ સારો છે. મહિલા મંડળને જુદી જુદી વ્યક્તિઓ તરફથી ૧૦૧ રૂા. ભેટ મળેલ.

ગોધરા (કચ્છ) : અત્રે પૂ. દાદાકલ્યાણસાગરસૂરીશ્વરજી મ. ની ૩૮૬ મી તિથિ ઠાઠ તથા ઉમંગથી પૂ. મુનિ શ્રી ત્રિલોકચંદ્રજી મ. ની શુભ નિશ્રામાં ઉજવાઇ હતી. તપશ્ચર્યા બહુ સારી રીતે થયેલ.

ભાગુવડ : અત્રે પૂ. આ. મ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ. તથા પૂ. તપસ્વી મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મ. ચાતુર્માસાર્થે પધાર્યા છે. અ. સુદિ ૮ થી વ્યાખ્યાનમાં ઉપદેશ પ્રાસાદ તથા માનતુંગ માનવતી ચરિત્ર વંચાય છે. ગ્રંથ વહોરાવવાનું તથા જ્ઞાન પૂજનનું ઘી સારૂં થયેલ. વ્યાખ્યાનમાં લોકો સારો લાભ લે છે. અ. સુ. ૧૪-૧૫-વદિ-૧ ના શંખેશ્વરજીના અઠ્ઠમો સારી સંખ્યામાં થયેલ. શાપરીયા તરફથી રૂા.ની પ્રભાવના તેમ જ જુદા જુદા ભાઇઓ તરફથી શ્રીફળોની પ્રભાવના થયેલ. અ. સુદિ ૮ ના અષ્ટમહાસિદ્ધિ તપ થયેલ. રૂ. ની પ્રભાવના થયેલ.

ભુજ (કચ્છ) : પૂ. પં. મ. શ્રી મહિમાપ્રભવિજયજી ગણિવર આદિ ઠા. ૪ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. તેઓશ્રી દરરોજ ધર્મરત્ન પ્રકરણ તથા વિક્રમ ચરિત્ર પર મનનીય પ્રવચનો આપે છે. દર રવિવારે ભિન્ન ભિન્ન વિષયો પર તેઓશ્રીના જાહેર વ્યાખ્યાનો ચાલુ છે. જૈનો જૈન-જૈનેતર વર્ગ સારા પ્રમાણમાં લાભ લે છે.

બારસી (મહારાષ્ટ્ર) પૂ. પં. મ. શ્રી રંજનવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મ. શ્રી અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. અ. સુદિ ૯ ના શ્રી ભગવતીસૂત્રની વાચના શરૂ થનાર હોવાથી શા. રામચંદ ભાયચંદ તરફથી વરઘોડો રાત્રી જાગરણ થયેલ. સોનામહોરથી જ્ઞાનપૂજન કરી તેમને સૂત્ર વહોરાવેલ, વદિ ૬ ના પૂ. દાદા શ્રી જીતવિજયજી મ. શ્રીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ. શા. દેવચંદ ખુશાલચંદ તરફથી મોટી પૂજા, આંગી, તથા પ્રભાવના થયેલ. વદિ ૮ ના પંચપરમેષ્ઠી પદનો સામુદાયિક જાપ, આયંબિલ, પૂજા, પ્રભાવના થયેલ. ૩૫૦ ભાઇ-બહેનોએ લાભ લીધેલ. ૪૫ આગમ તથા બાર અંગના તપની આરાધના પણ સારી રીતે થયેલ.

અંજાર (કચ્છ) : અત્રે અસાડ વદિ ૬ ના દિવસે જ્ઞાનોત્તેજક પાઠશાળાનું ઉદ્‌ઘાટન તપસ્વી સાધ્વીજી શ્રી જગતશ્રીજીના શુભ સાન્નિધ્યમાં તપાગચ્છના ઉપાશ્રયે સેવાભાવી ડો. શ્રી ઉમરશીભાઇ દેઢીયા તથા તેમના ધર્મપત્ની હસ્તક થયેલ. જુદા-જુદા ભાઇઓએ પાઠશાળાની સફળતા ઇચ્છી હતી. કચ્છ-વાગડ દેશોદ્ધારક દાદા શ્રી જીતવિજયજી મ. ની સ્વર્ગારોહણ તિથિ તે દિવસે ઉજવાયેલ. આ પ્રસંગે ખંડોર કેશવલાલ લાલચંદ તરફથી આયંબિલો થયેલ. સંઘવી પદમશી પ્રાગજી તરફથી પ્રભાવના થયેલ. બપોરે શંભુ શીવજી તરફથી પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ.

વિરોધ : પંજાબ સરકાર તરફથી સ્કુલોમાં ફરજીયાત ઈંડા આપવાનો આદેશ થયેલ તે સામે 'કલ્યાણ'માં વિરોધ જાહેર કરવા અપીલ થયેલી : તેને અનુલક્ષીને પુના જૈન દેરાસર, જૈન શ્રાવક સંઘ, આયંબિલ ખાતું, જૈન મિત્રમંડળ, જૈન પાઠશાળા-આ રીતે પુના કેંપ તરફથી વિરોધદર્શક તારો પંજાબ ગવર્મેંટને કરવામાં આવેલ.

૫૦૦ આયંબિલની તપશ્ચર્યા : સાબરમતી–રામનગર ખાતે પૂ. સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી મ. ને એકાંતરે ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા પૂર્ણ થતાં તે નિમિત્તે અ. સુ. ૯ થી અઠ્ઠાઇ મહોત્સવ પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ. દરરોજ આંગી, તથા ભાવના રહેતી હતી.

બરલુટ : (રાજસ્થાન) પૂ પં. મ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ (પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ના) આદિ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં તેઓશ્રી ગૌતમપૃચ્છા તથા વાસુપૂજ્યચરિત્ર વાંચે છે. અ. સુ. બીજના ચઢાવો બોલતાં સારી ઉપજ થયેલ. લોકો સારો લાભ લઇ રહ્યા છે.

અમદાવાદ : પૂ. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી મલયવિજયજી મ. અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે બિરાજે છે. તેઓની તબીયત હવે સ્વસ્થ છે. તેઓ શાતામાં છે.

ઉમરાલા : પૂ. મુનિરાજ શ્રી વિજયચંદ્રવિજયજી મ.ની શુભ નિશ્રામાં અત્રેના જિનાલયની વાર્ષિક તિથિ ભવ્ય સમારોહપૂર્વક ઉજવાયેલ. વરઘોડો નીકળેલ. વર્ષગાંઠની કાયમી આંગી પૂજા માટે રૂા. ૫૦૧ સ્વ. વીરચંદ ભાઇચંદનાં સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી સંઘને અર્પણ થયેલ છે. ચભાડીયા નિવાસી સ્વ. વીરચંદ ભાઇચંદના શ્રેયાર્થે પંચ-

આભાર દર્શન

- **અમ** સૌના સ્વજનસમાં અને આ માસિકના શુભેચ્છક શ્રી સારાભાઈ હીરાલાલ શાહ હંમેશા આ માસિકને સમૃદ્ધ અને આર્થિક રીતે પગભર બનાવવામાં સુંદર સહકાર આપી રહ્યા છે. તેમજ આ પર્યુષણ વિશેષાંક માટે સારી એવી જાહેર ખબરો મેળવી આપી અમને ખૂબ જ પ્રોત્સાહિત બનાવ્યા છે, જે બદલ, અલબત્ત ખૂબ જ નિકટતા હોવાના કારણે અતિ સંકોચ સાથે, આભાર–દર્શન વ્યક્ત કરીએ છીએ.
- **તથા** ભાઇ શ્રી મહાસુખલાલ મણીલાલે પણ આ "માસિક" માટે સારી જાહેરખબરો મોકલીને સારો સહકાર આપેલ છે. તેમનો પણ આ તકે આભાર માનું છું.
- **તેમજ** ભાઈ શ્રી મનસુખલાલ દીપચંદ શાહે પણ આ વિશેષાંકમાં સારી એવી જાહેરાતો મેળવીને મોકલી છે, તેમનો પણ હું આભાર માનું છું.


—સંપાદક

વઢવાણ શહેરમાં અઠ્ઠમ તપ કરનાર



સૌથી નાની બાલિકા
પ્રપુલા
હસમુખ શેઠ
(ઉ. વ. ૯)

સૌથી નાનો બાળ વયસ્ક
પ્રપુલકુમાર
કીરચંદ જે. શેઠ
(ઉ. વ. ૯)



કલ્યાણક મહોત્સવ જેઠ સુદિ ૯-૧૦-૧૧ ના ઉજવાયેલ.

વડોદરા : પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવર, પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મ. આદિ ઠા. ૪ અત્રે આત્માનંદ જૈન ઉપાશ્રયમાં બિરાજે છે. અ. સુદિ ૫ થી વંદિત્તા સૂત્ર તથા જૈન રામાયણ પર પૂ. મુનિરાજ શ્રી યતીંદ્રવિજયજી મ. વ્યાખ્યાન આપી રહેલ છે. જનતા સારો લાભ લઇ રહેલ છે.

વડીદીક્ષા : પૂ. મુનિરાજ શ્રી નિરંજન વિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી માનવિજયજીની વડી દીક્ષા અસાડ સુદિ ૧૨ ના પૂ પં. શ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિવરનાં વરદહસ્તે ધનાસુથારની પોળમાં વિજયઅમૃતસૂરિ જ્ઞાન મંદિરમાં ધામધૂમથી થયેલ.

ચાણસ્મા : અત્રે પૂ મુનિરાજશ્રી જયવિજયજી મહારાજ આદિ ઠા. ચાતુર્માસાર્થે બિરાજે છે. વ્યાખ્યાનમાં ધર્મકલ્પદ્રુપ તથા જયાનંદચરિત્ર વંચાય છે. લોકો સારી સંખ્યામાં લાભ લે છે. સૂત્ર વહોરાવવાની બોલી બોલાયેલ. અત્રેની જૈન પાઠશાળાની બાળાઓએ રૂપપર ખાતે સ્નાત્ર મહોત્સવ ઉજવેલ પ્રીતિભોજન થયેલ. પૂ. સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી ઠા, ૫ તથા પૂ. સાધ્વીજી શ્રી જયલતાશ્રીજી ઠા. ૨ ચાતુર્માસાર્થે પધાર્યા છે. ચંદનબાળાના અઠ્ઠમો તેમજ અષ્ટમહાસિદ્ધ તપ ઇત્યાદિ તપશ્ચર્યા થયેલ.

ગારીયાધાર : અત્રે પૂ. સાધ્વીજી શ્રી ત્રિલોચનાશ્રીજી ઠા. ૭ ચાતુર્માસાર્થે શ્રી સંઘની વિનંતિથી પધાર્યા છે. બ્હેનોમાં ધર્મારાધના સુંદર રીતે થઇ રહી છે. સવારે તથા બપોરે વ્યાખ્યાન રહે છે. બ્હેનો સારો લાભ લઇ રહેલ છે.

વડોદરા : પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. નું ચાતુર્માસ સ્થળ ડુંગરપુર છપાયું છે. તે વડોદરા સમજવું, તેઓશ્રી વડોદરા ચાતુર્માસાર્થે બિરાજમાન છે.

ક્ષમાયાચના : અમારા પર સમાચારો પુષ્કળ પ્રમાણમાં પ્રસિદ્ધિ અર્થે આવે છે, પણ માસિકની મર્યાદાને લક્ષ્યમાં લઇ, અનિવાર્ય રીતે તેને ટુંકા કરવા પડે છે, છતાં કેટલાક સમાચારો રહી જાય છે. 'કલ્યાણ' સમસ્ત જૈન સંઘનું છે. શ્રી ચતુર્વિધસંઘમા પ્રત્યેકનું છે. માટે સ્થલાભાવના કારણે જે સમાચારો રહી જતા હોય તેને અંગે તે તે સમાચાર મોકલનારા શુભેચ્છકો અમને ક્ષમા આપે! દરમ્યાન આ વિભાગના સંપાદનમાં અમારાથી જાણે-અજાણે કોઇને પણ મનોદુઃખ ઉપજ્યું હોય, તેમાં યે વિશેષ રીતે પૂ. સાધુ મહારાજ તથા પૂ. સાધ્વીજી મ. ને અમારાથી કાંઇ પણ અપ્રીતિ ઉપજાવનારૂં થયું હોય તે સર્વની પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વના આ પુણ્ય અવસરે ત્રિવિધ યોગે 'મિચ્છા દુક્કડમ્' દેવાપૂર્વક ક્ષમા યાચીએ છીએ! સહુ કોઇ અમને ક્ષમા આપે! તા. ૧૧-૮-૬૩

ભાગીદારની જરૂર છે

કોન્ટ્રાકટર (રોડ બીલ્ડીંગ) તેમજ ટ્રાન્સફેરના ધંધામાં રૂ. દસથી પંદર હજાર રોકી શકે તેવા એક જૈન સારા ભાગીદારની જરૂર છે.

સારા નફાકારક ધંધા માટે;

બોક્ષ નં. ૩ **કલ્યાણ પ્રકાશન મંદિર**
વઢવાણ શહેર.

असली केसर
काशमीरी
भाव ९-५० प्रति तोला
काशमीर स्वदेशी स्टोर
एक—१० कैलास कालोनी
नई दिल्ली—१४

દુઃખદ કાળધર્મ : મોરબી મુકામે સાધ્વીજી શ્રી રંજનશ્રીજી અસાડ વદિ ૬ ના સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમની અંતિમ સરકાર યાત્રા ભવ્ય રીતે નીકળેલ. સ્વ.ના પુણ્યવાન આત્માને ચિર શાંતિ મળો. (૨) પાલીતાણા ખાતે શ્રા. સુદિ ૧ ના તલાટીનાં દર્શન કરી પાછા વળતાં પૂ. મુનિરાજ શ્રી સુરેંદ્રસાગરજી મ. સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમનો દીક્ષાપર્યાય ૭૨ વર્ષનો હતો. યુવાન વયે પોતાની ધર્મપત્ની સાથે દીક્ષા અંગીકાર કરેલ. જસકોરની ધર્મશાળામાં આ નિમિત્તે શ્રા. સુ. ૮ થી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેલ.

વાંકડીયા વડગામ (રાજસ્થાન) : અત્રે અ. સુદિ ૧૪ સાંજે ૬ વાગ્યે એકદમ વરસાદ સાથે કડકડાટ વિજળી તૂટી પડેલ. ને તે દેરાસરના ગોકમાંથી દરવાજે થઇ સીધી મૂળ ગભારામાં ગઇ ત્યાંનો બધો ભાગ ચારે બાજુનો તોડી નાંખ્યો, પણ ગભારામાં બિરાજમાન ચાર મોટા બિંબોને તથા ચાર ધાતુના પ્રતિમાજીઓને કશું જ નુકશાન થયું નથી. શાસનદેવના પુણ્યપ્રભાવે કોઇને કશું ગંભીર નુકશાન થયેલ નથી, ને પ્રતિમાજી બધા અખંડિત રહ્યા છે. મૂલનાયક શ્રી ધર્મનાથ સ્વામીના અધિષ્ઠાયકદેવના આ પ્રભાવ તથા ચમત્કારની લોકો ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

માંડાર (રાજસ્થાન) : પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. મ. શ્રી સોહનવિજયજી ગણિવર, પૂ. પં. મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર આદિ ઠા. ૮ નો અત્રે સામૈયાપૂર્વક ચાતુર્માસ પ્રવેશ અસાડ સુદિ ૩ ના થયેલ. સંઘમાં સારો ઉત્સાહ વર્તી રહ્યો છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધ ગુણ વિવરણ તથા કથાધિકારે ભીમસેન ચરિત્ર વંચાય છે. વ્યાખ્યાન પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ. વાંચે છે. વ્યાખ્યાનમાં સારો રસ જામે છે. અસાડ વદિ ૬ ના દાદા શ્રી જીતવિજયજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ઉજવાઇ હતી. પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી મ. પૂ. મુનિ શ્રી રત્નવિજયજી મ. તથા પૂ મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે દાદાના જીવન પ્રસંગો પર મનનીય પ્રવચન આપેલ. બપોરે પૂજા, પ્રભાવના થયેલ.

બાલાપુર : પૂ. આ. મ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. આદિ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. વ્યાખ્યાન તેઓશ્રી આપે છે. લોકો સારી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે.

જલગાંમ : પૂ. પં. મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર શ્રી ઠા. ૪ અત્રે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં ભગવતીસૂત્રનું વાંચન શરૂ કરતાં શ્રી સજ્જનબ્હેન સમરથમલજી ગાંધીએ ઘી બોલીને વહોરાવેલ. સૂત્રનો વરઘોડો, રાત્રીજગો થયેલ. મલયાસુંદરી ચરિત્ર શા. ખીમચંદભાઇ ત્રીભોવનદાસે ઘી બોલીને વહોરાવેલ. પંચ જ્ઞાન પૂજા થયેલ. પ્રભાવના થયેલ. આયંબિલ ખાતું અત્રે શરૂ કરવામાં આવેલ છે. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ની બીજી સ્વર્ગારોહણ તિથિ ભવ્ય રીતે ઉજવાયેલ. શા. ખીમચંદભાઇ તરફથી પેંડાની પ્રભાવના બપોરના છોટાલાલ નાગજી તરફથી પૂજા, પ્રભાવના, થયેલ. સવા લાખ નવકારમંત્રનો જાપ તથા ખીરનાં એકાસણા થયેલ. શ્રી ધાપુબેને માસખમણની ભાવનાથી ૧૬ કર્યા છે. બે બેનોને સિદ્ધિતપ ચાલે છે.

બોરસદ : અત્રે પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી તત્વાનંદવિજયજી મ. આદિ ચાતુર્માસાર્થે પધાર્યા છે. તેઓશ્રીની શુભ પ્રેરણાથી કાશીપુરા સંઘમાં જે મતભેદ હતા, તે દૂર થતાં ઐક્ય થયેલ છે. બન્ને દેરાસરોના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. શ્રી સંઘોને વિનંતિ છે કે, જીર્ણોદ્ધારનાં કાર્યમાં સહાય કરે! અત્રે સામુદાયિક તપની આરાધના સુંદર રીતે થયેલ. પૂ. મુનિ શ્રી હર્ષસેનવિજયજીએ અઠ્ઠાઇ તપ કરેલ.

મેરાઉ : (કચ્છ) અત્રે પાર્શ્વચંદ્રગચ્છીયા પૂ. સાધ્વીજી શ્રી શાંતિશ્રીજી ઠા. ૪ ચાતુર્માસાર્થે પધાર્યા છે. તેઓ મોટી ખાખર થઇ અત્રે પધારેલ છે. મોટી ખાખરમાં તેઓના ઉપદેશથી આયંબિલ ખાતાની સ્થાપના થઈ છે. અત્રે વ્યાખ્યાન વાંચે છે. બહેનો સારો લાભ લઇ રહેલ છે.

આનંદ પ્રચારકોને : 'કલ્યાણ' પ્રત્યેની લાગણીથી જેઓ 'કલ્યાણ'ના પ્રચાર તથા વિકાસમાં પોતાનો સક્રિય ફાળો આપી રહ્યા છે, તે બધા 'કલ્યાણ'ના પ્રચારકોને વિનંતિ છે કે, તેઓ પોતાનો કાર્ડસાઇઝનો સારો ફોટો અમારા પર મોકલાવે, 'કલ્યાણ'ના અંકમાં તે બધા પ્રચારકોના ફોટા પ્રસિદ્ધ કરવા અમારી ભાવના છે. આ વિશેષાંકમાં તે પ્રગટ કરવાની અમારી ભાવના હતી, પણ તાત્કાલિક પહોંચી શકાય તેમ ન હોવાથી તેમ બની શકયું નથી. તો સર્વે પ્રચારકો પોતાનો ફોટો તથા પરિચય અમને મોકલાવે! તેવી વિનંતિ.

—: ગૃહપતિ જોઈએ છે :—

સંસ્કારી, જૈન ધર્મી, B. A. B. T. સુધી અભ્યાસ કરેલ. ખાવા-પીવાની તથા રહેવાની સગવડ સાથે શું પગારની અપેક્ષા છે.

પોતાના અનુભવની સંપૂર્ણ વિગત સાથે નીચેના સરનામે લખો.

શ્રી માનસંઘ મંગળજી કાઠીયાવાડ વિશા શ્રીમાળી વણિક જૈન બોર્ડીંગ

નાગનાથ પ્લોટ પાસે, **જામનગર** (સૌરાષ્ટ્ર)

યાત્રા પ્રવાસ — પર્યટનના ડબ્બાઓ

કોઇપણ જાતનો ચાર્જ લીધા વીના **શિખરજી, મેવાડ, મારવાડ,** કચ્છ અને પર્યટન, લગ્ન પાર્ટીના ડબ્બાઓનો પ્રોગ્રામ બનાવી કરી આપીશું. વધુ વિગત માટે લખો યા મળો :—

સીરનામું :—
દોશીવાડાની પોળ, કસુંબાવાડ,
અમદાવાદ-૧

ભગવાનજી કપાસી
ગુજરાત રાજ્યના પ્રતિનિધિ
હિંદ મુસાફીર એજન્સી (જમનાલાલ સન્સ પ્રા. લી.)

તુરત જ મંગાવી લેશો * થોડી જ નકલો બાકી છે

શ્રી ઓઘનિર્યુક્તિ પરાગ

(ગુજરાતી ભાષામાં)

લેખક : પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ.

પાકુ પુંઠું • ક્રાઉન સોળપેજી • પૃષ્ઠ ૨૪૦

કિંમત ૧-૫૦ ⊙ **પોસ્ટેજ ૩૦ ન.પૈસા**

— મળવાનાં સ્થળો —

૧. **આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિર**
શ્રીમાળીવાગા, ડભોઇ (વડોદરા)

૨. **શાહ કાન્તીલાલ મોહનલાલ**
પટવાનો ખાંચો, ડોશીવાડાની પોળમાં, **અમદાવાદ**

૩. **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, **અમદાવાદ**

૪. **સોમચંદ ડી. શાહ**
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

પ્રગટ થાય છે! નોંધાવો!

સિરિ સિરિવાલકહા

—(નવલ પ્રકાશન)—

પ્રાકૃતમૂળ ગ્રંથના આધારે વ્યાખ્યાન શૈલીએ નવ વ્યાખ્યાનરૂપે ગુજરાતીમાં વિવેચન ગ્રંથ. મોટા-ગ્રેટ ટાઇપમાં મનોહર ચિત્રો સાથે ઊંચા લેજર કાગળમાં પ્રતાકારે છપાઇને તૈયાર થયેલ છે. ભાદરવા સુદી પુનમ પહેલા ગ્રાહકોને રવાના થશે. શ્રાવણ માસમાં ઓર્ડર નોંધાવનારને કિંમત **આઠ રૂપિયામાં.** પાછળથી **દશ રૂપિયા.** પોસ્ટ ખર્ચ **એક રૂપિયો પચાસ નયા પૈસા** અલગ સમજવું.

(ફક્ત ત્રણસો કોપી છપાયેલ છે માટે જે વહેલો તે પહેલો)

નામ નોંધાવવા લખો—

શ્રી રસિકલાલ રામચંદ્ર શાહ
(કલ્યાણના પ્રચારક)
ઠે:-ટંકશાળ, ૮૦૯/૨, કાળુપુર, **અમદાવાદ.**

ક્ષમાપના

મહામહિમાશાલી પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પુણ્યકૃપ થી શ્રીપર્યુષણાપર્વના પુનિત પ્રસંગે 'કલ્યાણ'નો **'પર્યુષણાપર્વ વિશેષાંક'** હજારો 'કલ્યાણ' પ્રેમી વાચકોનાં કરકમલમાં આજે મૂકતાં અમને આનંદ થાય છે અહુજ ટુંકા સમયમાં ૩૨ ફર્માઓનો ૨૫૬ પેજનો દળદાર વિવિધ સાહિત્યથી સમૃદ્ધ આકર્ષક વિશેષાંક આ રીતે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં અમને અનેક શુભેચ્છક બંધુઓનો સહકાર પ્રાપ્ત થયો છે. વિશેષ ક માટે લાગણીપૂર્વક જાહેર ખબરો મોકલાવી સંસ્થાને આર્થિક રીતે સહકાર આપનાર વ્યાપારીબંધુઓનો તેમજ સંસ્થાના સંચાલકોનો અમે આ પ્ર સંગે આભાર માનીએ છીએ.

વિશેષાંક માટે પોતાના લેખો મોકલનાર લેખકબંધુઓનો તેમજ 'કલ્યાણ' માટે હંમેશા શુભેચ્છા દર્શાવનારા પૂ. પાદ આચાર્યાદિ શ્રમણભગવંતોનો પૂ. સાધ્વીજી મહારાજ ઇત્યાદિનો પુનઃપુનઃ અમે કૃતજ્ઞતા પૂર્વક ઋણભાવ સ્વીકારીએ છીએ.

તદુપરાંતઃ 'કલ્યાણ' પ્રત્યેની મમતાભરી લાગણીથી જાહેર ખબરો મેળવી આપનાર તેમજ 'કલ્યાણ'ના વિકાસમાં શકય દરેકરીતનો અમને સહકાર આપનાર શુભેચ્છક બંધુઓનો ફરી ફરી અમે આભાર માનીએ છીએ. તેમાંયે 'કલ્યાણ'ના ગ્રાહકો માટે કાપડમાં રીટેલભાવ કરતાં પ ટકા ઓછા લેવાની ઉદારતા દર્શાવી, તે રીતે 'કલ્યાણ'ના પ્રચારમાં અમને સક્રિય સહાયક બનનાર શુભેચ્છક શ્રી મનસુખલાલ દીપચંદ શાહના 'કલ્યાણ' પ્રત્યેના એ આત્મીયભાવ માટે અમે ઋણી છીએ.

વર્ષ દરમ્યાન 'કલ્યાણ'ને અંગે પત્ર વ્યવહાર કરવામાં ગ્રાહકો તથા વાચકો સાથે તેમજ શુભેચ્છકો, લેખકો અને માનદ પ્રચારકો સાથે તદુપરાંતઃ પૂ. પાદ આચાર્યાદિ મુનિવરો સાથે કલ્યાણ'ને અંગે જે કંઇ અમારાદ્વારા મન-વચન તથા કાયાથી મનોદુઃખ થવામાં નિમિત્ત મલ્યું હોય, તે સર્વ માટે તે સર્વને ત્રિવિધયોગે અમે ખમાવીએ છીએ. વિનંતિ છે કે **અમને સહુ કોઇ ઉદારદિલે ક્ષમાપના આપશે.**

ખૂબ મહેનત કરી, ન્હાના ટાઇપોમાં વધુ મેટર સમાઇ શકે તે દૃષ્ટિએ મહેનત વધુ પડવા છતાં તેમજ પ્રેસના સ્ટાફને શ્રમ વધુ પડે છતાં ન્હાના-ટાઇપોમાં મેટર છાપવા છતાં ઘણા લેખકોની કૃતિઓ રહી જવા પામી છે, તેમજ કેટલાક સમાચારો અને કેટલીક જાહેર ખબરો પણ રહી જવા પામેલ છે, 'સાભાર સ્વીકાર' તથા કેટલાક લેખો કંપોજ કરાયેલા છતાં નથી લઈ શકાયા, તો તે લેખકો, સમાચાર મોકલનારા શુભેચ્છકો, જાહેર ખબરો મોકલનાર વ્યાપારી બંધુઓ, સંસ્થાઓ તથા વાચકો અમને ક્ષમા આપે.

વાચકોને વિનંતિ કે, આ વિશેષાંક જરૂર આપને ગમ્યો હશે ? વિશેષાંક માટે આપ આપનો અમૂલ્ય અભિપ્રાય લખી મોકલશો, તથા અમને અવસરોચિત જરૂરી માર્ગદર્શન આપશો.

પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે **'કલ્યાણ' જેની ટ્રસ્ટ થયેલી શ્રદ્ધા, શિક્ષણ તેમજ સંસ્કાર પ્રેરક સાહિત્યની ધાર્મિક સંસ્થાને તેની નિઃસ્વાર્થ શાસન સેવાને યાદ કરી, તેને આર્થિક સહકાર આપવા શ્રી સંઘોને અમારી નમ્ર વિનંતિ છે.** તેમજ તે માટે પ્રેરણા કરવા પૂ. પાદ આચાર્ય દેવો, પૂ. ઉપાધ્યાયજી મહારાજઓ, પૂ, પંન્યાસપ્રવરો તેમજ પૂ. મુનિવરો કે જેઓ શાસનના અલંકારસમાં છે; તેમને અમારી વંદનાપૂર્વક વિનંતિ છે.

શ્રી સંઘોને વિનંતિ છે કે, પર્યુષણાપર્વના શુભ અવસરે તમારા આંગણે જીર્ણોદ્ધારથી માંડી

જીવદયા સુધીની અનેકાનેક ટીપો, ફંડો વગેરે આવશે તે બધાયને પુન્ન નહિ તો પુલની પાંખડીથી પ્રેમપૂર્વક સત્કારજો ! તે દ્વારા સુકૃતની સંપત્તિનો લાભ લેશો.

શ્રી જૈન શાસનની સેવા કરવાના શુભ ઉદ્દેશથી 'કલ્યાણ' દ્વારા સાહિત્યનો પ્રચાર કરવામાં શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ જે કાંઇ વર્ષ દરમ્યાન અમારી અજ્ઞાનતાના કારણે પ્રસિદ્ધ થયું હોય, તેનો ત્રિવિધયોગે અમે મિચ્છામિ દુક્કડમ્ માંગીએ છીએ !

નિવેદકો : **કીરચંદ જે. શેઠ**
નવીનચંદ્ર ૨. શાહ

'કલ્યાણ' પ્રકાશન મંદિર ટ્રસ્ટનું માનદ ટ્રસ્ટી મંડળ.

૧.	શેઠ શ્રી અમરચંદ કુંવરજી	પ્રમુખ	સાવરકુંડલા
૨	શ્રી મણિલાલ વનમાલીદાસ શેઠ	બી. એ.	કલકત્તા
૩.	શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ		ખંભાત
૪.	શ્રી કીરચંદ જગજીવન શેઠ		વઢવાણ શહેર
૫.	શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ		મુંદરા

'કલ્યાણ' પ્રત્યે અંતરના શુભાશિષ.



'કલ્યાણ' ના સંચાલન પાછળ તેના ટ્રસ્ટીઓની નિઃસ્વાર્થ ભાવના તેમજ 'કલ્યાણ' માં પ્રસિદ્ધ થતું સાહિત્ય ઇત્યાદિ વાંચતાં-વિચારતાં-સમજતાં મારો સર્વ કોઇ શાસન પ્રેમીને વિનમ્ર આગ્રહ છે કે, કલ્યાણ' ના સહુ કોઇ સભ્ય બની તેના શિષ્ટ, મનનીય તથા રસપ્રદ વાંચનનો લાભ ઉઠાવો ! હું 'મહાવીર શાસન' નો જુનામાં જુનો પ્રચારક છું, તેમજ ત્યારબાદ 'કલ્યાણ' નો પણ પ્રચારક બન્યો છું. સાહિત્ય સામગ્રી તથા વાંચન જોતાં ફરી-ફરી સર્વ જૈન સંઘને હું વિનંતિ કરૂં છું કે, 'કલ્યાણ' ના પ્રચારને વેગ મળે તેમ સહુ કોઈ પ્રયત્ન નિરંતર કરતા રહો ! શાસનદેવ 'કલ્યાણ' ના પ્રચારને સહાયક બનો !

નિવેદક : **શ્રી દેવશી જીવરાજ શાહ**
['કલ્યાણ' ના સેવ.ભાવી માનદ પ્રચારક તથા શુભેચ્છક]
૯૮૭૪, **નાઇરોબી,** કેન્યા કોલોની.

ESTD. 1934

ખમવું અને ખમાવવું
એજ જીવનની લ્હાણ છે.

Gram : VISHVADREM
Phone { Office 263 / Resi. 34

JAYANTILAL & CO.

જયંતીલાલ એન્ડ કુંપની


ચા. સુકોમેવો અને કરીયાણાના વેપારી : : સુરેન્દ્રનગર,

જૈનશાસનમાં ભારે ખોટ પડી

પૂ.પાદ પ્રશાંતમૂર્તિ સુવિહિત શિરોમણિ ચારિત્રપાત્ર કચ્છ-વાગડ દેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી મહારાજ તા. ૯-૮-૬૩ શ્રાવણ વદિ ૫ પખ્ખીના ધરના દિવસે-શુક્રવારના બપોરે ૩ વાગ્યે ભચાઉ (વાગડ-કચ્છ) મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર જણાવતાં અમે અત્યંત આઘાત અનુભવીએ છીએ. તેઓશ્રી શાંત, સરળ, સંયમી તથા પરમગીતાર્થ હતા. ગુણાનુરાગી તેમજ દીર્ઘ ચારિત્રપાત્ર અને ખૂબ જ ક્રિયારુચિ પુણ્ય પુરૂષ હતા. તેઓનો જન્મ પલાસવા (વાગડ) માં થયેલ. ભીમાસરમાં બાલબ્રહ્મચારી અવસ્થામાં તેઓશ્રીએ પરમતપસ્વી દાદાશ્રી જીતવિજયજી મહારાજશ્રીની પાસે ભીમાસર (વાગડ)માં ચારિત્ર અંગીકાર કર્યું હતું. જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાયમાં નિરંતર રક્ત તેઓશ્રી ગૂજરાત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર તેમજ વિશેષ રીતે કચ્છ-વાગડમાં વિચરીને અનેક ભવ્ય જીવો પર ઉપકાર કરી રહ્યા હતા. તેઓશ્રી ભદ્રિક તેમજ વચનસિદ્ધ મહાપુરૂષ હતા. ૮૦ વર્ષની વયે સમાધિપૂર્વક તેઓશ્રી કાળધર્મ પામતાં જૈનશાસનમાં તેઓશ્રીની ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. તેઓશ્રીનો પરમપુનિત આત્મા જ્યાં હો ત્યાં સદ્ગતિગામી બની ઉત્તરોત્તર શાશ્વત સુખધામને પામો ! શ્રી ચતુર્વિધ સંઘને તેમાંયે વિશેષ રીતે તેઓશ્રીના ગુણાનુરાગી ભક્ત શ્રાવક-શ્રાવિકા વર્ગને તથા તેઓશ્રીના પૂ. સાધુ પરિવારને અને સંયમી ક્રિયાપાત્ર તેઓશ્રીના બહોળા પૂ. સાધ્વીજી પરિવારને તેમના શિરછત્રતુલ્ય પૂ. પાદ આચાર્યદેવશ્રીના દુઃખદાયી કાળધર્મથી મહાન ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, આ પ્રસંગે તે સર્વ પર આવી પડેલી વિપત્તિ પ્રત્યે અમે સમવેદના વ્યક્ત કરીએ છીએ !

⊙

વઢવાણ શહેરમાં પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. ની શુભ પ્રેરણાથી અસાડ વદિ ૬-૭-૮ ના શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ પ્રભુની આરાધના થઈ; તે પ્રસંગે અઠ્ઠમ તપ કરનારા પુણ્યશાળી બાળકો :



ડાબી બાજુથી-

૧. જયેશકુમાર ચંદુલાલ. ઉ. ૧૧.
૨. સૂર્યકાંત ઠાકરસી. ઉ. ૧૨.
૩. અશ્વિનકુમાર મગનલાલ. ઉ. ૧૧.
૪. હર્ષદકુમાર બુધાલાલ. ઉ. ૧૪.
૫. ભૂપેન્દ્રકુમાર રસિકલાલ. ઉ. ૧૩.
૬. પ્રફુલ્લકુમાર કીરચંદ ઉ. ૯.

Phone :- 252 & 205

Grams : "KANTI"

The Kanti Cotton Mills Private Ltd.

MANUFACTURERS OF :

GREY, LONGCLOTH, CANVAS & YARNS.

SURENDRANAGAR. (*SAURASHTRA*)

Managing Agents :-

Chandulal Ratilal & Co.

Texmarks No. 218

Gram : POTTERY Tele : 195 & 123

With Best Compliments From:

THE BHARAT CERAMIC INDUSTRIES

SURENDRANAGAR. (Gujarat)

Manufacturers of :

REFRACTORY GOODS
AND
STONE - WATER JARS

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે પ્રકાશિત કર્યું.